# तत्त्वदोहन

पू. पंन्यास प्रवर श्री भद्रंकर विजयजी गणिवर्य

# તત્ત્વદોહન

પૂ. પં શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

## પૂ. પંન્યાસજી મહારાજનાં અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | જૈન માર્ગની પિછાણ | ૪–૫૦ |
| ૨. | જિનભક્તિ | ૩–૦૦ |
| ૩. | પ્રતિમા પૂજન | ૮–૦૦ |
| ૪. | પ્રાર્થના | ૧–૫૦ |
| ૫. | નમસ્કાર-મીમાંસા | ૫–૦૦ |
| ૬. | નમસ્કાર મહામંત્ર | ૧૦–૦૦ |
| ૭. | નમસ્કાર દોહન | ૨–૫૦ |
| ૮. | આસ્તિકતાનો આદર્શ | ૭–૫૦ |
| ૯. | આરાધનાનો માર્ગ (રેકઝીન) | ૫–૫૦ |
| | આરાધનાનો માર્ગ (સાદું) | ૩–૫૦ |
| ૧૦. | દેવ દર્શન | ૬–૦૦ |
| ૧૧. | ધર્મશ્રદ્ધા | ૬–૦૦ |
| ૧૨. | તત્ત્વપ્રભા | ૯–૦૦ |
| ૧૩. | મનનમાધુરી | પ્રેસમાં |
| ૧૪. | અનુપ્રેક્ષા (કિરણ ૧–૨–૩ સાથે) | ૯–૦૦ |
| ૧૫. | પરમેષ્ઠિ નમસ્કાર અને સાધના | ૭–૦૦ |

# તત્ત્વદોહન

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

પ્રકાશક
વિમલ પ્રકાશન
અમદાવાદ-૧

Tattvadohan : Essays on religion by Pannyasji Shri Bhadrankarvijayji Ganivarya; Pub. by Vimal Prakashan, Ahmedabad-1, First edition 1980.

પ્રકાશક
વિમલ પ્રકાશન
એ/૭૨ શાન્તિ કૉમર્શિયલ સેન્ટર
નગરશેઠનો વંડો, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

પહેલી આવૃત્તિ, વિ. સં. ૨૦૩૬ (ઈ. સ. ૧૯૮૦)

દસ રૂપિયા

મુદ્રક
શારદા મુદ્રણાલય, પાનકોરનાકા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

---

## પ્રાપ્તિસ્થાનો

૧. **ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
ગાંધીમાર્ગ, ફુવારા
અમદાવાદ-૩૮૦ ૦૦૧

૨. **સોમચંદ ડી. શાહ**
જીવનનિવાસ સામે
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

૩. **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ
હાથીખાના
અમદાવાદ-૩૮૦ ૦૦૧

૪. **સેવન્તીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી
ઝવેરી બજાર
મુંબઈ-૪૦૦ ૦૦૨

૫. **પાનાચંદભાઈ**
ભારત મેડિકલ સ્ટોર્સ
જૂના નાગરદાસ રોડ,
કેદારનાથ ભવન અંધેરી (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૬૯

# પ્રકાશકીય

જેમ તરસ્યાને જળ ગમે, ભૂખ્યાને ભોજન ભાવે, તેમ ભવભીરુને તત્ત્વદોહન રુચે! જળથી તૃષા છીપે છે, પણ અલ્પકાળ માટે. ભોજનથી ક્ષુધા શમે છે, પણ છ-આઠ કલાક માટે. જ્યારે 'તત્ત્વદોહન'-થી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, હૃદય તેમ જ આત્માને જે શાન્તિ, શુદ્ધિ, ઊંડાણ, વિશાળતા અને સમતાનો લાભ થાય છે, તે સુદીર્ઘકાળ પર્યંત ટકી રહેનારો હોય છે.

નવ તત્ત્વોમાં પ્રધાનતત્ત્વ, જીવ-તત્ત્વ છે, તે મૂળરૂપે છે. મોક્ષ-તત્ત્વ તેનું શાશ્વત ફળ છે.

શેરડીના રસની મીઠાશનો અનુભવ કરવા માટે શેરડીના ટુકડાને બે દાઢ વચ્ચે બરાબર દબાવીને ચાવવો પડે. તે સિવાય તેની યથાર્થ મિષ્ટતાનો અનુભવ ન થાય. મીઠાશ જેમ શેરડીનો ગુણ છે, તેમ આત્મૌપમ્ય-ભાવ એ આત્માનો ગુણ છે.

બીજા આત્માને પોતાના આત્મા તુલ્ય ન જોનારી દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ નથી કહેવાતી. સમ્યગ્દૃષ્ટિવાળો આત્મા જ આ સંસારના કોઈ પણ પદાર્થ કે પ્રસંગમાંથી સાર ખેંચી શકે છે.

'તત્ત્વદોહન' નામના આ પુસ્તકમાં, પરમ પૂજ્ય પંન્યાસજી ભગવંત શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના અગાધ ચિંતન-મનનના પરિપાક સ્વરૂપ અણમોલ, સ્વપરોપકારક, ચિંતનરત્નોને સુસંકલિત કરીને અનુપમ રત્નહાર રૂપે ગૂંથવામાં આવેલ છે.

'તત્ત્વદોહન'નો પ્રત્યેક લેખ સુદેવ, સુગુરુ અને સુધર્મરૂપી તત્ત્વત્રયી, સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયી, તેમ જ સામાયિક

ધર્મ, મૈત્ર્યાદિ ભાવો, સંસારનું સ્વરૂપ ઇત્યાદિ પદાર્થો પૈકીના કોઈ ને કોઈ એક પદાર્થનું જે સ્વરૂપ રજૂ કરે છે, તેનું જો મન દઈને પઠન થાય, તેના ઉપર જો દિલ દઈને ચિંતન થાય, તો આપણા આંતર-બાહ્ય જીવનમાં, પ્રભુ-આજ્ઞાને પાળવાનો અનુપમ આરાધક-ભાવ ઉત્પન્ન થાય.

આ ગ્રન્થ-રત્નના ઊંડાણમાં ઝળહળતા પ્રકાશમાં ત્રિવિધ સ્નાન કરવા માટે આપણે ઉત્સાહી બનીએ! અને હાથતાળી દઈને છટકી જનારા 'સુખ' વિશેના ખ્યાલને ધરમૂળથી ફેરવી નાખીએ!

જે શાશ્વત નથી તે સુખ જ નથી— આ સત્યમાં સ્થિર પ્રજ્ઞાવાળાને તો આ પુસ્તક પ્રાણથી અધિક પ્રતીત થશે જ. પરંતુ હજી જેઓ તાત્ત્વિક જીવનમાં બાળકક્ષાએ છે, તેમને પણ આ પુસ્તક એક સાચા સહાયક જેવું જ જણાશે, એવો વિશ્વાસ છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજની નોંધપોથીઓમાંથી તારવીને, અવસરે—અવસરે આ પ્રકારનાં પુસ્તકો પ્રકાશિત કરવાની ભાવના છે.

સાચા મોતીનો સુરમો આંજવાથી આંખની રોશની વધતી હોવાનો અનુભવ થાય છે, તેમ આ પુસ્તકના વાચન-મનન-ચિંતનથી, આત્મસ્વભાવનો અપૂર્વ-અનુભવ, પુણ્યશાળી વાચકને પણ થયા વિના નહિ રહે એવી શ્રદ્ધા છે.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ધર્મ એટલે શું ? | ૩ |
| ધર્મની ઓળખ | ૯ |
| ધર્મ કલ્પવૃક્ષનું મૂળ | ૧૪ |
| ધર્મનો પ્રભાવ | ૩૦ |
| સામાયિક ધર્મ | ૩૪ |
| સામાયિક અને નવકાર | ૪૨ |
| આત્મસમદર્શિત્વ | ૪૭ |
| દેવ, ગુરુ અને સમતાનું સ્વરૂપ | ૫૦ |
| માધ્યસ્થ્યનો મહિમા | ૫૩ |
| ભાવનાનું બળ | ૫૭ |
| જ્ઞાન અને ભાવના | ૬૨ |
| વૈરાગ્ય અને ભક્તિ | ૬૮ |
| શ્રી જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા | ૭૩ |
| અનેકાંતવાદ | ૭૯ |
| મૈત્રીનું માહાત્મ્ય | ૮૪ |
| સાધુજીવનની સુગંધ | ૮૯ |
| આદર્શ મુનિજીવન | ૯૭ |
| જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ | ૧૧૦ |
| પ્રતિદિન અવશ્યક કરવા લાયક સામાયિકની ક્રિયા | ૧૧૫ |
| અદ્વેષ, મૈત્રી અને નિર્વિષય મન | ૧૨૫ |
| પરમાત્મધ્યાનનાં ચાર માધ્યમ | ૧૩૭ |

| | |
|---|---|
| મૂર્તિ અને મંત્ર | ૧૫૦ |
| મંત્ર, મૂર્તિ અને આજ્ઞા (આગમ) | ૧૫૭ |
| મંત્ર, મૂર્તિ અને પૂજા | ૧૬૫ |
| ભાવ મંગલ | ૧૭૦ |
| મંગલમય મંત્રાધિરાજ શ્રી નવકાર | ૧૭૬ |
| શ્રી નમસ્કાર મહામંત્રની અલૌકિકતા | ૧૯૪ |
| ધર્મના સાધકને માર્ગદર્શન | ૨૧૪ |
| તીર્થનો મહિમા | ૨૩૯ |
| શ્રી જૈન શાસનની અનુપમ આરાધના | ૨૪૬ |
| પરમ શ્રદ્ધેય શાસ્ત્રો | ૨૫૦ |
| જગતનો વિનાશ શાથી? | ૨૫૮ |
| સ્યાદ્વાદનું મહત્ત્વ | ૨૬૫ |
| ઈશ્વરપ્રાર્થના | ૨૭૫ |
| અરિહંતાકાર ઉપયોગ | ૨૮૬ |

# તત્ત્વદોહન

## વિભાગ ૧

## સર્જન

આ વિભાગમાં પૂ. પંન્યાસજી મહારાજે તત્ત્વનું દોહન કરીને મેળવેલું વિચારનવનીત રજૂ થઈ રહ્યું છે. એઓશ્રીએ મૈત્રી આદિ ચાર ભાવનાઓ તથા સામાયિક, ધર્મ આદિ વિષયો પર વર્ષો પૂર્વે જે લેખો લખ્યા હતા એનો આ સંગ્રહ ખૂબ જ વિચારસમૃદ્ધ અને ચિંતનભરપૂર છે. આ સર્જન ખરેખર સહુને પ્રેરક અને માર્ગદર્શક થઈ પડે તેવું છે.

# ધર્મ એટલે શું ?

'यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।'

જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ.

ધર્મની આ વ્યાખ્યા સર્વ આસ્તિક દર્શનકારોને માન્ય છે.

અભ્યુદય એટલે પૌદ્ગલિક આબાદી.

નિઃશ્રેયસ એટલે આધ્યાત્મિક શ્રેય.

ધર્મથી જેમ આધ્યાત્મિક શ્રેય સધાય છે, તેમ પૌદ્ગલિક આબાદીનું કારણ પણ ધર્મ જ છે.

પૌદ્ગલિક આબાદી એટલે ભૌતિક ઉન્નતિ. ભૌતિક સુખોની સિદ્ધિ.

સુખ બે પ્રકારનાં છે.

એક પુદ્ગલના સંયોગથી થનારાં સુખો.

બીજાં પુદ્ગલના સંયોગ વિના થનારાં.

પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થનારાં સુખો એ ભૌતિક સુખો છે.

કોઈ પણ પુદ્ગલના સંયોગ વિના કેવળ આત્મ-પદાર્થથી ઉત્પન્ન થનારું સુખ એ આધ્યાત્મિક સુખ છે. આધ્યાત્મિક સુખની સિદ્ધિ નિર્જરાલક્ષી ધર્મથી છે.

પૌદ્ગલિક સુખની સિદ્ધિ, પુણ્યલક્ષી ધર્મથી છે.

જેમાં શુભ કર્મોનો બંધ એ ધ્યેય છે, તે પુણ્યલક્ષી ધર્મ છે. જેમાં પુણ્ય અને પાપ ઉભયનો ક્ષય એ ધ્યેય છે, તે નિર્જરાલક્ષી ધર્મ છે.

નિર્જરાલક્ષી ધર્મ, મોક્ષમાં પરિણમે છે.

પુણ્યલક્ષી ધર્મ, સંસારમાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરાવે છે. એ સુખો પરદ્રવ્યની ઉપાધિથી થનારાં હોવાથી આદિ અને અંતવાળાં છે.

પરદ્રવ્યની ઉપાધિ વિના, કેવળ આત્મામાંથી ઊપજનારાં આધ્યાત્મિક સુખો છે, તેની આદિ છે; પણ અંત નથી.

## આજકાલ ભૌતિક સુખોની પ્રતિષ્ઠા

આજના કાળમાં ભૌતિક સુખોને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. ભૌતિક સુખોની સિદ્ધિનું કારણ વિજ્ઞાન મનાય છે. વિજ્ઞાનની વિવિધ શોધોથી ભૌતિક સુખનાં સાધન વધ્યાં છે અને વધે છે.

ઉત્તમ પ્રકારના રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને ઉત્તમ પ્રકારના શબ્દ તેમ જ તે બધાની પ્રાપ્તિ એ આજના મોટા ભાગના મનુષ્યોનું ધ્યેય હોય છે. એ ધ્યેયની સિદ્ધિ વિજ્ઞાનથી થતી દેખાય છે, તેથી મનુષ્ય તે તરફ ખેંચાતો જાય છે. પરંતુ તેનું આકર્ષણ તેને સુખના ખરા માર્ગે લઈ જવાને બદલે ખોટા માર્ગે લઈ જાય છે.

સુખનો ખરો માર્ગ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ

કે પરિગ્રહ નથી, કિન્તુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે.

સુખ એ અપીડારૂપ છે.

બીજાને પીડા આપવાથી અપીડારૂપ સુખના અધિકારી બની શકાતું નથી.

હિંસા, અસત્ય વગેરે બીજાને પીડવાના માર્ગ છે, તેથી તે પાપસ્વરૂપ છે. તેનાથી સાચા સુખની આશા, આકાશકુસુમવત્ છે.

વિજ્ઞાનથી થનારાં ઉત્તમ પ્રકારનાં રૂપરસાદિનો ભોગ કે તેની પ્રાપ્તિ, પાપ કર્યા વિના થઈ શકતી નથી. પાપના માર્ગે સુખની શોધ એ અવળો ધંધો છે. તેથી રૂપરસાદિની પ્રાપ્તિ માટે વિજ્ઞાનના માર્ગે આગળ વધનારા પાપના માર્ગે જ આગળ વધે છે. અને પાપના માર્ગે આગળ વધનારા સાચા સુખની પ્રાપ્તિ કરી શકે એ ત્રિકાળમાં અશક્ય છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ભૌતિક સુખની સિદ્ધિનો આધાર પણ ધર્મ જ છે. અને તે પુણ્યરૂપી ધર્મ છે.

આ પુણ્યરૂપી ધર્મની સિદ્ધિ માટે શાસ્ત્રકારો 'આદ્ય બાલશરીર'નું દૃષ્ટાન્ત આપે છે.

યુવાન શરીરનું કારણ જેમ બાલશરીર છે, તેમ બાલશરીરનું કારણ પણ કોઈ હોવું જોઈએ. બાલશરીરનું કારણ જો ગર્ભશરીર માનીએ તો આદ્ય ગર્ભશરીરનું પણ કોઈ ઉપાદાન કારણ હોવું જોઈએ. તેનું જ નામ કર્મશરીર છે. શાસ્ત્રકારોની ભાષામાં તેને 'કાર્મણ શરીર'

કહેવાય છે.

એ રીતે ભૌતિક શુભ શરીર એ ભૌતિક શુભકર્મની નીપજ છે. જો શરીરની નીપજ કર્મથી છે તો પછી એ શરીરનાં સારાંનરસાં સાધન અને એ શરીરને સુખદુઃખનાં શુભાશુભ નિમિત્તની ઉત્પત્તિનું આદિ કારણ પણ કર્મ જ છે. બીજું કોઈ જ નથી.

### આદ્ય કારણ શું?

સ્થૂલ દષ્ટિથી આદ્ય કારણ નજરે ચડતું નથી ત્યારે સંસર્ગમાં આવતાં અન્ય અન્ય નિમિત્તોને જ તેનાં કારણો તરીકે વર્ણવવામાં આવે છે.

શરીર, શરીરના સંબંધીઓ અને શરીરના સુખ-દુઃખના બાહ્ય હેતુઓના મૂળમાં શુભ, અશુભ કર્મ છે. તેને શાસ્ત્રકારો ધર્મ અને અધર્મના નામથી સંબોધે છે.

આ રીતે આખાયે જગતમાં, સચરાચર જીવસૃષ્ટિમાં, વિશ્વનાં પ્રાણીમાત્રની વિવિધ અવસ્થાઓમાં આદ્ય અને પ્રથમ શુભ પ્રેરક હેતુ, જો કોઈ હોય તો તે ધર્મ જ છે. અને તે ધર્મના પ્રતાપે જ સઘળી ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ તે બધાની ઉત્પત્તિ, પ્રાપ્તિ અને વૃદ્ધિ આદિનો મૂળ આધાર પુણ્ય કર્મરૂપી ધર્મ જ છે.

### ધર્મની નીપજ

વિજ્ઞાનની શોધો અને તેથી પ્રાપ્ત થતાં શબ્દરૂપાદિ પુદ્ગલોનાં ભૌતિક સુખોની સિદ્ધિનો આદિ આધાર પણ

ધર્મ જ છે. પરંતુ તે ધર્મ સ્થૂલદૃષ્ટિને અગોચર છે.

ધર્મને સાક્ષાત્ જોવા અને જાણવાનાં જ્ઞાનચક્ષુ વિરલ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય છે.

ધર્મ એ સુખના કારણનું કારણ છે અને કારણને સૂક્ષ્મદૃષ્ટિ જોઈ શકે છે. કારણના કારણને જોવા માટે તત્ત્વની ખરી જિજ્ઞાસા હોવી જોઈએ. તત્ત્વજિજ્ઞાસુ શાસ્ત્રાભ્યાસ વડે તે ચક્ષુને પ્રાપ્ત કરી શકે છે.

શાસ્ત્ર એ સર્વજ્ઞના વચનસ્વરૂપ છે.

ધર્મને પ્રત્યક્ષ કરવામાં સહાયક બીજું ચક્ષુ એ કેવળજ્ઞાનરૂપી ચક્ષુ છે.

કેવળચક્ષુ અને શ્રુતચક્ષુ વડે કારણના કારણને જાણી શકાય છે, દેખી શકાય છે.

શાસ્ત્રચક્ષુ કહે છે કે વિજ્ઞાન અને તેની શોધોથી મળતા શબ્દાદિ વિષયોનાં સુખો એ પાપવૃદ્ધિના હેતુભૂત હોવાથી પાપાનુબંધી પુણ્યરૂપ ધર્મની નીપજ છે, તેથી ત્યાજ્ય છે.

જે ભૌતિક સુખોની ઉત્પત્તિમાં પાપ નથી, રક્ષણમાં ક્લેશ નથી, વર્તમાનમાં દુઃખ નથી; અનાગત કાળે દુર્ગતિ નથી, અનાયાસે જેની સિદ્ધિ છે, અનીતિપૂર્વકના ભોગોમાં જેનો દુર્વ્યય નથી, ધર્મ-ઉન્નતિ અને ધર્મની વૃદ્ધિમાં જ જેનો શુભ ઉપયોગ છે; એવાં સુખોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્યરૂપી ધર્મના સંબંધથી છે. તે ઉત્તરોત્તર શુભ ગતિની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનીને જીવને અંતે અપવર્ગ(મોક્ષ)ના અવ્યાબાધ સુખોની પ્રાપ્તિ કરાવે છે.

તેનું જ નામ નિઃશ્રેયસ છે.

નિઃશ્રેયસનાં સુખ નિરુપાધિક છે. પરદ્રવ્યના સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા છે. આત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પરમાર્થસુખો છે, યથાર્થ સુખો છે. તેની પ્રાપ્તિનો આધાર નિર્જરાલક્ષી ધર્મ છે.

એ રીતે શુભાશુભ કર્મના ક્ષયથી મળતાં અવ્યાબાધ સુખો એ નિર્જરા અથવા અનાસ્રવરૂપ ધર્મની નીપજ છે.

અધર્મથી નીપજતાં દુઃખને દૂર કરવાનો ઉપાય શુભાસ્રવરૂપ કે અનાસ્રવરૂપ ઉભય પ્રકારનો નિર્જરાલક્ષી ધર્મ છે, એમ શ્રી જિનેશ્વર ભગવંતો કહે છે એમ સમજીને સહુ કોઈ તે ધર્મને વિષે ઉદ્યમશીલ બનો!

•

દુઃખને પોતાના બાંધેલા પાપ કરતાં ઓછું છે એમ માનવાથી અને સુખને પોતાની પાત્રતા કરતાં અધિક છે એમ સમજવાથી એક ફાયદો એ છે કે પાપ કરવાની રુચિ ઘટી જાય છે અને પુણ્ય કરવાની રુચિ ઉત્તેજિત થાય છે. એનું બીજું નામ શમ અથવા શાંતિ છે. આ રીતે દુઃખને સહેવાથી અને સુખને દમવાથી વૃત્તિઓનું શમન થાય છે. એવી શાંત વૃત્તિવાળાને જ નવકારની અને નવપદની આરાધના ફળીભૂત થાય છે.

# ધર્મની ઓળખ

દુનિયામાં બે પ્રકારના પદાર્થ છે.

કેટલાક દૃશ્ય છે, કેટલાક અદૃશ્ય છે.

દૃશ્ય પદાર્થને દેખવા માટે ચક્ષુ આદિ ઇન્દ્રિયો સિવાય બીજા પદાર્થોની જરૂર પડતી નથી.

અદૃશ્ય પદાર્થો કેવળ ઇન્દ્રિયોથી જોઈ શકાતા નથી. તે જોવા માટે બીજા પદાર્થોની સહાય લેવી પડે છે. જેમ કે પર્વતની ટોચ ઉપર રહેલા અગ્નિને જાણવા માટે નીચે રહેલા માણસને એ અગ્નિમાંથી અવિચ્છિન્ન ધારાએ નીકળતી ધૂમલેખાની સહાય લેવી પડે છે. અને એ ધૂમલેખાને જોઈને તે પુરુષ પોતાની આંખને અદૃશ્ય એવા અગ્નિને પણ જાણી શકે છે.

ભૂતળના તળ નીચે છુપાયેલા વૃક્ષના મૂળને જાણવાની કે આકાશના વાદળ નીચે છુપાયેલા સૂર્યના કિરણને જાણવાની એ જ રીત છે.

વૃક્ષનાં પાન જો લીલાંછમ છે કે ફૂલ અને ફળ નિયમિત ઊગે છે, તો તે વૃક્ષનું મૂળ, ભૂમિમાં અવશ્ય સાજું-તાજું અને અખંડિત છે, એમ નિશ્ચિત થાય છે. અથવા વાદળની ઘનઘોર છાયા વખતે હજુ રાત્રિ નથી થઈ, પણ દિવસ છે એમ સમજી શકાય છે, તો તે અભ્રપટલની

નીચે સૂર્ય હજુ ગતિ કરી રહ્યો છે; પણ અસ્ત પામી ગયો નથી એ વાત પણ નક્કી થાય છે.

અદૃશ્ય મૂળ જેમ ફળથી અને અદૃશ્ય સૂર્ય જેમ દિનરાત્રિના વિભાગથી જાણી શકાય છે, તેમ જીવાત્મામાં રહેલો અદૃશ્ય ધર્મ પણ તેના કાર્યથી જાણી શકાય છે.

ભૂતકાલીન ધર્મ તેના ફળસ્વરૂપ વર્તમાનકાલીન સંપત્તિ આદિથી જાણી શકાય છે અને વર્તમાનકાલીન ધર્મ તેના કાર્યસ્વરૂપ ઔદાર્યાદિ ગુણોથી જાણી શકાય છે.

અમુક વ્યક્તિની ભીતરમાં ધર્મ છે કે નહિ? અને છે તો તે કેવી રીતે જાણી શકે?

આ પ્રશ્નનો જાણે સ્પષ્ટ ઉત્તર ન આપતા હોય તેમ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા એક સ્થળે ફરમાવે છે :

औदार्यं दाक्षिण्यं पापजुगुप्साऽथ निर्मलो बोधः ।
लिंगानि धर्मसिद्धेः प्रायेण जनप्रियत्वं च ॥१॥

ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા અને નિર્મળ બોધ તથા જનપ્રિયત્વ એ ધર્મસિદ્ધિનાં પ્રધાન લિંગો–ચિહ્નો છે.

જે આત્મામાં ઉદારતાદિ પાંચ લક્ષણો પ્રગટ્યાં છે તે આત્માની ભીતરમાં ધર્મ રહેલો છે. કારણ કે ધર્મ-સિદ્ધિનાં એ નિશ્ચિત ચિહ્નો છે. ઉદારતાદિ ચિહ્નો એ આત્માની અંદર છૂપા રહેલા ધર્મને જ પ્રગટ કરનારાં છે.

બીજા શબ્દોમાં ઔદાર્યાદિ ગુણો એ ધર્મવૃક્ષના મૂળમાંથી ઊગીને બહાર નીકળી આવેલા અંકુરાદિક અને

શાખા-પ્રશાખા આદિ પદાર્થો છે. શાખા-પ્રશાખા અને અંકુરપત્રાદિકને બહાર આવવા માટે જેમ નિર્મળ મૂળની અપેક્ષા છે, તેમ ઔદાર્ય, દાક્ષિણ્યાદિ ગુણોને બહાર આવવાને માટે તે તે વૃક્ષની કે તે વૃક્ષના અખંડિત મૂળની આવશ્યકતા છે અને તે મૂળનું જ નામ નિર્મળ ધર્મ છે.

આત્માની અંદર રહેલો તે ધર્મ વર્તમાન કાળે ઉદારતાદિ ગુણોરૂપી અંકુરાદિ દ્વારા પ્રગટ થાય છે. અને આગામી કાળે સુરનરની સંપત્તિરૂપી પુષ્પો અને સિદ્ધિનાં અનંતા સુખોરૂપી ફળોરૂપે પ્રગટ થાય છે.

જે આત્મામાં ઉદારતાદિ ગુણો હજુ પ્રગટ્યા નથી, તે આત્મા બહારથી ધર્મની આરાધના કે સાધના કરતો હોય તોપણ અંદરથી ધર્મને પામેલો જ છે, એવો નિશ્ચય કરી શકાતો નથી.

ધર્મવૃક્ષનો પ્રથમ અંકુર ઔદાર્ય છે. દાન નહિ પણ ઔદાર્ય.

દાન અને ઔદાર્યમાં ભેદ છે.

સામાને જરૂર છે અને અપાય છે, એ દાન છે. અને પોતાને – દાતાને – જરૂર છે અને અપાય છે એ ઔદાર્ય છે.

જે દાન અપાય છે શક્તિ મુજબ, પણ આપવાની ભાવના છે સર્વસ્વની, તે દાન ઔદાર્ય ગુણથી ભરપૂર છે.

જે દાન શક્તિ મુજબ પણ અપાતું નથી, એટલું જ નહિ પણ આપવાની પાછળ લેનારની જરૂરિયાતને જ આગળ કરવામાં આવેલી હોય છે, તે દાન ઔદાર્યની

ખામીવાળું છે.

ઉદાર આત્મા દાન લેનારની જરૂરિયાતને જેટલી અગત્ય આપે છે, તેથી અનેકગુણી અધિક અગત્ય, પોતાને આપવાની છે, તે બાબતને આપે છે. દાન નહિ આપવાથી સામાનું કાર્ય બગડી જવાનો જેટલો ભય તેને નથી લાગતો, તેટલો ભય દાન નહિ આપવાથી પોતાનું બગડી જવાનો લાગે છે.

અથવા આપીને કેટલું આપ્યું તે ગણાવવાની વૃત્તિ કરતાં કેટલું નથી આપ્યું તે ગણાવવાની વૃત્તિ તેના હૃદયમાં સદા રમતી હોય છે. એ ઔદાર્યનું લક્ષણ છે. અને એ જાતિનું ઔદાર્ય એ ધર્મરૂપી વૃક્ષનો પ્રથમ અંકુર છે. ધર્મ આત્મામાં પરિણામ પામ્યો છે કે નહિ, તે જાણવાનું એ પ્રથમ લક્ષણ છે.

કોઈની પણ પ્રેરણા વિના થતું દાન એ ઔદાર્ય ગણાય છે અને કોઈની પણ પ્રેરણા કે યાચના બાદ થનારું કાર્ય એ દાક્ષિણ્ય છે. કોઈની પણ માગણીને છતી શક્તિએ નકારતાં સંકોચ થવો એ દાક્ષિણ્ય છે.

દાક્ષિણ્ય વિનાનું ઔદાર્ય એ સુવાસ વિનાના પુષ્પ જેવું છે. સેર વિનાના કૂવા જેવું છે. સુંદર પણ પુષ્પ સુવાસ વિનાનું હોય તો તેને કોઈ સેવતું નથી કે જળથી ભરપૂર પણ કૂવો સેર – સરવાણી વિનાનો હોય તો અંતે સુકાઈ જાય છે. તેમ યાચનાનો ભંગ ન કરવારૂપ દાક્ષિણ્યરૂપી સદ્‌ગુણ જેનામાં પ્રગટેલો નથી તે આત્મા ઉદાર હોય તો પણ તેની ઉદારતા સદાકાળ ટકતી નથી કે

અર્થી આત્માઓને તે સદાકાળ સેવ્ય બનતો નથી.

ધર્મસિદ્ધિનું ત્રીજું લક્ષણ પાપજુગુપ્સા છે. પાપ પ્રત્યે જેને જુગુપ્સા નથી તેના ઔદાર્ય કે દાક્ષિણ્યનો દુરુપયોગ થવાનો પૂરેપૂરો સંભવ છે.

પાપ વિષતુલ્ય છે અને પુણ્ય અમૃતતુલ્ય છે. એ રીતે પાપ-પુણ્યનો ભેદ જેના અંતરમાં થયો નથી એ આત્માનું ઔદાર્ય અને દાક્ષિણ્ય સ્વ-પરના ફાયદાને માટે થવાને બદલે નુકસાનને માટે થવાનો વધારે સંભવ છે.

એ કારણે ધર્મી આત્માના અંતઃકરણમાં ચોથું લક્ષણ નિર્મળ બોધ પણ છે. એથી એ પાપ-પુણ્યનો ભેદ સમજી શકે છે અને પાપનો પરિહાર તેમ જ પુણ્યનો સ્વીકાર કરવાના કાર્યમાં સદા સાવધાન રહી શકે છે. એના પ્રભાવે એનું ઔદાર્ય કે દાક્ષિણ્ય પાપના માર્ગે ઘસડાઈ જતું બચે છે.

ધર્મનું ચોથું લક્ષણ નિર્મળ બોધ છે તેના કારણે આત્મામાં સદા પાપની જુગુપ્સા થતી રહે છે અને તેનાથી જ પુણ્યની પ્રશંસા પણ તેના આત્મામાં સદાકાળ રમતી હોય છે. વળી તેના કારણે તેના ઔદાર્ય, દાક્ષિણ્યાદિ સદ્ગુણોનો સદુપયોગ પણ વધતો રહે છે.

આ રીતના ધર્મમય જીવનના પરિણામે આ લોકમાં યશકીર્તિ અને જનપ્રિયત્વ તથા પરલોકમાં સદ્ગતિના ભાગી બની શકાય છે.

# ધર્મ કલ્પવૃક્ષનું મૂળ

मैत्री निखिल-सत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।
माध्यस्थ्यमविनीतेषु करुणा सर्वदेहिषु ॥१॥
धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ॥२॥

અર્થ : સર્વ પ્રાણીઓને વિષે મૈત્રી, ગુણવાનોને વિષે પ્રમોદ, અવિનીતોને વિષે માધ્યસ્થ્ય તથા સર્વ દેહધારીઓને વિષે કરુણા – આ ચાર મૈત્ર્યાદિ ભાવનાઓ ધર્મ કલ્પવૃક્ષનું મૂળ છે. જેઓએ આ ચાર ભાવનાઓને જાણી નથી, તેનો અભ્યાસ કર્યો નથી, તેઓને ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

### ૧. મૈત્રીભાવના

મૈત્રી આદિ આ ચાર ભાવનાઓ જીવમાં ધર્મ પામ્યા પહેલાં વિપરીત રીતે જોડાયેલી હોય છે. ધર્મ પામ્યા પછી એ સ્વસ્થાનમાં જોડાયેલી હોય છે.

એટલે કે પહેલાં કેવળ પોતાના જ સુખની ચિંતા, કેવળ પોતાના જ ગુણોનો પ્રમોદ, કેવળ પોતાનાં જ દુઃખો પ્રત્યે કરુણા અને કેવળ પોતાનાં જ પાપો પ્રત્યે ઉપેક્ષા હોય છે.

ધર્મ પામ્યા પછી, સર્વના સુખ અને હિતની ચિંતા સર્વ ગુણી જીવોના ગુણોનો પ્રમોદ, સર્વ દેહધારી જીવોના

દુઃખની કરુણા અને સર્વ પાપાત્માઓની પાપની ઉપેક્ષા હોય છે.

વળી ધર્મ પામ્યા પહેલાંની અવસ્થામાં બીજાઓ પોતા પ્રત્યે મૈત્રી ધારણ કરે, પોતાના ગુણોને જોઈને બીજા આનંદ પામે, પોતાનાં દુઃખો પ્રત્યે બીજા કરુણા ધારણ કરે અને પોતાના પાપાચરણ પ્રત્યે બીજા મધ્યસ્થ ભાવ રાખે, એવી ભાવના જીવમાં સતતપણે ચાલુ હોય છે.

ધર્મ પામ્યા પછી તે બીજાઓ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યને ધારણ કરે છે. પ્રથમને આર્ત્ત-રૌદ્ર ધ્યાન કહેવાય છે, અને બીજાને ધર્મ-શુકલ ધ્યાન કહેવાય છે.

ક્ષયના રોગીને જેમ વસંતમાલતી, સુવર્ણ, લોહ, અભ્રક વગેરે રસાયણો પુષ્ટિ આપે છે તેમ આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ અતિ આર્ત્ત અને રૌદ્રાદિ અશુભ ધ્યાનોથી થતા આંતરિક ક્ષય રોગનો નાશ કરી ધર્મધ્યાન-રૂપી રસાયણ વડે આપણા આંતરિક દેહને પુષ્ટ કરે છે. ખંડિત થયેલી ધ્યાનની ધારાને આ ભાવનાઓ ફરીથી જોડી આપે છે.

આર્ત્તધ્યાન એટલે આપણને વર્તમાનમાં જે અનુ-કૂળતાઓ સાંપડી છે, તે કાયમ રહે અને જે નથી મળી તે અનુકૂળતા સાંપડે તેમ ઈચ્છવું: તથા જે પ્રતિકૂળતા અત્યારે છે તે કેમ ચાલી જાય તથા ભવિષ્યમાં પણ પ્રતિકૂળતા કદી ન આવે તેમ ઈચ્છવું તે.

આવાં આર્ત્તધ્યાન ઉગ્ર બની હિંસા, અસત્ય, ચોરી

વગેરેની પરંપરામાં પરિણમે છે, ત્યારે તે રૌદ્ર ધ્યાન કહેવાય છે.

ધર્મધ્યાન એટલે જીવાદિ તત્ત્વોની કર્મના સ્વરૂપની અને પંચાસ્તિકાયમય લોકના સ્વરૂપની વિચારણા કરવી તે. આ ધર્મધ્યાન જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે જે આત્માનુભવ થાય છે, તેનું જ નામ શુક્લધ્યાન છે.

જૈન પ્રવચન અહિંસા અને ક્ષમામય હોવાથી મૈત્રીમય છે. વળી તે અનેકાન્તમય હોવાથી તેમાં સર્વ નયોને સાપેક્ષપણે પોતપોતાના સ્થાને સમાન સ્થાન આપવામાં આવે છે. આ સર્વ નયસાપેક્ષતા એ પણ મૈત્રીનો જ એક પ્રકાર છે એમ કહી શકાય.

## ૨. પ્રમોદભાવના

ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે.

પ્રમોદભાવનાથી પ્રમાદ-દોષ ટળી જાય છે. જ્યાં સુધી ધર્મમાં પ્રમાદ છે, ત્યાં સુધી તેને નિવારવા માટે પ્રમોદભાવના ખૂબ જ જરૂરી છે.

વર્તમાન સાધનામાં અનેક વિઘ્નો દેખાતાં હોય તો પણ જ્યાં સુધી પ્રમોદભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી વિઘ્નો ટળ્યા સિવાય રહેવાનાં નથી. તેમ જ તે ભાવનાના પ્રભાવે ભવિષ્યની સાધના પણ અવશ્ય નિર્વિઘ્ન બનશે, એવો દઢ નિશ્ચય રહેવો જોઈએ.

ભવિષ્યની સાધનાને નિર્મળ અને નિર્વિઘ્ન બનાવવા માટે પ્રત્યેક પ્રસંગમાં અને પ્રત્યેક વ્યક્તિમાં પ્રમોદ-

ભાવનાનો વિષય, કે જે ગુણાધિકતા છે, તેને શોધી કાઢવો જોઈએ અને ચિત્તમાં તેની અનુમોદના તથા ઔચિત્ય ન ઘવાય તેવી રીતે પ્રશંસાદિ કરવાં જોઈએ.

ગુણાનુરાગી દૃષ્ટિથી ગુણી આત્માઓના આશીર્વાદ મેળવવાની યોગ્યતા વિકસે છે અને લોકમાં પણ પ્રિય બનાય છે.

દોષદૃષ્ટિ એ એક ઉગ્ર કોટિનું વિષ છે, જે ભવોભવ જીવને મારે છે.

ગુણદૃષ્ટિ એ અમૃત છે, જે જીવને અજરઅમર બનાવે છે.

શ્રી નમસ્કાર મંત્રનું ધ્યાન એ પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

ચૌદ પૂર્વનો સાર નમસ્કાર છે. અર્થાત્ પ્રમોદભાવના ચૌદ પૂર્વનો સાર છે. શ્રી નવકાર સર્વ શાસ્ત્રોમાં વ્યાપીને રહેલો છે, અર્થાત્ પ્રમોદભાવના સર્વ શાસ્ત્રોમાં વ્યાપીને રહેલી છે. નમો એ મોક્ષનું બીજ છે, અર્થાત્ પ્રમોદભાવના એ મોક્ષનું બીજ છે.

જેમ નમસ્કાર સર્વપાપનાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે, તેમ પ્રમોદભાવના પણ સર્વપાપપ્રણાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ગ્રંથના પ્રારંભમાં ઇષ્ટ દેવતાના નમસ્કારરૂપ ભાવમંગલ ગ્રંથકારો કરે છે. એનો અર્થ એ છે કે, સર્વ શાસ્ત્રો અને મંગળ કાર્યોનો પ્રારંભ પ્રમોદભાવનાથી થાય છે.

સર્વ અનુષ્ઠાનોનો પ્રારંભ, 'इच्छामि खमासमणो' સૂત્રથી થાય છે, તે પણ પ્રમોદભાવના પ્રગટ કરવાનો એક પ્રકાર છે.

કાયોત્સર્ગમાં પણ શ્રી પંચ પરમેષ્ઠિ અને ચોવીસેય શ્રી જિનેશ્વર દેવોનું ધ્યાન ધરવાનું હોય છે, તે પણ પ્રમોદભાવનાનો જ એક પ્રકાર છે.

પ્રત્યેક ધર્મક્રિયાના આરંભથી અંત સુધી ક્રિયા કરનારનું ચિત્ત, તે ક્રિયાને બતાવનાર શ્રી જિનેશ્વરદેવના ધ્યાનથી અલંકૃત હોય છે અને તેથી તે ક્રિયા ભાવ-ક્રિયા અર્થાત્ અમૃતક્રિયા બને છે. આ ધ્યાન પ્રમોદ-ભાવનારૂપ છે. તેથી ક્રિયાને અમૃતમય બનાવનાર પ્રમોદ-ભાવના છે.

ક્રિયાની પૂર્ણાહુતિ બાદ પણ તેમાં થયેલા સુકૃતની જો અનુમોદના કરવામાં આવે, તો તે ક્રિયા ઉત્તરોત્તર વિશેષ ફળદાયી બને છે. આ અનુમોદના પણ પ્રમોદ-ભાવનાનો વિષય છે અને તેથી ક્રિયાનું ફળ વધારનાર પણ પ્રમોદભાવના છે.

ગુરુકુળવાસમાં વસવાથી કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચ, ક્ષમા આદિ ગુણોનું પાલન થાય છે, તે પ્રગટપણે યા પ્રચ્છન્નપણે પ્રમોદભાવનાની જ પુષ્ટિ કરે છે.

જગતમાં જે કોઈ સત્કાર્યો થાય છે, તેની પાછળ બળ પ્રેરનાર પ્રમોદભાવના જ હોય છે.

શ્રી જિનમંદિર આદિ ધર્મસ્થાનો પણ મુખ્યત્વે પ્રમોદભાવનાના પાયા ઉપર ઊભાં થયેલાં હોય છે.

પ્રમોદભાવનાની પરાકાષ્ઠા શ્રી તીર્થંકર નામકર્મની પરમ પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિનું ઉપાર્જન કરાવે છે, કેમ કે તે પુણ્ય પ્રકૃતિનું ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ પૂર્વના શ્રી તીર્થંકર દેવો પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રમોદભાવને ધારણ કરનારા હોય છે અને તેથી જ તે મહાત્માઓ અખિલ જગતમાં પ્રમોદનો ઉત્કૃષ્ટ વિષય બને છે.

આ રીતે પ્રમોદભાવનાના કારણભૂત શુભ આલંબનોના આદરથી વિઘ્નોનો નાશ અને ધ્યાનાદિમાં દૃઢતા પ્રાપ્ત થાય છે.

### ૩. કરુણાભાવના

'દુઃખીનાં દુઃખ દૂર થાઓ. બીજાનું દુઃખ તે મારું જ દુઃખ છે,' ઇત્યાદિ ભાવના તે કરુણાભાવના છે. તેને અનુકંપા પણ કહેવાય છે.

'અનુ' એટલે બીજાઓનું દુઃખ જોયા પછી 'કંપ' એટલે તે દુઃખ દૂર કરવાની હૃદયમાં થતી લાગણી, તેને અનુકંપા કહેવાય છે.

દુઃખી પ્રાણીઓને જોઈને સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે અને બીજાઓનાં તે દુઃખ દૂર કરવાની તેઓને તાલાવેલી જાગે છે, તે તેઓની અનુકંપા અથવા કરુણા છે.

બીજાને દુઃખ ન થાય તે રીતનું વર્તન તે દયા છે. હીનગુણી કે દુઃખીનો તિરસ્કાર ન કરવો તે અઘૃણા છે અને દીનદુઃખી જીવોને સુખી કરવાની તાલાવેલી તે

દીનાનુગ્રહ છે.

કરુણા, અનુકંપા, દયા, અઘૃણા, દીનાનુગ્રહ વગેરે શબ્દો સમાન અર્થવાળા છે.

માર્ગાનુસારી અર્થાત્ ધર્મને અભિમુખ થયેલા જીવમાં પણ આ કરુણા ઉત્પન્ન થાય છે.

આ કરુણાના (૧) લૌકિક, (૨) લોકોત્તર, (૩) સ્વવિષયક, (૪) પરવિષયક, (૫) વ્યાવહારિક, (૬) નૈશ્ચયિક આદિ અનેક પ્રકારો છે.

(૧) લૌકિક કરુણા એટલે દુઃખી પ્રાણીને જોઈને તેનાં દુઃખ દૂર થાય તે માટે તેને અન્નવસ્ત્રાદિ આપવાં તે.

(૨) લોકોત્તર કરુણા એટલે દુઃખનું મૂળ જે પાપ, તે પાપનો નાશ કરવા માટેનાં સાધનો પૂરાં પાડવાં. જેમ કે ધર્મદેશના, તીર્થપ્રવર્તનાદિ કરવું તે.

તેના બે ભેદ છે.

એક સંવેગજન્ય છે અને બીજી સ્વભાવજન્ય છે.

સંવેગજન્ય કરુણા ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે. અને સ્વભાવજન્ય કરુણા અપ્રમત્તાદિ ગુણસ્થાનકે હોય છે.

(૩) સ્વવિષયક કરુણા એટલે સ્વ સંબંધી દુઃખ નાશ કરવાના ધાર્મિક ઉપાયોની વિચારણા કરવી તે.

(૪) પરવિષયક કરુણા એટલે બીજાઓનાં દ્રવ્ય તેમ જ ભાવ ઉભય પ્રકારનાં દુઃખ દૂર કરવા માટે સમ્યગ્ ઉપાયોનું સેવન કરવું તે.

(૫) વ્યાવહારિક કરુણા એટલે જરૂરિયાતવાળાને

અન્ન-જળ-વસ્ત્ર-સ્થાન-આસન-ઔષધ અને બીજી પણ બાહ્ય સામગ્રી પૂરી પાડવી તે.

(૬) નૈશ્ચયિક કરુણા એ આત્માના શુભ અધ્યવસાયરૂપ છે.

પાંચમી અને છઠ્ઠી કરુણા પરસ્પર પૂરક છે. ક્યારેક શુભ અધ્યવસાયો પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી પ્રવૃત્તિ થાય છે અને ક્યારેક અન્નદાનાદિની પ્રવૃત્તિ પહેલી થાય છે અને પછી શુભ અધ્યવસાયો જાગે છે અથવા પ્રગટ થયેલા અધ્યવસાયો વૃદ્ધિ પામે છે.

એટલે કે શુભ પ્રવૃત્તિથી, શુભ અધ્યવસાયો ન હોય તો આવે છે અને હોય તો વધે છે. તેમ જ આ શુભ પ્રવૃત્તિથી અશુભ અધ્યવસાયો આવ્યા હોય તો દૂર થાય છે અને ન આવ્યા હોય તો અટકે છે.

'મને કદી પણ દુઃખ ન આવો' ઇત્યાદિ લાગણી દ્વેષરૂપ છે, તેનો વિષય પોતાનું દુઃખ છે. દુઃખ પ્રત્યેનો દ્વેષ પ્રતિકૂળ સંજોગો તરફ પણ દ્વેષ કરાવે છે.

દુઃખને દૂર કરવા માટે સર્વ પ્રાણીઓ રાતદિવસ પ્રયત્ન કરે છે. પણ દુઃખ તરફ રહેલા દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કોઈ વિરલ આત્મા જ કરે છે.

કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું, એ જીવના હાથની વાત નથી, પરંતુ તે દુઃખ તરફના દ્વેષને દૂર કરવાની વાત જીવના હાથમાં છે.

વર્તમાન દુઃખ દૂર કરવામાં જીવ પરતંત્ર છે, પણ દુઃખ ઉપરના દ્વેષને દૂર કરવામાં તે સ્વતંત્ર છે. દુઃખ

ઉપરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ રહેતું જ નથી અર્થાત્ દુઃખ વખતે પણ ચિત્તને સંકલેશ ઉત્પન્ન થતો નથી.

દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો સરળમાં સરળ ઉપાય કરુણાભાવના છે.

કરુણાભાવના એટલે બીજાઓનું દુઃખ દૂર કરવાની વૃત્તિ.

પોતાના દુઃખ ઉપર આપણે જે દ્વેષ કરીએ છીએ તેને બદલે જ્યારે સર્વના દુઃખ પ્રત્યે દ્વેષ કરીએ છીએ ત્યારે પોતાનું દુઃખ ભુલાઈ જાય છે. પોતાના દુઃખને ભૂલી જવામાં જ સાધનામાત્રનું રહસ્ય છુપાયેલું છે. આ કાર્ય ચિત્તમાં કરુણાભાવનાને દૃઢ કરવાથી સહેલાઈ-થી પાર પડે છે. કારણ કે વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોના દુઃખને આપવું એ જ કરુણાભાવનાનું રહસ્ય છે.

'મારાં દુઃખો નાશ પામો,' એવી વૃત્તિના સ્થાને 'સર્વનાં દુઃખો નાશ પામો,' એવી ભાવના જ્યારે પ્રબળ બને છે, ત્યારે અન્યને અપકાર કરવાની મલિન ચિત્ત-વૃત્તિ આપોઆપ ચાલી જાય છે.

બીજા દુઃખીની અપેક્ષાએ પોતે સુખી છે, એમ જાણ-વાથી પોતાના રૂપનો, બળનો, ધનનો, બુદ્ધિનો, કુળનો અને જાતિ વગેરેનો મદ થાય છે, તેને દર્પ પણ કહેવાય છે. આ દર્પથી જીવો પ્રત્યે એક પ્રકારનો તિરસ્કારભાવ ઉત્પન્ન થાય છે.

આત્મદષ્ટિએ બધા જીવો આત્મતુલ્ય છે, એમ જાણીને, દુઃખી જીવો પ્રત્યે જ્યારે કરુણાભાવના સ્થિર કરવામાં આવે છે, ત્યારે પોતાનો દર્પ અથવા અહંકાર ચાલ્યો જાય છે અને બીજાઓ પ્રત્યેનો તિરસ્કાર પણ દૂર થઈ જાય છે.

પ્રત્યેક વસ્તુનું બળ સ્થાન વિશેષ પામીને જ હિતકર કે હાનિકર બને છે. સ્થાનભેદે તે જ વસ્તુ હાનિકર મટીને હિતકર બને છે, અથવા હિતકર મટીને હાનિકર થાય છે.

વિષયોનો પ્રેમ હાનિકર છે, તે જ પ્રેમ પરમોપકારી શ્રી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે દાખવવામાં આવે તો તે અત્યંત લાભકારક બને છે. વિષયો પ્રત્યે વિરક્તિ લાભદાયક છે; તે જ વિરક્તિ જ્યારે ધર્મ તરફ જાગે ત્યારે દુઃખનું કારણ બને છે.

પોતાના જ અને તે પણ વર્તમાનકાલીન જ દુઃખવિષયક દ્વેષ સંક્લેશજનક બને છે, પરંતુ તે જ દ્વેષ જો સર્વ દુઃખી પ્રાણીઓના દુઃખવિષયક બને, અથવા પોતાના સર્વકાલીન દુઃખવિષયક બને, તો તે ચિત્તના સંક્લેશને દૂર કરનાર બને છે.

તાત્પર્ય એ છે કે વર્તમાન કાળ અને કેવળ સ્વવિષયક સંકુચિત વૃત્તિ, જ્યારે ત્રિકાળ-વ્યાપકતા અને સર્વ સત્ત્વવિષયક વિશાળતા ધારણ કરે છે, ત્યારે ચિત્તના સંક્લેશનો ક્ષય થાય છે અને નિર્મળતા પ્રાપ્ત થાય છે; માત્ર એટલું જ નહિ પણ આગળ વધીને

એવી કરુણામય ચિત્તવૃત્તિથી — વિશ્વનું સર્વોત્તમ પદ — શ્રી તીર્થંકરપણું પણ પામી શકાય છે અને તે સર્વ જીવોના દુઃખનું નિર્મૂલન કરનાર મોક્ષમાર્ગ અને ધર્મતીર્થનું પ્રવર્તન કરાવનાર થાય છે.

સર્વ સત્ક્રિયાઓ, સર્વ ધર્મ-અનુષ્ઠાનો, સર્વ આગમ-વાક્યો વગેરેની પાછળ સ્વપર-વિષયક કરુણા રહેલી છે. પોતે જે અનુષ્ઠાનની સાધના કરે છે, તે અનુષ્ઠાન જેમને પ્રાપ્ત થયું નથી, તેમના પ્રત્યે જો કરુણાભાવના ન હોય, તો તે અનુષ્ઠાનમાં કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

કેમ કે તેને પોતાના અનુષ્ઠાનમાં વાસ્તવિક પ્રણિધાન થયું નથી, તે અનુષ્ઠાનની તાત્ત્વિક મહત્તા કે દુર્લભતા તેને સમજાઈ નથી અથવા તે અનુષ્ઠાનની પાછળ તેને કોઈ દુષ્ટાશય, પરાપકર્ષ કે સ્વોત્કર્ષાદિ મલિન આશય હજુ ટળ્યો નથી કે શુભ ભાવ પ્રગટ્યો નથી.

આ કરુણાભાવનાથી સ્વોત્કર્ષ અને પરાપકર્ષાદિ દુષ્ટ ચિત્તવૃત્તિઓનો વિલય થઈ જાય છે અને શુદ્ધ પ્રણિધાનના પ્રભાવે ધર્માનુષ્ઠાનની સિદ્ધિ નિર્વિઘ્ન બને છે.

હીનગુણી પ્રત્યે તિરસ્કાર અને દુઃખીના દુઃખ પ્રત્યે ઉપેક્ષા કરનાર જીવનો મોક્ષ હજી ઘણો દૂર છે, એમ કહી શકાય.

જે બીજાનો તિરસ્કાર કરે છે, તે પોતે જ તિરસ્કારને પામે છે. જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે, તેને દુઃખ વખતે બીજાઓની સહાય મળતી નથી.

કરુણાભાવનાના અભ્યાસથી આ તિરસ્કાર અને ઉપેક્ષારૂપ અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે. તેથી તે કરુણાભાવનાને કેળવવી તે પરમ કર્તવ્ય બને છે.

હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે.

શ્રી જિનપ્રવચન હિતોપદેશરૂપ છે, માટે તે કરુણામય છે. શ્રી જિનેશ્વર ભગવંતો પુષ્કારાવર્ત મેઘના સ્થાને છે, તે મેઘમાંથી હિતોપદેશરૂપ અમૃતની વૃષ્ટિ થાય છે. તે વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાન્તિને પામે છે. 'ગ્લાનની સેવા એ શ્રી તીર્થંકર દેવોની સેવા છે અને ગ્લાનની ઉપેક્ષા એ શ્રી તીર્થંકર દેવોની ઉપેક્ષા છે,' એ વાક્ય પણ કરુણાના માહાત્મ્યને જ કહે છે.

દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ, ચતુર્વિધ શ્રી સંઘમાં કરુણાનું જ માહાત્મ્ય સૂચવે છે.

દાન વડે સ્વ અને પરનો ઉપકાર થાય છે. શીલ વડે અને તપ વડે પણ સ્વપર-દુઃખનું નિવારણ થાય છે. ગૃહીધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું હોવાથી કરુણાભાવનાનું પ્રાધાન્ય સચવાય છે.

જે ધર્માનુષ્ઠાનના મૂળમાં દયા — કરુણાનો ભાવ નથી, તે ધર્માનુષ્ઠાન વાસ્તવિક ધર્માનુષ્ઠાન ગણાતું નથી. કરુણામય જિન પ્રવચનનાં રહસ્યો હૃદયમાં કરુણાભાવ પ્રગટવાથી જ સમજાય છે.

હીનગુણી આત્માઓ પ્રત્યેની કરુણા, અધિક ગુણવાળા આત્માઓની સાથે મેળ કરાવે છે, તેઓની કરુણાના પાત્ર બનાવે છે અને તેઓની કરુણાના પ્રભાવે તે અધિક-

અધિક નવા નવા ગુણોને વિકસાવે છે.

### ૪. માધ્યસ્થ્યભાવના

રાગ અને દ્વેષની વચ્ચે (સ્થિર) રહે તે મધ્યસ્થ.

કોઈ પણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય, તે માટે પુનઃ પુનઃ ચિંતન તે માધ્યસ્થ્યભાવના છે.

આ માધ્યસ્થ્યના (૧) પાપીવિષયક માધ્યસ્થ્ય, (૨) વૈરાગ્યવિષયક માધ્યસ્થ્ય, (૩) સુખવિષયક માધ્યસ્થ્ય, (૪) દુઃખવિષયક માધ્યસ્થ્ય, (૫) ગુણવિષયક માધ્યસ્થ્ય, (૬) મોક્ષવિષયક માધ્યસ્થ્ય, (૭) સર્વવિષયક માધ્યસ્થ્ય આદિ અનેક પ્રકારો છે.

(૧) પાપીવિષયક માધ્યસ્થ્ય — પ્રથમ માધ્યસ્થ્ય અર્થાત્ ઉપેક્ષાભાવના પાપી જીવો પ્રત્યે છે.

પાપી જીવોને પાપથી અટકાવવા માટે પ્રયત્ન કર્યા છતાં જ્યારે તેઓ પાપથી ન અટકે, ત્યારે તેઓ પ્રત્યે મધ્યસ્થ રહેવું, પરંતુ ચિત્તને ક્રોધાદિ કષાયોથી કલુષિત થવા ન દેવું. આ જાતની મધ્યસ્થતા રાખવાથી તે પાપી જીવ, પાપમાં અતિ આગ્રહી બનતો કદાચ અટકી જાય અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે. તેવા પ્રસંગે તેનો તિરસ્કારાદિ કરવાથી તે દ્વેષને ધારણ કરનારો બની જાય અને તેથી વેરની પરંપરા વધી જાય છે. માધ્યસ્થ્યથી તેનો આપણા પ્રત્યે સદ્ભાવ ટકી રહે છે અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે.

જેમ અપથ્યના સેવનથી રોગીને અકાળે નિવારી ન શકાય તો મધ્યસ્થપણું રાખવું હિતકર છે, તેમ અહિતના સેવનથી નહિ અટકનાર જીવ ઉપર પણ તેવા પ્રસંગે એટલે કે, તેનો સુધરવાનો કાળ પાક્યો નહિ હોવાથી આપણું માધ્યસ્થ્ય ટકાવી રાખવું તે ઉભયના હિતમાં છે. માધ્યસ્થ્યથી અમર્ષ અર્થાત્ વૈર લેવાની ઇચ્છારૂપ ચિત્તમળ ટળે છે.

(૨) વૈરાગ્યવિષયક માધ્યસ્થ્ય — વૈરાગ્ય એ વૈષયિક સુખ ઉપરની એક પ્રકારની અરુચિ યા દ્વેષ છે. આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે. અને તે પરિણામે, સાંસારિક સુખ ઉપર માધ્યસ્થ્ય અર્થાત્ રાગ-દ્વેષરહિતપણું પેદા કરે છે.

સુખ ઉપર દ્વેષની જેમ, દુઃખ ઉપર રાગ એ પણ પ્રશસ્ત મનોભાવ હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બની પરિણામે માધ્યસ્થ્ય અર્થાત્ રાગદ્વેષરહિતપણું ઉત્પન્ન કરે છે.

વૈષયિક સુખની પાછળ રહેલ જન્મમરણાદિ દુઃખની પરંપરાનો વિચાર તથા તેનાથી પુનઃ નવીન નવીન કર્મબંધન આદિના વિચારોથી સુખ ઉપર દ્વેષ થાય છે અને ‘દુઃખ તો કર્મ નિર્જરામાં ઉપકારક તથા પરિણામે દુર્ગતિનાં દુઃખોના નિવારણમાં કારણભૂત છે,’ એ પ્રકારના વિચારોથી દુઃખ ઉપર રાગ જાગે છે.

(૩) સુખવિષયક માધ્યસ્થ્ય. સુખવિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાન્ત, શ્રી તીર્થંકર ભગવંતોના ચરમ (છેલ્લા) ભવોનું

તેમ જ અનુત્તર વિમાનના દેવો, ધન્ના-શાલિભદ્ર, પૃથ્વી-ચન્દ્ર, ગુણસાગર વગેરે મહાપુરુષોનું છે.

પુણ્યાનુબંધી પુણ્યનો ઉપભોગ કરનારા તે મહાપુરુષો સુખનો ઉપભોગ ઇચ્છારહિતપણે, કેવળ પૂર્વકૃત કર્મના ઉદયે જ કરતા હતા. આ સુખવિષયક માધ્યસ્થ્ય યોગની છ દૃષ્ટિઓમાંથી પસાર થયા પછી આવે છે.

(૪) દુઃખવિષયક માધ્યસ્થ્ય — દુઃખવિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાન્ત, ચરમતીર્થપતિ શ્રી મહાવીર સ્વામીજી, શ્રી ગજસુકુમાળ મુનિ અને ખંધક મુનિના શિષ્યો વગેરે છે.

(૫) ગુણવિષયક માધ્યસ્થ્ય — ગુણવિષયક માધ્યસ્થ્ય લબ્ધિધર મુનિઓને હોય છે. તેઓ વિચારે છે કે ક્ષયોપશમભાવ આત્માની અપૂર્ણતા છે. તેમાં આનંદ માનવાનો હોય જ કેમ? લબ્ધિ, સિદ્ધિ વગેરે ક્ષયોપશમભાવના ઘરની છે.

(૬) મોક્ષવિષયક માધ્યસ્થ્ય — મોક્ષવિષયક માધ્યસ્થ્ય અપ્રમત્તાદિ ઉપરનાં ગુણસ્થાનકોએ પ્રગટે છે. તેને અસંગ અનુષ્ઠાન પણ કહે છે. તે સમયે સમતારૂપ નિજ સહજાનંદરૂપ અમૃતના મહાસાગરમાં તે મહાત્માઓ મસ્ત બને છે.

(૭) સર્વવિષયક માધ્યસ્થ્ય — સર્વવિષયક માધ્યસ્થ્ય કેવળી ભગવંતોને હોય છે અને કેવળી ભગવંતોએ બતાવેલાં તત્ત્વોનું અનેકાન્ત દૃષ્ટિથી ચિંતન કરનારા મહાપુરુષોને એ માધ્યસ્થ્ય સ્વયમેવ પ્રગટે છે.

આ માધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિઓ સર્વ

વિચારો અને સર્વ વચનો પ્રત્યે મધ્યસ્થ હોય છે. તેઓની મનઃપરિણતિ સર્વનયાવગાહી હોય છે. આવી પરિણતિ વિના વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય સંભવતો નથી.

ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા વિધિ-નિષેધ આદિ સર્વ બાજુઓને, તે મહાપુરુષો સાપેક્ષપણે ગ્રહણ કરે છે. તેઓ આગમિક પદાર્થોને આજ્ઞાથી અને યુક્તિથી સમજાય તેવા પદાર્થોને યુક્તિથી ગ્રહણ કરે છે.

પરાર્ધની સંખ્યામાં જેમ સોની સંખ્યા સમાઈ જાય છે, તેમ અન્ય દર્શનના સદ્વિચારોને તેઓ સ્વદર્શનમાં સમાવી શકે છે; એટલે કે સમાવતાર કરી શકે છે. સર્વત્ર અનેકાન્તના ચિંતનરૂપ અનેકાન્ત ભાવનાથી તેઓનો પ્રત્યેક વિચાર પવિત્ર થયેલો હોવાથી, કયા વખતે કયા નયને આગળ કરવાથી સ્વ-પરનું હિત છે, તેનો વિચાર કરીને જ, તેઓ તે તે નયને મુખ્ય સ્થાન આપે છે.

માધ્યસ્થ્યના કારણે તેઓનાં વચનો સાગર કરતાં પણ ગંભીર અને ચંદ્ર કરતાં પણ અધિક સૌમ્ય હોય છે. તેઓ કેવળ સત્યના જ આશ્રયે હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ કે પરદર્શન પ્રત્યે દ્વેષ તેઓને નથી રહેતો.

આ રીતે ચાર ભાવનાઓને આત્મસાત્ કરીને સૌ જીવ ધર્મને પ્રાપ્ત કરો.

●

આલોક પરલોક અને જીવન મરણમાં સમભાવ કેળવવો એ સમાધિયોગનું લક્ષણ છે.

# ધર્મનો પ્રભાવ

દશ પ્રકારના ચારિત્રધર્મના પ્રભાવથી સૂર્યચંદ્ર વિશ્વ ઉપર ઉપકાર કરવા નિયમસર ઊગે છે, વરસાદ નિયમસર વરસે છે, સમુદ્ર મર્યાદા છોડતો નથી. સિંહ, વાઘ, વાવાઝોડાં, દાવાનળ સંહાર કરતા નથી; પૃથ્વી આધાર વિના ટકી રહે છે. એ વગેરે સર્વ નિયમિત-પણે વિશ્વમાં વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે તે સર્વ ધર્મનો પ્રભાવ છે. શાસ્ત્રકાર મહર્ષિઓ ધર્મભાવના નામની બારમી ભાવનામાં ધર્મનો પ્રભાવ એ રીતે વર્ણવે છે. **'धम्म दयाणं'** એ પદની ટીકા કરતાં પૂ. શ્રી હરિભદ્ર-સૂરિજી મહારાજા, લલિતવિસ્તરા નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે—

'सामायिकादिगतविशुद्धक्रियाऽभिव्यंग्यसकलसत्त्वहिताशयामृतलक्षणस्वपरिणाम एव साधुधर्मः ।'

'સામાયિકની વિશુદ્ધ ક્રિયાથી અભિવ્યકત થતો સકલ પ્રાણીઓના હિતના આશયરૂપ અમૃતલક્ષણ સ્વપરિણામ એ જ સાધુધર્મ છે.

આને સર્વવિરતિ ચારિત્રધર્મ કહે છે.

ધર્મ એટલે જ ચારિત્રધર્મ છે.

એ સાધુધર્મને પ્રાપ્ત કરવાનો પરિણામ એ ગૃહસ્થ-ધર્મ છે. એને દેશવિરતિ ચારિત્રધર્મ કહે છે.

કહ્યું છે કે—

'साधुधर्माभिलाषारूप आत्मपरिणामः श्रावकधर्मः ।'

'સાધુધર્મ પાળવાના અભિલાષરૂપ આશય જેમાં છે, તે શ્રાવકધર્મ છે.'

સર્વ જીવોના હિતના આશયરૂપ અમૃત છે લક્ષણ જેનું, એવો આત્મપરિણામ તે સર્વવિરતિ ચારિત્રધર્મ છે.

આ પરિણામને આત્મામાં સ્થિર રાખવા માટે સામાયિક આદિ વિશુદ્ધ ક્રિયાની જરૂર છે.

પ્રાણીમાત્રના કલ્યાણની, હિતની ભાવના, હિતનો આશય અથવા સર્વ જીવોને દુઃખમુક્ત કરી, પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરવાનો આત્મામાં રહેલો જે ભાવ, તે ભાવની શુદ્ધિ અને પુષ્ટિ માટે શાસ્ત્રમાં દશ પ્રકારનો ચારિત્ર-ધર્મ ઉપદેશ્યો છે.

આવો અમૃત પરિણામ ત્યારે જ ટકે કે જ્યારે શુદ્ધ રીતે દશ પ્રકારના ચારિત્રધર્મનું પાલન જીવનમાં હોય.

જેમ કે જો ક્ષમાગુણ હોય તો જ સર્વ પ્રાણી-વિષયક કલ્યાણનો ભાવ ટકી રહે અને જો ક્ષમા ગુણ ન હોય તો અપરાધી ઉપર કોપ થાય અને તેની સાથે જ તે શુદ્ધભાવ તૂટી પડે.

તેવી રીતે જો માર્દવ, માનત્યાગ હોય તો જ ક્ષમા રહી શકે. માખણ જેવી મુલાયમ નમ્રતા, હૃદયનો આર્દ્ર

પરિણામ હોય, તો જ માર્દવ — નમ્રતા ટકે અને તે ટકે તો જ ક્ષમા ટકે. સાથે જો સંતોષ હોય તો જ સરળતા ટકી શકે. સંતોષ ન હોય તો માયા કરવાનું મન થાય જ.

તે રીતે દશેય પ્રકારનો ચારિત્રધર્મ, એ સર્વ પ્રાણીવિષયક હિતચિંતાનો વિશુદ્ધ અમૃત-લક્ષણ પરિણામ ટકાવવા માટે જ યોજાયો છે. દશેય પ્રકારના ધર્મમાં એ રીતની વ્યવસ્થા શ્રી તીર્થંકર દેવોએ ગોઠવેલી છે અને તે વ્યવસ્થાથી તે ભાવ સ્થિર રહે છે. સમગ્ર વિશ્વ-વિષયક હિતચિંતાનો એ ભાવ દશ પ્રકારના ધર્મના આંશિક કે પરિપૂર્ણ પાલન વડે સ્થિર રહેતો હોવાથી, એ ધર્મને લીધે જ સમગ્ર વિશ્વવ્યવસ્થા એક પણ નિયમ-ને બાધા પહોંચ્યા વિના ચાલી રહી છે.

શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા, શ્રી ગણધર ભગવંતોના આત્મા શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના આત્મા, સર્વ પ્રાણીવિષયક હિતચિંતાના ભાવથી ભરેલા છે અને એ ભાવની રક્ષા ખાતર, સતત દશ પ્રકારના ચારિત્રધર્મનું તેઓ પાલન કરી-કરાવી રહ્યા છે. તેથી તે ભાવ સમગ્ર વિશ્વમાં સતત વ્યાપેલો રહે છે. અને એ ભાવના પ્રભાવ વડે જ વિશ્વમાં સર્વ કાંઈ વ્યવસ્થિત ચાલી રહ્યું છે. આ હકીકત શાસ્ત્રમાં વારંવાર ઉપદેશ-વામાં આવી છે.

દશ પ્રકારનો ચારિત્રધર્મ ત્યાં જ હોય છે અને ટકે છે કે જ્યાં સર્વ સત્ત્વવિષયક હિતચિંતારૂપ વિશુદ્ધ આત્મપરિણામ હયાતી ધરાવતો હોય અથવા તે પરિણામ

પ્રાપ્ત કરવાની અભિલાષા ચિત્તમાં વર્તતી હોય. સર્વ સત્ત્વવિષયક હિતચિંતાના સાચા અમૃત પરિણામમાં દશ પ્રકારના ચારિત્રધર્મ અર્થાત્ સાધુધર્મ અને સાધુધર્મ પ્રાપ્ત કરવાની અભિલાષારૂપ 'શ્રાવકધર્મ' અંતર્ગત રહેલો છે, એમ માનવું જોઈએ.

સકળ સત્ત્વવિષયક હિતચિંતાનો પરિણામ એ જ ભાવધર્મ છે. અને એ ધર્મમાં જ વિશ્વના તમામ પદાર્થોને નિયમમાં રાખવાની તાકાત છે.

એ ભાવધર્મને ટકાવવા માટે, પેદા કરવા માટે કે વધારવા માટે જેટલા જેટલા માર્ગો છે તે બધા પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ છે.

ભાવધર્મના કારણરૂપ ધર્મ એ દ્રવ્ય ધર્મ છે.

એક, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના ભાવપાલનરૂપ છે અને બીજો તેમની આજ્ઞાના દ્રવ્યપાલનરૂપ છે.

ભાવ અને દ્રવ્ય ઉભય પ્રકારે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન અને તે પાલન ઉપરનું બહુમાન, એને અનુક્રમે 'બોધિ' અને તેનું 'બીજ' કહેવાય છે. 'એવી બોધિ અને એનું બીજ પ્રાપ્ત કરી, જગતના આત્માઓ ત્રણેય કાળમાં સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ,' એ ભાવના નિરંતર કર્તવ્ય છે. એથી ભવવિરાગ અને મોક્ષાભિલાષ દૃઢ થવા સાથે શ્રી જિનેશ્વરદેવના શાસનનો સાચો પ્રભાવ જગતમાં વિસ્તાર પામે છે.

# સામાયિક ધર્મ

રાગદ્વેષના અભાવરૂપ, આત્માના મધ્યસ્થ પરિણામ અને તે વખતે થતો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોનો આત્માને જે લાભ, તેને શાસ્ત્રકાર ભગવંતો સામાયિક-ધર્મ કહે છે.

'समानां मोक्षं प्रति समानसामर्थ्यानां ज्ञानदर्शन-चारित्राणामायः लाभः समायः, समाय एव सामायिकम् ॥'

સમ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમાન સામર્થ્યવાળા આત્માનાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણો, તેનો લાભ એટલે સામાયિક. જે પરિણામને ધારણ કરવાથી આત્મા સમવૃત્તિવાળો બને, રાગ-દ્વેષરહિત થાય, સર્વ પ્રાણીઓને પોતાના આત્માની જેમ જુએ, તે સામાયિકનો પરિણામ છે.

સામાયિક એ સર્વ મૂળ ગુણોના આધારભૂત છે. સર્વ સાવદ્ય વ્યાપારોના ત્યાગરૂપ છે. કહ્યું છે કે,—

'सामायिकं गुणानामाधारः खमिव सर्वभावानाम् ।
नहि सामायिकहीनाश्चरणादिगुणान्विता येन । १ ॥
तस्माज्जगाद भगवान्, सामायिकमेव निरुपमोपायम् ।
शारीरमानसानेकदुःखनाशस्य मोक्षस्य ॥ २ ॥'

અર્થ : આકાશ જેમ સર્વ પદાર્થોનો આધાર છે તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે.

સામાયિકથી રહિત એવા જીવોને ચારિત્રાદિ ગુણો પ્રાપ્ત થઈ શકતા નથી તે કારણે શારીરિક અને માનસિક અનેક દુઃખોના નાશરૂપ મોક્ષનો નિરુપમ ઉપાય, ભગવાને એક સામાયિકને જ કહ્યો છે.

જીવ જ્યારે 'સમ' પરિણામવાળો બને છે ત્યારે પ્રતિક્ષણ નવા નવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોને પામે છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રના આ પર્યાયો સંક્લેશના વિચ્છેદક અને નિરુપમ સુખના હેતુ છે. તેથી તેને શાસ્ત્રોમાં ચિંતામણિ, કલ્પતરુ અને કામધેનુથી પણ અધિક પ્રભાવશાળી કહ્યા છે.

અચિન્ત્ય પ્રભાવશાળી આ સામાયિકના પરિણામની પ્રાપ્તિ જીવને સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગોનું સેવન કરવાથી થાય છે.

વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવા એ જ સામાયિક છે. પરંતુ આ ભાવોને જીવનમાં સક્રિય રૂપ આપવા માટે સર્વ સાવદ્ય યોગોના ત્યાગની અને નિરવદ્ય યોગોના સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે. એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આસેવનને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

આ સામાયિક વ્રતનું જ બીજું નામ અહિંસાધર્મ છે.

અહિંસાધર્મમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે અને એ જ દૃષ્ટિ સામાયિક વ્રતમાં છે.

જીવનમાં અહિંસાનો પરિપૂર્ણ અમલ કરવા માટે

સામાયિક વ્રતની પ્રતિજ્ઞા અનિવાર્ય છે.

સામાયિકનો સીધો અર્થ સમતા છે.

'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।'

'પોતાને પ્રતિકૂળ વ્યાપારો બીજા પ્રત્યે ન આચરવા એ ધર્મનો સાર છે.'

સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, કોઈ મરવાને ઇચ્છતું નથી. તું પણ જીવવાને ઇચ્છે છે, મરવાને ઇચ્છતો નથી; માટે તારે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી કે કરાવવી એ તારો ધર્મ છે.

જેઓને ધર્મની જરૂર છે, તેઓએ જીવનમાં અહિંસાને સ્થાન આપવું જ જોઈએ અને કોઈ પણ જીવની થોડી પણ હિંસા જો પોતાના પ્રમાદથી થાય, તો તેને અધર્મનું કારણ માનવું જોઈએ. આવી નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞા પણ આકરી જોઈએ અને તેના પાલન માટેના નિયમો પણ દૃઢ જોઈએ.

અહિંસા એ ધર્મ છે તથા તેની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો અને બ્રહ્મચર્યાદિ નિયમોનો ઉપદેશ ઓછેવત્તે અંશે સર્વ ધર્મોમાં અપાયેલો છે. સામાયિકની પ્રતિજ્ઞામાં તે ઉપદેશને પૂર્ણતાએ પહોંચાડવામાં આવ્યો છે.

કહ્યું છે કે,

'निरवद्यमिदं ज्ञेयं एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात् सर्वयोगविशुद्धितः ॥ १ ॥'

અર્થ : કુશલાશયરૂપ હોવાથી અને સર્વ યોગોની વિશુદ્ધિરૂપ હોવાથી આ સામાયિકનો પરિણામ તાત્ત્વિક અને એકાન્ત નિરવદ્ય છે.

જેવો વિચાર તેવો જ આચાર અને જેવો આચાર તેવો જ વિચાર, એ તાત્ત્વિક પરિણામ છે.

સામાયિકમાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ છે અને તેવું જ અહિંસાયુક્ત આચરણ પણ છે, તેથી તે એકાન્ત નિરવદ્ય છે. એ કારણે સામાયિકની પ્રતિજ્ઞા અંગીકાર કરવાથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની હિંસા પણ થઈ શકતી નથી અને તે હિંસાથી બચવા માટે ખાવા-પીવા, બેસવા ઊઠવા, બોલવા-ચાલવા સૂવા અને જાગવા જેવી ક્રિયા કરતી વખતે પણ ઘણું યતનાપૂર્ણ જીવન જીવવું પડે છે. એનું જ નામ સક્રિય અહિંસા અને આત્મૌપમ્ય દૃષ્ટિનું સક્રિય પાલન છે.

સામાયિકની પ્રતિજ્ઞાના અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકર દેવો છે અને સૂત્રથી રચના કરનારા શ્રી ગણધર ભગવંતો છે.

સામ, સમ અને સમ્મ એ ત્રણ 'સામાયિક' શબ્દના પર્યાયવાચી શબ્દો છે.

સામ એટલે મધુર પરિણામ. સર્વ જીવો સાથે મૈત્રીના પરિણામ.

સમ એટલે ત્રાજવા જેવા સમાન પરિણામ. સર્વ સંયોગો અને વિયોગો પ્રત્યે સરખા પરિણામ.

સમ્મ એટલે ખીર-ખાંડની જેમ પરસ્પર મળી

જવાના પરિણામ. જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાનો પરિણામ.

ચારિત્રરૂપી ખીરની સાથે જ્ઞાન-દર્શનરૂપી સાકરનું એકત્ર મળી જવું તે સમ્મ પરિણામ છે.

ટૂંકમાં સામાયિક એ સર્વ પાપ-વ્યાપારોના ત્યાગની અને નિષ્પાપ-વ્યાપારોના સેવનની પ્રતિજ્ઞારૂપ છે. તેથી તેમાં સર્વ જીવોની મૈત્રી, સર્વ સંયોગોમાં માધ્યસ્થ્ય અને સર્વ સદ્‌ગુણોના પાલન પ્રત્યેનો ઉત્સાહ વગેરે પ્રશસ્ત અધ્યવસાયો રહેલા છે.

સામાયિકના મુખ્યત્વે ચાર પ્રકાર છે:

(૧) શ્રુત સામાયિક

(૨) સમ્યક્ત્વ સામાયિક

(૩) દેશવિરતિ સામાયિક

(૪) સર્વવિરતિ સામાયિક.

શ્રુત સામાયિક અમુક સમય સુધી શાસ્ત્રપાઠ ભણવાના નિયમરૂપ છે.

સમ્યક્ત્વ સામાયિક શ્રદ્ધા ગુણની શુદ્ધિરૂપ છે.

દેશવિરતિ સામાયિક બે ઘડી (૪૮ મિનિટ) પર્યંત સાવદ્ય વ્યાપારના ત્યાગના નિયમરૂપ છે.

સર્વવિરતિ સામાયિક જીવન પર્યંત નિરવદ્ય વ્યાપારના પાલનની પ્રતિજ્ઞારૂપ છે.

બીજી રીતે વિચારતાં શ્રુત સામાયિક શાસ્ત્રાભ્યાસ વડે થઈ શકે છે.

સમ્યક્ત્વ સામાયિક શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા

અને આસ્તિક્ય આદિ ગુણોના આસેવન વડે થઈ શકે છે.

દેશવિરતિ સામાયિક, સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી વગેરે પાપ-વ્યાપારોને તજવા વડે થઈ શકે છે.

સર્વવિરતિ સામાયિક, હિંસાદિક પાપવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરવા વડે થઈ શકે છે.

સામાયિકને શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમું વ્રત પણ કહ્યું છે. તેને શિક્ષાવ્રત કહેવાય છે.

શિક્ષા એટલે અભ્યાસ. આત્માની નિર્મળતાનો અભ્યાસ, પાપભારથી હલકા થવાનો અભ્યાસ અને જીવ-માત્ર સાથે સમતાભાવ કેળવવાનો અભ્યાસ.

આ વ્રતનો વારંવાર અભ્યાસ થવાથી આત્મા, સર્વવિરતિધર્મને લાયક થાય છે, તેથી તેને સાધુતાનો અભ્યાસ પણ કહી શકાય.

રોજ ઓછામાં ઓછી બે ઘડી જેટલો સમય આ સાધુતાના અભ્યાસ માટે અપાય તે ગૃહસ્થોને અતિ લાભદાયી છે. એથી શાન્તવૃત્તિ, સંતોષવૃત્તિ અને રાગ-દ્વેષના હેતુઓમાં રાગદ્વેષ ન કરવારૂપ સમતાવૃત્તિ કેળ-વાય છે.

સામાયિક કરવું એટલે ચિત્તવૃત્તિને શાન્ત કરવાનો, સમભાવમાં સ્થિર થવાનો, મધ્યસ્થ ભાવને કેળવવાનો અને સર્વ જીવો પ્રત્યે સમાનવૃત્તિ અર્થાત્ સર્વાત્મભાવને કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ. એનું જ બીજું નામ સામાયિક છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પણ એ સામાયિક

ચાર પ્રકારનું છે.

દ્રવ્યથી, ધર્મોપકરણ સિવાય બીજાં સર્વ દ્રવ્યોનો ત્યાગ કરવો.

ક્ષેત્રથી સામાયિક કરવા જેટલી જગ્યા રાખીને બીજી જગ્યાનો ત્યાગ કરવો.

કાળથી બે ઘડી પર્યંત સામાયિકમાં રહેવાનો નિર્ણય કરવો.

ભાવથી રાગદ્વેષરહિતતા અને સમભાવસહિતતા અથવા અશુભ ધ્યાનનો ત્યાગ અને શુભ ધ્યાનનો સ્વીકાર કરવો.

અશુભ ધ્યાન, આર્ત્ત અને રૌદ્ર સ્વરૂપ છે.

એ બે ધ્યાનનો ત્યાગ કરવા માટે મૈત્ર્યાદિ ચાર અને અનિત્યત્વાદિ બાર ભાવનાઓનો વિચાર કરવો, તથા વચન અને કાયાના અશુભ વ્યાપારોથી બચવા માટે તેટલા વખત સુધી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો.

સામાયિકની આ પ્રતિજ્ઞા, વટેમાર્ગુને વૃક્ષની છાયાની જેમ, સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત આત્માને શાન્તિ લેવા માટેનું પરમ વિશ્રામ સ્થળ છે. તેમ જ પાપનો અંધકાર દૂર કરવા માટે અને આત્માનો આંતરિક પ્રકાશ મેળવવા માટેનું અદ્વિતીય સાધન છે.

આ વ્રત જીવને અધ્યાત્મમાર્ગના રસ્તે ચડાવવા માટેનો પરમ ભોમિયો છે. તેમ જ દુર્ગતિના દ્વારની અર્ગળા અને સદ્ગતિના દ્વારની કૂંચી છે.

જેટલો વખત સામાયિક વ્રતમાં, સમતાભાવમાં ચિત્ત ચોંટેલું રહે છે, તેટલો વખત અશુભ કર્મોનો ઉચ્છેદ થાય છે. અને તેટલો વખત શ્રાવક સાધુ સમાન બને છે.

આથી આત્માર્થી જીવોએ વધુ ને વધુ સામાયિક કરવાં એ હિતકારક, સુખકારક અને કલ્યાણકારક છે.

●

ધર્મની માતા દયા
ધર્મનો પિતા દાન
પાપની માતા માયા
પાપનો બાપા લોભ

દાન વડે લોભનો નાશ અને દયા વડે માયાનો નાશ થાય છે. દાનમાં સર્વશ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે. દયામાં સર્વશ્રેષ્ઠ દયા સર્વનાં દુઃખ દૂર કરવાની બુદ્ધિપૂર્વક યથાશક્ય પ્રયત્ન છે.

# સામાયિક અને નવકાર

સામાયિક એટલે સર્વ જીવો આત્મ-તુલ્ય છે, એ સાધનાનો અભ્યાસ.

શ્રી નવકાર એટલે પોતાનો આત્મા પરમાત્મ-તુલ્ય છે, એની સાધનાનો અભ્યાસ.

જીવનમાં સામાયિક અને સ્મરણ — ધ્યાનમાં શ્રી નવકાર.

સામાયિક એ જીવનમાં જીવવાનો અભ્યાસ છે.

સામાયિકરૂપ પ્રત્યક્ષ જીવનના અભ્યાસ વડે શ્રી નવકારથી ફલિત પરોક્ષ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

એ રીતે 'કરેમિ ભંતે' નો 'ક'કાર અને શ્રી નવકાર મંત્રનો 'ન'કાર પ્રાપ્ત થવો એ પરમ પુણ્યોદય છે.

શ્રી કરેમિ ભંતે એ દ્વાદશાંગીનો સંક્ષેપ છે.

શ્રી નવકાર એ દ્વાદશાંગીનો સાર છે.

સંક્ષેપ એટલે ટૂંકો અર્થ, સાર એટલે ફળ.

સામાયિકની યથાર્થ સાધના વડે શ્રી પરમેષ્ઠિ-પદની પ્રાપ્તિ થાય છે.

શ્રી અરિહંત પ્રથમ પરમેષ્ઠિરૂપ હોવા છતાં શ્રી પંચપરમેષ્ઠિમય છે. શ્રી અરિહંતના ધ્યાનથી શ્રી પંચ-પરમેષ્ઠિનું ધ્યાન થાય છે.

સામાયિક એ પરમેષ્ઠિ થવાની સાધના છે.

શ્રી નવકાર, એ સાધનાના પરિણામે મળનારા પદનો દ્યોતક છે.

શ્રી નવકાર એ નિશ્ચય રત્નત્રયીનું પ્રતીક છે.

નિશ્ચય એ ફળ છે, વ્યવહાર એ સાધન છે.

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશોજી, ભવ-સમુદ્રનો પાર.'

(ઉપા. શ્રી યશોવિજયજી મ.)

વ્યવહારનું પાલન એ નિશ્ચયનું સાધન છે.

નિશ્ચયનું ધ્યાન, વ્યવહારનું વિશોધક છે.

શ્રી નવકારને લક્ષ્યમાં રાખીને સામાયિકનું આચરણ કરનાર, નિયમા મુક્તિસુખને પામે છે.

સામાયિકનો વ્યવહાર શુભ હોવાથી પુણ્યનો ઉત્પાદક છે.

શ્રી નવકારનું ધ્યાન, લક્ષ્યને ઓળખાવનારું હોવાથી વ્યવહારને સુધારનારું છે.

'**शिवमस्तु सर्व-जगत**' એ સામાયિકનો પરિણામ છે.

વેદ, વેદાંગ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર અને પુરાણોનું તાત્પર્ય જીવ-બ્રહ્મૈક્ય છે. દ્વાદશાંગીનું રહસ્ય શ્રી પરમેષ્ઠિ નમસ્કાર અને એ દ્વારા શુદ્ધાત્મ સ્વરૂપનું પરિણમન છે.

નમસ્કાર એ અનુમોદન સ્વરૂપ છે. અનુમોદન્ અને પ્રમોદ એ બે પર્યાય શબ્દો છે.

'अनु – पश्चात् मोदनं, प्रकर्षेण मोदनं।' ગુણ જોઈને પહેલાં કે પછી ખુશ થવું, ઉત્કૃષ્ટપણે રાજી થવું તે અનુ-મોદન અને પ્રમોદ છે. નમસ્કાર તેનો સૂચક છે.

જો હૃદયમાં અનુમોદન કે પ્રમોદ ન હોય, જેને નમવામાં આવે છે તેના ગુણ ઉપર પક્ષપાત ન હોય, તે જે માર્ગે ગયા હોય તે માર્ગે જવાની વૃત્તિ ન હોય અને તેમણે જે કર્યું હોય તે જાણવાની ઇચ્છા કે જિજ્ઞાસા સુધ્ધાં ન હોય, તો તેઓને કરેલો તે નમસ્કાર પોકળ છે, સાચો નથી; દ્રવ્ય-નમસ્કાર છે, ભાવ-નમસ્કાર નથી.

પરંતુ ગુણનો પક્ષપાત અને એ પક્ષપાત સહિત સાચો નમસ્કાર આવે ક્યારે?

ગુણનો પક્ષપાત એ ગુણો પ્રત્યે શ્રદ્ધા માગે છે. ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે. જ્યાં સુધી જેને નમવામાં આવે છે, તેના ગુણોમાં ઉપાદેય બુદ્ધિ નથી, તે ગુણો આદરવા લાયક છે, આચરવા લાયક છે, એનો ખ્યાલ નથી, એ ગુણોને જીવનમાં લાવવા પ્રત્યે ઉદાસીનતા છે અને ઉપેક્ષાબુદ્ધિ કે હેયબુદ્ધિ છે; ત્યાં સુધી સાચો નમસ્કાર. ભાવ-નમસ્કાર ક્યાંથી થાય?

ગુણોમાં ઉપાદેયબુદ્ધિ એ ભાવ-નમસ્કારનું પહેલું પગથિયું છે. જ્યાં સુધી ચિંતામણિ અને કામધેનુ કરતાં પણ, પરમેષ્ઠિઓને જે ગુણો પ્રાપ્ત થયા છે, તેની કિંમત અધિક છે એવો ખ્યાલ ન આવે, એનું સાચું ભાન ન થાય, ત્યાં સુધી ભાવ-નમસ્કાર આવી શકતો નથી.

આજે તો મોટે ભાગે જેને નમવામાં આવે છે તેના

ગુણોનું જ્ઞાન નથી, જ્ઞાન છે તેને ઉપાદેયબુદ્ધિને બદલે ઉપેક્ષાબુદ્ધિ છે. અથવા આગળ વધીને કહીએ તો હેય-બુદ્ધિ હોય તેવો વર્તાવ છે.

શ્રી પરમેષ્ઠિ ભગવંતોએ પાંચ વિષય ત્યજ્યા છે અને ચાર કષાય જીત્યા છે; પાંચ આચારો અને પાંચ મહા-વ્રતોમય તેઓનું જીવન છે. અષ્ટ પ્રવચન માતા અને ૧૮૦૦૦ શીલાંગ-રથના તેઓ ધોરી છે. તેમાંની કોઈ પણ વસ્તુ ઉપર જેઓને પ્રેમ નથી, આદર નથી, મેળવવાની કે જાણવાની પણ ઇચ્છા કે દરકાર નથી તેઓનો નમ-સ્કાર, ભાવ-નમસ્કાર કેવી રીતે બની શકે ?

નમસ્કારને ભાવ-નમસ્કાર બનાવવા માટે ગુણ-બહુમાનરૂપ ભાવ જોઈએ.

બીજ વાવ્યા વિના જેમ કદી પણ ધાન્ય ઊગે નહિ, તેમ ગુણો ઉપર બહુમાન – આદરભાવરૂપ બીજનું આધાન કે વાવેતર કર્યા વિના ગુણપ્રાપ્તિ અને તેના ફળરૂપે મોક્ષ-પ્રાપ્તિરૂપી ધાન્ય ક્યાંથી ઊગે ?

ગમે તેટલી વૃષ્ટિ થાય અને ગમે તેટલી શુદ્ધ ભૂમિ હોય, પરંતુ બીજ વાવ્યા વિના હજાર હેતુઓએ પણ ધાન્ય ઊગી શકે નહિ !

'वपनं धर्मबीजस्य सत्प्रशंसादि ।'

સત્પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા એ ધર્મ રૂપી બીજનું સાચું વપન – વાવેતર છે.

શ્રી પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલા અનેક ગુણોને ચિંતામણિથી અધિક માનો, કામધેનુથી અધિક માનો,

કલ્પવૃક્ષથી અધિક માનો, કામકુંભથી અધિક માનો, કેમ કે એ બધામાં ઇચ્છા પૂરવાનું અને ચિંતા ચૂરવાનું જે સામર્થ્ય છે, તેના કરતાં અનેકગણું અધિક સામર્થ્ય સાચા ગુણો અને તેના બહુમાનમાં રહેલું છે. અથવા કહો કે ચિંતામણિ અદિમાં જે સામર્થ્ય આવે છે, તે સામર્થ્ય તેનું પોતાનું નથી, પણ ગુણ બહુમાનના ભાવથી બંધાયેલા અમાપ સામર્થ્યવાળા પુણ્યનું છે. તે પુણ્ય ગુણ બહુમાનના ભાવથી ઉપાર્જન થાય છે. તેથી તે ચિંતામણિ આદિથી પણ અધિક છે.

શ્રી નવકારનું પુનઃ પુનઃ રટણ એક બાજુ પુણ્યને વધારે છે, જ્યારે બીજી બાજુ પાપનો નાશ કરે છે.

નવમું પાપસ્થાન લોભ અને અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય, એ બધાં પાપોમાં મોટાં ગણાય છે. તે બંનેનો નાશ એક જ શ્રી નવકારથી સધાય છે, કારણ કે શ્રી નવકાર દુન્યવી લોભનો શત્રુ છે અને મુક્તિસુખનો લોભ જીવમાં જગાડે છે,

શ્રી નવકાર, પાપને પાપ નહિ માનવારૂપ તથા પુણ્યને પુણ્ય નહિ માનવારૂપ જડતાનો નાશ કરે છે અને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે.

●

## સદ્‌ગુણોનું મૂળ

નવકાર વિના તપ, ચારિત્ર શ્રુત નિષ્ફળ છે, તેનો અર્થ કૃતજ્ઞતા વિના સઘળી આરાધના નિષ્ફળ છે. કૃતજ્ઞતા ગુણ એ સર્વ સદ્‌ગુણોનું મૂળ છે.

# આત્મસમદર્શિત્વ

ગૃહસ્થોને જેમ ન્યાયોપાર્જિત વિત્ત એ મૂલ ગુણ છે, તેમ મુમુક્ષુઓને આત્મસમદર્શિત્વ એ મૂલ ગુણ છે.

આત્મસમદર્શિત્વ એ ન્યાયબુદ્ધિનું જ ફળ છે. મનુષ્યને યોગ્યાયોગ્યનો વિભાગ કરવા માટે જે બુદ્ધિ મળી છે તે બુદ્ધિ તેને નીચેનો વિભાગ કરી આપે છે.

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય અને ગમ્યાગમ્ય અથવા–

'मातृवत् परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥'

મનુષ્યને વિવેક દર્શન શક્તિ મળી છે, તેના ફળ રૂપે ગમ્યાગમ્ય વિભાગમાં **मातृवत् परदारेषु**, કૃત્યાકૃત્ય વિભાગમાં **परद्रव्येषु लोष्ठवत्** તેમ એ બધા કર્તવ્યના આધારમાં સ્વ-પર તુલ્યતાની દૃષ્ટિ પણ આવશ્યક છે. તેથી **आत्मवत् सर्वभूतेषु** પણ કહ્યું છે.

જો આત્મસમદર્શિત્વ નામનો ગુણ ન હોય તો કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય કે ભક્ષ્યાભક્ષ્યાદિ વિભાગના વિવેકની કોઈ આવશ્યકતા જ રહેતી નથી. તેથી બધા સદ્ગુણોના આધારભૂત આત્મસમદર્શિત્વ ભાવ માનવમાત્રમાં હોવો જોઈએ.

એ હોય તો જ તેના ઉપર જ્ઞાન, ધ્યાન તથા જપની સફળતા છે. અન્યથા અહંકાર-મમકાર-પોષક બનીને ભવ-વૃદ્ધિનો હેતુ થાય છે.

માર્ગાનુસારી બુદ્ધિ જેમ ન્યાયસંપન્ન વૈભવાદિ ગુણોમાં હેતુભૂત છે, તેમ તે જ માર્ગાનુસારી બુદ્ધિ આત્મ-સમદર્શિત્વમાં માતૃવત્ પરદાર બુદ્ધિમાં, લોષ્ઠવત્ પરધન બુદ્ધિમાં હેતુભૂત છે. અને એ બુદ્ધિ જ આગળ વધીને આત્મજ્ઞાનમાં પણ કારણભૂત થાય છે.

આત્મા દેહાદિથી ભિન્ન છે. ઉપયોગાદિ લક્ષણ-વાળો છે, ચેતન અને અવિનાશી પદાર્થ છે. આ બધું શાસ્ત્રીય જ્ઞાન 'પરજ્ઞાન' (પર તરફથી મળેલું જ્ઞાન) છે. તેને 'સ્વજ્ઞાન' એટલે પોતાનું અનુભવાત્મક બનાવવા માટે, એ જ્ઞાન આપનારા મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞ બનવું જોઈએ અને એ જ્ઞાન જેઓમાં નથી, તેઓને પમાડવા માટે નિઃસ્વાર્થ પ્રયત્ન કરવો જોઈએ. એમ કરવાથી તે જ્ઞાન પોતાનું બનાવી શકાય છે. અન્યથા તે પારકું જ રહે છે.

જેમ બીજાની ભોજનક્રિયાને જાણવાથી પોતાને તૃપ્તિ થતી નથી, તેમ બીજાની જ્ઞાનક્રિયાને જાણવા માત્રથી પોતાને તે જ્ઞાન ફળદાયી બનતું નથી. ભોજન-ક્રિયાની જેમ તે જ્ઞાનને પોતાનું બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્નનું નામ જ જ્ઞાતાદાતા પ્રત્યે નમ્ર અને કૃતજ્ઞ બનવું તે છે. તેથી તે જ્ઞાનનું પાચન થાય છે. તે જ્ઞાન અનુભવાત્મક બને છે, અને આત્માના રૂપ-ગુણ-બળની વૃદ્ધિ કરનારું થાય છે.

કૃતજ્ઞતા જેમ જ્ઞાનસ્વરૂપ છે, તેમ પરોપકારવૃત્તિ પણ બુદ્ધિગમ્ય હોવાથી કથંચિત્ જ્ઞાનસ્વરૂપ માનેલ છે.

પરાપકાર જેમ સ્વાપકારમાં નિમિત્ત બને છે, તેમ પરોપકાર એ સ્વોપકારમાં નિમિત્ત થાય છે. એ એક પ્રકારનું વિશેષ જ્ઞાન છે. અને તે નિપુણ બુદ્ધિગમ્ય છે.

અને પરહિતચિંતા એટલે :–

'परस्मात् मम हितं भवति इति चिन्ता इत्यपि अर्थो युक्तः ।'

'બીજાથી મારું હિત થાય છે, એવી વિચારણા' આ અર્થ પણ વાજબી છે.

સર્વ જીવો ઉપર આત્મદૃષ્ટિ રાખ્યા વિના કોઈ પણ આત્મા કદી ચિત્તશાન્તિ યા ભાવસમાધિ પામી શકતો નથી.

"आत्मवत् सर्वजीवेषु, दृष्टिः सर्वोन्नतिकारिका ।
भावशान्ति प्रकाशार्थं देया भक्ति परायणैः" ॥ १ ॥

સર્વ જીવો (નિજ) આત્મા સમાન છે, એવી દૃષ્ટિ સર્વની ઉન્નતિ કરનારી છે, તેથી ભક્તિપરાયણ પુરુષોએ ભાવશાન્તિને પ્રગટ કરવા માટે તે દૃષ્ટિ ધરાવવી જોઈએ.

●

**અહિંસા એ નમ્રતાની પરાકાષ્ટા છે અને એ નમ્રતા વિના મૂક્તિ કોઈ કાળે નથી એ અનુભવ સિદ્ધ હકીકત છે.**

# દેવ, ગુરુ અને ધર્મ

શ્રી જિનધર્મ કરુણાપ્રધાન છે.

દુઃખીનાં દુઃખોનો નાશ કરવાની વૃત્તિ અને શક્તિ અનુસાર તેની પ્રવૃત્તિ એ કરુણા છે.

તે કાર્ય દેવ, ગુરુ અને ધર્મથી સર્વોત્કૃષ્ટપણે સધાય છે. માટે શ્રી જિનશાસનમાં એ ત્રણ તત્ત્વો પરમ પૂજનીય, પરમ આરાધનીય, પરમ આદરણીય છે.

કરુણા એ પરદુઃખ છેદન કરનારી કરણી છે. કરુણા-હીનની પૂજા, ભક્તિ કે આરાધના ધર્મરૂપ બનતી નથી. કરુણાવાનની ભક્તિ એ જ સાચી ભક્તિ, કરુણાવાનની પૂજા એ જ સાચી પૂજા છે.

ચાર પ્રકારના ધર્મમાં પણ કરુણા છે. દાનમાં કરુણા છે, શીલમાં કરુણા છે, તપમાં કરુણા છે અને ભાવમાં કરુણા છે. એ ચારેમાં સ્વ અને સર્વને સુખી કરવાની કામના છે. સ્વ અને સર્વનાં દુઃખોને દૂર કરવાની ઝંખના છે.

એ કામના અને ઝંખના જ ધર્મને અમૃત બનાવે છે. એ ધર્મરૂપી અમૃત જ અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે.

## કરુણા અને ઉદારતા

કરુણા અને ઉદારતા એ દાનધર્મનો મૂળ સ્રોત છે. દાનધર્મથી આપનારને ચિત્તની પ્રસન્નતા અને લેનારને દ્રવ્ય-ભાવ શાતા મળે છે.

વૃક્ષ ફળ અને છાયા આપે છે. નદી જળ અને વાદળ આપે છે. વનસ્પતિ ભોજન અને ઔષધિ આપે છે. સૂર્ય પ્રકાશ અને ગરમી આપે છે. વાયુ શ્વાસ અને જીવન આપે છે. પૃથ્વી સ્થાન અને અન્નાદિ આપે છે.

વિશ્વની વ્યવસ્થા જ દાનધર્મ ઉપર અવલંબેલી છે. કેવળ વસ્તુઓનું દાન એ જ દાન છે એમ નહિ, પણ ભાવનું, જ્ઞાનનું, પ્રેમનું દાન પણ દાન છે.

કોમળ વૃત્તિઓ અનેક પ્રકારની છે. તેમાં કરુણા અને પ્રેમનું વિશિષ્ટ સ્થાન છે.

દયા પણ અભયનું દાન જ છે. ક્ષમા પણ એક પ્રકારની ઉદારતાનું દાન છે.

સમુદ્ર જળનો સંગ્રહ કરે છે, માટે રસાતલને પામે છે. વાદળ સર્વને જળ આપે છે. માટે આકાશ પર ચડીને ગર્જારવ કરે છે. કહ્યું છે કે :

संग्रहैकपरः प्राप्तः समुद्रोऽपि रसातलम् ।
दाता तु जलदः पश्य भुवनोपरि गर्जति ॥ १ ॥

પ્રબન્ધ ચિન્તામણિ

## સમતાનું સ્વરૂપ

" सब्बे जीवा परमाहम्मिआ " ।

શ્રી દશવૈકાલિકસૂત્ર : અ. ૪

સર્વ જીવો પરમ ધર્મવાળા છે. એટલે સુખની ઇચ્છા અને દુઃખના દ્વેષવાળા છે. '**परमाहम्मिआ**' પદથી સર્વ જીવો સુખના અર્થી અને દુઃખના દ્વેષી છે. એમ કહીને કદી જીવને દુઃખ થાય નહિ અને સર્વ જીવોને સુખ થાય તે રીતે વર્તવાનું શાસ્ત્રમાં વિધાન કર્યું છે. આ જાતની સમતા વિના દાન, તપ, યમ કે નિયમનું મુક્તિમાર્ગમાં કાંઈ પણ ફળ નથી. સમતાપૂર્વક કે સમતા અર્થે કરાયેલાં તે ફળદાયી થાય છે. ત્રસ, સ્થાવરાદિ ભેદવાળા સર્વ જીવોમાં સુખપ્રિયત્વાદિ ધર્મો આત્મતુલ્ય છે એમ સમજી સર્વ સાથે આત્મતુલ્ય પરિણતિને કેળવવી તે '**સમતા**' કહેવાય છે.

•

આત્મદષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી એમ લાગે ત્યારે નમસ્કાર લાગુ થયો ગણાય છે. આવા ભાવ નમસ્કારને પામીને જ સર્વ જીવો મોક્ષે જાય છે.

# માધ્યસ્થ્યનો મહિમા

શ્રી જિન પ્રવચન માધ્યસ્થ્ય રસથી છલોછલ છે, કેમ કે તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ શ્રી જિનેશ્વરદેવ છે.

નયોનો વિચાર જેમ મધ્યસ્થતા લાવે છે, તેમ કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થતાને ઉત્પન્ન કરે છે. કર્મવિપાક-ચિંતનથી પણ જીવ મધ્યસ્થ બની શકે છે. સર્વ અનુષ્ઠાનો કર્મક્ષયને ઉદ્દેશીને અથવા પ્રભુ-આજ્ઞા-પાલનના હેતુએ કરવામાં આવે છે, તો સર્વ અનુષ્ઠાનનાં ફળો પ્રત્યે પણ મધ્યસ્થ ભાવ જાગે છે.

કર્મક્ષયના ઉદ્દેશથી થતું અનુષ્ઠાન, શ્રી સિદ્ધ ભગવંતોને અર્પણ થાય છે અને આજ્ઞાપાલનના હેતુથી કરવામાં આવતું અનુષ્ઠાન, શ્રી અરિહંત ભગવંતોને અર્પણ થાય છે. આ નિષ્કામ ભાવને જ અન્ય દર્શનના મતે ઈશ્વરાર્પણ બુદ્ધિ કહેવાય છે.

પ્રત્યેક અનુષ્ઠાન વખતે જો ચિત્ત-રત્નમાં શ્રી તીર્થંકર ભગવંતોનું અધિષ્ઠાન થાય છે, તો સર્વત્ર માધ્યસ્થ્યની સિદ્ધિ સુલભ બને છે.

શ્રી જિન પ્રવચનમાં જીવાદિ નવ તત્ત્વો, અનિત્યાદિ બાર ભાવનાઓ, સર્વ પ્રકારના ધર્મો અને નિયમો, સર્વ શાસ્ત્રો અને સર્વ સત્ક્રિયાઓ વગેરેનું લક્ષ્ય જીવને

મધ્યસ્થ — રાગદ્વેષરહિત બનાવવા માટે છે.

શ્રી વીતરાગ ભગવંતની મુદ્રા પણ મધ્યસ્થ ભાવની દ્યોતક છે. ઉત્સંગમાં રામા નથી અર્થાત્ હૃદયમાં રાગ નથી, અને હાથમાં શસ્ત્ર નથી અર્થાત્ હૃદયમાં દ્વેષ નથી, એ જ વસ્તુ માધ્યસ્થ્યની દ્યોતક છે.

શ્રી નવકાર મહામંત્ર પણ માધ્યસ્થ્યમય છે. તેમાં શ્રી પંચ પરમેષ્ઠીઓનું સ્મરણ છે, કેમ કે તેઓ પૂજ્ય છે. પૂજ્યતા મધ્યસ્થ ભાવ વિના આવતી નથી. આ રીતે મધ્યસ્થ ભાવના પણ શ્રી નવકારનો સાર છે, તેથી પરંપરાએ તે ચૌદ પૂર્વનો પણ સાર બને છે.

અહિંસા, સત્ય, અચૌર્ય વગેરે ધર્મો પણ મધ્યસ્થતાના વિવિધ પ્રકારો છે.

હિંસામાં સ્વાર્થ અને વેર હોય છે. સ્વાર્થ એ રાગ અને વેર એ દ્વેષ છે. અહિંસામાં તે બંનેનો અભાવ છે.

જો રાગ અને દ્વેષ હોય, તો જ અસત્ય બોલાય છે. સત્ય વચન વખતે તે બંનેનો અભાવ છે.

માધ્યસ્થ્ય વિના શ્રેષ્ઠ જીવન સંભવતું નથી. જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે, ત્યાં ત્યાં કલેશ, ભય, રાગ અને શોક વગેરે ઊભા થાય છે.

શક્તિ કરતાં અધિક આહાર લેવાથી રોગ થાય છે અને અધિક બોલવાથી વૈર-વિરોધ થાય છે. આ જગતમાં જે કાંઈ દુઃખો છે, તે માધ્યસ્થ્યને ન જાળવવાના પરિણામે છે. આથી જ કહ્યું છે કે, 'કમ ખાઓ,

ગમ ખાઓ.’ તો શરીર અને મન એ બંનેના મારથી બચાય છે.

શ્રી જિન પ્રવચન માધ્યસ્થ્યમય હોવાથી તેનાં રહસ્યો અને ગુપ્ત અર્થો, મધ્યસ્થ પુરુષોની આગળ જ પ્રગટ થાય છે.

મધ્યસ્થ શબ્દમાં ‘મધ્ય’નો અર્થ કેન્દ્ર થાય છે અને ‘સ્થ’ એટલે તેમાં — કેન્દ્રમાં રહેવું તે.

બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે. પ્રવૃત્તિઓ તે ચક્ર છે. પ્રત્યેક ચક્ર(circle)ને કેન્દ્ર (centre) હોય જ છે. તે રીતે રાતદિવસ થતી મન-વચન અને કાયાની જે બધી પ્રવૃત્તિઓ છે, તેનું પણ કેન્દ્ર એક જ છે અને તે આત્મા છે. આત્મા તરફ લક્ષ કેન્દ્રિત કરીને જે કોઈ પ્રવૃત્તિ થાય, તે બધી મધ્યસ્થ કહેવાય.

મધ્યસ્થ માણસ તે કહેવાય છે, કે જે બધાંનું સાંભળે પણ કોઈમાં ખેંચાય નહિ. તેનું ખેંચાણ માત્ર સત્ય તરફ હોય છે.

અહીં સત્ય એક આત્મા છે, કેમ કે તે જ કાયમી રહેનાર છે અને તે જ ચિદ્‌ઘન અને આનંદઘન છે. આથી જ્ઞાનજ્યોતિ અને આનંદનો પ્રકાશ બધો તેમાંથી જ છે, તેના આધારે છે.

આપણી પ્રવૃત્તિ માત્રનું મૂળ કેન્દ્ર આત્મા છે, તેનું કદી પણ વિસ્મરણ ન થવા દેવું તે કેન્દ્રસ્થ એટલે મધ્યસ્થ છે. માટે તેને ન્યાયાધીશની ઉપમા પણ આપી શકાય.

અથવા અનેક સંતાનોનો પિતા જેમ બધાં સંતાનો પ્રત્યે મધ્યસ્થ ભાવ રાખે છે, તેના જેવી ઉપમાવાળો આત્મા છે.

ગુણમાત્રની ઉત્પત્તિ, મધ્યસ્થ ભાવમાંથી થાય છે.

જીવમાત્ર પ્રત્યેની મૈત્રી, ગુણીમાત્ર પ્રત્યેનો પ્રમોદ, દુઃખીમાત્ર પ્રત્યેની ~~ઉપેક્ષા~~ કરુણા તે બધા મધ્યસ્થ ભાવના જ વિશિષ્ટ પ્રકારો છે.

સુખદુઃખ પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વૈરાગ્ય કહેવાય છે. વિશ્વ-વૈચિત્ર્ય પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વિવેક કહેવાય છે. માધ્યસ્થ્ય એ સર્વત્ર વિવેકબુદ્ધિજન્ય હોય છે. વિવેકબુદ્ધિ, ન્યાયબુદ્ધિ, શુદ્ધબુદ્ધિ, નિષ્પક્ષબુદ્ધિ, મધ્યસ્થબુદ્ધિ વગેરે એક જ અર્થને કહેનારા ભિન્ન ભિન્ન શબ્દો છે.

ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે. અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, દાન કે પૂજન આદિ શુભ પ્રવૃત્તિઓ એ ન્યાયબુદ્ધિનું ફળ છે. સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ પ્રકારનાં સુભાષિતો ન્યાયબુદ્ધિવાળા, મધ્યસ્થ વૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલાં છે, તેથી તે ઉપાદેય બને છે.

સામાયિક ધર્મ પણ મધ્યસ્થ ભાવનો દ્યોતક છે, કારણ કે પરમ મધ્યસ્થ એવા શ્રી જિનેશ્વર ભગવંતોએ તેને પ્રથમ જીવનમાં જીવી, તેનું સુફળ પ્રાપ્ત કરીને, વિશ્વ કલ્યાણને માટે તેનો ઉપદેશ આપ્યો છે.

## ભાવનાનું બળ

'વિશ્વના તમામ જીવો સુખી થાઓ, સર્વ જીવો કર્મમુક્ત થાઓ, સર્વ જીવો મોક્ષનાં અવ્યાબાધ સુખોને પામો, સર્વત્ર સુખ અને શાન્તિ પ્રસરો. સર્વત્ર સદ્જ્ઞાન અને સદ્વિચારો પ્રસાર પામો, આ પ્રકારના શુભ વિચારો-ને ભાવના કહેવાય છે.

શુભ ભાવનાઓ કદી પણ નિરર્થક જતી નથી. શુભ ભાવનાઓ, સદ્વિચારરૂપ હોવાથી તે વિચારની આકૃતિઓ સૂક્ષ્મ ભૂમિકામાં બંધાય છે અને ચારે તરફ ફેલાય છે. તે આકૃતિઓ અન્ય મનુષ્યોના મનના સંબંધમાં આવે છે. અને તેનામાં પણ એવા વિચારો જાગ્રત કરે છે. વળી જે વ્યક્તિ શુભ ભાવનાઓ ભાવે છે, તે વ્યક્તિ પોતે શુભ વિચારોનું કેન્દ્રસ્થાન – મધ્યબિંદુ બને છે. અને તેથી જગતમાં જે સારા વિચારોનાં રૂપ હોય છે, તે તેના તરફ આકર્ષાય છે અને તેના શુભ વિચારોને પુષ્ટ કરે છે.

વળી આવી ભાવનાઓથી સકળ પ્રાણીમાત્ર સાથે તેને મૈત્રી થાય છે અને ઘણા જીવો સાથે પૂર્વના અશુભ કર્મબંધ થયા હોય તે વીખરાઈ જાય છે. તેમ જ તે શુભ ભાવનાઓ, તેનાથી ભાવિત થનારને શુભ કર્મ કરવા.

ઉચ્ચ કાર્યો કરવાને પ્રેરે છે. તેથી નિરંતર શુભ અને ઉચ્ચ ભાવનાઓ ભાવવી એટલું જ નહિ પણ, તેને યથા-શક્તિ યથામતિ વ્યવહારમાં ઉતારવાને કટિબદ્ધ રહેવું તે જરૂરી છે. આત્મવિકાસનું તે અનન્ય સાધન છે.

## ભાવનાનું સ્વરૂપ

ભાવનાઓ અનેક પ્રકારની કહી છે. તેમાં મુખ્ય ચાર છે: મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ.

આ ચાર ભાવનાઓ મુખ્ય એટલા માટે છે કે, એ જેનામાં ન હોય, તે ધર્મ પાળવાને લાયક બની શકતો જ નથી.

તે ચાર ભાવનાઓમાં પહેલી મૈત્રીભાવના છે. બીજી કરુણા, ત્રીજી મુદિતા અને ચોથી માધ્યસ્થ્ય ભાવના છે.

પરના હિતનો વિચાર તે મૈત્રી છે.

પરના દુઃખના નાશનો વિચાર તે કરુણા છે.

પરના સુખથી થતા સંતોષનો વિચાર તે મુદિતા છે.

પરના દોષ તરફ ઉપેક્ષાનો વિચાર તે માધ્યસ્થ્ય છે.

આ ચાર ભાવનાઓ વિશિષ્ટ પ્રેમરૂપ છે.

એક અપેક્ષાએ ઉચ્ચ જીવ પ્રતિ પ્રેમ એ પ્રમોદ રૂપ છે.

સમાન પ્રતિ પ્રેમ એ મૈત્રીરૂપ છે. ઊતરતા અને હલકા પ્રતિ પ્રેમ તે અનુક્રમે કરુણા અને માધ્યસ્થ્ય છે.

આ ભાવનાઓ નિરંતર જેના અંતરમાં વાસ

કરી રહેલી છે, તે મનુષ્યમાંથી દ્વેષ સર્વથા નાશ પામે છે. દ્વેષ નાશ પામવાની સાથે દ્વેષની સાથે સંબંધ ધરાવતા સર્વ દુર્ગુણો સ્વયમેવ વિલય પામે છે.

રાગભાવનો નાશ જેમ વૈરાગ્યભાવનાથી છે, તેમ દ્વેષભાવનો નાશ મૈત્રીભાવનાથી છે.

સકળ પ્રાણી પ્રત્યે હિતચિંતાનો ભાવ હોવો એ પ્રત્યેક ધર્માનુષ્ઠાનની સફળતાનો પાયો છે.

મૈત્રીભાવનાને માતાની ઉપમા છે.

માતાને પુત્રના હિતની ચિંતા હોય છે, પુત્રના ગુણનો પ્રમોદ હોય છે, પુત્રના દુઃખની કરુણા હોય છે તથા પુત્રના દોષની ઉપેક્ષા – ક્ષમા હોય છે.

માતા એ વાત્સલ્ય રસનું પ્રતીક છે.

મૈત્રીનો વિષય સમસ્ત જીવરાશિ છે.

સમસ્ત સત્ત્વવિષયક સ્નેહને શાસ્ત્રકારો મૈત્રી કહે છે. સ્નેહ એ જીવનની અંદર રહેલો સ્થાયી ભાવ છે. આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ વડે ચર્વણા પ્રાપ્ત થવાથી તે સ્નેહ વાત્સલ્ય રસમાં પરિણામ પામે છે.

લૌકિક વાત્સલ્ય રસમાં પુત્ર-પુત્રી આદિ આલંબન વિભાવ છે. પુત્ર-પુત્રી આદિની ચેષ્ટા ઉદ્દીપન વિભાવ છે. પુત્ર-પુત્રી આદિને આલિંગનાદિ અનુભાવ છે અને હર્ષશોકાદિ સંચારી ભાવ છે.

લોકોત્તર વાત્સલ્ય રસમાં સમસ્ત જીવરાશિ એ આલંબન વિભાવ છે. જીવસમૂહની ચેષ્ટા એ ઉદ્દીપન

વિભાવ છે. સ્નેહનું ઉદ્દીપન સુખી પ્રત્યે મૈત્રીરૂપે, દુઃખી પ્રત્યે કરુણારૂપે, પુણ્યવાન પ્રત્યે પ્રમોદરૂપે અને પાપી પ્રત્યે માધ્યસ્થ્યરૂપે અભિવ્યક્ત થાય છે; તે અનુભાવ છે. તેથી ચિત્તના ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, દ્રોહાદિ મળો નાશ પામી ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષાદિ ભાવો પ્રગટે છે, તે સંચારી ભાવ છે.

જીવો પ્રત્યે મિથ્યા ભાવો ટળવાથી સમ્યક્ ભાવો ઉત્પન્ન થાય છે; એનું જ નામ શુભ આત્મ પરિણામરૂપ સમ્યગ્ દર્શન છે.

મૈત્રીમાં જે છે તે બીજાને આપવાનું છે. દુઃખીને દયા, ગુણીને અનુમોદન, પાપીને ક્ષમા અને સમસ્ત જીવરાશિને હિતચિંતાનો ભાવ આપવાનો છે.

ધર્મનો સાર મૈત્રી આદિ ભાવો છે.

ચૈતન્ય ઉપર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવને છોડીને બીજો ભાવ ધારણ કરવો એ મહા અપરાધ છે, પરમ અધર્મ છે, બુદ્ધિનો વિપર્યાસ છે.

ધર્મનું લક્ષણ શુભ પરિણામ કહ્યું છે.

શુભ પરિણામ ચાર પ્રકારનાં છે.

ધર્મનું પ્રત્યેક અનુષ્ઠાન, કાં તો મૈત્રીભાવ, કાં તો પ્રમોદભાવ, કાં તો કારુણ્યભાવ, કાં તો ઔદાસીન્યભાવ સિદ્ધ કરવા માટે છે. અપ્રશસ્ત ભાવ વિનાનો ધર્મ લૂણ વિનાના ધાન્ય જેવો છે. ભાવનું નિરાકરણ પ્રશસ્ત ભાવ વિના થતું નથી.

'હું જ સુખી થાઉં, હું જ ગુણી બનું, મને દુઃખ ન મળો, મારા દોષ બધા જ ખમી ખાઓ,' આ પ્રમાણે હુંપણાની લાગણી ચિત્તમાં ચિંતા, ભય અને શોકની વૃત્તિઓરૂપી સંકલેશ અને દુઃખને પેદા કર્યા જ કરે છે. તેમાંથી છૂટવાનો પહેલો અને સહેલો ઉપાય, 'સર્વ સુખી થાઓ, સર્વ ગુણી બનો, સર્વ દુઃખમુક્ત થાઓ, સર્વ દોષરહિત થાઓ,' એ ભાવનાનો દૃઢ અભ્યાસ છે.

બીજાના સુખ માટે ચિંતા કરવી, બીજાના ગુણ જોઈ રાજી થવું, બીજાનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો, બીજાના દોષ પ્રત્યે ઉદાર બનવું, એ સંકલેશનિવારણનો બીજો ઉપાય છે.

એટલે કે, 'બધા મારી ચિંતા કરો, બધા મારી પ્રશંસા કરો, બધા મારું દુઃખ દૂર કરો અને બધા મારા દોષોને ખમી ખાઓ,' એ વિચારોના સ્થાને, 'હું બધાની ચિંતા કરું, હું બીજાના દોષ ખમી ખાઉં એ' પ્રકારના વિચારને વિકસાવવા ઉદ્યમશીલ બનવું.

મૈત્રીરૂપી માતાની આ રીતે ઉપાસના કરવાથી વિશ્વપ્રેમની દૃષ્ટિ ખૂલે છે અને એ દૃષ્ટિ ખૂલવાથી વિશ્વપ્રેમી એવા શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ અને ઉપાસનામાં રસ પેદા થવા સાથે એમની આજ્ઞાના પાલન માટે જરૂરી વીર્યોલ્લાસ જાગે છે.

# જ્ઞાન અને ભાવના

भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति ।

ધર્મબિન્દુ, અધ્યાય ૬-૩૦

જ્ઞાન એ વસ્તુ તંત્ર છે.

ભાવના એ પુરુષ તંત્ર છે.

જ્ઞાન જ્ઞેયને અનુસરે છે.

ભાવના પુરુષના આશયને અનુસરે છે.

જે પુરુષ પોતાના આત્માને શીઘ્રપણે કર્મથી છોડાવવા ઇચ્છે છે, તે પુરુષ તેના ઉપાયરૂપ જ્ઞાનને માટે જેમ ઉદ્યમ કરે છે, તેમ તેના ઉપાયભૂત ભાવના માટે પણ સદા પરિશ્રમ કરે જ છે.

જ્ઞાનથી આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકાય છે.

ભાવનાથી આત્માના શુદ્ધ સ્વરૂપને પામી શકાય છે.

જ્ઞાન થયા પછી પણ, આત્મસ્વરૂપને પામવા માટેની ભાવનાનો આશ્રય ન લેવાય તો જાણેલું જ્ઞાન ફળહીન બને છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિ સમતાસ્વરૂપ છે. સમતા સકળ સત્ત્વહિતાશયરૂપ છે. સકળ સત્ત્વહિતાશય

ભાવનાથી લભ્ય છે.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવ, આત્મતુલ્ય સ્નેહ, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવ લાવ્યા વિના હિતાશય ટકતો નથી. તેના વિના સમતા ટકી શકતી નથી. સમતા વિના વિરતિ ફળતી નથી. વિરતિ વિના જ્ઞાન વંધ્ય બને છે.

જ્ઞાનનો વિષય એ જ્ઞેય છે.

ભાવનાનો વિષય એ ધ્યેય છે.

'જે સુખ પોતાને પ્રિય છે, તે સુખ સર્વને મળે અને જે દુઃખ પોતાને અપ્રિય છે, તે કોઈને પણ ન મળે' આ જાતનો ભાવ, પુરુષ-આત્માની શુદ્ધિ કરે છે. ઈર્ષ્યા-અસૂયાદિ ચિત્તના મળોનો નાશ કરે છે, પરમાત્માની ભક્તિમાં નડતા વિક્ષેપો દૂર કરે છે, આત્મા કર્મભારથી હળવો બને છે, મોહની વાસનાના જોરથી પરાભૂત થયેલો આત્મા, વાસનાનિર્મુક્ત બને છે.

જ્ઞાનના સ્થાને જ્ઞાનનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ ભાવનાના સ્થાને ભાવનાનું મહત્ત્વ છે. અને તેટલું જ ચારિત્ર, સર્વવિરતિ કે સર્વ સાવદ્યના ત્યાગના સ્થાને તેના પ્રત્યાખ્યાન અને પાલનનું માહાત્મ્ય છે.

એકબીજાના સ્થાને એકબીજાની ગૌણતા ભલે હો, પણ પોતપોતાના સ્થાને એકબીજાનું એકસરખું મહત્ત્વ છે.

અજ્ઞાની ભવ કેવી રીતે તરશે એ જેમ પ્રશ્ન છે, તેમ ભાવનાહીન કે વિરતિશૂન્ય પણ કેવી રીતે ભવને

તરશે, એ પણ તેટલો જ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે.

શ્રી જિનાગમમાં શ્રી નમસ્કાર મહામંત્રને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. તેનું કારણ પણ હવે સમજાશે.

શ્રી નમસ્કાર મહામંત્ર માત્ર જ્ઞાનનો વિષય નથી, પણ જ્ઞાનની સાથે ભાવનાનો વિષય છે. મહામંત્રને જાણી લીધો, પણ મંત્ર મુજબ ભાવની વિશુદ્ધ ન થઈ, પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે જેવો ભાવ જોઈએ તેવો ભાવ ન સ્પર્શ્યો તો તે મંત્ર શીઘ્ર ફળદાયી શેનો નીવડે?

જ્ઞાનની સાથોસાથ ભાવની વિશુદ્ધિ હોય છે, તો મંત્ર શીઘ્ર ફળદાયી નીવડે છે.

મંત્રમાં 'જ્ઞેય' અને 'ધ્યેય'ની યથાર્થતા ઉપરાંત 'જ્ઞાતા' અને 'ધ્યાતા'ની વિશુદ્ધિ પણ આવશ્યક છે. ધ્યાતાની વિશુદ્ધિ ભાવનાના બળ ઉપર આધાર રાખે છે.

જ્ઞાન ન મળવાથી જેમ અજ્ઞાનતાનો અંધકાર દૂર થતો નથી, તેમ ભાવના ન વધતાં કર્તવ્યહીનતાનો દોષ પણ દૂર થતો નથી.

ધર્મી માત્રનું કર્તવ્ય છે કે તેની ભાવના સર્વ જીવના હિતવિષયક હોવી જોઈએ, કોઈના પણ અહિત-વિષયક ન હોવી જોઈએ. તેમાં જેટલી કચાશ તેટલી તેના ધર્મીપણામાં કચાશ.

વર્તનમાં ન્યૂનતા, કચાશ આદિ હોય, તેની શુદ્ધિ પશ્ચાત્તાપ, આલોચનાદિથી થઈ શકે.

ભાવનામાં ન્યૂનતા માટે ભાવનાની પૂર્ણતા સિવાય

બીજી કોઈ આલોચના નથી, અન્ય કોઈ પ્રાયશ્ચિત્ત નથી.

લૌકિકમાં જેમ કૃતઘ્નીને શુદ્ધિ માટે કૃતજ્ઞતા સિવાય બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી, તેમ લોકોત્તરમાં પણ નમસ્કારભાવ વિના, સર્વ જીવોના હિતાશય વિના, સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યતાનો ભાવ વિકસાવ્યા વિના કે અનુમોદ્યા વિના બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી, શુદ્ધીકરણનો અન્ય કોઈ ઉપાય નથી.

જ્ઞાન બીજાને જાણવા માટે છે.

ભાવના પોતાને સુધારવા માટે છે.

જગત તમામને જાણ્યા પછી પણ પોતાને, પોતાની જાતને સુધારવાની ભાવના ન જાગે તો તેવા જ્ઞાનથી શું?

પોતાની જાતને સુધારવા માટે નમસ્કારભાવ, ક્ષમાપનાભાવ, સકળસત્ત્વહિતનો ભાવ કે તેના અનુમોદનનો ભાવ આવશ્યક છે. તેથી જ શ્રી નમસ્કાર મહામંત્રને સકળ આગમમાં પ્રથમ અને પ્રધાન સ્થાન મળ્યું છે.[૧] ચૂલિકા સહિત તેને મહાશ્રુતસ્કંધ કહ્યો છે.

પ્રથમ કે પ્રધાન સ્થાન એટલા માટે કે—તેમાં ભવ્યત્વ પરિપાક કરવાનાં, જીવની યોગ્યતા વિકસાવવાનાં સઘળાં સાધનો જાણે એકસાથે ગૂંથી લેવામાં આવ્યાં છે. તથા જીવને કર્મના સંબંધમાં આવવાની અનાદિ-

---

[૧] तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥

યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લોક : ૨૨૨

કાલીન યોગ્યતા, જેને શાસ્ત્રકારો સહજ ભાવમળ કહે છે, તેને ઘટાડવા માટે જરૂરી સઘળી સામગ્રીનું સેવન એકસાથે થઈ જતું અનુભવાય છે.

પાપને પ્રશંસવાથી, ધર્મને નિંદવાથી અને પરમ શ્રદ્ધેય તથા અનન્ય શરણભૂત શ્રી અરિહંતાદિ ચારને નહિ નમવાથી (અનન્યભાવે તેમના શરણે નહિ રહેવાથી અને તેમના સિવાય અશરણભૂત એવા સમગ્ર સંસારના ભરોસે – શરણે રહેવાથી) જીવની અપાત્રતા, અયોગ્યતા, ભવભ્રમણશક્તિ વધે છે. તેનાથી વિરુદ્ધ પાપને નિંદવાથી, ધર્મને પ્રશંસવાથી અને શ્રી અરિહંતાદિ ચારને અનન્યભાવે શરણે રહેવાથી મુક્તિગમનની યોગ્યતા વધે છે. સદ્ગુણ-વિકાસ અને સદાચાર-નિર્માણ આપોઆપ થાય છે.

શ્રી નવકારમાં 'નમો'પદ દુષ્કૃતગર્હા[2] અર્થમાં, 'અરિહં''પદ સુકૃતાનુમોદન અર્થમાં અને 'તાણં''પદ શરણગમન અર્થમાં તથા ચૂલિકાનાં પહેલાં બે પદ દુષ્કૃતગર્હા અર્થમાં અને છેલ્લાં બે પદ સુકૃતાનુમોદન અર્થમાં લઈ શકાય છે.

એ રીતે ભાવપૂર્વક, હેતુપૂર્વક અને ઉપયોગપૂર્વક શ્રી નમસ્કારનું સ્મરણ તથા રટણ સતત થતું રહે તો જીવને ભાવધર્મની સિદ્ધિ થાય છે. ભાવધર્મની સિદ્ધિ માટેનાં ચાર અંગો આ પ્રકારે કહ્યાં છે :

---

[2] स्वापकर्षबोधानुकूलो व्यापारः नमस्कारः ।

रत्नत्रयधरेष्वेका भक्तिस्तत्कार्यकर्म च ।
शुभैकचिन्ता, संसारजुगुप्सा चेति भावना ॥

ત્રિ. શ. પુ. ચરિત્ર, પ્રથમ પર્વ, શ્લોક ૧૫

(૧) રત્નત્રયધરને વિષે અનન્ય ભક્તિ.

(૨) તેમની સેવા-પરિચર્યા.

(૩) સર્વના શુભ માટેની જ એક ચિંતા તથા

(૪) ચતુર્ગતિરૂપ અથવા ચાર કષાયરૂપ સંસારની જુગુપ્સા.

ભાવધર્મનાં એ ચાર અંગો છે. ભાવધર્મનાં આ ચારે અંગો, શ્રી નમસ્કાર મહામંત્રના આરાધન વડે વિકસે છે. તેથી ધર્મના અર્થી જીવો માટે તેનું આરાધન, તેનું આલંબન પરમ આવશ્યક છે, પરમ હિતકર છે, પરમ કલ્યાણકર છે.

●

દુઃખમાં પોતાથી અધિક દુઃખી જોવા એ દુઃખને સહવાનો સરળ માર્ગ છે. તથા સુખમાં પોતાનાથી અધિક સુખી જોવા એ સુખને દમવાનો માર્ગ છે. એથી આર્ત રૌદ્ર ધ્યાન થતાં નથી અને ધર્મશુક્લ ધ્યાન પામવાની યોગ્યતા વધે છે.

# વૈરાગ્ય અને ભક્તિ

## વૈરાગ્ય વડે આત્મદર્શન

વિપાકની વિરસતારૂપ દોષદર્શનજનિત વૈરાગ્ય એ અપર વૈરાગ્ય છે. અને આત્માનુભવજન્ય દોષદર્શન રૂપ વૈરાગ્ય એ પર વૈરાગ્ય છે.

વિષયોમાં ગમે તેટલા દોષ જોવામાં આવે પણ જ્યાં સુધી જીવને દેહાધ્યાસ છે, ત્યાં સુધી વિષયોનો અધ્યાસ પણ કાયમ રહે છે.

એટલે જડ દેહમાં 'અહંત્વ-મમત્વ'બુદ્ધિનો અંશ છે, ત્યાં સુધી જડ વિષયોમાં 'અહંત્વ-મમત્વ' ટળતું નથી.

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય, વિષયોના સંગથી દૂર રહેવા પૂરતું પ્રારંભિક અભ્યાસનું કાર્ય કરી આપે છે તેટલા પૂરતી પ્રારંભ કાળે તેની અનિવાર્ય ઉપયોગિતા છે. કેમ કે વિષયના સંગમાં રહીને આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય છે. વિષયોમાં વિપાક કાળે થતા દોષોનું દર્શન વિષયોના સંગનો ત્યાગ કરાવી, આત્માનુભૂતિના અભ્યાસમાં ઉપકારક થાય છે, તેથી તે વૈરાગ્યને શાસ્ત્રકારોએ પ્રથમ સ્થાન આપેલું છે.

પરંતુ વિષયોનો બાહ્ય સંગ છૂટયા પછી તેની આંતરિક આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને આત્માનુભૂતિવાળા પુરુષોની ભક્તિ સિવાય આત્માનુભૂતિ પણ નીપજતી નથી. એટલે પ્રાથમિક વૈરાગ્ય, પછી અનુભૂતિમાન પુરુષો ઉપરની ભક્તિ, અને પછી આત્માનુભૂતિ, એ ક્રમ છે.

આત્માનુભૂતિ પછી ઊપજતી વિષયોની વિરક્તિ એ તાત્ત્વિક વિરક્તિ છે. કેમ કે પછી વિષયોની વિજાતીયતાનું પ્રત્યક્ષ ભાન થાય છે.

### ભક્તિ વડે આત્મદર્શન

આત્મદર્શનનો બીજો ઉપાય ભક્તિ છે.

ભક્તિનો અર્થ સજાતીય તત્ત્વ સાથે એકત્વનું અનુપમ અનુભવન.

સજાતીય તત્ત્વ સમગ્ર જીવરાશિ છે. તેની સાથે એકત્વનું અનુભવન, મૈત્ર્યાદિ ભાવો વડે થાય છે. તેથી તે મૈત્રી આદિ ભાવોનો અભ્યાસ એ ભક્તિનો અભ્યાસ છે. તે અભ્યાસ તેના પરિપાક કાળે, જીવને રાગદ્વેષની વૃત્તિઓથી દૂર હઠાવી, સમત્વની સિદ્ધિ કરી આપે છે.

સમત્વવાન પુરુષને પોતાના આત્મામાં જ પરમાત્મ-સ્વરૂપનું દર્શન થાય છે. 'પરમ'નું સ્વરૂપ જોયા પછી વિષયો પ્રત્યેની અંતરંગ આસક્તિ ચાલી જાય છે. તેનું જ નામ પર વૈરાગ્ય છે. અપર વૈરાગ્ય આદિમ કારણ છે, પર વૈરાગ્ય અંતિમ ફળ છે. તેનો હેતુ આત્માનુભૂતિ

અને આત્માનુભૂતિનો હેતુ ભક્તિ છે.

ભક્તિ વડે ઈર્ષ્યા-અસૂયાદિ ઉપક્લેશો જાય છે અને વિરક્તિ વડે રાગદ્વેષાદિ વૃત્તિઓ ટળે છે.

રાગદ્વેષાદિ મૂળ-ક્લેશ છે, તેને ટાળવા માટે આત્મદર્શનજનિત પર વૈરાગ્ય આવશ્યક છે.

અભિષ્વંગને અયોગ્ય એવા વિષયો પર અભિષ્વંગ કરવો તે રાગ છે.

अविषयेऽभिष्वंगकरणाद्रागः ।

માત્સર્યને અયોગ્ય એવા જીવો પર માત્સર્યભાવ કરવો તે દ્વેષ છે. તે અગ્નિજ્વાળાની જેમ સંતાપ ઉપજાવનારો છે.

तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद्द्वेषः ।

જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોના અભ્યાસથી દ્વેષ જાય છે અને વિષયો પ્રત્યે વિરક્તિના અભ્યાસથી રાગ જાય છે.

વિવેકજ્ઞાનને આવરનાર મોહ છે.

વિષયો વિનશ્વર છે, આત્મા અવિનાશી છે. વિષયોના સંગથી આસક્તિ વધે છે અને આત્માના ધ્યાનથી વિરક્તિ પેદા થાય છે વગેરે તત્ત્વોનો અવબોધ ન થવા દેવો તે મોહનું કાર્ય છે.

हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोहः ।

—ધર્મબિન્દુ.

એ રીતે રાગદ્વેષ અને મોહની વૃત્તિઓનું નિવારણ

ભક્તિથી થાય છે.

### ભક્તિ વડે આત્મગુણોની તુષ્ટિ-પુષ્ટિ

દોષો જેમ જેમ ટળતા જાય છે, તેમ તેમ આત્માનંદ વધતો જાય છે. અને આત્મ-અનુભવ પૂર્ણ થતાંની સાથે જ વિષયોની ભૂખ ભાગી જાય છે.

માટે જ કહ્યું છે કે જેમ ભોજન વડે તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાની શાન્તિ એ ત્રણ કાર્ય એકસાથે જ થાય છે, તેમ પ્રભુના નામમંત્રરૂપી ઔષધ વડે પણ ભક્તિરૂપી તુષ્ટિ, આત્માનુભૂતિરૂપી પુષ્ટિ અને વિષયોની વિરક્તિરૂપી ક્ષુધાની નિવૃત્તિ એકસાથે જ થાય છે.

શારીરિક ક્ષુધા-નિવૃત્તિ માટે જેટલી જરૂર આદરપૂર્વકના ભોજનની છે, તેટલી જ વાસનારૂપી ક્ષુધાના નિવારણ માટે આદરપૂર્વક પ્રભુના નામમંત્રની છે.

પ્રભુના નામનું ગ્રહણ એ આધ્યાત્મિક આહાર છે. નિર્બળ આત્માને બળવાન બનાવનાર છે.

વાસનારૂપી માનસિક રોગોને કારણે જીવે પોતાનું શુદ્ધ બળ ગુમાવ્યું છે અને નિર્બળ બન્યો છે. તે નિર્બળતા પથ્ય ભોજન વડે દૂર થઈ શકે તેમ છે. માનસિક પથ્ય ભોજન, પ્રભુ-નામ-મંત્રનું શબ્દથી અને અર્થથી ગ્રહણ કરવું તે છે. તે વડે ભક્તિ, આત્માનુભૂતિ અને વિષયવિરક્તિરૂપી તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાનિવૃત્તિ સધાય છે.

વિષયોની વાસનાઓથી ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ થાય છે અને ક્રોધાદિ કષાયોના પુનઃ પુનઃ સેવનથી આત્માની

મૂળ કાયા ક્ષીણતાને પામે છે. તે ક્ષીણતાને દૂર કરવાનો ઉપાય પથ્ય ભોજનની જેમ, પ્રભુના નામમંત્રનું સ્મરણ આદિ છે. અને કુપથ્યવર્જનની જેમ વિષયોના સંગનો ત્યાગ વગેરે છે.

વિષયોથી દૂર રહી, પ્રભુના સ્મરણ આદિમાં સમય પસાર કરવામાં આવે તો આત્મગુણોની તુષ્ટિ-પુષ્ટિ અવશ્ય થાય છે, એવો સર્વ મહા પુરુષોનો અનુભવ છે.

•

દુઃખ ગમે તેટલું આવે તો પણ પોતાની દુઃખ પામવાની યોગ્યતાથી ઓછું જ છે, એમ માનો. સુખ ગમે તેટલું થોડું હોય તોપણ તે પોતાની સુખ મેળવવાની યોગ્યતા છે. તેનાથી વધુ જ હોય છે એમ માનો.

# શ્રી જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા

જીવ છે, પરલોક છે, પુણ્ય છે, પાપ છે, સ્વર્ગ છે, નરક છે, એટલું જ માનવા માત્રથી લોકોત્તર આસ્તિકતા પ્રાપ્ત થઈ શકતી નથી.

જેઓ જીવ, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ તેમ જ નરકાદિ અતીન્દ્રીય વસ્તુઓના અસ્તિત્વને સ્વીકારતા જ નથી તેઓ તો પૂરા નાસ્તિક છે જ, પરંતુ જેઓ જીવ, પરલોક, પુણ્યપાપાદિની સત્તાને સ્વીકારવા છતાં તેના સ્વરૂપને — તે જેવી રીતેછે તેવી રીતે — માનતા નથી, પણ અન્ય રીતે સ્વીકારે છે તેઓ પણ લોકોત્તર દષ્ટિએ આસ્તિક નથી.

જીવને માનવા છતાં જેઓ તેને માત્ર પંચભૂતમય માને છે, પાણીના પરપોટાની જેમ યા કાષ્ઠના અગ્નિની જેમ ભૂતમાત્રમાંથી ઉત્પન્ન થઈને ભૂતમાત્રમાં વિલય પામી જનારો માને છે, તેઓ તો નાસ્તિક છે જ; પરંતુ જેઓ જીવને પંચભૂતથી અતિરિક્ત અને કદી નાશ નહિ પામવાના સ્વભાવવાળો માને છે અને તેઓ પણ જો કૂટસ્થ, નિત્ય કે સર્વથા અલિપ્ત સ્વભાવવાળો માને તોપણ જીવના પ્રત્યક્ષસિદ્ધ કર્તૃત્વાદિ ધર્મનો અપલાપ કરનારા થાય છે.

પંચભૂતથી અતિરિક્ત જીવને નહિ માનવામાં જેમ નાસ્તિકતા રહેલી છે તેમ પંચભૂતથી અતિરિક્ત જીવમાં રહેલા કર્તૃત્વાદિ ધર્મોને નહિ સ્વીકારવામાં પણ અંશતઃ નાસ્તિકતા છુપાયેલી છે.

જીવ નિત્ય છે, તેમ આકાશ પણ નિત્ય જ છે. પણ જીવની નિત્યતા અને આકાશની નિત્યતા વચ્ચે મોટું અંતર છે. આકાશ નિત્ય છતાં ત્રણે કાળમાં અલિપ્ત છે, તેમ જીવ નથી.

સકર્મક જીવ બાહ્ય પદાર્થો અને સંયોગોથી અવશ્ય લેપાય છે. તે તે પદાર્થો અને સંયોગોનાં પરિવર્તનોની ઓછીવત્તી અસર જીવ ઉપર થાય જ છે, પરંતુ આકાશ ઉપર થતી નથી.

જીવ જેવા સંયોગોમાં મુકાય છે, તેવી અસર તેના ઉપર થાય જ છે. સયોગી અવસ્થામાં પ્રતિ સમય જીવ કર્મ કર્યા જ કરે છે. વિગ્રહગતિમાં પણ કર્મબંધ કરે છે. આહાર આદિ છ પર્યાપ્તિઓમાં કોઈ પણ પર્યાપ્તિ પ્રવૃત્તિરૂપે હોતી નથી, છતાં વિગ્રહગતિમાં જીવને કર્મ-બંધન થાય જ છે. કાયિક આદિ બાહ્ય વ્યાપાર ન હોય ત્યારે પણ પૂર્વ-પ્રયોગાદિથી ચક્રભ્રમણાદિની જેમ વિગ્રહ-ગતિ આદિમાં કર્મબંધ થયા કરે છે, એવું શાસ્ત્રવચન છે. કર્મબંધરહિત અવસ્થા માત્ર સિદ્ધોને અથવા અયોગી કેવળી ભગવંતને હોય છે. તેમ છતાં જેઓ જીવને આકાશની જેમ ત્રણે કાળ અને સર્વ અવસ્થામાં અલિપ્ત

અને અક્રિય માને છે, તેઓ પ્રગટપણે સંપૂર્ણ રીતે નાસ્તિક નહિ હોવા છતાં અંશતઃ નાસ્તિક છે જ છે.

અક્રિય અવસ્થામાં પણ જીવ જેમ શુભાશુભ કર્મનો કર્તા છે તેમ તેનાં સારાંનરસાં ફળોનો ભોક્તા પણ છે જ.

શરીર છૂટયું એટલા માત્રથી કર્મ છૂટયાં એમ સંસારી જીવ માટે બનતું નથી. કુટુંબીજનો આદિ માટે પાપકર્મ કરનારનાં પાપકર્મોનું ફળ કુટુંબીજનો આદિ ભોગવતાં નથી, પણ તે ફળ પાપકર્મ કરનારને જ ભોગવવાં પડે છે. તેથી સંસારી જીવ આકાશની જેમ નિષ્ક્રિય નથી, તેમ અલિપ્ત પણ નથી. પરંતુ સક્રિય અને સલિપ્ત છે.

જીવ, જીવનું નિત્યત્વ, જીવનું કર્તૃત્વ અને જીવનું ભોકતૃત્વ એ ચારને જૈન દર્શન સ્વીકારે છે તેટલા માત્રથી જ તેની વિશેષતા સમાપ્ત થતી નથી. જીવના અસ્તિત્વને કે નિત્યત્વને તથા કર્તૃત્વને કે ભોકતૃત્વને કોઈ માને યા ન માને તેટલા માત્રથી તે ઊડી જતું નથી. યુક્તિ અને આગમથી તેને સ્વીકારનારને જેમ તે માનવાં પડે પડે છે, તેમ નહિ સ્વીકારનારને પણ તેનું ફળ અનુભવવું જ પડે છે.

જૈનદર્શનની વિશેષતા જેમ જીવને કર્મબંધ અને કર્મફળનો કર્તા તેમ જ ભોક્તા માનવામાં રહેલી છે, તેમ સર્વ કર્મનો ક્ષય અને તેના ઉપાયના અસ્તિત્વને માનવા-

માં પણ રહેલી છે.

જીવનો કર્મથી સર્વથા છુટકારો થઈ શકે છે અને તે છુટકારાના સમ્યગ્ દર્શનાદિ ઉપાયો પણ વિદ્યમાન છે જ. એ માન્યતા ઉપર લોકોત્તર આસ્તિકતા અવલંબેલી છે.

લોકોત્તર આસ્તિકતામાં જીવ અને પરલોક આદિની શ્રદ્ધા સાથે જીવના નિત્યત્વની, કર્તૃત્વની, ભોકતૃત્વની, મુક્તત્વની અને તદનુરૂપ સત્ત્વની શ્રદ્ધા પણ અવિચળપણે રહેલી હોય છે. એમાંથી એકની કે એકના કોઈ અંશની પણ અશ્રદ્ધા જયાં સુધી છે, ત્યાં સુધી લોકોત્તર આસ્તિકતા તો નથી જ, કિન્તુ અપ્રગટપણે નાસ્તિકતાનાં બીજો છુપાયેલાં જ છે. એ નાસ્તિકતાનાં બીજ, એના માલિકને મુક્તિમાર્ગની આરાધનામાં સીધી કે આડકતરી રીતે પ્રતિબંધક થયા સિવાય પણ રહેતાં નથી.

લોકોત્તર આસ્તિકતાના અર્થી આત્માઓ માટે જૈન શાસ્ત્રકારોએ શ્રદ્ધાનાં મુખ્ય છ સ્થાનો બતાવેલાં છે. તે છ પૈકી કોઈ એકની પણ અધૂરાશ ચાલી શકે તેમ નથી.

### શ્રદ્ધાનાં છ સ્થાનો

**સ્થાન પહેલું:**

દૃશ્યમાન પૃથ્વી આદિ પાંચ ભૂતોથી ભિન્ન સ્વરૂપવાળો, આ ભવ છોડીને અન્ય ભવમાં જનારો અને જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનાર 'જીવ' નામનો એક સ્વતંત્ર

પદાર્થ છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને પાંચ ભૂતોથી અતિરિક્ત નહિ માનવારૂપ નાસ્તિકતા નાબૂદ થાય છે.

**સ્થાન બીજું:**

પંચભૂતોથી અતિરિક્ત જીવ નામનો પદાર્થ, દ્રવ્ય-દૃષ્ટિએ અવિનાશી અને નિત્ય સ્વભાવવાળો છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી શરીરના નાશની સાથે જીવનો નાશ માનવારૂપ નાસ્તિકતા દૂર થાય છે.

**સ્થાન ત્રીજું:**

જ્યાં સુધી જીવનો મોક્ષ ન થાય ત્યાં સુધી સંસારી જીવ પ્રતિ સમય સાત યા આઠ કર્મને બાંધ્યા જ કરે છે. એ કર્મ મૂળ આઠ પ્રકારનાં છે, અને ઉત્તર ૧૫૮ પ્રકારનાં છે, જ્ઞાનદર્શનને રોકનાર, સુખદુઃખને આપનાર, વર્તન અને વિચારમાં ભ્રમ પેદા કરાવનાર, જીવન અને શરીરને ધારણ કરાવનાર, ઉચ્ચનીચ આદિ અવસ્થાઓને અપાવનાર અને દાનલાભાદિમાં અંતરાયભૂત થનાર, તે કર્મો જ છે. કર્મોને છોડીને બીજું કાંઈ પણ નથી.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને નિર્ગુણ અને નિષ્ક્રિય માનવારૂપ નાસ્તિકતા દૂર થાય છે.

**સ્થાન ચોથું:**

જે જે જીવો જે જે કર્મોને બાંધે છે, તે તે જીવો-ને તે તે કર્મો ભોગવવાં જ પડે છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને સુખદુઃખ દેનાર

તરીકે ઈશ્વરને માનવારૂપ નાસ્તિકતાતો નિરાસ થાય છે.

**સ્થાન પાંચમું :**

જન્મ, જરા મરણાદિની પીડાથી રહિત અને અનંત જ્ઞાનદર્શનાદિની ગુણોની સમૃદ્ધિથી ભરપૂર જીવની મોક્ષાવસ્થા છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવનો મોક્ષ નહિ માનનાર અને મોક્ષને માનવા છતાં તેને અભાવાદિ સ્વરૂપવાળો માનનાર મતોનો નિરાસ થાય છે.

**સ્થાન છઠ્ઠું :**

ભવ્ય જીવનો મોક્ષ, ઉપાયથી સાધ્ય છે. હિંસાદિ આસ્રવોનો રોધ અને સમ્યગ્ દર્શનાદિ સંવર નિર્જરાના ઉપાયોનું ઉત્કટ આસેવન એ મોક્ષનો ઉપાય છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી મોક્ષના ઉપાયોને નહિ માનવારૂપ નાસ્તિકતા તેમ જ મોક્ષના યથાર્થ ઉપાયોને બદલે વિપરીત ઉપાયોને માનવારૂપી વક્રતા તેમ જ જડતા જીવનમાંથી દૂર થઈ જાય છે.

જૈન દર્શનની લોકોત્તર આસ્કિતાનું યથાર્થ સ્વરૂપ સમજી સહુ કોઈ તેના પર આદરવાળા બનો અને પરમ કલ્યાણના ભાગી બનો !

●

દેહદષ્ટિમાં કામ અને ક્રોધ ઊભા થાય છે, જ્યારે આત્મદષ્ટિમાં તે વિલીન થાય છે.

# અનેકાંતવાદ

અનેકાંતવાદ મોક્ષસાધનાનું અનન્ય સાધન છે.

વસ્તુ અનેક ધર્મવાળી છે તેથી અનેકાંતવાદ વડે શુદ્ધ થયેલી બુદ્ધિ વસ્તુ-સ્વરૂપને યથાર્થ જાણે છે.

સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી, સત્યનો સ્વીકાર અને અસત્યનો પરિહાર કરવો એ અનેકાંતવાદ યાને સ્યાદ્વાદની પરિણતિ છે.

અહિંસાધર્મના શ્રેષ્ઠ પાલન વિના મોક્ષપ્રાપ્તિ શક્ય નથી. કેવળ શારીરિક નહિ, કિન્તુ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદનો આશ્રય અનિવાર્ય છે.

જૈન દૃષ્ટિની વિશેષતા સ્યાદ્વાદ સિદ્ધાન્તના નિરૂપણમાં રહેલી છે, એવી સમજણ પ્રાપ્ત થવી એ ભાવ-સમ્યગ્ દર્શન છે.

અહીં દ્રવ્ય એટલે સત્યની રુચિ અને ભાવ એટલે સત્યનો પરીક્ષાપૂર્વક સ્વીકાર અભિપ્રેત છે. તેથી ભાવ-સમ્યગ્ દર્શન, સ્વપરશાસ્ત્રવેત્તા ગીતાર્થ મહાત્માઓને જ માનેલું છે.

તેમની નિશ્રાએ વર્તનાર તત્ત્વરુચિવાન જીવોને

ભાવના કારણરૂપ દ્રવ્ય-સમ્યગ્દર્શન સ્વીકાર્ય છે.

બીજી રીતે સમ્યગ્ દર્શનના બે ભેદ છે, તે નિશ્ચય અને વ્યવહાર.

વ્યવહાર સમ્યગ દર્શન દેવપૂજન અને ધર્મારાધના આદિ ધર્મક્રિયાઓ કરનારમાં માનેલું છે અને નિશ્ચય સમ્યગ્ દર્શન, સાતમે ગુણસ્થાનકે અને તેની ઉપર રહેલા અપ્રમત્ત મુનિવરોને સંભવે છે, કે જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા અર્થાત્ જેવું જ્ઞાન તેવી જ શ્રદ્ધા અને જેવાં જ્ઞાન અને શ્રદ્ધા તેવા જ પ્રકારની પરિણતિ, આત્મસ્થિતિ હોય છે.

એ સ્થિતિએ પહોંચવા માટે સ્યાદ્‌વાદનો આશ્રય અનિવાર્ય છે.

સ્યાદ્‌વાદ એ એક એવા પ્રકારની ન્યાયબુદ્ધિ છે કે જ્યાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર અને અસત્યના કોઈ પણ અંશનો સ્વીકાર સંભવી શકતો નથી.

માર્ગાનુસારી ન્યાયસંપન્ન વૈભવ આદિથી માંડીને, અંતરંગ ષડ્‌રિપુઓના ત્યાગ પર્યંતના સઘળા નિયમોનું ભાવપૂર્વક પાલન એ સ્યાદ્‌વાદ સિદ્ધાન્તને પચાવવાની અને પામવાની પૂર્વ-લાયકાત છે.

વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે અથવા એક જ સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રિધર્માત્મક છે. તથા કાર્યમાત્ર અનેક કારણોના એકત્ર મળવાનું પરિણામ છે.

જ્યારે છદ્મસ્થનું જ્ઞાન કોઈ એક ધર્મ કે કોઈ

એક કારણને આગળ કરીને જ થઈ શકે છે. તેથી જો તે એક જ ધર્મ કે એક જ કારણ વસ્તુનું સ્વરૂપ કે કાર્યનો હેતુ મનાઈ જાય તો વસ્તુને જ અન્યાય થાય છે. બુદ્ધિનો દ્રોહ થાય છે. સકળ કાર્યના પ્રયોજનભૂત કાર્ય જે આત્મ-મુક્તિ, તે અસંભવિત બની જાય છે. માટે પ્રત્યેક વાક્ય, જો સ્યાત્-પદલાંછિત હોય તો જ પ્રમાણ છે.

પ્રત્યેક વિચાર, કોઈ એક અપેક્ષાને આગળ કરીને જ હોય છે, તે પૂર્ણ સત્ય ત્યારે જ બને કે જ્યારે અન્ય અપેક્ષાઓ તેમાં ભળે છે અને વસ્તુના સમગ્ર રૂપને સ્વીકારવા તત્પર હોય છે.

પ્રત્યેક પ્રવૃત્તિ મોક્ષગામી ત્યારે જ બની શકે કે જ્યારે તેની પાછળ પૂર્ણતાની પ્રાપ્તિનો હેતુ હોય. પૂર્ણતાના સાધનરૂપ માનીને તેને અપનાવવામાં આવે છે, કિન્તુ તે પોતે કદી પૂર્ણરૂપ હોઈ શકતી નથી. પૂર્ણતા તરફ લઈ જનારી અપૂર્ણ પ્રવૃત્તિઓ પણ પૂર્ણતાનો હેતુ હોવાથી ઉપચારથી પૂર્ણ મનાય છે. આ જાતિનો વિચાર સ્યાદ્વાદીને જીવતો અને જાગતો હોય છે.

વૃત્તિ કે પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરનાર એકનું એક સાધન કોઈ પણ હોય તો, બુદ્ધિમાં કે પ્રવૃત્તિમાં સ્યાદ્વાદને પરિ-ણમાવવો તે જ છે.

કોઈ કહે છે કે જીવ અનાદિથી જ્ઞાનના અભાવે ભટકે છે, કોઈ કહે છે કે ક્રિયાના અભાવે. પરંતુ ભટક-વાનું સાચું કારણ કોઈ પણ હોય તો તે એક જ છે—

જીવની સ્યાદ્‌વાદ પરિણતિનો અભાવ.

જીવને આગળ વધવામાં જરૂરીમાં જરૂરી કોઈ પણ વસ્તુ હોય તો તે નિરાગ્રહિતા છે.

સત્યનું મમત્વ અને અસત્યનું અમમત્વ નિરાગ્રહિતાનું ચિહ્ન છે. એના અભાવે જીવ જયાં-ત્યાં ખત્તાં ખાય છે. મોક્ષમાર્ગમાં તે એક મોટું વિઘ્ન અને અંતરાય છે. તેને દૂર કર્યા સિવાય એક ડગલું પણ આગળ ભરી શકાતું નથી, એવી સમજણ લઘુકર્મી આત્માઓને આવે છે, ત્યારે તેમનામાં સ્યાદ્‌વાદ-રુચિ જાગે છે અને સ્યાદ્‌વાદી પુરુષોનાં વચનો તેને અમૃત જેવાં મીઠાં લાગે છે.

વ્યવહારમાં આ સ્યાદ્‌વાદ સિદ્ધાન્તનું પાલન ઘણી વાર ભૂલયુક્ત થાય છે, જયારે મોક્ષમાર્ગમાં તો તેનો વારંવાર ભંગ થાય છે. તે ભંગમાંથી જ અનેક દર્શન, વાદ, મત અને તેની પરંપરાઓ જન્મે છે જે મોટા ભાગે એકાંતવાદના પાયા ઉપર જ રચાયેલાં હોય છે. એ એકાંતને જ જૈનશાસ્ત્રકારો નિશ્ચયથી મિથ્યાત્વ કહે છે. અને અનેકાંતને જ સમ્યક્ દર્શન તરીકે સંબોધે છે.

એકાંતવાદીને જીવાદિક તત્ત્વના સ્વરૂપ અને તેના નિરૂપણમાં એકાંત-નિત્ય કે એકાંત-અનિત્યાદિ દૂષણો આવે છે એટલું જ નહિ પણ મુક્તિના ઉપાયમાં ખેંચ-તાણ આવીને ઊભી રહે છે. એ એક પક્ષની દુરાગ્રહિતા જ જીવના મોક્ષમાં અંતરાયરૂપ નીવડે છે. તેને ટાળવા માટે સ્યાદ્‌વાદ પરિણતિની જરૂર પડે છે અને એ

પરિણતિનું ઘડતર જીવનના પ્રત્યેક વ્યવહારમાં શુદ્ધિની અપેક્ષા રાખે છે.

સર્વત્ર ઉચિત પ્રવૃત્તિનું બીજું નામ All life is yoga એમ કહી શકાય.

એ ઉચિત પ્રવૃત્તિ તો જ થઈ શકે કે જો સ્યાદ્વાદ પરિણતિ ઘડાયેલી હોય અથવા સ્યાદ્વાદ પરિણતિને ઘડવા માટે ઉચિત પ્રવૃત્તિ સાધનરૂપ પણ બની શકે. એમ પરસ્પર કાર્યકારણરૂપ બનીને જીવની એક એવી અવસ્થા આવે છે કે જે વડે પછી તે પ્રત્યેક વ્યવહારમાં સત્યનું સાંગોપાંગ પાલન કરી શકે છે. સત્યના એ સાંગોપાંગ પાલનને આપણે 'અહિંસા' શબ્દથી સંબોધી શકીએ.

અહિંસાની પાછળ આટલો વિશાળ ભાવ રહેલો છે એ સમજાવવા માટે જ તેને દ્રવ્ય, ભાવરૂપે, હેતુ-સ્વરૂપ-અનુબંધરૂપે, ઉત્સર્ગ-અપવાદરૂપે તેમ જ બીજી પણ અનેક રીતે વર્ણવવામાં આવેલી છે. એ સમજવું તે ઘણું જ રસમય છે. મુમુક્ષુઓને અત્યંત ઉપયોગી છે. અને એની ઉપયોગિતા લક્ષમાં આવ્યા પછી જ શ્રી જિનાગમોની ગંભીરતા ખ્યાલમાં આવે છે.

•

## આલંબનનો આદર

ધ્યાનની ઉચ્ચભૂમિકા પ્રાપ્ત થયા પછી તેનાથી ભ્રષ્ટ ન થવા માટે આલંબનોનો આદર આવશ્યક છે. આલંબનના આદરથી જે નમ્રભાવ કેળવાય છે તેનાથી અંતરાય કરનારાં કર્મોનો ક્ષય થાય છે.

## મૈત્રીનું માહાત્મ્ય

'मा कार्षीत् कोऽपि पापानि,
मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा,
मतिर्मैत्री निगद्यते ॥'

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.

કોઈ પણ પ્રાણી પાપ ન કરો. કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ, પ્રાણીમાત્ર મોક્ષને પામો. આ પ્રકારની મતિને શાસ્ત્રકારો 'મૈત્રી' કહે છે.

### ઇચ્છાનું પ્રાબલ્ય

આ જગતમાં ઇચ્છા કોને હોતી નથી?

સંસારી જીવમાત્રના હૃદયમાં કોઈ ને કોઈ ઇચ્છા હોય જ છે.

પરંતુ તે બધી ઇચ્છાઓનો સરવાળો કરવામાં આવે, તો તે માત્ર બે જ:પ્રકારની ઇચ્છાઓમાં સમાવેશ પામી જાય છે. અને તે એ છે કે–

'મને દુઃખ ન થાઓ' અને 'હું જ સુખી થાઉં.'

'મને પોતાને જરા જેટલું પણ દુઃખ ન મળો અને જગતમાં જેટલું સુખ છે, તે બધું મને જ મળો' આ પ્રકારની તીવ્ર ઇચ્છા જીવમાત્રના હૃદયમાં નિરંતર

રહ્યા જ કરે છે.

બીજી બધી ઇચ્છાઓના મૂળમાં પણ આ બે જ ઇચ્છાઓ રહેલી હોય છે. અને તે કદી પણ પૂર્ણ થતી નથી, એ વાત પણ તેટલી જ સાચી છે.

### ઇચ્છા એ જ દુઃખ છે

એ કારણે શાસ્ત્રકાર મહર્ષિઓને એ સિદ્ધાન્ત નક્કી કરવો પડયો છે કે,

'ઇચ્છા એ જ દુઃખ છે અને ઈચ્છાનો અભાવ એ જ સુખ છે.

આહારની અયોગ્ય ઈચ્છામાંથી મુક્ત થવા માટે શાસ્ત્રકારોએ તપધર્મ ઉપદેશ્યો છે.

અર્થ અને કામની અયોગ્ય ઇચ્છાઓમાંથી ક્રમશઃ મુક્તિ મેળવવા માટે શાસ્ત્રકારોએ દાન અને શીલધર્મના પાલનનો ઉપદેશ આપ્યો છે.

જેમ અર્થ, કામ અને આહારાદિની અયોગ્ય ઇચ્છાઓ જીવના દુઃખની વૃદ્ધિનું અને સુખની હાનિનું કાર્ય કરે છે, તેમ તેથી પણ અધિક સુખહાનિ અને દુઃખવૃદ્ધિનું કાર્ય જીવને એક ચોથા પ્રકારની ઇચ્છાના પ્રભાવે થઈ રહ્યું છે.

તે ઇચ્છા એ છે કે 'મને જ સુખ મળો, મારું જ દુઃખ ટળો.'

આ ઇચ્છા સૌથી વધારે કનિષ્ઠ કોટિની હોઈને સૌથી વધારે પીડાકારક છે. તેમ છતાં તે વાતનું યથાર્થ જ્ઞાન ઘણા થોડાને જ હોય છે.

આ કનિષ્ઠ પ્રકારની ઇચ્છા અને તેમાંથી જન્મ પામતી ક્લિષ્ટ કોટિની પીડાનો પ્રતિકાર હજારોના પણ દાનથી, લાખો વર્ષોના શીલથી કે કોટિ જન્મોના પણ તપથી થઈ શકતો નથી.

દાન, શીલ, તપ વડે પરિગ્રહ, મૈથુન કે આહારાદિની સંજ્ઞાઓના જોરથી થતી વિવિધ પ્રકારની માનસિક તથા શારીરિક બાધાઓથી અને પીડાઓથી અવશ્ય બચી જવાય છે, પરંતુ તે બધી બાધાઓ અને પીડાઓનો સરવાળો કરતાં—'મને એકલાને જ સુખ થાઓ' અને 'મારા એકલાનું જ દુઃખ ટળો' એ પ્રકારની અયોગ્ય, અઘટિત, અશક્ય ઇચ્છા વડે થતી માનસિક અને શારીરિક પીડાઓના સરવાળાને કોઈ અવધિ જ નથી.

શાસ્ત્રકાર મહર્ષિઓએ તે અશક્ય ઇચ્છાને પૂર્ણ કરવાના અશક્ય મનોરથના અનંત કષ્ટથી ઊગરી જવા માટે જે માર્ગ ચીંધ્યો છે, જે ઉપાય બતાવ્યો છે; તે માર્ગ કે ઉપાય કોઈ પુણ્યવંતને જ સદ્‌ગુરુની પુણ્ય-કૃપાથી લાધે છે. બીજાઓને તે ઉપાયની ગંધ પણ પ્રાપ્ત થતી નથી.

આ ઉપાય પ્રાપ્ત થવામાં કે ન થવામાં જીવની આસન્નસિદ્ધિતા કે અનાસન્નસિદ્ધિતા જ મુખ્ય ભાગ ભજવે છે.

ઉપાય તદ્દન સરળ છે. અને તેનો બોધ થવો પણ સુલભ છે. તેમ છતાં પ્રત્યક્ષ અનુભવ એમ કહે છે કે એ તરફ લક્ષ કોઈ વિરલ જીવનું જ જાય છે. અથવા કોઈ

વિરલ આત્મા જ તે ઉપાય ઉપર પૂર્ણ વિચાર કરી, તેને જીવનમાં ઉતારવા કટિબદ્ધ થાય છે.

### સુખદુઃખના નિવારણનો અનન્ય ઉપાય

સ્વ-સુખપ્રાપ્તિ અને સ્વ-દુઃખનિવારણ, એ બંને સંબંધી તીવ્ર સંકલેશ ટાળવાનો એકનો એક અનન્ય ઉપાય 'હું સુખી થાઉં' એ ઇચ્છાના સ્થાને, 'બધા સુખી થાઓ' એ ભાવનાનું સેવન છે.

આ ભાવનાને 'મૈત્રી ભાવના' પણ કહેવાય છે.

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ।

આવી અનેક ભાવનાઓ ચિત્તના સંકલેશને ટાળવા માટે ઉપદેશી છે. તે સૌમાં ઉપરોક્ત મૈત્રીભાવના મોખરે છે. તેનું માહાત્મ્ય અગાધ છે.

જીવ જ્યારે વિચાર કરે છે કે, 'કોઈ પણ પ્રાણી, ચાહે તે ઉપકારી હો કે અપકારી, પાપ ન કરો, દુઃખ ન પામો અને કલેશથી મુક્ત થાઓ,' ત્યારે તેના ચિત્તના કલેશ શાન્ત થતા અનુભવાય છે.

પોતાનાં જ સુખદુઃખની ચિંતા કરવાને ટેવાયેલો અને તેના પરિણામે જ તીવ્ર સંકલેશને અનુભવતો જીવ જ્યારે ઉપરની વિચારણામાં ઓતપ્રોત થાય છે, ત્યારે અત્યંત શીતળતાનો અપૂર્વ અનુભવ કરે છે.

### ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર

આપણા ચિત્તની શાન્તિ કે સુખનો જ નહિ પણ

આપણા પ્રત્યેક ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર પણ શાસ્ત્રકારોએ આ ભાવના(મૈત્રી)ની દૃઢતા પર અવલંબેલો છે, એમ જોયું છે.

અને તે કારણે જે ધર્માનુષ્ઠાનની પાછળ આ ભાવનાનું બળ નથી, તે ધર્માનુષ્ઠાનને, ધર્માનુષ્ઠાનની ગણતરીમાં લેખવાની ના પાડી છે.

આ ભાવના, સાચે જ ભવ(ઇચ્છા)નાશિની છે.

●

## વાસ્તવિક ગુણપ્રાપ્તિ

મોક્ષસાધક કોઈ પણ ગુણ પ્રાપ્ત થયા પછી, બીજા જીવોને તે ગુણની પ્રાપ્તિ થાય તેવો ભાવ તેમ જ સામગ્રીની અનુકૂળતા અનુસાર સહાયક થવાની વૃત્તિ હોય, તેમ જ તે ગુણ જે જે જીવો પામેલા હોય, તેઓ પ્રત્યે અનુમોદના હોય તો જ વાસ્તવિક રીતે તે ગુણની પ્રાપ્તિ થઈ છે એમ કહી શકાય.

# સાધુજીવનની સુગંધ

## સાધુજીવન એટલે શું?

સાધુજીવન એટલે સારું જીવન, સુંદર જીવન, ઉત્તમ જીવન, પવિત્ર જીવન.

જે જીવન સ્વભાવથી જ સારું હોય તેની ઉત્તમતાને જણાવવા માટે બીજા શબ્દની ભાગ્યે જ જરૂર ગણાય.

જગતમાં જેમ મોરનાં પીંછાંને બીજા રંગની કે ચંદનના વૃક્ષને બીજા ગંધની જરૂર ન હોય, તેમ સાધુ જીવનને સુંદર કે ઉત્તમ તરીકે જણાવવા માટે બીજા શબ્દ કે વિશેષણની ભાગ્યે જરૂર છે.

છતાં અહીં સાધુજીવનની સાથે 'સુગંધ' શબ્દનો પ્રયોગ એક રીતે સાર્થક પણ છે.

સારી વસ્તુને સારી તરીકે જણાવવા માટે પ્રસંગ પામીને બંને પ્રકારના શ્રોતાઓ સમક્ષ વિશેષણ વાપરવાની જરૂર પડે છે.

શ્રોતાઓ બે પ્રકારના હોય છે: એક તે સુંદરતા નહિ જાણનાર, અને બીજા તે સુંદરતા ઠીક ઠીક જાણનાર.

એટલે પહેલા પ્રકારના શ્રોતાઓને જણાવવા માટે અને બીજા પ્રકારના શ્રોતાઓ સમક્ષ તેની અધિકતા દર્શાવવા માટે તે વિશેષણ વાપરવાથી ફાયદો જ થાય છે.

### સાધુજીવનની શોભા

વિશાળ પણ વૃક્ષ છાયારહિત હોય, કે સુંદર પણ સરોવર જળરહિત હોય, તો જેમ શોભાને પામતાં નથી, તેમ ગુણરહિત સુંદર પણ સાધુજીવન શોભતું નથી.

જેમ સુવાસ વિનાનું પુષ્પ, સુંદર આકૃતિ કે ઘણી પાંખડીઓવાળું હોય તોપણ શોભા પામતું નથી, કે દેવાધિદેવના મસ્તકે ચડવારૂપ તેનું પ્રધાન કાર્ય કરવા શક્તિમાન થતું નથી, તેમ ગુણરૂપી સુગંધ વિનાનું સાધુ-જીવન, ઉત્તમ વેષ તેમ જ વિવિધ ચર્યાઓ સહિત હોય તોપણ શોભા પામતું નથી, અથવા તેના સ્વામીને લોકના મસ્તક-ભાગ ઉપર રહેલા સિદ્ધિસ્થાન ઉપર શાશ્વત કાળ માટે વસવાનો અધિકારી બનાવી શકતું નથી.

ગુણરૂપી સુગંધ વિનાનું સાધુજીવન શોભતું નથી તો અહીં સાધુજીવનના પ્રસંગમાં કયા ગુણોરૂપી સુગંધ લેવી એ પ્રશ્ન સહેજે થાય છે.

એના જવાબમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ ગુણ-રૂપી રત્નત્રય તે મોક્ષમાર્ગ છે.

મોક્ષ સાધવાનો માર્ગ, મોક્ષને સાધનારા સાધુઓને જીવનમાં જીવવાનો માર્ગ છે.

જ્ઞાન એટલે મોક્ષના ઉપાયોનું જ્ઞાન.

દર્શન એટલે સમ્યક્ જ્ઞાનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયો ઉપરની અચળ શ્રદ્ધા.

અને ચારિત્ર એટલે સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્ દર્શનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયોનું શક્તિ મુજબ જીવનમાં આચરણ.

આ ત્રણ ગુણો સર્વ ગુણોમાં પ્રધાન છે. માટે રત્નની ઉપમાને પાત્ર છે. અને એ ત્રણ જ સાધુજીવનની સાચી સુગંધ છે, સાચી શોભા છે. તેના પ્રતાપે જ તેમના મૂલગુણો અને ઉત્તરગુણો તથા દશ પ્રકારના યતિ-ધર્મોની શુદ્ધિ જળવાઈ રહે છે.

**દશ પ્રકારની સામાચારી**

'મોક્ષના ઉપાયોનું યથાસ્થિત જ્ઞાન અને શ્રદ્ધા ગૃહસ્થાવસ્થામાં પણ થઈ શકે છે, પરંતુ તેનું જીવનમાં સર્વાંશે આચરણ — સર્વ સમય માટે પાલન — તો સાધુ-જીવનમાં શકય છે,' એમ શ્રી તીર્થંકર દેવોએ ફરમાવ્યું છે. અને તે માટે જ્ઞાન-દર્શન-ચારિત્રને પોષક અનેક પ્રકારની ચર્યાઓ અને સામાચારીઓ બતાવેલી છે. તેમાં દશ પ્રકારની ચક્રવાલ સામાચારી અને દશ પ્રકારની પ્રતિ-દિન સામાચારી મુખ્ય છે.

**સામાચારી**

મોક્ષના અનન્ય ઉપાયભૂત મૂલગુણો અને ઉત્તર-ગુણો, મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિઓ એ બધાનું અખંડિત પણે આચરણ કરી શકાય તે માટે જે સરળ માર્ગ તેનું નામ સામાચારી.

સાધુજીવનનાં સર્વ અંગોને સ્પષ્ટ કરે તે રીતે તે સામાચારીઓ રચાયેલી છે કારણ કે તેના રચયિતા સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્માઓ હતા.

એ સામાચારીનું પાલન શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનમાં સર્વ સુવિહિત આચાર્યો અને મુનિવરો આજ સુધી કરતા આવ્યા છે અને શક્તિ મુજબ કરી રહ્યા છે.

દશ પ્રકારની નિત્યની સામાચારીમાં સાધુજીવનને લગતા પડિલેહણ, પ્રતિક્રમણ, પ્રમાર્જન, કાલગ્રહણ, ભિક્ષાગ્રહણ તથા આહાર-નિહારકરણ આદિ કાર્યોમાં સાચવવા યોગ્ય વિધિનો સમાવેશ થઈ જાય છે.

અને દશ પ્રકારની ચક્રવાલ સામાચારીમાં મુખ્યત્વે સાધુ-સાધુ વચ્ચેના નિત્ય વ્યવહારમાં કેવી જાગૃતિપૂર્વક વર્તવું જોઈએ તેનો સુંદર વિધિ બતાવેલો છે.

## સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી

અહીં આપણે તે ચક્રવાલ સામાચારીની સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી, સાધુજીવનમાં કેવી વ્યાપક છે અને મનુષ્યમાત્રના જીવનઘડતરમાં કેવી ઉપકારક છે, તે જોવું છે.

તે ત્રણ સામાચારીનાં નામ અનુક્રમે 'ઇચ્છાકાર', 'મિચ્છાકાર' અને 'તહકાર' છે.

કેટલાકની એવી ફરિયાદ છે કે, 'જૈન સાધુ કે શ્રાવક જીવનનું સ્વરૂપ સુંદર છે, ઉચ્ચ અને આદર્શરૂપ છે. જૈનોનાં અહિંસા, સંયમ અને તપ પોતાની ઉચ્ચતા

અને ઉજ્જવળતા આજેય જાળવી રહ્યાં છે, પરંતુ એક મનુષ્યે બીજા મનુષ્યની સાથે કેમ વર્તવું કે એક શ્રાવકે બીજા શ્રાવક બંધુની સાથે કેમ વર્તવું યા એક સાધુ મુનિરાજે બીજા સમાનધર્મી સાધુની સાથે કેમ વર્તવું તે સંબંધી જેવું જોઈએ તેવું શિક્ષણ, જૈન ધર્મમાં આપવામાં આવ્યું હોય તેમ લાગતું નથી.'

પણ આ ફરિયાદ યથાર્થ નથી.

જેઓએ પ્રાચીન કે અર્વાચીન જૈનાચાર્યોના પ્રમાણ-ભૂત (શાસ્ત્રાધારમૂલક) ગ્રન્થોનો કે ઉપદેશોનો અભ્યાસક દૃષ્ટિએ, જિજ્ઞાસા બુદ્ધિથી થોડો પણ પરિચય સાધ્યો હશે, તેઓને એ વાત પ્રથમ દૃષ્ટિએ જ પૂરેપૂરી ખ્યાલમાં આવી ગયા સિવાય નહિ રહે કે જૈન ધર્મમાં જેમ નાનામાં નાના જીવની પણ હિંસા ન કરવા પર ભાર મુકાયો છે, તેમ પ્રાણીવર્ગમાં સર્વશ્રેષ્ઠ એવી મનુષ્યગતિ અને મનુષ્યજાતિમાં જીવોની સ્વલ્પ પણ પીડા વર્જવા માટે અને તેમને સન્માર્ગની પ્રાપ્તિ સર્વ રીતે સુલભ બનાવવા માટે ઘણા ઉત્તમ પ્રકારના માર્ગો ઘણી ઝીણવટ-પૂર્વક તથા જીવનના પ્રત્યેક અંગના પૃથક્કરણપૂર્વક બતાવેલા છે.

તે બધાનો સમાવેશ પૂર્વાચાર્યોએ માર્ગાનુસારીના ન્યાયસંપન્ન વૈભવ આદિ પાંત્રીસ ગુણોમાં અને દ્રવ્ય-શ્રાવકના અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણોમાં કરેલ છે. અને તે ગુણો ઉપર જ ધાર્મિક જીવનનો પાયો રચવાનું ફરમાવેલું છે.

એ પાયા ઉપર રચાયેલી ધાર્મિક જીવનની ઇમારતને વધુ સુદૃઢ બનાવવા માટે સાધુજીવનની પ્રાપ્તિ થયા પછી પણ દશવિધ ચક્રવાલ સામાચારીમાં, 'ઇચ્છાકાર' 'મિચ્છાકાર' અને 'તહકાર' સામાચારીઓને જીવનમાં પ્રધાન સ્થાન આપવાનું ફરમાવેલું છે.

શાસ્ત્રાભ્યાસનિપુણ વર્તમાન જૈનાચાર્યો કે જેઓ સાધુજીવનના વિશિષ્ટ ઘડતર માટે ખૂબ રસ લઈ રહ્યા છે, તેઓનો એ અભિપ્રાય છે કે, 'જૈન સાધુજીવનનો કોઈ સાર હોય, કોઈ અર્ક હોય, તો તે દશ પ્રકારની ચક્રવાલ સામાચારીનું પાલન છે. અને તેમાં પણ પ્રથમની ત્રણ સામાચારી બધા સાધુ આચારોમાં મુકુટ સમાન છે.'

પ્રથમની એ ત્રણ સામાચારીના સાંગોપાંગ શુદ્ધ પાલન વિના જીવનની સાંગોપાંગ શુદ્ધિ થવી અશક્ય છે.

'ઇચ્છાકાર' સામાચારી એમ શીખવે છે કે, મોટા સાધુએ, નાના સાધુ પાસે કોઈ પણ કાર્ય કરાવવું હોય તો ઇચ્છા પ્રધાન બનવું જોઈએ.

મતલબ કે નાના સાધુ કે શિષ્યની ઇચ્છા જોઈને જ તે કાર્ય કરવા માટે ફરમાન કરવું જોઈએ.

'મિચ્છાકાર' સામાચારી એમ શીખવે છે કે, પોતાની નાનામાં નાની ભૂલ પણ બીજાના કહેવાથી કે પોતાની મેળે જાણવામાં આવે તો તેનું વિના વિલંબે, કશા પણ ખમચાટ સિવાય, પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવું જોઈએ.

'તહકાર' સામાચારી એમ શીખવે છે કે, રત્નાધિક

(વડીલ મુનિ) કે ગુરુ તરફથી જે કાંઈ ફરમાન થાય, તેને તે જ ક્ષણે 'તથેતિ' (તહત્તિ) શબ્દ કહીને સ્વીકારી લેવું જોઈએ અને પૂર્ણ કરી આપવું જોઈએ.

આ ત્રણ સામાચારીનું આંશિક (વાચિક અને વ્યાવહારિક) પાલન પણ કેટલું પ્રભાવશાળી નીવડે છે, તે આજની રાજસત્તા, તેનો અધિકારી વર્ગ કે સમગ્ર આંગ્લ પ્રજાના ચાલુ ભાષાના શબ્દ-વ્યવહાર ઉપરથી પણ સમજી શકાય છે.

પોતાના નોકરને કે આશ્રિતને પણ કોઈ કાર્ય કરવાનું ફરમાન કરતાં પહેલાં, અધિકારી શરૂમાં 'પ્લીઝ' (Please) અને તે કામ પૂરું કરાતાં 'થેંક-યુ' (Thank you) શબ્દનો જે પ્રયોગ કરે છે, તે 'ઇચ્છા' સામાચારીનું જ જાણે આંશિક અનુકરણ હોય તેમ પ્રતીત નથી થતું ?

જાણતાં કે અજાણતાં પણ પોતાની ભૂલ થતાંની સાથે પ્રયોજાતા 'વેરી સૉરી' (Very sorry) અને 'આઈ બેગ યોર પાર્ડન' (I beg your parden) યા 'પ્લીઝ એસ્કયૂઝ મી' (Please excuse me) વગેરે શબ્દોના પ્રયોગ એ 'મિચ્છા' સામાચારીનું જ જાણે આંશિક અનુકરણ હોય તેમ નથી લાગતું ?

'આપનો પૂર્ણ આજ્ઞાંકિત સેવક' (Your most obedient servant), 'આપનો વિશ્વાસુ' (Yours faithfully) વગેરે શબ્દો 'તહકાર' સામાચારીની આંશિક ઝાંખીરૂપ નથી જણાતા શું ?

શબ્દમાત્રથી જ્ઞાનીઓના માર્ગનું આંશિક અનુકરણ

પણ વ્યવહારની કેટકેટલી મુશ્કેલીઓને હઠાવનાર થાય છે, તે આજે પ્રત્યક્ષ છે.

તો જે ત્રણ સામાચારીનું પાલન, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર દેવોની અનુપમ હિતકર આજ્ઞા સ્વરૂપ માનીને મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક પ્રત્યેક પળે જે મુનિ-જીવનમાં થતું હોય, તે મુનિજીવનની મહત્તા, ગુણકારિતા કે સુખકરતાનું વર્ણન કોણ કરી શકે ?

સાધુજીવનની સુગંધ તરીકે 'ઇચ્છાકાર', 'મિચ્છાકાર' અને 'તહકાર' રૂપ ત્રણ સામાચારીના ભાવપૂર્વકના પાલનને અહીં આપણે જણાવવા માગીએ છીએ, તો તે વાત શાસ્ત્ર, યુક્તિ તેમ જ અનુભવસિદ્ધ છે. અને બુદ્ધિથી થોડો વિચાર કરવામાં આવે તો સર્વ કોઈને માન્ય થઈ શકે તેવી છે.

અનુપમ ઉપકારી આ સામાચારીનું વિશેષ વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આવશ્યક સૂત્ર આદિ મૂળ આગમોમાં તથા શ્રી પંચાશક, શ્રી પંચવસ્તુ આદિ પ.પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાનાં ગ્રન્થરત્નોમાં છે. અધિક જિજ્ઞાસુએ તેમાંથી ગુરુગમપૂર્વક જાણવા પ્રયત્ન આદરવો.

# આદર્શ મુનિજીવન

'સાધુજીવનની સુગંધ' જેટલો જ મહત્ત્વનો તેમ જ હિતકારક આ લેખ પણ છે.

**હિતશિક્ષા**

"ઓછામાં ઓછું બોલવું અને અધિકમાં અધિક કામ કરવું. આ જ બે બાબતમાં મુનિપણાનો સાર આવી જાય છે.

ન છૂટકે બોલવું પડે ત્યારે પણ પોતાની પ્રશંસા અને બીજાની નિંદાનો એક પણ શબ્દ ન આવી જાય, તે માટે મુનિએ પૂરેપૂરા સાવધ રહેવું જોઈએ.

નિંદનીય પણ નિંદાપાત્ર નથી, પણ કર્મસ્થિતિનો વિચાર કરીને દયા ચિંતવવા લાયક છે. અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પોતાનો આત્મા તો પ્રત્યક્ષપણે નિર્ગુણી હોવાથી જરા પણ પ્રશંસા કરવા લાયક નથી."

ઉપકારીઓ તરફથી વારંવાર આપવામાં આવતી આ જાતની હિતશિક્ષામાં — અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં — ઘણો ઘણો સાર સમાયેલો છે.

અનેક વર્ષો સુધી શાસ્ત્રોના પરિશીલન પછી અને વિનયપૂર્વક સદ્ગુરુઓની નિશ્રા સેવીને, પોતાના અનુભવથી

સિદ્ધ કરેલી આ હિતશિક્ષા, દેખાવમાં ભલે સામાન્ય જણાતી હોય, પરંતુ અર્થથી ઘણી જ ગંભીર આશયવાળી છે. કારણ કે અનેક શાસ્ત્રોના દોહનરૂપ હોવાથી આત્માને હિત કરનારી અને પરિણામે અનુપમ લાભ આપનારી છે.

આ કારણે આ હિતશિક્ષા જીવનને અજવાળનારી છે.

આ વિષમ કાળમાં પણ જો દરેક મુનિ, આ સાદી શિખામણને આદરપૂર્વક અપનાવી લે, તો આ કાળમાં પણ તે ઘણું ઘણું સાધી શકે.

ભાવદયાના સાગર સમાન, ઉપકારી ગુરુદેવો તરફથી નિઃસ્વાર્થભાવે આપવામાં આવતી આ હિતશિક્ષાની પાછળ ખરેખર એ ઉપકારીઓની ભાવદયા જ તરવરે છે.

સાચા હિતચિંતકોના હિતોપદેશની ભીતરમાં, મુખ્યતયા ભાવદયાનું જ પ્રાધાન્ય હોય છે. એ હકીકત મોહગ્રસ્ત આત્માઓ મોહની પ્રબળતાના કારણે સમજી શકતા નથી, એ ખેદજનક બીના છે.

### જગતમાં સહુથી વધારે સુખી કોણ?

શાસ્ત્રકાર ભગવંતોએ જગતમાં સંસારી પ્રાણીઓમાં સહુથી વધારે સુખી કોણ હોઈ શકે તેની વ્યાખ્યા કરતાં પ્રારંભમાં દેવલોકના સુખનું સુંદર વર્ણન કર્યું છે, પરંતુ વર્ણન કર્યા પછી, અંતે તો દેવલોકના સુખી આત્માઓના સુખને ટપી જાય એટલો સુખી ફક્ત એક જ વર્ષના દીક્ષાપર્યાયને ધારણ કરનાર મુનિ હોય છે, એવું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

એટલે જો મુનિ, હિતચિંતકો તરફથી મળતી હિત-

શિક્ષાને બરાબર ઝીલતો જાય, તેમ જ પોતાની શક્તિને ગોપવ્યા સિવાય તેનું શક્ય પાલન કરવામાં અપ્રમત્તપણે ઉદ્યમશીલ બને, તો એક જ વર્ષમાં દેવલોકના સુખને સર્વ અપેક્ષાએ ટપી જનારા આત્માનંદનો અપૂર્વ અનુભવ કરતો થઈ જાય.

સર્વ પ્રકારનું સાંસારિક સુખ, દુઃખજન્ય તેમ જ દુઃખફલક હોવાથી તેના તરફ માધ્યસ્થ્યપણે વર્તતો મુનિ, સ્વપ્નમાંય તેની વાંછા કરતો નથી, કારણ કે તે સુખ પણ આત્માના ઘરનું હોતું નથી, પણ પરપદાર્થજન્ય હોય છે એ તે યથાર્થપણે જાણતો હોય છે.

મુનિજીવનના સુખની ઝંખના તો અનુત્તર વિમાનમાં વસતા દેવો પણ રાતદિન કરતા હોય છે.

દુન્યવી સુખના શિખરે મહાલતા ચક્રવર્તીઓને પણ જ્યારે મુનિધર્મની મહત્તા સમજાય છે, ત્યારે તેઓ પણ પોતાની વિપુલ સમૃદ્ધિને તૃણ સમાન ગણી, ઉલ્લાસપૂર્વક તેનો ત્યાગ કરી, આનંદપૂર્વક સાધુપણું અંગીકાર કરે છે. અને તેમ કરવામાં પોતાના જન્મની સફળતા માને છે.

આ રીતે સંસારમાં સર્વ સુખી આત્માઓમાં મુનિઓનો નંબર સૌથી પ્રથમ આવે છે. અને અનંત સુખના ધામરૂપ મુક્તિપુરીની નિકટમાં નિકટ પણ તે મુનિઓ જ છે.

શ્રી અરિહંત આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોનો સમાવેશ પણ મુનિઓમાં થાય છે.

મુક્તિપ્રાપ્તિ માટેનો મુખ્ય ધોરી માર્ગ મુનિ-

ધર્મનું યથાર્થપણે પાલન કરવું તે જ છે.

તે સિવાય, મુક્તિના બીજા બધા માર્ગો એ અપવાદમાર્ગો છે. અને તે માર્ગોથી કોઈ જીવ ક્વચિત જ મુક્તિમાં જાય છે અને તેઓની સંખ્યા ખૂબ જ અલ્પ હોય છે.

મુનિધર્મનું આ મહત્ત્વ લખવાની પાછળ મુખ્ય હેતુ એ છે કે, આવા પ્રકારના ઉત્તમ ફળદાયક અને સર્વશ્રેષ્ઠ એવા મુનિધર્મનો સ્વીકાર કર્યા પછી તેનું કેવી રીતે પાલન કરવું કે જેથી તે સાચી રીતે સફળ થાય.

### ગુરુકુળ વાસ

શ્રી જિશ્વનેર દેવોએ ફરમાવેલું આ મુનિપણું એવા પ્રકારનું છે કે તેનું યથાર્થ પાલન ઘરમાં બેસીને અથવા એકલા વસીને થઈ શકતું નથી. પણ તે માટે ગુરુકુળવાસમાં વસવું પડે છે.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ સંયમપાલનના જે લાભ બતાવ્યા છે તેના ભાગી બનવા માટે તેઓશ્રીએ જ પ્રકાશેલા વિધિમાર્ગોનું અપ્રમત્તપણે પાલન પણ કરવું પડે. તેમાં જો પ્રમાદ સેવાય કે અવિધિ આચરાય તો મુનિ તે લાભથી વંચિત રહી જાય.

જે સંયમ એક જ ભવમાં મુક્તિ અપાવે, તે સંયમનું અનેક વાર પાલન કર્યા છતાં પણ જો આપણી મુક્તિ થઈ નથી, તો તેની પાછળ એક જ વસ્તુ રહેલી છે કે જે વિધિ મુજબ સંયમ પાળવાનું શ્રી તીર્થંકર ભગ-

વંતોએ ફરમાવ્યું છે, તે વિધિ મુજબ પાલન થતું નથી.

પ્રત્યેક ક્રિયાનું જે ફળ બતાવ્યું છે, તે તે ક્રિયાનું યથાર્થપણે વિધિપૂર્વક આરાધન કરવામાં આવે તો જ શકય બને છે.

ઉત્તમ પણ ક્રિયાઓ યથાર્થપણે ફળદાયક નહિ નીવડતી હોવાની ફરિયાદનું મૂળ કારણ પણ અવિધિનું સેવન છે. નહિ કે તે ક્રિયામાં તેવું ફળ આપવાના સામર્થ્યનો અભાવ.

જે જે ક્રિયાઓનું જે જે ફળ છે, તે તે ક્રિયાઓ તે જ ફળ આપી શકે છે. હીરાના વેપારી પાસેથી સીધી રીતે કોલસા ન મળે તેથી હીરાના વેપારીમાં કોલસા આપવાની ત્રેવડ નથી એમ નહિ કહેવાય, પણ તે તેનો વેપાર નથી એમ જ કહેવાશે.

જેમ જિનપૂજાનું ફળ સંયમની પ્રાપ્તિ છે, સંયમની પ્રાપ્તિ માટે જિનપૂજા કરવી તે તેની વિધિનું પાલન છે અને તે રીતે થતી જિનપૂજા, શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યા મુજબનું ફળ આપે છે. પણ અન્ય ઇરાદે કરવામાં આવતી જિનપૂજા ન ફળે તેમાં જિનપૂજાનો પ્રભાવ ઓછો છે એમ નહિ, પણ તેમાં અવિધિનું આચરણ એ જ દોષપાત્ર છે.

શ્રી જિનપૂજારૂપ ઔષધનું સેવન કરવું અને સંયમ-પ્રાપ્તિથી દૂર દૂર ભાગવું, અથવા સાંસારિક સુખના ઇરાદે શ્રી જિનપૂજા કરવી એ ઔષધનું સેવન કર્યા પછી, કુપથ્યનું સેવન કરવા જેવું છે. અને કુપથ્યનું સેવન નુકસાન કરે

તેમાં ઔષધ દોષિત નથી. આ જ પ્રમાણે દરેક ક્રિયામાં સમજી લેવું.

મુનિપણું એ સર્વશ્રેષ્ઠ વસ્તુ છે અને તેનું પાલન અનંત ઉપકારીઓની આજ્ઞા મુજબ ગુરુકુળવાસમાં રહીને જ થઈ શકે છે. ગુરુકુળવાસમાં વસવા છતાં પણ મુનિ જો અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ વર્તન ન કરે તો તે ગુરુકુળવાસ પણ તેને ફળદાયક બની શકતો નથી, પણ અનેક પ્રકારની વિરાધનાનું સ્થાન બને છે અને પરિણામે આત્માની અધોગતિનું જ કારણ બને છે.

સાધુપણાનો સ્વીકાર કર્યા પછી, ગુરુકુળવાસમાં મુનિએ કેવી રીતે વસવું જોઈએ કે જેથી તેનો આરાધક ભાવ સદાકાળ ટકી રહે અને ગુરુકુળવાસથી મળતા બધા અનુપમ લાભો તે ઉઠાવી શકે તે હકીકત ટૂંકાણમાં છતાં સ્પષ્ટ રીતે અહીં રજૂ કરવાનો ઉદ્દેશ છે.

જે ગુરુકુળવાસમાં મુનિએ વસવાનું છે, ત્યાં સાથે રહેતા સર્વે મુનિઓ હંમેશાં એક જ વિચારના કે એક જ પ્રકૃતિના હોય તે બાબત અસંભવિત છે.

અનાદિ કાળથી સર્વે આત્માઓના સ્વભાવ કુદરતી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે ઘડાયેલા હોય છે. તેમનું તે ઘડતર ફેરવી નાખવું એ કોઈના હાથની વાત નથી.

વળી સર્વ આત્માઓની ભવસ્થિતિ પણ એકસરખી હોતી નથી. કોઈ લઘુકર્મી આત્મા અલ્પ કાળમાં મુક્તિમાં જવાનો છે, તો કોઈ આત્મા લાંબા ગાળે મુક્તિમાં જવાનો છે.

ભવસ્થિતિ પરિપકવ થયા વિના આત્મા ઉપર લાગેલા રાગાદિ મળો, એ ઈચ્છે તોપણ, ઓછા થઈ શકતા નથી અને ભવસ્થિતિની પરિપકવતા એ કોઈની બનાવેલી વસ્તુ નથી, પણ સ્વભાવથી જ યા પાંચ સમવાયોના મેળાપથી નીપજતી વસ્તુ છે.

આ પાંચ સમવાયોના મેળાપ એ કોઈના હાથની વાત નથી.

એટલે જે ગુરુકુળવાસમાં મુનિએ વસવાનું ત્યાં ભિન્ન ભિન્ન પ્રકૃતિના આત્માઓ રહેવાના જ.

અધિકગુણી, સમાનગુણી, હીનગુણી અને નિર્ગુણી આ પ્રમાણે ચાર વિભાગમાં સર્વ પ્રકારના આત્માઓનો સમાવેશ થઈ જાય છે.

આ ચારે પ્રકારના આત્માઓ સાથે વસનાર મુનિ જો સાવધ ન રહે તો તેને સર્વ સ્થાનેથી બંધાવાનું જ રહે છે. અને સાવધ રહે તો ઉક્ત ચારેય સ્થાન એના આત્મા માટે લાભદાયી બની રહે છે.

જ્યારે જ્યારે પ્રસંગ પડે ત્યારે ત્યારે પોતાનો આરાધક ભાવ ટકાવી રાખવા માટે ચારે પ્રકારના મુનિઓ સાથે, મુનિ કેવી ભાવનાપૂર્વક વર્તે તે અહીં બતાવવામાં આવે છે.

પોતાથી અધિકગુણીને જોઈને તે એમ ચિંતવે કે, ગુણની પ્રાપ્તિ ગુણીના ગુણને જોઈને મનમાં રાજી થવાથી, તેની અનુમોદના કરવાથી, તેના ગુણની પ્રશંસા કરવાથી થાય છે. હું ભાગ્યશાળી છું કે તેવા ગુણી આત્માઓનો

મને હંમેશાં સાક્ષાત્ સમાગમ પ્રાપ્ત થયો છે. તેથી આ ગુણના પ્રતાપે જ મારામાં ગુણની ખિલવણી થશે અને મારા અવગુણો નાશ પામશે.

સમાનગુણીને જોઈને તે એમ ચિંતવે કે, આ જગતમાં સર્વ વસ્તુ સુલભ છે, પણ સમાન ગુણવાળા આત્માઓનો સમાગમ દુર્લભ છે. જે ગુણની પ્રાપ્તિ મેં કરી છે, તે જ ગુણની પ્રાપ્તિ આ પુણ્યવાન આત્માએ કરી છે અને તેનો મને સમાગમ થવાથી હું ધન્ય છું.

હીન ગુણવાળા આત્માને જોઈને તે એમ ચિંતવે કે આ જગતમાં સર્વ આત્માઓ મારાથી અધિક ગુણવાન કે મારા સમાન ગુણવાન હોત તો મારા ગુણની કિંમત પણ શી રહેત ? જો કોઈ યાચક ન હોય તો દાતારના દાનની શી કિંમત રહે ?

જો યાચક છે તો જ દાતાર દાન આપી શકે છે અને થોડું આપીને ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે. માટે મારાથી હીન ગુણવાળા આત્માઓ છે તો મને પુણ્ય ઉપાર્જન કરવાની તક મળે છે.

દશ કરોડ શ્રાવકોને જમાડવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે, તે પુણ્ય એક મુનિને દાન આપનાર શ્રાવક ઉપાર્જન કરે છે. તો જે મુનિ પ્રાસુક અન્ન-પાણી આદિ લાવીને મુનિની ભક્તિ કરે છે, તેના પુણ્યનું તો પૂછવું જ શું ?

ગુરુકુળવાસમાં વસતા મુનિઓએ પોતાનું કર્તવ્ય શું છે તેનો જ ખ્યાલ રાખવો જોઈએ. તેમાં જ તેમનું

હિત છે. જો બીજાના કર્તવ્ય તરફ જોવા ગયા તો અનેક મુશ્કેલીઓ ઊભી થઈ જશે અને આરાધકભાવને ધક્કો પહોંચશે.

બીજાનું શું કર્તવ્ય છે એ જોવાનો અધિકાર ગુરુઓનો છે, આપણો નથી. અને તેમ છતાં જેઓ આ પ્રકારની અનધિકાર ચેષ્ટા કરે છે, તેટલા અંશે તેમની આરાધનામાં મુશ્કેલી ઊભી થાય છે.

મુનિધર્મનો સ્વીકાર એ પોતાના આત્માની શુદ્ધિ કરવા માટે છે, તે હકીકતને ભૂલી જઈને, યોગ્યતા પ્રાપ્ત કર્યા સિવાય, બીજાને સુધારવાની પ્રવૃત્તિમાં પડી જવું એ સર્વથા અનુચિત છે.

અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય, સત્ય વસ્તુનો ઉપદેશ પણ નુકસાનકારક છે.

મુનિએ બીજાઓને હિતશિક્ષા અથવા અન્યમાં રહેલી ભૂલો પણ ત્યારે જ બતાવવાની આજ્ઞા છે કે જ્યારે સામો ઇચ્છતો હોય.

સામાની ઇચ્છાવિરુદ્ધ, જો સાચી પણ ભૂલ બતાવવામાં આવે છે તો તે લાભને બદલે નુકસાનમાં પરિણમે છે અને આરાધના વિઘ્નપ્રચુર બની જાય છે.

આ જગતમાં મોટે ભાગે જે અશાન્તિ દેખાય છે, તેનું મૂળ કારણ જો કોઈ હોય તો તે એ છે કે દરેક જીવને પોતાના વિચાર અને પોતે માનેલા સિદ્ધાન્ત ઉપર એટલો બધો મદાર હોય છે કે તેમાં જો કોઈ તેની અનિચ્છાએ વચ્ચે આવે તો તેનાથી અકળાઈ ઊઠે છે.

પોતાના આચાર તેમ જ વિચારમાં તે હંમેશાં સ્વતંત્ર રહેવા ઇચ્છે છે અને તેમાં ગમે તેવી ઉપકારક બુદ્ધિથી પણ જો કોઈ વચ્ચે પડે છે તો અથડામણ ઊભી થયા વિના રહેતી નથી. અને તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ મુનિઓ માટે 'ઇચ્છા' સામાચારી બતાવી છે. અને તેમાં સામાનું હિત કરવું હોય તોપણ તેમાં તેની ઇચ્છા કરાવ્યા પછી કરવું એવી આજ્ઞા છે. કારણ કે હિત પણ સામાની ઇચ્છા કરાવ્યા વગર થઈ શકતું નથી. અને જો થઈ શકતું હોત તો દયા સાગર શ્રી તીર્થંકર દેવોએ ક્યારનાય સર્વ જીવોને મોક્ષમાં પહોંચાડી દીધા હોત.

જો સામો મુદ્દલ ઇચ્છતો જ નથી, છતાં આપણે ઉપકાર કરવા જઈએ છીએ, તો તેમાં સ્વ-પરનું હિત નહિ, પણ એકાંત અહિત જ રહેલું છે.

ઇચ્છા એ એક એવી વસ્તુ છે કે તે જાગ્યા પછી માણસ બહુ જ હર્ષભેર તદનુરૂપ પ્રવૃત્તિ કરે છે.

ઇચ્છાથી જ જીવ કરવતથી પોતાનું શરીર કપાવે છે.

ઇચ્છાથી જ જીવ સળગતી ચિતામાં ઝંપલાવી દે છે.

ઇચ્છાશક્તિ મુક્તિ માટેનો પ્રબળ પુરુષાર્થ જીવ પાસે કરાવે છે.

માટે શ્રી તીર્થંકર ભગવંતોએ મોટે ભાગે પ્રથમ ઇચ્છા કરાવ્યા પછી જ કાર્ય કરાવવાનું ફરમાવ્યું છે.

એથી વિરુદ્ધ ઇચ્છા કરાવ્યા સિવાય, નાનામાં નાનું પણ કોઈ કાર્ય કરાવવું તે આરાધકને વિરાધક બનાવવા જેવું છે.

અનિચ્છાએ કરાવેલાં મોટાં મોટાં કાર્યો પણ પરિણામે એટલાં દીપતાં નથી, જેટલાં ઇચ્છાપૂર્વક કરાવેલાં નાનાં કાર્યો દીપે છે.

ગુરુકુળવાસમાં વસતા મુનિએ, ગુરુકુળવાસમાં રહેતા અન્ય મુનિઓ પાસેથી કંઈ ને કંઈ સાર ગ્રહણ કરવાની વૃત્તિ પણ રાખવી જોઈએ.

જે આત્મા મુનિધર્મને સ્વીકાર કરે છે તે આત્મામાં કોઈ ને કોઈ પ્રકારની વિશેષતા ઘણું કરીને હોય જ છે.

જે મુનિ બને છે તેમાં, ઓછામાં ઓછો એકાદ ગુણ તો એવો નૈસર્ગિક હોવો સંભવે છે કે જે બીજાને મેળવવા જેવો હોય તો તે ગુણ નાના કે મોટા ગમે તે મુનિમાં હોય. તો તે મેળવવા માટે મુનિએ પ્રયત્ન-શીલ બનવું જોઈએ કે જેથી પરસ્પર વચ્ચે સ્નેહ અને વાત્સલ્ય ભાવની વૃદ્ધિ થાય.

નાના પાસેથી પણ ગુણ ગ્રહણ કરવામાં નાનમ નથી. તેથી મોટાની મહત્તા ઘટતી નથી પણ વધે છે.

જેટલી ઉતાવળ જીવને બીજાને ગુણ આપવાની છે, તેટલી જ ઉતાવળ બીજામાંથી ગુણ ગ્રહણ કરવાની આવી જાય, તો મુનિજીવન ખરેખર ઉજ્જવળ બની જાય.

મુનિપણાને ઉચિત સર્વ ક્રિયાઓ, મુનિ અપ્રમત્તપણે આચરે. ઊંઘ અલ્પ લે. અને તે સિવાયના કાળમાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, જાપ અથવા સ્વ-પરહિતકર કોઈ ને કોઈ ક્રિયામાં જ મગ્ન હોય, પણ એક મિનિટ પણ વેડફે નહિ.

એ પ્રમાણે શ્રી તીર્થંકર દેવની આજ્ઞા મુજબ પાળેલ સંયમ આત્માને સર્વકાળમાં હિતકારી નીવડવા ઉપરાંત અનેક આત્માઓને પ્રેરક તેમ જ ઉપકારક નીવડે છે.

ગુરુકુળવાસમાં વસતા મુનિએ પોતાના આત્મશ્રેય માટે એક બાબત ખાસ ખ્યાલમાં રાખવાની છે કે જે ક્રિયા કરવાથી વિષય અને કષાયની મંદતા થાય તે ક્રિયાની જરા જેટલી પણ ઉપેક્ષા ન થઈ જાય.

જે ક્રિયાઓ કરવાથી વિષય અને કષાય પાતળા પડતા નથી, તે ક્રિયાઓ ગમે તેટલી મોટી હોય, છતાં આરાધનાના માર્ગમાં તેની કોઈ કિંમત નથી, પણ તે માત્ર કાયક્લેશરૂપ અને અર્થહીન બોજારૂપ બને છે.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ ફરમાવેલી વિવિધ પ્રકારની આજ્ઞાઓમાંથી કોઈ પણ આજ્ઞા લઈશું તો તે આજ્ઞાની પાછળ પ્રધાનપણે એ એક જ ભાવ રહેલો પ્રતીત થશે કે, કોઈ પણ રીતે વિષય અને કષાયની મંદતા થાઓ. બસ આ એક જ ધ્વનિ પ્રત્યેક આજ્ઞાના મૂળમાં રહેલો હોય છે.

જે ક્રિયામાં આત્માનું હિત નથી, તે ક્રિયા પરમાર્થથી ક્રિયા જ નથી. લાખો-કરોડોના વેપારમાં જો નફો નથી તો તે વેપાર જેમ નિરર્થક છે, તેમ પરોપકાર માટે ગણાતી મોટામાં મોટી ક્રિયાઓમાં પણ જો આત્મહિતની બુદ્ધિ નથી, તો તે પણ નિરર્થક છે.

છેવટે ઓછામાં ઓછું બોલવું અને વધુમાં વધુ

કામ કરવું એ પ્રમાણે આ લેખના પ્રારંભમાં દર્શાવેલા બે મુદ્દાઓનું અમલીકરણ મુનિજીવનમાં ખાસ જરૂરી છે.

એના વિના યથાર્થ પ્રગતિ શક્ય નથી. વિઘ્નોની પરંપરા ઘટવાને બદલે વધતી જ જાય છે.

આથી આદર્શ મુનિજીવનના ઘડતર માટે ઓછામાં ઓછું બોલવું એ ઉપાય સર્વોત્તમ છે.

'પૂછ્યા વિના કોઈની સાથે બોલવું નહિ.

ખરાબ ઈરાદે પૂછનારને પણ ઉત્તર આપવો નહિ.

જાણવા છતાં બુદ્ધિમાન પુરુષે અનર્થકર બાબતોમાં લોકને વિષે જડની જેમ આચરણ કરવું. તુલાભાવ અપનાવવો જોઈએ.'

ટંકશાળી આ શાસ્ત્રવચનો મુનિએ ગાંઠે બાંધવા જેવાં છે.

તેથી સાધકનું જીવન આદર્શરૂપ બને છે.

•

ઇષ્ટ કે અનિષ્ટ જે કાંઈ બને તેની મન ઉપર કશી અસર ન થવા દેવી તે દૈવી ગુણ છે. પ્રાપ્તમાં સંતોષ એ શુભવૃત્તિ છે. ઇષ્ટાનિષ્ટમાં સમાનભાવ એ આત્માની પરિણતિ છે.

# જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ

## આત્માની બે અવસ્થા

આત્માની શુદ્ધ અવસ્થા એ મોક્ષ છે અને અશુદ્ધ અવસ્થા એ સંસાર છે.

અશુદ્ધ અવસ્થા કે શુદ્ધ અવસ્થા, એ કોઈ વસ્તુની હોય છે.

જીવ એ વસ્તુ છે.

તેની બે અવસ્થા છે.

એક શુદ્ધ અવસ્થા અને બીજી અશુદ્ધ.

## ज्ञानक्रियाभ्यां मोक्षः

અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે, એનો ઉપાય બતાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ, એ સૂત્રની રચના કરી છે.

જીવનો મોક્ષ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નથી, પરંતુ એ બેના સંયોગથી જ છે, એ વાતને આ સૂત્ર સ્પષ્ટપણે દર્શાવે છે.

બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ક્રિયાનિરપેક્ષ જ્ઞાન, એ જ્ઞાન જ નથી અને જ્ઞાન-નિરપેક્ષ ક્રિયા એ ક્રિયા જ નથી.

સાચું જ્ઞાન ક્રિયા સહિત જ હોય છે.

સાચી ક્રિયા, જ્ઞાનપૂર્વક જ થાય છે.

એ રીતે ક્રિયા અને જ્ઞાન, જળ અને રસની જેમ પરસ્પર મળેલાં જ હોય છે.

જળ અને તેનો રસ એ જેમ છૂટાં પાડી શકાતાં નથી, તેમ સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા પણ એક-બીજાથી જુદાં પાડી શકાતાં નથી.

સંપત્તિહીન દરિદ્ર માણસ જો ચિંતામણિ રત્નના સ્વરૂપને જાણનારો હોય તો તેની પ્રાપ્તિના ઉપાયને છોડીને બીજી પ્રવૃત્તિ કરી શકે જ નહિ અને જો કરે તો તે ચિંતામણિ રત્નના સ્વરૂપને જાણનારો છે એમ કહેવાય જ નહિ.

તેમ અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, અશુદ્ધ અવ-સ્થાના દુઃખને અને શુદ્ધ અવસ્થાના સુખને ખરેખર જાણતો હોય, તો અશુદ્ધ અવસ્થા ટાળીને શુદ્ધ અવસ્થા મેળવવાના ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા સિવાય રહી શકે જ નહિ.

એ ઉપાયનું નામ જ ક્રિયા છે.

તથા શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાનાં સ્વરૂપનું સાચું ભાન તેનું નામ જ જ્ઞાન છે.

જેમ મોક્ષની બાબતમાં તેમ સંસારના પ્રત્યેક કાર્યની સિદ્ધિમાં પણ જ્ઞાન અને ક્રિયા પરસ્પર મળેલાં જ હોય છે.

### આંધળા અને પાંગળાનું દૃષ્ટાન્ત

શાસ્ત્રમાં એ માટે આંધળા તથા પાંગળાનું એક દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

એક ગામમાં આગ લાગવાથી, ગામના બીજા બધા માણસો તો પોતાનો જીવ બચાવવા માટે ભાગી છૂટયા, પણ એક આંધળો હતો તે આંખે નહિ દેખી શકવાથી અને એક પાંગળો હતો તે દેખવા છતાં પણ પગ નહિ હોવાથી આગનું સ્થાન છોડી શકયો નહિ અને આગમાં ભસ્મીભૂત થઈ ગયા.

જો તેઓ પરસ્પર મળી શકયા હોત અને આંધળાએ પાંગળાની અને પાંગળાએ આંધળાની મદદ લીધી હોત તો બંને બચી શકયા હોત.

આ દૃષ્ટાંતનો સાર એ છે કે ક્રિયા વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વગરની ક્રિયા આંધળી છે.

એ બેનો પરસ્પર સંયોગ ન થાય તો બંનેનો નાશ થાય.

અર્થાત્ એકલા ક્રિયાવાન કે એકલા જ્ઞાનવાનનો, આ સંસારરૂપી આગમાં નાશ થયા વિના રહે નહિ.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં એકલા જ્ઞાનનો કે એકલી ક્રિયાનો પક્ષપાત જીવને શાથી થાય છે, તેનાં પણ કારણો છે.

અને તે એ છે કે, શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ગાતી વખતે ક્રિયાની તુચ્છતા બતાવી હોય છે અને ક્રિયાનો મહિમા ગાતી વખતે જ્ઞાનની નિઃસારતા વર્ણવી હોય છે.

## જીવના બે દોષ

અશુદ્ધ જીવને અનાદિની અશુદ્ધતાના કારણે બે દોષો ઘર કરી ગયા હોય છે.

એક તો શુભ ક્રિયામાં આળસ અને અશુભ ક્રિયામાં તત્પરતા.

બીજો દોષ તે આત્મસ્વરૂપનું અજ્ઞાન અને પરસ્વરૂપમાં આત્મસ્વરૂપનો ભ્રમ.

આ બે દોષ, જીવમાં એવા જડ ઘાલીને બેઠા હોય છે કે તે જ્યારે જ્ઞાનનો મહિમા સાંભળે છે, ત્યારે ક્રિયામાં આળસુ બની જાય છે અને જ્યારે ક્રિયાનો મહિમા સાંભળે છે, ત્યારે જ્ઞાન પ્રત્યે ઉપેક્ષા ભાવવાળો બની જાય છે.

જીવની આવી અશુદ્ધ દશામાં, જ્યારે તેને જેવા ઉપદેશકનો સંયોગ મળે છે, ત્યારે તે તેવા દોષવાળો બની જાય છે. એવી દશામાં તેની શુદ્ધિ થવી તો દૂર રહી જાય છે, કિન્તુ અનાદિ કાળથી લાગેલા એક યા બીજા દોષની અધિક ને અધિક પુષ્ટિ થવાથી તે વધારે ને વધારે અશુદ્ધ થતો જાય છે.

જ્યારે તેને શુદ્ધ ઉપદેશક ગુરુ મળે અને બેમાંથી એક પણ દોષ પુષ્ટ ન થઈ જાય તેવી સાવધાનીપૂર્વક ઉપદેશ આપે ત્યારે તે જો સચેતન હોય તો જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરનારો થાય. અશુદ્ધિનો નાશ કરી, શુદ્ધિને પામી શકે.

અહીં જ્ઞાનથી આત્મસ્વરૂપનું જ્ઞાન લેવાનું છે અને

ક્રિયાથી હિંસાદિ અશુભ ક્રિયાઓનું નિવારણ કરનારી ક્રિયાઓ સમજવાની છે.

મોક્ષમાર્ગમાં આત્મજ્ઞાનશૂન્ય જ્ઞાન, સમગ્ર જગતનું થાય, તોપણ તેની કાંઈ જ કિંમત નથી.

અને સાક્ષાત્ કે પરંપરાએ અહિંસાદિ ભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓ સિવાયની ક્રિયાઓ (ધર્મ, પરલોક કે પરોપકારાદિ કોઈ પણ નામે) ચાહે તેટલી સંખ્યામાં થાય, તોપણ તેનું કશું જ મૂલ્ય નથી.

દેશ, સમાજ કે ધર્મની ઉન્નતિના નામે આત્મ-જ્ઞાનશૂન્ય જ્ઞાન કે કેળવણીનો વિકાસ એ જેમ મોક્ષમાર્ગ નથી, તેમ જ્ઞાન, વૈરાગ્ય કે અધ્યાત્મ આદિના નામે અહિંસાદિ શુભ ભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓનો નિષેધ એ પણ મોક્ષમાર્ગ નથી.

આત્માર્થી જીવોએ તે બંનેનું યથાર્થ સ્વરૂપ સમજીને, તે બંનેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યા વિના યથાશક્ય આરાધક જીવન ગાળવા નિરંતર પ્રયાસ કરવો જોઈએ.

# પ્રતિદિન અવશ્ય કરવા લાયક સામાયિકની ક્રિયા

## સામાયિક એટલે શું ?

સમભાવની પ્રાપ્તિ તે સામાયિક કહેવાય છે.

જગતના સમસ્ત પદાર્થોના મૂળ દ્રવ્યનો વિચાર કરવામાં આવે અને વિનાશશીલ એવા પર્યાયનું ગ્રહણ ન કરાય અથવા ભેદભાવ અને વિવેકબુદ્ધિ વડે પદાર્થના સ્વરૂપનો ખ્યાલ કરી મધ્યસ્થ ભાવવાળા રહેવાય તે સામાયિક છે.

સામાયિક એ આત્માનો જ સ્વાભાવિક ગુણ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ આત્માના મૂળ ગુણો છે. તેની સાથે બીજા પણ અનંત ગુણો બતાવ્યા છે.

તેમાં સામાયિક એ મુખ્ય ગુણ છે, એ ગુણ પ્રાપ્ત થવાથી કર્મબંધ થતો અટકે છે. કારણ કે કર્મબંધનું કારણ મમત્વભાવ છે. તેનો સમત્વભાવ વડે મૂળથી નાશ થાય છે.

એ સમત્વભાવ તે સામાયિક છે.

## દ્રવ્ય અને ભાવ સામાયિક

આવા ભાય સામાયિકની પ્રાપ્તિ માટે શાસ્ત્રકાર ભગવંતોએ દ્રવ્ય-સામાયિકનો વિધિ દર્શાવ્યો છે.

દ્રવ્ય તે ભાવનું નિમિત્ત છે.

જે જે દ્રવ્ય ક્રિયાઓ છે, તે દરેકની પાછળ ઉત્તમ ભાવનાઓ રહેલી છે.

સામાયિકનો સમાવેશ ચારિત્રમાં થાય છે અને ચારિત્ર તે રત્નત્રયીરૂપ ગુણમાંનો એક મૂળ ગુણ છે.

દ્રવ્યથી ચારિત્ર વ્રત–નિયમરૂપ છે.

ભાવથી આત્માના સ્વરૂપમાં નિરંતર રમણ કરવાની ક્રિયારૂપ છે.

મતલબ કે દ્રવ્ય-સામાયિક એ ભાવ-સામાયિકનું મંગળ પ્રવેશદ્વાર છે.

ભાવ-સામાયિકનો અર્થ એ છે કે, ચિદાનંદમય આત્મસ્વરૂપમાં નિર્વિકલ્પપણે, ઉદાસીનભાવે લીન થવું.

આવું સામાયિક સકળ કર્મનો ક્ષય કરવાવાળું છે.

ભાવ-સામાયિક એવા પ્રકારનું છે. કે, તે દરેક પ્રવૃત્તિ-નિવૃત્તિમાં આપોઆપ થયા કરે છે. માત્ર આત્માની દિશાનું વલણ તે તરફ થવું જોઈએ. મન-વચન-કાયાની પ્રવૃત્તિ જ એવા પ્રકારની થઈ જવી જોઈએ કે જેથી ક્રમે ક્રમે આત્મિક ગુણોનો વિકાસ થતો રહે. એ ભાવ-સામાયિકના પ્રાગટ્યનું રહસ્ય છે.

## ખરું સામાયિક

'સમ' એટલે સમતાભાવ.

'આય' એટલે લાભ.

મતલબ કે જે ક્રિયા કરવાથી સમતા – સમભાવની

પ્રાપ્તિ થાય તે ક્રિયાને સામાયિક કહે છે.

'સમતા-ગંગા મગનતા ઉદાસીનતા જાત.' સમતા-રૂપી ગંગામાં મગ્નતા થવાથી જે ઉદાસીનતાભાવ પ્રાપ્ત થાય, તે ખરું સામાયિક છે.

સર્વ પ્રાણીઓને વિષે સમતા, ઇન્દ્રિયોના પાંચ વિષયો પ્રત્યે સમતા, સર્વ પદાર્થો વિષે સમતા અને સર્વ ચિત્તવૃત્તિઓ પ્રત્યે સમતા, એ સામાયિક છે.

## શ્રી નવકારનું સ્વરૂપ

આવા અનુપમ સામાયિકમાં પ્રવેશ, શ્રી નવકારના સ્મરણપૂર્વક કરવાનો હોય છે.

સાચા સામાયિક માટે સાચો 'નમસ્કાર' જરૂરી છે જ.

આ જગતમાં એવી એક પણ બાબત નથી કે જેનો સમાવેશ, મહામંત્ર શ્રી નવકારમાં ન થતો હોય. શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોનું યથાર્થ સ્વરૂપ જાણ્યું, તો જગતમાં બીજી કોઈ બાબત જાણવાની રહી જતી નથી.

સઘળાં તત્ત્વો, દ્રવ્યો અને સિદ્ધાન્તો શ્રી પંચ-પરમેષ્ઠીના મૂળ સ્વરૂપમાં સમાઈ જાય છે.

સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ સમજાઈ જાય, તો કર્મનું સ્વરૂપ સમજાઈ જાય. કર્મના સ્વરૂપને સમજવાની સાથે પુદ્ગલ પરમાણુનું સ્વરૂપ સમજાય, કર્મને બાંધનાર જીવનું સ્વરૂપ સમજાય. સાથે ધર્મ, અધર્મ, કાળ અને આકાશ દ્રવ્ય પણ સમજાય.

ષડ્ દ્રવ્યનું સ્વરૂપ સમજાય એટલે શ્રી અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ સમજાય. અને એ બે બાબત સમજાય એટલે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ સમજાઈ જાય.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી નવકાર મંત્રનું યથાર્થ જ્ઞાન થાય તો એવો કોઈ પણ પદાર્થ નથી કે જેનું જ્ઞાન, શ્રી નવકારમંત્રની બહાર રહી જાય.

સકળ શાસ્ત્રોનું રહસ્ય કહો કે ચૌદ પૂર્વનો સાર કહો, તો પણ આ શ્રી નવકાર જ છે.

એટલે આ મહામંત્રનો પાઠ ભણીને સામાયિક કરવાનું વિધાન થયેલું છે.

## શ્રી અરિહંતનું સ્વરૂપ

મહામંત્ર શ્રી નવકારનું પ્રથમ પદ – 'નમો અરિહં-તાણં'' શ્રી અરિહંત–નમસ્કારવાચી છે.

'અરિહંત'ની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે,–

'रागादि दोषान् कर्मशत्रून् वा जयतीति जिनो, हन्ति इति अरिहंतः ।'

જે રાગદ્વેષાદિ અઢારે દૂષણો અથવા કર્મરૂપી શત્રુનો નાશ કરી વિજય મેળવે અને કર્મથી મુક્ત થાય તે અરિહંત.

ઘાતી કર્મોના ક્ષય વિના કેવળજ્ઞાન થતું નથી. તેથી પહેલાં ઘાતી કર્મોરૂપી શત્રુનો નાશ અને પછી

તીર્થંકર નામકર્મનો ઉદય, એ બે જેને હોય તે 'અરિહંત' છે.

કેવળજ્ઞાનના પ્રાગટ્ય પછી શ્રી અરિહંતો જગતના જીવોને ધર્મનો ઉપદેશ આપી, કર્મથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે. તીર્થની સ્થાપના કરે છે.

એ રીતે ઉપદેશ વડે ભવ્ય જીવોને ઉપકારી શ્રી અરિહંત જ હોવાથી તથા સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ સમજાવનાર પણ શ્રી અરિહંત હોવાથી — ઉપકારકપણા વડે — તેમનું ગ્રહણ પ્રથમપદે થાય છે.

પરમ ઉપકારીને પ્રથમ નમવાથી વિનયરૂપી મહાન ગુણના અધિકારી બનાય છે.

### વિનયનું સ્વરૂપ અને ફળ

હવે તે 'વિનય'નું સ્વરૂપ તેમ જ ફળ જોઈએ.

विणयाहिया विज्जा दिंति फलं इहपरलोअम्मि।
न फलंति विणयहिणा सस्साणि व तोयहिणाणि ॥

અર્થ : વિનયથી પ્રાપ્ત થયેલી વિદ્યા આ લોક અને પરલોકને વિષે ફળદાયી થાય છે. વિનયહીન વિદ્યા, પાણી વિનાના ધાન્યની જેમ ફળદાયી થતી નથી.

'आयरियनमुक्कारा विज्जा मंता य सिज्झंति।'

'જિનેશ્વરોની ભક્તિના પ્રભાવે જેમ પૂર્વસંચિત કર્મો નાશ પામે છે' તેમ 'આચાર્યોના નમસ્કાર વડે વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે.'

એ કારણે સૌ પ્રથમ ગુરુઓને વંદન, વિનય,

વેયાવચ્ચ અને નમસ્કાર કરવો જરૂરી છે. દરેક પ્રકારની ધર્મક્રિયા ગુરુવંદનપૂર્વક અને ગુરુસાક્ષીએ કરવી જોઈએ.

ક્ષમાશ્રમણ–ક્ષમાપ્રધાન, દશવિધ યતિધર્મને પાળનાર તપોનિરત સાધુ ભગવંત ગુરુસ્થાને છે.

સામાયિક આદિ ધર્મક્રિયાઓમાં જેટલું મહત્ત્વ શ્રી નવકારસ્મરણનું તેમ જ ગુરુવંદનનું છે, તેટલું જ મહત્ત્વ ઇરિયાવહી પડિક્કમવાનું છે.

## ઇરિયાવહી

વસ્ત્રને રંગ ચડાવવો હોય તો પ્રથમ તેને ધોઈને સ્વચ્છ કરવું જોઈએ. શુદ્ધ થયેલ વસ્ત્ર પર મનમાન્યો રંગ ચડાવી શકાય છે, તેમ દરેક ક્રિયાના પ્રારંભમાં પાપ અને દોષથી મુક્ત થવા માટે ઇરિયાવહી પડિક્કમવી જોઈએ, એવો શિષ્ટ સંપ્રદાય છે.

ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ ઇરિયાવહી પડિકમ્યા વિના કલ્પે નહિ.

'ઈરિયાપથ' એટલે ચાલવાનો માર્ગ. અથવા સાધુ, શ્રાવકનો માર્ગ.

તેમાં પ્રવર્તતાં થયેલા, લાગી ગયેલા દોષથી મુક્ત થવાની જે ક્રિયા તે ઈરિયાવહી.

તેમાં 'મિચ્છામિ દુક્કડમ્' પદ આંતરિક પશ્ચાત્તાપ-સૂચક છે.

'અશક્ય પરિહારને લઈને કોઈ પણ જીવને ત્રાસ ઉપજાવ્યો હોય, તે સર્વે મિથ્યા થાઓ.' અર્થાત્ 'એ

દોષથી હું મુક્ત થાઉં.' એવી તેમાં ભાવના છે.

અલ્પ દોષથી પણ આત્માને મુક્ત કરવા માટે કેટલો 'ઉપયોગ' રાખવાની જરૂર છે, તે નીચેના ભેદોથી સમજાશે.

'મિચ્છામિ દુક્કડમ્' અર્થાત્ 'મારુ' દુષ્કૃત મિથ્યા થાઓ' એ પદથી કર્મબંધનનું દ્વાર બંધ થાય છે એ સાચું, પરંતુ એ દ્વાર બંધ રાખવા માટે જરૂરી ઉપયોગમય અવસ્થામાં સહેજ પણ સ્ખલના યા પ્રમાદ સેવાઈ જાય છે. કુલ ૧૮૨૪૧૨૦ ભેદે આત્માને દોષ લાગી જાય, કર્મનો બંધ પડી જાય.

આ ૧૮૨૪૧૨૦ ભેદની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે:

૫૬૩ જીવભેદ.

તેને 'અભિહયા' આદિ ૧૦ પદે ગુણતાં ૫૬૩૦ થાય.

તેને રાગ અને દ્વેષ વડે ગુણતાં ૧૧૨૬૦ થાય.

તેને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ વડે ગુણતાં ૩૩૭૮૦ થાય.

તેને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ વડે ગુણતાં ૧૦૧૩૪૦ થાય.

૧૦૧૩૪૦ ને ત્રણ કાળના ત્રિકરણયોગે ગુણતાં ૩૦૪૦૨૦ થાય.

તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા એ ૬ વડે ગુણતાં કુલ ૧૮૨૪૧૨૦ થાય.

આટલા ભેદે લાગતા દોષથી બચવા માટે, આત્માને

મુક્ત રાખવા માટે કેવા ઉપયોગની જરૂર ગણાય તે સમજાય તેવું છે.

ઉપયોગપૂર્વક આપેલા મિચ્છામિ દુક્કડમ્થી આત્મા શુદ્ધ થાય, એમાં આશ્ચર્ય નથી.

દરેક જીવ પ્રત્યે મૈત્રીભાવ કેળવવા માટે આ 'મિચ્છામિ દુક્કડમ્' ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપે છે. જો તે સમજીને કરાય તો આંતરિક પરિણામની શુદ્ધિ કરાવી શુભ ધ્યાન વડે ઘોર પાપનો પણ એક ક્ષણવારમાં જ વિનાશ કરી આપે છે.

સ્નાન કરીને શુદ્ધ થયા પછી ગૃહસ્થો વસ્ત્રાલંકાર ધારણ કરે છે તેમ ઇરિયાવહી પડિકમ્યા પછી, 'તસ્સ-ઉત્તરી' સૂત્રનો પાઠ ભણાય છે.

અન્ય જીવો પ્રત્યે થતાં પાપનો પ્રતિબંધ થયા પછી, આત્મા અંતરથી પણ વિશુદ્ધ થઈને પાપકર્મથી સર્વથા રહિત થાય એ હેતુથી કાયાનો દરેક જાતનો વ્યાપાર અટકાવીને કાયોત્સર્ગ કરવાનો છે.

ઇર્યાપથિકી (ઇરિયાવહી) સૂત્ર પરદયાને સૂચવે છે.

'તસ્સઉત્તરી' સૂત્ર સ્વદયાનું ભાન કરાવે છે.

કાયોત્સર્ગની ક્રિયા યોગપ્રધાનતા સૂચવે છે.

બીજાઓ જે યોગ પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરે છે, તે યોગની ઉત્તમ પ્રકારની ક્રિયા જૈનોને વારસામાં મળેલી છે.

કાયોત્સર્ગ ધ્યાનની ક્રિયા છે.

બંને સૂત્રો વડે આત્માની શુદ્ધિ કર્યા પછી

ધર્મપ્રવર્તક, પરમોપકારી શ્રી તીર્થંકર ભગવંતોને નમન કરવારૂપી સ્તુતિનું કાર્ય કરવું જોઈએ.

સ્તુતિ વડે જીવ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિ-લાભને મેળવે છે.

આલંબન ઉપર જીવની પરિણતિનો આધાર છે. અને ત્રણ જગતમાં સર્વશ્રેષ્ઠ આલંબન શ્રી તીર્થંકર પરમાત્માનું છે. એટલે જેમાં ચોવીસે તીર્થંકર ભગવંતોની સ્તુતિ સમાયેલી છે, તે 'લોગસ્સ' સૂત્રને વારંવાર સ્થાન અપાયું છે.

એટલે સામાયિકની પ્રતિજ્ઞા પૂર્વે લોગસ્સ સૂત્ર ભણવું પડે છે.

આ સૂત્ર ઉપર પુનઃ પુનઃ ચિંતન-મનન કરવાથી, શ્રી તીર્થંકર ભગવંતોએ જેવી રીતે પોતાનાં કર્મોનો ક્ષય કર્યો, તેવી રીતે આત્માને કર્મથી મુક્ત થવાનો માર્ગ મળી આવે છે.

### સામાયિકની પ્રતિજ્ઞા

પૂરી બે ઘડી (૪૮ મિનિટ) સુધી સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા તે સામાયિકની પ્રતિજ્ઞા છે.

ત્રણ યોગ (મનોયોગ, વચનયોગ, કાયયોગ) ત્રણ કરણ વડે સર્વ સાવદ્ય(પાપ)વ્યાપારનો ત્યાગ કરવો તે યથાર્થ સમભાવ છે.

પૂર્વે સેવેલાં પાપકર્મોની નિંદા, વર્તમાનમાં તેનો ત્યાગ અને ભવિષ્યમાં નહિ કરવાની ભાવના તેમાં દર્શાવાય છે.

'પડિક્કમામિ' એ વૈરાગ્યવાચક છે.

'પડિક્કમામિ' એટલે હું પ્રતિક્રમું છું.

પ્રતિક્રમવું એટલે પાપથી પાછા પડવું.

પાપથી પાછા પડવામાં વૈરાગ્ય સમાયેલો હોય છે.

નિંદા એ જ્ઞાનવાચક છે.

જ્ઞાન એ કુપથ્ય-ત્યાગ માટે છે.

ગર્હા એ શ્રદ્ધાવાચક છે.

શ્રદ્ધા એ પથ્યસેવનતુલ્ય છે.

વ્યુત્સર્ગ એ ચારિત્રવાચક છે.

ચારિત્ર એ રસાયણસેવન છે.

અહીં તપ એ સર્વ રસાયણમાં શ્રેષ્ઠ મકરધ્વજતુલ્ય છે.

પછી ત્રણ નવકાર ગણવાના છે.

ત્રણ નવકારમાં પ્રથમ એ પ્રારંભ મંગળ છે, બીજો સ્વાધ્યાયરૂપ છે અને ત્રીજો સમાધિ મંગળરૂપ છે.

પ્રથમ મંગળ વડે વિઘ્નનાશ, મધ્યમંગળ વડે સ્થિરીકરણ અને અંત્યમંગળ વડે શિષ્ય-પ્રશિષ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે.

બધી ક્રિયા ગુરુસાક્ષીએ કરવાથી ફળીભૂત થાય છે.

ગુરુ મહારાજની ઉપસ્થિતિ હોય તો તેમની પુણ્ય-નિશ્રામાં અને અનુપસ્થિતિ હોય તો સ્થાપનાચાર્યજી ભગવંત સન્મુખ દરેક ક્રિયા થવી જોઈએ.

આ રીતે થતી સામાયિકની ક્રિયા, અમૃતક્રિયારૂપે પરિણમી આત્માને સર્વ કર્મમુક્ત બનાવી, પરમપદનો ભાગી બનાવે છે.

# અદ્વેષ, મૈત્રી અને નિર્વિષય મન

## તત્ત્વની પ્રાપ્તિમાં પાયાનો ગુણ

તત્ત્વવિષયક જિજ્ઞાસા પહેલાં અદ્વેષ અને જિજ્ઞાસા પછી શુશ્રૂષા હોય તો તે તાત્ત્વિક બને છે.

'યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું.'

એમ પૂ. શ્રી યશોવિજયજી મહારાજ દ્વેષ પાપસ્થાનકની સજ્ઝાયમાં કહે છે.

યોગની આઠ દૃષ્ટિઓમાં પ્રથમ મિત્રા દૃષ્ટિમાં 'અદ્વેષ' ગુણ પ્રગટે છે.

પછી તારા, બલ, દીપ્રા વગેરે દૃષ્ટિઓમાં અનુક્રમે જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ વગેરે ગુણો પ્રગટે છે.

યોગની પૂર્વસેવામાં પણ દેવપૂજા, સદાચાર અને તપની સાથે ચોથો 'મુક્ત્યદ્વેષ' (મુક્તિનો અદ્વેષ) ગુણ મુખ્ય માન્યો છે.

અભવ્યોને અખંડ શ્રમણપણાના પાલનથી નવ ગ્રૈવેયક પર્યંતની પ્રાપ્તિ કહી છે, ત્યાં પણ મુક્તિનો અદ્વેષ તત્કાલ પૂરતો તેઓને હોય છે. તેના બળથી જ તે ક્રિયા તેમને ગ્રૈવેયકની પ્રાપ્તિ કરાવે છે.

આ બધો વિચાર કરતાં તત્ત્વની પ્રાપ્તિમાં પાયાનો ગુણ 'અદ્વેષ' છે.

## 'અદ્વેષ' એ શું પદાર્થ છે?

અદ્વેષ પછી જ સાચી જિજ્ઞાસા, પછી શુશ્રૂષા અને શુશ્રૂષા પછી જ શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહાપોહ, અર્થ-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન માનેલાં છે.

અદ્વેષ ગુણની પ્રાપ્તિ પછી જ બધા ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે.

તો 'અદ્વેષ' એ શું પદાર્થ છે?

જીવને અનાદિકાલીન દુઃખ (પદાર્થ) ઉપર દ્વેષ છે અને દુઃખના મૂળ 'પાપ' ઉપર પ્રેમ છે.

એ રીતે સુખ (પદાર્થ) ઉપર પ્રીતિ છે, પણ સુખનું જે મૂળ છે તે 'ધર્મ' ઉપર દ્વેષ છે.

'पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादराः ॥'

એ રીતે જ્ઞાની પુરુષોએ માનવીની સાધારણ વૃત્તિનું નિદાન કર્યું છે.

ધર્મ ઉપરનો આ દ્વેષ અજ્ઞાનજન્ય છે અને તે (દ્વેષ) ધર્મ, ધર્મી અને ધર્મનાં સાધનો પ્રત્યે હોય છે.

સાચું સુખ મુક્તિમાં છે.

પરંતુ અનાદિ અજ્ઞાન અને મિથ્યાત્વના કારણે જીવને મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ-પ્રસ્થિત મહાપુરુષો ઉપર અનુરાગને બદલે દ્વેષ હોય છે. તે દ્વેષ

પહેલાં ટળવો જોઈએ.

મુક્તિના રાગમાં તો મુક્તિને મેળવી આપવાનું સામર્થ્ય છે જ, પણ મુક્તિ પ્રત્યે અદ્વેષ પણ આવી જાય, તોપણ સંસારના ઉચ્ચ કોટિનાં સુખ આપવાનું સામર્થ્ય તેમાં છે જ.

તે દ્વેષ ટાળવાનો અને અદ્વેષ કેળવવાનો પ્રાથમિક ઉપાય શું છે? તેના વિચારમાંથી માર્ગાનુસારિતાના ગુણોનું વર્ણન છે.

### ન્યાયયુક્ત વ્યવહારનો પાયો

તેમાં પ્રથમથી જ વૈભવ, વિવાહ, આહાર આદિ પ્રત્યેક ક્રિયામાં 'ન્યાયબુદ્ધિ'ને આગળ કરેલ છે.

ન્યાયયુક્ત વૈભવ, ન્યાયયુક્ત વિવાહ, ન્યાયયુક્ત વેષ, ન્યયાયુક્ત વ્યય, સ્થાન, સંગ આદિનું વર્ણન છે.

આ ન્યાયયુક્ત વ્યવહારનો પાયો શો છે, તેને ટૂંકમાં કહેવું હોય તો 'આત્મૌપમ્યભાવ' છે, એમ કહેવાય.

માર્ગાનુસારિતાથી માંડીને આગળની ભૂમિકાવાળાને દાન, દયા, પૂજન, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મનાં જેટલાં અંગો છે, તે બધાંયમાં 'આત્મૌપમ્યભાવ'નો ક્રમિક વિકાસ છે.

એ ક્રમિક વિકાસનું ધ્યેય સિદ્ધ થાય તો તે ભાવ-ધર્મ છે અને ન થાય તો તે દ્રવ્યધર્મ છે.

દ્રવ્યધર્મ પણ ભાવધર્મની સિદ્ધિ અર્થે હોય તો પ્રધાન દ્રવ્ય છે અને તે અર્થે ન હોય તો અપ્રધાન દ્રવ્ય છે.

આત્મૌપમ્યભાવ એક બાજુ દ્વેષભાવ ટાળી આપે છે અને બીજી બાજુ સામગ્રીના સદ્ભાવે સ્નેહભાવને વિકસાવે છે.

દ્વેષનો અભાવ અને સ્નેહનો ભાવ – એ બે એક નથી.

દ્વેષનો અભાવ અભવ્યને પણ સંભવે છે. પરંતુ મુક્તિ, મુક્તિમાર્ગ કે મુક્તિમાર્ગ-પ્રસ્થિત મહાપુરુષો તરફ અભવ્યના આત્માને સ્નેહનો ભાવ પ્રગટી શકતો નથી.

## નિર્વિષય મનની સાચી વ્યાખ્યા

ધ્યાનનું એક લક્ષણ 'તત્ત્વાર્થસૂત્ર'માં 'एकाग्रचिन्तानिरोधोध्यानम् ।' એ રીતે કર્યું છે.

ચિત્તવૃત્તિનો કોઈ એક પ્રશસ્ત વિષયમાં નિરોધ કરવો તે ધ્યાન છે.

યોગદર્શન મુજબ વિજાતીય વૃત્તિના અંતરરહિત સજાતીય વૃત્તિનો તૈલધારાવત્ અવિચ્છિન્ન પ્રવાહ (तत्प्रत्ययैकतानता) તેને ધ્યાન કહ્યું છે.

અહીં 'નિર્વિષય' મનને ધ્યાન કહ્યું છે.

નિર્વિષયનો અર્થ નિર્વિકલ્પ અર્થાત્ વૃત્તિરહિત ચિત્ત, એવો થઈ શકે.

વૃત્તિરહિત ચિત્તના ત્રણ અર્થ થઈ શકે. મનોગુપ્તિની વ્યાખ્યામાં તે ત્રણે પ્રકારના ચિત્તનું વર્ણન છે.

### ત્રણ પ્રકારનાં ચિત્ત

विमुक्तकल्पनाजालं = આર્તરૌદ્રધ્યાનથી રહિત
समत्वे सुप्रतिष्ठितं = ધર્મધ્યાનથી સહિત
आत्मारामं मनः = શુકલ ધ્યાનથી યુક્ત.

નયભેદે આ ત્રણે પ્રકારના ચિત્તને 'નિર્વિષય' કહી શકાય અને એ ત્રણેની ઉત્પત્તિ 'આત્મૌપમ્યભાવ'-માંથી થઈ શકે, તેમ જ તેને સામાયિકવાળું ચિત્ત પણ કહી શકાય.

'त्यक्तार्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समता या तां, विदुः सामायिकव्रतम् ॥

અહીં જે બે ઘડીની સમતા 'સામાયિકવ્રત'માં વર્ણવી છે તે અને મનોગુપ્તિમાં ત્રણ પ્રકારના ચિત્તની વૃત્તિ ગણાવી છે તે એક જ છે.

'निर्विषयं चित्तं ध्यानम्' ત્યાં 'શબ્દાદિ વિષયોના ચિંતનનો અભાવ' એટલો જ અર્થ નથી લેવાનો, કિન્તુ ('आत्मारामं मनः') ચિત્તની આત્મારામતા – આત્મરમણ-તા પણ વિવક્ષિત છે.

તે જાતની ચિત્તની વૃત્તિ, વિષયોમાં દોષદર્શન માત્રથી થતી નથી, કિન્તુ સર્વ વિષયોમાં પ્રધાન એવો વિષય 'આત્મા', તેમાં રમણતા કેળવવાથી થાય છે.

અને આત્મારામતા, સર્વ આત્માઓને આત્મતુલ્ય જોવા માત્રથી જ નહિ, પણ સાથોસાથ આત્મામાં રહેલ પરમાત્મતત્ત્વ જોવાથી આવે છે.

અભવ્યના આત્માઓને પણ ગ્રૈવેયકમાં નિર્વિષયતા

આવે છે, પણ આત્મારામતા નથી આવતી.

આત્મારામતા માટે આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થવી જોઈએ. અને એ પ્રીતિ જ સમત્વભાવની તાત્ત્વિક જનેતા છે.

વિષયો પ્રત્યેના વૈરાગ્યથી, 'સમસુખદુઃખતા' આવે છે અને આત્મતત્ત્વનાં પ્રેમથી 'વાસીચંદન કલ્પતા' 'સમશત્રુ-મિત્રતા' પ્રગટે છે.

એ બંને મળીને વાસ્તવિક '**निर्विषयं मन:**' બને છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયોની વિપાક વિરસતા સમજતો હોવાથી મોક્ષને છોડીને બીજી કોઈ વસ્તુ ઉપર પ્રીતિ ધરાવતો નથી.

મોક્ષ ઉપરની પ્રીતિની કસોટી, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ-પ્રસ્થિત મહાપુરુષો ઉપર પ્રીતિ હોવી તે છે.

બીજી બાજુ તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) વિષયાસક્ત (મિથ્યાદૃષ્ટિ) જીવો ઉપર કરુણાબુદ્ધિવાળો હોય છે.

જગતમાં સૌથી વધારે દુઃખી કોણ ? તેના ઉત્તરમાં શ્રી તીર્થંકર પરમાત્માએ ફરમાવ્યું છે કે, 'અવિરત સમ્યગ્દૃષ્ટિ.'

બીજા જીવો સ્વ દુઃખે દુઃખી છે.

જ્યારે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ ચતુર્ગતિમાં ભ્રમણ કરી રહેલા અને મિથ્યાત્વ, અજ્ઞાનાદિથી રિબાતા જીવોના દુઃખે પણ દુઃખી છે. તે બધાંનાં દુઃખોને જાણવા છતાં અને તેનો પ્રતિકાર પણ જાણવા છતાં પોતે કાંઈ કરી શકતો નથી, તેનું તેને દુઃખ (કરુણા) હોય છે.

એ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાભાવથી ભરેલો હોય છે.

તેથી અવિરતિના કારણે તથા બદ્ધાયુષી હોવાથી નરકમાં રહેલા શ્રેણિક આદિના જીવો કાયાથી નરકની પીડા ભોગવવા છતાં ચિત્તથી વજ્રના તંદુલની જેમ અભેદ્ય હોય છે.

તેઓને કાયપીડા છે, પણ ચિત્તની પીડા નથી, તેમનું શારીરિક દુઃખ તેમને આર્ત-રૌદ્રાદિ દુર્ધ્યાનનું કારણ થતું નથી. દુઃખાનુભવ વખતે પણ તેઓમાં વૈરાગ્ય, કરુણા આદિ શુભ ભાવોનું પ્રાબલ્ય વર્તે છે.

'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धने विषयासंगि मुक्तेर्निर्विषयं मनः ॥'

આ શ્લોકમાં કહ્યા મુજબ, વિષયાસક્ત મન બંધનનો હેતુ છે અને 'નિર્વિષય મન' તે મોક્ષનો હેતુ છે.

મિથ્યાદૃષ્ટિ જીવ જિનોક્ત અનુષ્ઠાન કરવા છતાં, તેનું ચિત્ત વિષયાસંગિ હોવાથી, આર્તધ્યાનાદિ કરે છે. અને સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્વિષય મનવાળા હોવાથી સાંસારિક ક્રિયા વખતે પણ ધર્મધ્યાન ટકાવી રાખે છે. ક્રિયામલનો ક્ષય ન હોવા છતાં, ભાવમલનો ક્ષય હોવાથી સંસારની ક્રિયા ઉદયાધીન થઈને કરતા હોય છે. અર્થાત્ તેમને ચારિત્રમોહનો ઉદય છે, પણ મિથ્યાત્વમોહનો નથી. નિશ્ચયનયથી આ વાત બરાબર છે.

પ્રભુજીનું શાસન સપ્તનયસમૂહાત્મક છે.

તેથી વ્યવહારનયે ધર્મ, સાવદ્યના ત્યાગીને છે.

નિશ્ચયનયે ધર્મ, અંતરંગ વિરાગીને છે.

વ્યવહારનય ક્રિયાને પ્રાધાન્ય આપે છે.

નિશ્ચયનય ભાવને પ્રાધાન્ય આપે છે.

ભાવ પણ અવિરતિ સમ્યગ્દૃષ્ટિનો ઋજુસૂત્રનય માને છે.

શબ્દનય પ્રમત્ત સંયતને, સમભિરૂઢનય અપ્રમત્ત-સંયતને અને એવંભૂતનય કેવળી ભગવાનને ધર્મ માને છે.

એ રીતે નયવાદને વિચારવાથી સમાધાન થશે.

'ज्ञान क्रियाभ्यां मोक्षः ।'

હવે મહત્ત્વના આ પદ પર વિચાર કરીએ.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના એકલી સાવદ્ય યોગના ત્યાગની કે તપ, સંયમની ક્રિયાથી મોક્ષ નથી. તેમ તપ, સંયમ અને સાવદ્ય વ્યાપારના ત્યાગની ક્રિયા વિના એકલા જ્ઞાનથી પણ મોક્ષ નથી.

'ज्ञानस्य फलं विरतिः ।'

સાચું જ્ઞાન તે જ છે કે જે સાવદ્યનો ત્યાગ કરાવે છે. આવતાં નવાં કર્મોને રોકે છે અને પૂર્વનાં કર્મને ખપાવે તેવી બધી જ ક્રિયા જ્ઞાનીને પણ ઉપકારક છે, કારણ કે તે વિના જ્ઞાન નિષ્ફળ જાય છે.

જ્ઞાન અમૂર્ત છે. તે મૂર્ત કર્મનો ક્ષય કરી શકે? ક્રિયાકૃત કર્મનો ક્ષય, પ્રતિપક્ષ ક્રિયાથી જ થાય.

જ્ઞાનથી અજ્ઞાન અને મિથ્યાત્વ રોકાય, પણ ક્રિયા-જનિત આસ્રવ ક્રિયાથી જ રોકાય. એ કારણે કેવળી ભગવાનને પણ યોગનિરોધાખ્ય ક્રિયા કરવા વડે જ મોક્ષ થાય છે.

જ્ઞાનના સ્થાને જ્ઞાનનું બળ છે અને ક્રિયાના સ્થાને ક્રિયાનું બળ છે. જ્ઞાન વડે ઉપયોગશુદ્ધિ થાય, તોપણ યોગશુદ્ધિ ક્રિયા વડે જ થાય.

જ્ઞાન થયા પછી પણ ધર્મમાં — તપ, સંયમમાં વીર્ય ન ફોરવવું તે એક પ્રકારે મોહનો જ ઉદય છે.

મન-વચન-કાયાના યોગોની શુદ્ધિને રોકનાર પ્રમાદ-દોષ એ પણ ચારિત્રમોહનો જ ઉદય ગણાય છે. તેથી બંને પ્રકારના મોહને જીતવા માટે જ્ઞાન અને અપ્રમાદ બંને જોઈએ. બેમાંથી એક હોય અને બીજો ઉપાય ન હોય ત્યાં સુધી મોક્ષ થાય નહિ.

એટલે અજ્ઞાનીને જેમ અજ્ઞાન ટાળવા યોગ્ય છે, તેમ પ્રમાદીને પ્રમાદ ટાળવા યોગ્ય છે. બંને ટાળવા યોગ્ય છે, એમ જે માને, તેનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

મોક્ષમાર્ગમાં યોગશુદ્ધિ અને ઉપયોગશુદ્ધિ ગૌણ-મુખ્ય ભાવે સાથે જ ચાલે છે.

અહિંસાદિ વ્રતોના પાલનથી યોગશુદ્ધિ થાય છે અને ભક્તિ, વૈરાગ્યાદિ વડે ઉપયોગશુદ્ધિ થાય છે.

આત્માના બે ગુણ મુખ્ય છે.

એક જ્ઞાન અને બીજો વીર્ય.

વીર્ય ગુણની શુદ્ધિ વ્રતાદિના પાલનથી થાય છે

અને જ્ઞાન ગુણની શુદ્ધિ મૈત્ર્યાદિ ભાવો વડે થાય છે.

વૈરાગ્યભાવ, માધ્યસ્થ્યભાવની અંતર્ગત છે.

એક માધ્યસ્થ્ય પાપી પ્રત્યે છે, બીજું પુદ્ગલ પ્રત્યે છે.

## જીવમાત્ર પ્રત્યે મૈત્રી જોઈએ

ગુણી પ્રત્યેની મૈત્રી, ભક્તિ વડે અભિવ્યક્ત થાય છે. દુઃખી પ્રત્યેની (મૈત્રી) કરુણા વડે અને પાપી પ્રત્યેની મૈત્રી ઉપેક્ષા વડે.

જીવાદિ તત્ત્વના સમ્યગ્ જ્ઞાનથી પુદ્ગલ પ્રત્યે વૈરાગ્ય અને જીવ તત્ત્વ પ્રત્યે મૈત્રી-સ્નેહ-પરિણામ જાગે છે, તે જ નિર્વિષય મનની સાચી વ્યાખ્યા છે.

'નિર્વિષયં મનઃ ધ્યાનમ્।' એ વાક્ય ધર્મધ્યાનને જણાવવા માટે છે. અને તે, શુકલ ધ્યાનને પણ જણાવે છે.

શ્રી જિનશાસનમાં સામાયિકવાળું ચિત્ત એ જ ધર્મધ્યાન છે. અને શુકલ ધ્યાનનું કારણ પણ તે જ છે.

નિર્વિષયનો અર્થ નિરનુબંધ પણ થઈ શકે.

જેમાં કર્મનો અનુબંધ નથી, કર્મબંધનની પરંપરા ચાલતી નથી, તે નિરનુબંધ મન છે.

એવું મન સામાયિકયુક્ત ચિત્તને જ કહી શકાય.

## સામાયિક

સામાયિક ચાર પ્રકારનાં કહ્યાં છે.

(૧) સમ્યક્ત્વ સામાયિક; (૨) શ્રુત સામાયિક, (૩) દેશવિરતિ સામાયિક, (૪) સર્વવિરતિ સામાયિક.

સામાયિકયુક્ત ચિત્તને 'વાસીચંદનકલ્પ' પણ કહ્યું છે.

વાંસલાથી કોઈ છોલે કે ચંદનથી કોઈ લેપે (વિલેપન કરે) તોપણ જેની ચિત્તવૃત્તિ સમાન છે તેને વાસી ચંદન તુલ્ય કહેવાય છે.

'સામાયિક' શબ્દ સામ, સમ અને સમ્મ શબ્દોને 'ઇક' પ્રત્યય લગાડવાથી બન્યો છે.

સામ એટલે મધુર પરિણામ.

સમ એટલે તુલાપરિણામ.

સમ્મ એટલે ખીરખાંડયુક્ત પરિણામ.

મધુર પરિણામ એટલે સર્વ જીવોને વિષે મૈત્રી.

તુલા પરિણામ એટલે સુખદુઃખના હેતુઓને વિષે તુલ્ય મનોવૃત્તિ.

અને ખીરખાંડયુક્ત પરિણામ એટલે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું પરસ્પર જોડાણ.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચારે ભાવો મળીને સામાયિકનો પરિણામ બને છે.

પાંચ ભાવયુક્ત જીવમાં પારિણામિક ભાવ એ મૈત્રીભાવનો વિષય છે.

ઔદયિક ભાવ, માધ્યસ્થ્ય અને કરુણા ભાવનો વિષય છે.

ઔપશમિકાદિ ભાવો મુદિતા(પ્રમોદ)ના વિષયો છે.

ઔદયિક ભાવ, તીવ્ર મોહનીય કર્મનો હોય તો તે માધ્યસ્થ્યનો અને વેદનીય, અંતરાયાદિ કર્મનો હોય તો

કરુણાનો વિષય બને છે.

આ રીતે સામાયિકવાળું ચિત્ત જ ધર્મધ્યાનનો વિષય બને છે. અને એ જ ચિત્ત જ્યારે આત્મ રમણતાવાળું બને છે, ત્યારે શુકલરૂપ બનીને ઘાતી કર્મનો ક્ષય કરનારું થાય છે.

તેને વાસીચંદનકલ્પ કહેવામાં બીજી અપેક્ષા એ છે કે, ચંદનને વાંસલાથી છોલવામાં આવે તોપણ છોલનારને, તે શીતળતા અને સુગંધ આપે છે, તેમ સામાયિકયુક્ત ચિત્તવાળા મહાત્માઓ અપકાર કરનાર પર પણ અનુકંપાવાળા બને છે. અને ઉપકાર કરનારા થાય છે.

આ રીતે દુઃખ પ્રત્યે અદ્વેષ, જીવ પ્રત્યે મૈત્રી અને સામાયિકવાળું ચિત્ત એ ત્રણે પરસ્પર એવી રીતે જોડાયેલાં છે કે એકનો સદ્ભાવ, બાકીના બેનો સુયોગ કરાવીને જીવને શિવપદનો ભાગી બનાવે છે.

•

વિવેકથી પ્રવૃત્તિ અને સમજણથી નિવૃત્તિ એ શાંતિની જનેતા છે. અવિવેકીની પ્રવૃત્તિ અને અજ્ઞાનીની નિવૃત્તિ એ અશાંતિની જનેતા છે.

# પરમાત્મધ્યાનનાં ચાર માધ્યમ

नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥ १ ॥

પોતાના નામ, આકૃતિ દ્રવ્ય અને ભાવ દ્વારા જે અરિહંત પરમાત્માઓ સમગ્ર વિશ્વમાં, સર્વ કાળે જગતના જીવોને પવિત્ર બનાવે છે તે શ્રી અરિહંતોની અમે ભાવપૂર્વક ઉપાસના કરીએ છીએ.

નામજિન – સ્થાપના જિન – દ્રવ્યજિન અને ભાવજિનના ભેદથી શ્રી અરિહંત ચાર પ્રકારના હોય છે.

૧. નામજિન : જિનેશ્વર પરમાત્માનું નામ જેમ કે શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી વર્ધમાનસ્વામી વગેરે.

૨. સ્થાપના જિન : શ્રી જિનેશ્વર પરમાત્માની મૂર્તિ.

૩. દ્રવ્યજિન : શ્રી જિનેશ્વરપદને પામનાર જીવો જેમ કે ભવિષ્યમાં તીર્થંકર પરમાત્મા થનારા શ્રી કૃષ્ણ વાસુદેવ, શ્રી શ્રેણિક મહારાજા વગેરે અને શ્રીઋષભાદિક ચોવીસ શ્રી તીર્થંકર ભગવંતો વગેરે. જેઓ જિનપદ પામીને અત્યારે સિદ્ધ થયેલા છે. તે બધા દ્રવ્યજિન છે.

૪. ભાવજિન : સમવસરણમાં બિરાજમાન થઈને પોતાની નિર્મળ વાણી વડે ભવ્ય જીવોના સંદેહ દૂર કરી

રહ્યા છે, શ્રી સીમંધરસ્વામી આદિ વિહરમાન જિનેશ્વરો.

સમવસરણમાં સ્થિત શ્રી જિનેશ્વર ભગવંતો ભાવ નિક્ષેપ વડે જેમ ત્રણ જગતના જીવોને પવિત્ર કરી રહ્યા છે, તેમ તેમના નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ અને પૂર્વોત્તર અવસ્થારૂપ દ્રવ્ય-નિક્ષેપની ઉપાસના દ્વારા પણ ભવ્ય જીવો પરમ વિશુદ્ધ ભાવ ઉત્પન્ન કરી આત્માને નિર્મળ બનાવી શકે છે.

વર્તમાન કાળમાં આપણા ભરતક્ષેત્રમાં ભાવ જિનેશ્વરદેવનો વિરહ હોવા છતાં તેમના નામ, આકૃતિ અને દ્રવ્યની ઉપાસના દ્વારા તેમના સાક્ષાત્ સ્વરૂપની ઉપાસનાથી જેવી નિર્મળતા અનુભવી શકીએ, તેવી જ નિર્મળતાનો અનુભવ કરી શકાય છે.

શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત ચૈત્ય વંદનમાં એક સ્થળે ફરમાવ્યું છે કે—

'નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી<br>
દ્રવ્યે ભવમાંહી વસે, પણ ન કળે કિમહી ॥ ૧ ॥<br>
ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવનમાં ત્રિકાલે,<br>
તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે ॥ ૨ ॥

નામરૂપે અને સ્થાપનારૂપે પરમાત્મા સર્વદા વિદ્યમાન છે, દ્રવ્યરૂપે પણ તેઓ વિશ્વમાં વિદ્યમાન છતાં ઓળખાતા નથી, ભાવરૂપે તો અર્થાત્ અરિહંતપણે તો પરમાત્મા જગતમાં ત્રણે કાળમાં વિદ્યમાન હોય છે.

સર્વ શ્રી તીર્થંકર ભગવંતોમાં આયુષ્ય, શરીરમાન વગેરેનો ભેદ છતાં આર્હન્ત્ય સમાન ભાવે રહેલું છે, તે

અપેક્ષાએ સર્વ અરિહંતોની એકરૂપતા છે. એવા પરબ્રહ્મ પરમાત્માને ત્રિકરણ યોગની શુદ્ધિપૂર્વક ભાલસ્થળે બે હાથ જોડીને નમસ્કાર કરીએ.

## નામ-અરિહંત દ્વારા પ્રભુની ઉપાસના

શાસ્ત્રોમાં પ્રભુના નામનો અચિન્ત્ય મહિમા વર્ણવેલો છે. સર્વ આસ્તિક દર્શનકારો પોતપોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરીને પોતાના જીવને ધન્ય અને કૃતાર્થ બનાવે છે. નામસ્મરણ એ પ્રભુના ધ્યાનનો સરળમાં સરળ ઉપાય હોવાથી બાળ-વૃદ્ધ સહુને તે એકસરખું ઉપકારક થાય છે.

જનદર્શનમાં શ્રી નમસ્કાર મહામંત્રનો અચિંત્ય મહિમા વર્ણવેલો છે, તે નામસ્મરણનો જ મહિમા સમજવો. જૈન ધર્મમાં જન્મેલાને સૌ પ્રથમ શિક્ષણ શ્રી નમસ્કાર મહામંત્રનું જ આપવામાં આવે છે. અને પ્રત્યેક ધર્મક્રિયાના પ્રારંભમાં તેને ગણવાનું વિધાન છે, તે નામ-નિક્ષેપ વડે થતી એક પ્રકારની પ્રભુની ઉપાસના જ છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે તે દ્વાદશાંગનો સાર છે, ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે. સર્વ પાપોનો સમૂળ નાશ કરનાર છે, સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે. તેમ જ સ્વર્ગ અને અપવર્ગનાં સુખોનું તે મૂળ મંગળ છે. વિધિપૂર્વકની એ મહામંત્રની આરાધના શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવે છે. એ બધો પ્રતાપ નામ-નિક્ષેપ વડે થતી પ્રભુની આરાધનાનો છે.

શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી ફરમાવે છે કે—

'आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,
नामापि पाति भवतो भवतो जगन्ति ।'

હે પ્રભો ! તારા ગુણ-સ્તવનનો મહિમા તો અચિંત્ય છે જ, પરંતુ તારું નામસ્મરણ પણ ભવ્ય જીવોને સંસારના ભયથી રક્ષણ કરે છે.

શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગ સૂરિજી ફરમાવે છે કે—

'त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरन्तः
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ।

તારા નામરૂપી મંત્રનું સ્મરણ કરનારા જીવો શીઘ્રપણે સ્વયમેવ બંધનના ભયથી મુક્ત થાય છે.

શ્રી અરિહંત પરમાત્માનું નામ એ તેમનો મંત્રાત્મક દેહ છે. મોક્ષગમન સમયે સર્વ શ્રી અરિહંતો વિશ્વના જીવોના ઉદ્ધાર માટે પોતાનું મંત્રાત્મક શરીર આ જગતમાં મૂકતા જાય છે કે જે વડે તેમની ગેરહાજરીમાં પણ સાધક તેનું આલંબન લઈને, સર્વ પાપોનો ક્ષય કરી મુક્તિપદને મેળવી શકે અર્થાત્ ભાવ અરિહંતરૂપ સ્વ-આત્મ-સ્વરૂપનાં દર્શન કરી સકળ કર્મથી મુક્ત થઈ શકે.

નામ અરિહંત એ અક્ષરાત્મક છે.

અક્ષર એ મંત્ર સ્વરૂપ છે.

મંત્ર સૂત્ર, તત્ત્વથી નાદ સ્વરૂપ છે.

જ્યારે "અર્હં" આદિ મંત્ર નાદરૂપે પરિણમે છે,

ત્યારે આ દેહમાં જ પરમાનંદનો અનુભવ થાય છે.

આ પ્રમાણે એ મંત્રપ્રયોગની સાધના એ પણ નામઅરિહંતની જ આરાધના છે.

'અર્હં' આદિ મંત્રના ધ્યાનમાં એકાકાર બનવાથી શ્રી અરિહંત પરમાત્મા સાથે એકાકારતા સધાય છે.

'અરિહંત' એ શબ્દ શ્રી અરિહંત પરમાત્માનો વાચક હોવાથી કથંચિત્ અરિહંત સ્વરૂપ છે. તેથી શ્રી અરિહંતના ધ્યાનમાં તન્મય બનેલો સાધક પણ ઉપયોગથી અરિહંત બને છે અને અરિહંતાકાર ઉપયોગ, સર્વપાપનો નાશ કરવા સમર્થ છે.

અન્ય સ્થળે વાણીના ચાર પ્રકાર બતાવ્યા છે:

(૧) વૈખરી, (૨) મધ્યમા, (૩) પશ્યન્તી અને (૪) પરા. આ ચારે પ્રકારની વાણી, ઉત્તરોત્તર અધિક ફળવતી છે.

(૧) વૈખરી વાણી તે મુખગતા છે.

પરમાત્માના નામનો ભાષ્ય જાપ તેમજ સ્તુતિ, સ્તોત્ર વગેરે સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલવામાં આવે, તે વૈખરી વાણી છે.

(૨) મધ્યમા વાણી તે કંઠગતા છે. તેના વડે ઉપાંશુ જાપ થાય છે.

ઉપાંશુ એટલે જેમાં માત્ર હોઠ અને જિહ્વા જ ચાલતાં હોય તે.

આ જાપ વખતે મંત્રના અક્ષરોનો ધ્વનિ, સાધક પોતે જ સાંભળી શકે છે. પાસે બેઠેલી વ્યક્તિને પણ તે સંભળાય નહિ, એવી રીતે તે જાપ કરવાનો હોય છે.

(૩) પશ્યન્તી વાણી હૃદયગતા છે.

માનસજાપ તથા કાયોત્સર્ગાદિ વખતે આ હૃદય-ગતા પશ્યન્તી વાણીનો ઉપયોગ થાય છે.

(૪) પરા વાણી નાભિગતા છે.

આ વાણી વડે જ્યારે જાપ થાય છે, ત્યારે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેયની એકતા સધાય છે. અર્થાત્ ધ્યાતા પોતાના આત્માને ધ્યેય સ્વરૂપે નિહાળે છે.

આ રીતે નામનિક્ષેપ વડે થતું શ્રી અરિહંતનું ધ્યાન, સ્મરણ, ચિંતન આદિ કર્મક્ષયનું અસાધારણ કારણ બને છે.

### સ્થાપના-નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ

નામની જેમ આકૃતિ પણ વસ્તુનો જ પર્યાય હોવાથી વસ્તુમાં જ રહે છે.

શ્રી અરિહંત પરમાત્માની શાન્ત રસમયી મનોહર મૂર્તિ પણ શ્રી અરિહંત સ્વરૂપે છે. અને એમના અનંત ગુણોનો જ સાક્ષાત્કાર કરાવે છે. વીતરાગના અનંત ગુણો અરૂપી હોવા છતાં મૂર્તિ દ્વારા તે મૂર્ત થાય છે.

જ્ઞાન અરૂપી હોવા છતાં જેમ રૂપી અક્ષરો દ્વારા વ્યક્ત થાય છે, તેમ શ્રી જિનપ્રતિમા દ્વારા, શ્રી જિનેશ્વર-દેવમાં રહેલા વીતરાગતાદિ ગુણો અભિવ્યક્ત થાય છે. તે કારણે શ્રી જિનાગમોમાં શ્રી જિનની મૂર્તિને જિનેશ્વર તુલ્ય કહી છે.

સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન, વંદન, પૂજન, સ્તવન કે ધ્યાનાદિ કરવાથી આત્મવિશુદ્ધિરૂપ જે ફળ મળે

છે, તે જ ફળ શ્રી જિનપ્રતિમાના દર્શન, વંદન, પૂજન, સ્મરણ અને ધ્યાનાદિથી મળે છે.

શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિના દર્શન વડે તેમની પૂર્ણ પ્રભુતાનું જ્ઞાન થાય છે, તે વખતે આત્મદ્રવ્યની તુલ્યતા હોવાથી સ્વાત્મામાં પણ તેવી પ્રભુતા રહેલી છે, તેનું ભાન થાય છે, તેની રુચિ પ્રગટે છે અને તે રુચિ અનુસાર આદર-બહુમાન જાગે છે.

અનુક્રમે વીર્યોલ્લાસ વધતાં જ્યારે પરમાત્માના ધ્યાનમાં તન્મયતા સધાય છે, ત્યારે ધ્યાતા પોતાને ધ્યેય સ્વરૂપે અનુભવે છે.

એ અરિહંત પરમાત્માની મૂર્તિ, એ શ્રી અરિહંત પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. તેથી તેને રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

આકાર જ્યોતિરૂપ છે, જ્યોતિ જ્ઞાનમય છે અને જ્ઞાન આત્મમય છે. તત્ત્વથી તે ત્રણની એકતા હોવાથી તેનો અનુભવ પરમાત્માનું સાક્ષાત્ દર્શન કરાવનાર થાય છે.

## દ્રવ્ય-નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ

શ્રી અરિહંત પરમાત્માની પૂર્વ એટલે પહેલાંની અવસ્થા અને ઉત્તર એટલે પછીની અવસ્થા, એ દ્રવ્ય અરિહંત છે.

સિદ્ધ અવસ્થાને પામેલા અરિહંતો જેમ દ્રવ્યજિન છે, તેમ ભવિષ્ય કાળમાં તીર્થંકર થનારા શ્રી શ્રેણિક, કૃષ્ણાદિના જીવો પણ દ્રવ્યજિન છે.

ચતુર્વિધ શ્રી સંઘમાં આવા ઉત્તમ આત્માઓ હંમેશાં ગુપ્તપણે હોય છે. તેમને ઓળખવાનું કામ ઘણું અઘરું હોવા છતાં, સંઘભક્તિ અને સાધર્મિક વાત્સલ્ય દ્વારા તેમની ભક્તિ થઈ શકે છે. તેમની ભક્તિ તે વસ્તુતઃ શ્રી તીર્થંકર દેવની જ ભક્તિ છે.

શ્રી સંઘ એ શ્રી અરિહંતાદિ ઉત્તમ પુરુષરત્નોની ખાણ છે, તેથી તીર્થંકરોને પણ પૂજ્ય છે.

સમવસરણમાં બિરાજમાન થતી વખતે શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ 'નમો તિત્થસ્સ' પદનો ઉચ્ચાર કરવા-પૂર્વક તીર્થને અર્થાત્ ચતુર્વિધ શ્રી સંઘને નમસ્કાર કરે છે. ચતુર્વિધ શ્રી સંઘ એ તીર્થ છે. તીર્થને સ્થાપનારા શ્રી તીર્થંકર દેવો છે, તેઓ પણ તીર્થને નમે છે.

નિરાશંસભાવે કરેલી તીર્થભક્તિ જ તીર્થંકર પદ પ્રાપ્ત કરાવે છે. શ્રી ઉપદેશપદાદિ મહાગ્રંથોમાં કહ્યું છે કે જે આરાધક આશંસા રહિત બની ચૈત્ય, કુલ, ગણ કે સંઘની ભક્તિ કરે છે, તે પ્રત્યેક બુદ્ધ, ગણધરપદ અને યાવત્ શ્રી તીર્થંકર પદને પામે છે.

### ભાવ-નિક્ષેપે થતી શ્રી અરિહંતની ભક્તિ

સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મદેશના દેનાર, વિચરતા શ્રી જિનેશ્વરદેવ 'નો આગળ'થી ભાવનિક્ષેપે અરિહંત સ્વરૂપ છે.

વર્તમાન કાળે, શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધરસ્વામી આદિ વીસ વિહરમાન શ્રી જિનેશ્વરદેવો

ભાવ-અરિહંત કહેવાય છે.

તે ભાવ-અરિહંતના ધ્યાનમાં તન્મય બનેલો ધ્યાતા પણ અરિહંતના ઉપયોગમાં ઉપયુક્ત હોવાથી તે સમયે તે 'આગમ'થી ભાવ-અરિહંત કહેવાય છે. કેમ કે તે સમયે તેના હૃદયમાં અરિહંતનો ભાવ વર્તે છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યની વૃત્તિમાં કહ્યું છે કે, નામાદિ ભેદથી આચાર્ય ચાર પ્રકારના છે. તેમાં આચાર્યના ઉપયોગરૂપ જે ભાવાચાર્ય છે, તે તો શિષ્યના મનમાં વર્તે છે, માટે ગુરુનો વિરહ સિદ્ધ થતો નથી.

એ જ રીતે સાક્ષાત્ શ્રી અરિહંત ભગવંતના વિરહમાં પણ, શ્રી અરિહંત પરમાત્માના ગુણોમાં ઉપયોગવાળા સાધકના દેહમાં ઉપયોગરૂપે ભાવ-અરિહંત વર્તે છે, તેથી શ્રી અરિહંત પરમાત્માનો વિરહ સાધકને હોતો નથી.

વળી ભાવપણે સર્વ જીવો સમાન છે. સર્વ જીવોની સત્તા શુદ્ધ સંગ્રહ નયથી સિદ્ધ સમાન છે. આત્મત્વ જાતિ એક જ છે. શુદ્ધ ગુણ-પર્યાયમયી આત્મસત્તા પલટાઈને કોઈ કાળે પણ અનાત્મસ્વરૂપ – અચેતન બનતી નથી, એટલે ચેતનાની અપેક્ષાએ જીવોનો એક જ ભેદ છે.

સંસારી જીવોની શુદ્ધ આત્મસત્તા, કર્મથી આવૃત હોવા છતાં આઠ રુચક પ્રદેશોની અપેક્ષાએ સદા નિરાવરણ છે; તેથી સાધક જ્યારે ભાવ-અરિહંતના ધ્યાનમાં પોતાની મનોવૃત્તિઓને તદાકાર બનાવે છે, ત્યારે પોતે પરમાત્મા

સ્વરૂપે પરિણમે છે. કહ્યું છે કે,

'भावाद् भावप्रसूति'

ભાવથી ભાવની ઉત્પત્તિ થાય છે. જેમ પ્રગટ દીપકના પ્રકાશ સાથે એકમેક થવાથી બીજો અપ્રગટ દીવો પણ પ્રકાશિત બની અન્ય દીવાઓને પણ, પોતાના સમાન બનાવવા સમર્થ બને છે, તેમ કેવળજ્ઞાન-જ્યોતિથી પ્રકાશમાન એવા પરમાત્મા સાથે તન્મય બનેલો અંતરાત્મા પણ પરમાત્મ-જ્યોતિને પ્રાપ્ત કરે છે.

કહ્યું છે કે, જે સ્વયં જિનસ્વરૂપ થઈ જિનનું ધ્યાન કરે છે, તે જિન બને છે.

આગમથી ભાવનિક્ષેપે અરિહંત બનનાર 'નો આગમ'થી પણ ભાવનિક્ષેપે અરિહંત બની શકે છે.

'આગમ'થી એટલે ઉપયોગરૂપી અને 'નો આગમ'થી એટલે સાક્ષાત્ સ્વરૂપે, ભાવ-અરિહંતના ધ્યાનમાં ઉપયુક્ત બનેલો સમ્યગ્દષ્ટિ ધ્યાતા પણ, તે ઉપયોગ વડે શ્રી અરિહંતપદની આરાધના કરી સાક્ષાત્ અરિહંત સ્વરૂપ બને છે. કહ્યું છે કે—

'आगमाभिहित सर्वज्ञ स्वरूपोपयोगोपयुक्तस्य तदुपयोगानन्यवृत्तेः परमार्थतः सर्वज्ञ स्वरूपत्वात् ।' —ષોડશક વૃત્તિ

આગમમાં બતાવેલ શ્રી તીર્થંકરના સ્વરૂપમાં ઉપયુક્ત સાધક એ વસ્તુતઃ તીર્થંકર સ્વરૂપ છે; કારણ કે તે ઉપયોગ સાથે તેની અભેદવૃત્તિ છે.

એ રીતે સાક્ષાત્ શ્રી તીર્થંકર પરમાત્માની જેમ શ્રી તીર્થંકર પરમાત્માનું નામ, મૂર્તિ, વાણી તથા ચતુર્વિધ શ્રી સંઘ પણ કથંચિત્ શ્રી તીર્થંકર સ્વરૂપ છે, એમ સૂક્ષ્મ બુદ્ધિ વડે સમજી, જેઓ નામાદિ ચારે નિક્ષેપોથી શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ અને ઉપાસના કરે છે, તેઓ શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિના અધિકારી બની અપૂર્વ આત્મકલ્યાણને સાધનારા થાય છે.

દેવવંદન અને પ્રતિક્રમણ આદિ સૂત્રોમાં પણ નામાદિ નિક્ષેપ વડે શ્રી જિનેશ્વર ભગવંતોની ભક્તિ કરવાનું વિધાન છે.

જેમ કે શ્રી 'લોગસ્સ' સૂત્ર દ્વારા નામ જિનની આરાધના થાય છે, 'અરિહંત ચેઇયાણં' સૂત્ર દ્વારા સ્થાપના જિનની આરાધના થાય છે, 'નમુત્થુણં' સૂત્ર દ્વારા ભાવજિનની આરધના થાય છે અને 'સિદ્ધાણં-બુદ્ધાણં' આદિ સૂત્રો દ્વારા દ્રવ્ય જિનની આરાધના થાય છે.

વળી કહ્યું છે કે—

'परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।
अर्हद्ध्यानाविष्टे भावार्हन् स्यात् स्वयं तस्मात् ॥'

જે ભાવ વડે જીવ પરિણામે છે, તે ભાવ સાથે તન્મય થઈ જાય છે. એથી જ શ્રી અરિહંત પરમાત્માના ધ્યાનમાં તન્મય થયેલો આત્મા સ્વયં અરિહંત બને છે.

સ્ફટિકમણિ જેમ તેની સામે રહેલી વસ્તુના સ્વરૂપને ધારણ કરે છે તે ન્યાયે આત્મા પોતાને જે સ્વરૂપે ધ્યાવે

છે, તે સ્વરૂપવાળો બને છે. રાગી અને દ્વેષીનું ધ્યાન કરનાર રાગી-દ્વેષી બને છે અને શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરનાર વીતરાગ સ્વરૂપને પામે છે.

બીજી રીતે ધ્યેયના ચાર પ્રકાર બતાવ્યા છે.

(૧) નામ ધ્યેય—ધ્યાનના વિષયભૂત વાચ્ય અર્થાત્ અભિધેય પદાર્થના વાચકને નામ ધ્યેય કહે છે. તે આદિ, મધ્ય અને અંત એમ સકળ વાઙ્મય(શાસ્ત્ર)માં વ્યાપીને રહેલું છે.

'અ'કારથી 'હ'કાર સુધીના અક્ષરો ઉભય લોકના ફળને આપનારા પરમ શક્તિશાળી મંત્રો છે. મૂલાધારાદિ ચક્રોમાં તેનું ધ્યાન કરવું જોઈએ. તેને નામ ધ્યેય યા પદસ્થ ધ્યાન કહે છે.

(૨) સ્થાપના ધ્યેય — વાચ્ય — અભિધેય પદાર્થની આકૃતિ—પ્રતિમાને સ્થાપના ધ્યેય કહે છે. શ્રી આગમોમાં વર્ણવેલા શાશ્વતા-અશાશ્વતા શ્રી જિનબિંબોનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ધ્યાન કરવું, તેને રૂપસ્થ ધ્યાન કહે છે.

(૩) દ્રવ્ય ધ્યેય — ગુણપર્યાયવાળું હોય તેને દ્રવ્ય કહે છે. પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત હોય છે. વિવક્ષિત સમયે ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો નાશ થાય છે અને દ્રવ્યરૂપે કાયમ રહે છે.

અનાદિ, અનંત જીવ અને અજીવ દ્રવ્યોમાં સ્વ-પર્યાયો, જળમાં જળતરંગોની જેમ ઉત્પન્ન થાય છે અને તેમાં જ વિલય પામે છે, એમ વિચારવું તે દ્રવ્ય-ધ્યેય છે.

(૪) ભાવ ધ્યેય — સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે. તેથી જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરાય એમાં ધ્યાન વિષયીભૂત આત્માનું શુદ્ધ ચૈતન્ય તે ભાવ ધ્યેય છે.

સર્વ તેજોમાં પ્રધાન તેજરૂપ અને સર્વ જ્યોતિઓમાં પ્રધાન જ્યોતિરૂપ, શ્રી અરિહંત પરમાત્માનું શિવસુખની પ્રાપ્તિ માટે ધ્યાન ધરવું જોઈએ. તેઓ વીતરાગ હોવા છતાં ધ્યાતા — મુમુક્ષુઓને — સ્વર્ગ અને અપવર્ગનાં ઉત્તમ ફળોને આપનારા છે. તેઓની એવી જ સ્વાભાવિક શક્તિ છે.

આ પ્રમાણે નામાદિ ભેદથી ધ્યેયના ચાર પ્રકાર પડે છે. પદસ્થ ધ્યાનમાં નામ ધ્યેય, રૂપસ્થ ધ્યાનમાં સ્થાપના-ધ્યેય, પિંડસ્થ ધ્યાનમાં દ્રવ્ય ધ્યેય અને રૂપાતીત ધ્યાનમાં ભાવ ધ્યેયનો સમાવેશ થાય છે.

●

જે શ્રદ્ધા અને સમજપૂર્વક નિર્મળ ભાવ વડે આત્મ-સ્વરૂપને ઓળખી, તેમાં લયલીન થઈ જવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે છે તે ધર્મી છે.

# મૂર્તિ અને મંત્ર

સઘળાં દુઃખનું મૂળ જે આત્મ-અજ્ઞાન અને સઘળાં સુખનું મૂળ જે આત્મજ્ઞાન, તે અનુક્રમે ટાળવા અને આપવા માટે જ જિનમૂર્તિ અને જિન-આગમનું અસ્તિત્વ છે.

આગમથી આત્મ-અજ્ઞાન ટળે છે. મૂર્તિથી આત્મજ્ઞાન મળે છે.

આગમના ઉપદેશક શ્રી તીર્થંકર, ગણધરો છે. તેથી શ્રી તીર્થંકર, ગણધરોનું અસ્તિત્વ પણ આત્મજ્ઞાન માટે છે. શ્રી તીર્થંકર, ગણધરોની ઉત્પત્તિ પણ સિદ્ધ-પણાનું અસ્તિત્વ છે, તેથી છે. સિદ્ધ-ગતિનો માર્ગ બતાવવા માટે અને સિદ્ધગતિ પામવા માટે જ તેમનો પ્રકાશ છે. તેથી પરંપરાએ સિદ્ધ પરમાત્મા જ સર્વના ઉપકારક છે.

સિદ્ધ પરમાત્મા અનાદિ અનંત છે અને તેમનું અસ્તિત્વ જીવોને નિગોદમાંથી બહાર કાઢવાથી માંડીને સિદ્ધ પદ સુધી પહોંચાડવા માટે સતત ક્રિયાશીલ છે. અક્રિયપદ હોવા છતાં, ક્રિયામાત્રનું પ્રયોજક સિદ્ધ પદ છે, એ એક કોયડો છે. બધાનો હેતુ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન થવાના વિવિધ ઉપાયો અને વિવિધ કારણોનો

સંગ્રહ તે જૈનશાસન છે. તેમાં મૂર્તિ અને મંત્ર મુખ્ય છે. શીઘ્રપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનાં તે સર્વોત્તમ સાધનો છે. કેમ કે તે બંનેમાં આત્મજ્ઞાની મહાપુરુષોનું પૂજન, સ્મરણ, ધ્યાન અને તે દ્વારા આત્મજ્ઞાનની સિદ્ધિ રહેલી છે.

આગમ આપ્તવચનરૂપ છે. તે બંનેના મહત્ત્વને બતાવે છે અને ચતુર્વિધ શ્રી સંઘમાં ઉપદેશ દ્વારા એકવાક્યતા જાળવી રાખે છે.

પદસ્થ ધ્યાનનું મૂળ, મંત્ર છે.
રૂપસ્થ ધ્યાનનું મૂળ, મૂર્તિ છે.
મંત્ર જિહ્વાથી જપાય છે.
મૂર્તિ ચક્ષુથી જોવાય છે.

જિહ્વા દ્વારા થતા મંત્રજાપ વડે અને ચક્ષુ દ્વારા થતા મૂર્તિનાં દર્શન વડે યોગનાં આઠે અંગોનું સેવન થાય છે.

પ્રથમનાં પાંચ અંગ બહિરંગ સાધન છે. પછીનાં ત્રણ અંગ અંતરંગ સાધન છે.

બહિરંગ સાધનરૂપ બાહ્ય સંયમ એ ઇન્દ્રિયોનો અને પરંપરાએ પ્રાણ અને દેહનો સંયમ છે.

અંતરંગ સાધનરૂપ અંતરંગ સંયમ એ મન અને પરંગરાએ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉપર સંયમ છે.

બહિરિન્દ્રિયનો સંયમ જેમ સંયમ છે, તેમ મનઃ-સંયમ પણ 'સંયમ' શબ્દ વાચ્ય છે.

બાહ્યાભ્યંતર ઉભય સંયમની સામગ્રી પૂરી પાડવાનું

સામર્થ્ય મૂર્તિ અને મંત્રમાં રહેલું છે.

### મૂર્તિમાં શુદ્ધ આત્મદ્રવ્યનું મૂર્ત સ્વરૂપ

ભગવાનની મૂર્તિ એ શુદ્ધ આત્મદ્રવ્યનું જ મૂર્ત સ્વરૂપ છે.

મૂર્તિ તે સ્થાપના છે. આત્મદ્રવ્ય એ સાક્ષાત્ પરમાત્મા છે.

પર્યાયને ગૌણ બનાવીને, આત્મદ્રવ્ય તરફ જ્યારે દૃષ્ટિ વાળવામાં આવે, ત્યારે તે આત્મદ્રવ્ય સિદ્ધ પરમાત્માનું હો કે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવાત્માનું હો, બંને સમાન છે.

ભગવાનની મૂર્તિમાં સિદ્ધ પરમાત્મા સદૃશ પોતાનું આત્મદ્રવ્ય છે, એવો નિશ્ચય જેઓને થયેલો છે તેવા પંચ મહાવ્રતધારી આચાર્યપદ પર્યંત પહોંચેલા મહાપુરુષો દ્વારા પ્રાણ-પ્રતિષ્ઠા કરાવાય છે, તેથી સિદ્ધ સદૃશ શુદ્ધ આમદ્રવ્યનાં નિરંતર દર્શન કરવા માટે તે મૂર્તિ ભવ્ય જીવોને પરમ આલંબન પૂરું પાડે છે.

પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન, વંદન, પૂજન વિનયાદિ વડે દર્શક, વંદક, પૂજકાદિ સ્વશુદ્ધાત્માનાં દર્શન, વંદન, પૂજન કરે છે, જેનું પરિણામ આત્મદ્રવ્યની સાથે એકત્વની અનુભૂતિમાં પરિણમે છે; જે મુમુક્ષુમાત્રનું પરમ ધ્યેય છે.

ભગવાનની મૂર્તિના દર્શનમાં ચતુર્વિધ શ્રી સંઘના શુદ્ધ આત્મદ્રવ્યનાં દર્શન થાય છે, કેમ કે, ચતુર્વિધ

શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિ, શ્રી જિનેશ્વરદેવના દર્શનના નિયમવાળી હોય છે અને એ દેવના દર્શનમાં પોતાના પાપનો નાશ અને મંગળનો લાભ માને છે.

પાપનો નાશ થવાથી સમ્યગ્દર્શનનો લાભ થાય છે, તે જ મંગળનો લાભ છે.

સમ્યગ્દર્શન એટલે સ્વ-સ્વરૂપનું યથાર્થ દર્શન.

આત્માનું શુદ્ધ સ્વરૂપ તેના દ્રવ્યમાં છુપાયેલું છે. તે દ્રવ્ય સર્વ જીવોમાં રહેલું છે; તેના અજ્ઞાનના પ્રભાવે જ સંસાર અને તેના જ્ઞાનના પ્રભાવે જ મોક્ષ છે.

સંસાર અને મોક્ષ, પુણ્ય અને પાપ, સુખ અને દુઃખ એ બધું આત્મજ્ઞાન અને આત્મઅજ્ઞાનનું જ ફળ છે.

શુદ્ધ આત્માનું જ્ઞાન દ્રવ્યરૂપે એક છે, તેનું સ્થાપન મૂર્તિમાં થયેલું હોય છે. તેથી મૂર્તિના દર્શનમાં સમગ્ર વિશ્વના શુદ્ધાત્મ-દ્રવ્યનું દર્શન થાય છે. એ દર્શન રાગ-દ્વેષરૂપી મળનો નાશ કરી શુદ્ધ સ્વરૂપની અભિવ્યક્તિ કરે છે.

મૂર્તિના દર્શનમાં સ્વરૂપનાં દર્શન છે. સ્વરૂપની સાથે એકત્વની અનુભૂતિનો ભાવ મૂર્તિમાં આરોપિત કરેલો છે. તે આરોપ એ અભેદારોપ છે. અભેદારોપ એટલે એકતાની અનુભૂતિનો ભાવ, તેનું મૂર્ત સ્વરૂપ તે મૂર્તિ.

શબ્દમાં જેમ સંકેતગ્રહ શબ્દબોધનું કારણ છે, તેમ મૂર્તિમાં અભેદારોપ એ ઉપાસનાનું બીજ છે.

## પ્રતિષ્ઠાવિધિ અને પ્રતિષ્ઠાકારક

મૂર્તિમાં પ્રતિષ્ઠાકારકનો પરમાત્મવિષયક સ્વ-આત્માનો અભેદભાવ આરોપિત થાય છે, તેથી મૂર્તિ તે અભેદભાવના વિષયભૂત પરમાત્માનું સ્મરણ કરાવે છે.

આરોપમાં નિમિત્ત અને પ્રયોજન હોવાં જરૂરી છે. નિમિત્ત સદૃશાકાર છે અને પ્રયોજન પરમાત્માની ઉપાસના, ધ્યાનાદિ છે.

કાષ્ઠ યા પાષાણની મૂર્તિમાં પરમાત્મ સદૃશ આકૃતિ હોવાથી તેમાં આરોપ સહજ બને છે. નિરાલંબનમાં પ્રવૃત્તિ કરવા માટે આલંબન આવશ્યક છે. મૂર્તિ તે આલંબન પૂરું પાડે છે.

પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિના દર્શનથી, પરમાત્મવિષયક સ્વ-આત્માનો અભેદ મૂર્ત સ્વરૂપ ધારણ કરે છે. અમૂર્ત ભાવનું મૂર્ત મૂર્તિમાં સ્થાપન અને મૂર્તિના દર્શનાદિ વડે અમૂર્તભાવનું ભાવન, એ રીતે પરસ્પર કાર્ય-કારણભાવ છે.

મૂર્તિમાં પ્રતિષ્ઠાકારક ભાવાચાર્યની સમાપત્તિનું સ્થાપન થાય છે, સમાપત્તિવિષયક ભાવનું આરોપણ થાય છે, તેથી તે મૂર્તિના દર્શનથી વ્યુત્પન્ન સમ્યગ્દૃષ્ટિને સમાપત્તિનું દર્શન થાય છે. અને વ્યુત્પન્નને પ્રતિષ્ઠાનું પ્રત્યભિજ્ઞાન થાય છે. એટલે કે આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે, એવું જ્ઞાન થવાથી દર્શકને પ્રતિષ્ઠાવિધિ તથા પ્રતિષ્ઠાકારક આચાર્યનું સ્મરણ થાય છે.

પ્રતિષ્ઠાવિધિ, એ પ્રવર્તકતાસંબંધથી પરમાત્માનું જ્ઞાન કરાવે છે અને આચાર્યનું સ્મરણ એ તેમણે સ્થાપેલા ભાવનું સ્મરણ કરાવે છે. ઉભયમાં પરમાત્માનું સ્મરણ અનુસ્યૂત હોવાથી પરમાત્મા સદૃશ આત્માનું સ્મરણ થાય છે. એ સ્મરણ પરંપરાએ મુક્તિહેતુક બને છે અને સાક્ષાત્ ધર્મનું કારણ થાય છે.

## મૂર્તથી અમૂર્ત તરફ

મંત્ર, મૂર્તિ અને પૂજા એ ઉપાસનાનાં મુખ્ય ત્રણ સાધનો છે.

મંત્રમાં વર્ણની પ્રધાનતા છે. મૂર્તિમાં આકારની પ્રધાનતા છે અને એ બે વડે જે પરમ તત્ત્વની ઉપાસના થાય છે, તેનું નામ પૂજા છે.

પૂજા, સત્કાર, સન્માન એ બધા એકાર્થક છે અને ભક્તિ-બહુમાનના ઉત્પાદક છે.

ભક્તિ એ બાહ્ય પ્રતિપત્તિ છે અને બહુમાન એ આંતરપ્રીતિ છે.

બાહ્ય પ્રતિપત્તિ, આંતરપ્રીતિની ઉત્પાદક છે અને આંતરપ્રીતિ બાહ્ય પ્રતિપત્તિની પ્રેરક છે. બાહ્ય અને આંતર એ દ્રવ્ય અને ભાવની જેમ પરસ્પર સંબંધિત છે.

દ્રવ્ય એ કારણ છે અને ભાવ એ કાર્ય છે. એ મુજબ બાહ્ય એ કારણ અને આંતર એ કાર્ય છે. એવી જ રીતે ભાવ એ કારણ અને દ્રવ્ય એ કાર્ય તથા આંતર ભાવ એ કારણ અને બાહ્ય ક્રિયા એ કાર્ય, એમ પરસ્પર એક-

બીજા કાર્યકારણરૂપે પ્રવર્તે છે.

મનુષ્યને અંતર્મુખ થવા માટે આંતર તરફ લઈ જનારાં પ્રતીકો, સાધનો અને બાહ્ય વસ્તુઓ પરમ નિમિત્ત બને છે. એ નિમિત્તો દ્વારા આંતરિક પ્રદેશોમાં જવાનું થાય છે, તેથી તેને સાલંબન ધ્યાન પણ કહે છે.

મૂર્તથી અમૂર્ત તરફ, સાલંબનથી નિરાલંબન તરફ, દ્રવ્યથી ભાવ તરફ, સ્થૂલથી સૂક્ષ્મ તરફ એ ક્રમ છે.

પ્રમત્ત અવસ્થા પર્યંત આલંબન અનિવાર્ય છે. પગથિયાના આલંબનથી જ મેડા ઉપર જવાય છે, દોરડાના ટેકાથી ઊંચે ચડાય છે, એ નિયમ આંતરિક સાધનાને પણ લાગુ પડે છે. એટલા માટે જ કહ્યું છે કે,–

आलंबनादरोद्भूत प्रत्यूह-क्षय-योगतः ।
ध्यानाद्यारोहणे भ्रंशो योगिनां नोपजायते ॥१॥

●

## આટલું તો બની જ શકે !

સર્વ જીવો પરાર્થ-પરાયણ ન બની શકે તો પણ પરાર્થ–પરાયણને હૃદયમાં તો ધારણ કરી શકે. હૃદયમાં ધારણ કરવા એટલે અનુમોદન અને આદરના વિષય બનાવવા ! એ જ રીતે સર્વ જીવો સ્વાર્થનો પરિત્યાગ ન કરી શકે, પણ તેને 'હેય' તો માની શકે. 'હેય' માનવો એટલે નિંદા અને ગર્હાનો વિષય બનાવવો.

## મંત્ર, મૂર્તિ અને આજ્ઞા (આગમ)

શબ્દ વડે વ્યક્ત થતો અભેદ તે મંત્ર છે. સ્થાપના (આકૃતિ) વડે અભિવ્યક્ત થતો અભેદ તે મૂર્તિ છે.

આજ્ઞાપાલન વડે પ્રગટતો અભેદ તે આજ્ઞા—આપ્ત-વચનનું અનુસરણ છે.

એકમાં વાચ્ય-વાચક સંબંધ, બીજામાં સ્થાપ્ય-સ્થાપક સંબંધ અને ત્રીજામાં કાર્ય-કારક સંબંધ પ્રધાન-પણે પોતાનું કાર્ય કરે છે.

મંત્રમાં સકળ શ્રી સંઘની સમાપત્તિ વાચકતા સંબંધથી રહેલી છે. મૂર્તિમાં તે જ સમાપત્તિ સ્થાપકતા સંબંધથી રહેલી છે અને આપ્તવચનમાં તે સમાપત્તિ, કારણના સંબંધથી રહેલી છે.

સ્વ-નિરૂપક વાચ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ મંત્રમાં રહેલ મંત્રત્વની જનની છે.

સ્વ-નિરૂપક સ્થાપ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ મૂર્તિમાં પ્રતિષ્ઠિતત્વ વ્યવહારની ઉત્પાદક છે.

સ્વ-નિરૂપક ભાવાલંબનત્વ સંબંધથી સમાપત્તિ આપ્તવચનના અનુસરણમાં, દ્રવ્યાજ્ઞાપાલનત્વ વ્યવહારની ઉત્પાદક છે.

મતલબ કે મંત્ર વડે જ્ઞાન, મૂર્તિ વડે સમાપત્તિનું દર્શન અને આજ્ઞાપાલન વડે તેનું સમ્યગ્ આચરણ થાય છે.

મૂર્તિમાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એ ભાવને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે.

મંત્રમાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એ અર્થને કહે-નાર શબ્દસમૂહને ગોઠવવામાં આવ્યો છે.

આજ્ઞામાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એવું ધ્યાન કરવાની સામગ્રી પૂરી પાડવામાં આવી છે.

મંત્ર વડે 'પરમાત્મ સદૃશ આત્મા' છે, એ વાતનું મનન અને જ્ઞાન થાય છે, મૂર્તિ વડે તેનું દર્શન થાય છે અને આજ્ઞાપાલનના ભાવ વડે તેનું પ્રત્યક્ષ આચરણ થાય છે.

બધી ક્રિયાઓ, બધી ભાવનાઓ અને બધાં દર્શનોની સફળતા, પરમાત્મ સદૃશ આત્મ તત્ત્વના જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં છે.

આત્મા જ્ઞાનથી જણાય છે, દર્શનથી દેખાય છે અને ચારિત્રથી જિવાય છે. તપથી શુદ્ધ થાય છે.

नाणेण जाणइ भावे दंसणेण च सद्दहइ ।
चरित्तेण निगृण्हाति, तवेण परि सुज्झइ ॥१॥

આત્માનું ધ્યાન પરમાત્માની મૂર્તિમાં, પરમાત્માના નામના મંત્રમાં અને પરમાત્માની આજ્ઞાના પાલનમાં જુદી જુદી રીતે રહેલું છે.

મૂર્તિમાં સ્થાપ્યના સંબંધ વડે, મંત્રમાં વાચ્યના સ્મરણ વડે અને આજ્ઞાપાલનમાં આજ્ઞાકારકના સંબંધ વડે પરમાત્માનું ધ્યાન થાય છે. અને પરમાત્માનું ધ્યાન એ એક પ્રકારે પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે. એ ધ્યાન સિદ્ધ કરવા માટેનું આલંબન મૂર્તિ, મંત્ર અને આગમ પૂરું પાડે છે.

આગમ આપ્તવચનરૂપ છે અને તે વચનના આદ્ય પ્રકાશક શ્રી અરિહંત પરમાત્મા છે. શ્રી અરિહંત પરમાત્માનું અનુષ્ઠાન દ્વારા થતું સ્મરણ જ આત્મામાં પરમાત્મપણાની બુદ્ધિ પેદા કરી આપે છે.

બાહ્યાત્માનો ત્યાગ કરી, પ્રસન્ન ચિત્તવાળા અંતરાત્મા વડે પરમાત્માનું ભાવન કરવાની આજ્ઞા શાસ્ત્રોમાં ઠેરઠેર ફરમાવેલી છે, તેની આરાધના મૂર્તિ, મંત્ર અને આગમ વડે થાય છે.

મંત્ર વડે મનન, મૂર્તિ વડે દર્શન અને આગમ વડે અનુસરણ થાય છે.

મનન મનથી, દર્શન ચક્ષુથી અને અનુસરણ કાયાથી થાય છે.

મંત્રથી મનનનું પરિણામ, સમ્યગ્ જ્ઞાનમાં આવે છે, મૂર્તિથી દર્શન, પૂજન, સ્તુતિ, સ્તોત્રનું પરિણામ સમ્યગ્ દર્શનમાં આવે છે. અને આગમથી થતા અનુસરણનું પરિણામ ચારિત્રમાં આવે છે.

ચારિત્ર ગુણ યોગની સ્થિરતારૂપ છે અને જ્ઞાન-દર્શન ગુણ ઉપયોગની શુદ્ધતારૂપ છે.

મૂર્તિ અને મંત્ર વડે ઉપયોગની શુદ્ધિ થાય છે, આત્માના જ્ઞાન-દર્શન ગુણ નિર્મળ થાય છે. જ્ઞાનની સમજણ, દર્શનની શ્રદ્ધા, સ્પષ્ટ અને દૃઢ થાય છે. મન-વચન-કાયાના વ્યાપારો રૂપ ચારિત્ર ગુણ નિયમિત બને છે. આત્મામાં આત્માની, આત્મા વડે સ્થિરતા તે જ અનુક્રમે ચારિત્ર, દર્શન અને જ્ઞાન ગુણ છે. એ સ્થિરતા પરમાત્મ સ્વરૂપનો પોતાના આત્મામાં જ અનુભવ કરાવી મોક્ષનો હેતુ બને છે.

આગમ એટલે આપ્તવચન.

આપ્ત સર્વજ્ઞ, સર્વદર્શી છે, તેથી તેમનાં વચન દ્વારા થતું આપ્તનું સ્મરણ સર્વજ્ઞ, સર્વદર્શી એવા પરમાત્માની સત્તાનો સ્વીકાર કરાવે છે અને એ સત્તાનો સ્વીકાર આત્મતત્ત્વ પ્રત્યે પરમ આકર્ષણ પેદા કરે છે.

આપ્તવચન બીજી બાજુ, જીવોની ભૂમિકાને અનુરૂપ વર્તન અને તેનો બોધ કરાવે છે. ભૂમિકાને અનુરૂપ સદ્‌વર્તન વડે જીવ અસદ્‌વર્તનજનિત અશુભાસ્રવના દોષથી ઊગરી જાય છે, શુભાસ્રવ અને સંવરનો અધિ-કારી બને છે. પરમાત્મ તુલ્ય આત્માના ધ્યાન વડે નિર્જરા તત્ત્વનો લાભ થાય છે.

શુભાસ્રવ, સંવર અને નિર્જરા એ ત્રણ મળીને ધર્મ તત્ત્વ બને છે.

એ ધર્મતત્ત્વ ચારિત્ર ગુણને વિકસાવે છે.

સમ્યક્ ચારિત્ર એ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનથી યુક્ત હોય છે તેથી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન

અને સમ્યક્ ચારિત્ર એ ત્રણેની એકતા થવાથી આગમનું અનુસરણ એ મુક્તિનો માર્ગ બને છે.

આગમનું બહુમાન, એ જ મોક્ષનું બહુમાન છે.

મૂર્તિ એ પરમાત્માની સાકાર મુદ્રા છે.

સાકાર વડે નિરાકારનો બોધ થાય છે. નિરાકાર પોતાનો આત્મા છે, તેનો બોધ થવાથી અનાત્મ તત્ત્વ તરફનું આકર્ષણ શમી જાય છે. તેનું નામ વૈરાગ્ય છે. અને આત્મતત્ત્વ તરફનું આકર્ષણ વધી જાય છે, તેનું નામ ભક્તિ છે.

વૈરાગ્ય એ સંસારના પ્રવાહ તરફ વળતી ચિત્તવૃત્તિને રોકે છે. ભક્તિ એ, કૈવલ્યના પ્રવાહ તરફ ચિત્તવૃત્તિને વાળે છે.

મૂર્તિના ધ્યાન વડે ધ્યાતાને ધ્યેયની સાથે એકતાનો અનુભવ થાય છે.

ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એ વૃત્તિનો ધ્યેયને વિષે અખંડ પ્રવાહ છે. મૂર્તિ દ્વારા તે સધાય છે, તેથી તેને પરમ આલંબન માન્યું છે.

મૂર્તિમાં ભગવદ્‌ભાવનો અભેદ આરોપ થાય છે અને આત્મામાં પરમાત્મભાવનો અભેદ આરોપ થાય છે. પરમાત્મભાવને આત્મભાવમાં લાવવા માટેનું પરમ સાધન મૂર્તિ છે.

મનનું રક્ષણ કરે તે મંત્ર અથવા મનન વડે રક્ષણ કરે તે મંત્ર છે.

મનન મુખ્યત્વે મન વડે થાય છે, તેથી મન દ્વારા આત્માનું રક્ષણ જે સાધનથી થાય તે મંત્ર છે, એવો અર્થ થયો.

મંત્રમાં મનન કરાવવાનું સામર્થ્ય વર્ણસમૂહ વડે થાય છે. વર્ણસમૂહનું ઉચ્ચારણ પ્રાણ વડે થાય છે એટલે મંત્ર મનની જેમ પ્રાણની સાથે સંબંધ ધરાવે છે. કેવળ મનનું જ નહિ, પણ પ્રાણનું પણ જે શુદ્ધીકરણ કરે તે મંત્ર છે. કહ્યું છે કે–

'गुरुमंत्र देवताऽऽत्म मनः पवनाना मैक्य निष्कलनात् मंत्रः ।'

શબ્દનો સંબંધ પવન સાથે, પવનનો મનની સાથે અને મનનો સંબંધ આત્મા, અંતરાત્મા અને પરમાત્મા સાથે છે.

પરમાત્મા એ દેવ છે. અંતરાત્મા એ ગુરુ છે. તેની સાથે આત્માની એકતા કરાવનાર મંત્ર છે. કેમ કે, મંત્ર એ પ્રાણ અને મન ઉભયની સાથે સંબંધ ધરાવે છે તથા પ્રાણ અને મન આત્માની સાથે સંબંધ ધરાવે છે.

મંત્રનો પરમાત્માની સાથે વાચ્ય-વાચક-ભાવનો સંબંધ છે. અંતરાત્માની સાથે જ્ઞાતા-જ્ઞેય ભાવનો સંબંધ છે. એ સંબંધનું જ્ઞાન મન દ્વારા થાય છે. એ સંબંધની ક્રિયા પ્રાણ દ્વારા થાય છે.

વર્ણને પ્રાણની સાથે, પ્રાણને મનની સાથે, મનને આત્માની સાથે, આત્માને પરમાત્માની સાથે અને પરમાત્માને અંતરાત્માની સાથે પરસ્પર અવિનાભાવી

સંબંધ છે. તેથી વર્ણ-સમૂહાત્મક મંત્રનું આરાધન કરવાથી પ્રાણ, મન, આત્મા, પરમાત્મા અને ગુરુ એ બધાંની સાથે સંબંધ બંધાય છે. અને એ સંબંધનું જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ જેમ જેમ વધુ પ્રમાણમાં થતું જાય છે, તેમ તેમ જીવની કર્મથી, કર્મજનિત ઋણથી અને ઋણજનિત ચાર ગતિમાં પરિભ્રમણ કરવારૂપ અનર્થથી મુક્તિ થાય છે.

એ 'મુક્તિ' અનંત અને અવ્યાબાધ સુખથી યુક્ત છે.

મંત્ર પાંચ પર્યાયને જણાવે છે.

મૂર્તિ પાંચ પર્યાયના આધારભૂત દ્રવ્યને જણાવે છે. અને આગમ એ દ્રવ્યને અભિમુખ પર્યાયને બતાવવાની રીતને જણાવે છે.

પાંચ શુદ્ધ પર્યાયનું અસ્તિત્વ આ વિશ્વમાં છે, એમ શ્રી પંચ પરમેષ્ઠી મંત્રનું (નવકારનું) અસ્તિત્વ સાબિત કરે છે.

પર્યાયનો આધાર દ્રવ્ય છે તેથી શુદ્ધ પર્યાયનું ઉત્પત્તિસ્થાન દ્રવ્ય છે. તે દ્રવ્યનાં દર્શન કરવાનું આલંબન મૂર્તિ છે.

મૂર્તિ દ્રવ્યનું દર્શન કરાવે છે, કે જે દ્રવ્યરૂપી મૂળમાંથી શુદ્ધ પર્યાય પ્રગટેલ છે.

પર્યાય એ પત્ર કે શાખાના સ્થાને છે તો, દ્રવ્ય એ મૂળ અને થડના સ્થાને છે. પ્રત્યેક પત્ર વૃક્ષની શાખાને જણાવે છે અને પ્રત્યેક શાખા થડને જણાવે છે. અને

થઇ એ જમીનમાં દટાયેલાં પણ બધાના કારણભૂત મૂળિયાંને જણાવે છે. એ જ ન્યાયે શુદ્ધ પર્યાયો દ્રવ્યના આધારે છે.

પર્યાયના સ્મરણનું સાધન મંત્ર છે તો દ્રવ્યના દર્શનનું સાધન મૂર્તિ છે.

દ્રવ્યની સન્મુખ થવાથી શુદ્ધ પર્યાય પ્રગટે છે એમ જણાવનાર આગમ છે. તેથી આગમને આપ્તવચન તરીકેની ખ્યાતિ છે.

●

બીજાનો થોડો ગુણ જાણીને આનંદ થવો જોઈએ. પોતાનો નાનો દોષ જાણીને પોતાની જાતને નિર્ગુણી માનવી જોઈએ. જે તેમ માની શકતો નથી તેને સત્યની પ્રાપ્તિ થતી નથી.

# મંત્ર, મૂર્તિ અને પૂજા

મંત્ર એ વર્ણોનો સમૂહ છે.

મૂર્તિ એ આકૃતિરૂપ હોવાથી યંત્રસ્વરૂપ છે.

મંત્રનો જાપ, યંત્રનું ધ્યાન અને તે બે વડે ઇષ્ટની પૂજા એ તંત્રનું સાધન છે.

નવ પ્રકારની ભક્તિમાં, પ્રથમની ત્રણ ભક્તિ મંત્ર દ્વારા થાય છે, પછીની ત્રણ મૂર્તિ દ્વારા થાય છે અને છેલ્લી ત્રણ ભક્તિ સાક્ષાત્ ભગવાનની પૂર્વાપર અવસ્થા દ્વારા થાય છે.

પ્રથમ ત્રણ ભક્તિનાં નામ શ્રવણ, સ્મરણ અને કીર્તન છે.

પછીની ત્રણનાં નામ વંદન, પૂજન અને અર્ચન છે.

છેલ્લી ત્રણનાં નામ દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ વડે શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની નવ પ્રકારે થતી ભક્તિ એ મુક્તિનું સાધન છે.

મંત્ર નામ સ્વરૂપ છે.

મૂર્તિ યંત્ર સ્વરૂપ છે.

દ્રવ્ય એ સિદ્ધ અને સાધક અવસ્થા છે તથા ભાવ એ વિદ્યમાન ઉપકાર કરનારી સાક્ષાત્ અવસ્થા છે.

શ્રી અરિહંત ભગવંતની મૂર્તિ, પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન, પૂજન, વંદનાદિ કરવા માટેનું આલંબન પૂરું પાડે છે.

શ્રી અરિહંત ભગવાનનો મંત્ર — 'નમો અરિહં-તાણું'' — પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, વિચિંતન, ધ્યાન કરવા માટેની સામગ્રી પૂરી પાડે છે.

મંત્ર-શ્રવણ, મનન, કીર્તન માટે થાય છે.

મૂર્તિ-વંદન, પૂજન, અર્ચન માટે છે.

મંત્ર અને મૂર્તિ, નામ અને રૂપ દ્વારા શુદ્ધ સ્વ-રૂપની ભક્તિનું સાધન બને છે.

ભક્તિ દ્વારા એકતાની અનુભૂતિ થાય છે. તે અનુભૂતિ જ સર્વ ક્રિયાઓ અને સાધનાઓનું અંતિમ ફળ છે.

## મૂર્તિમાં પ્રણિધાન

સાધુ અને શ્રાવકની સામાચારીમાં, પ્રતિષ્ઠિત મૂર્તિનાં દર્શન કરતી વખતે ચતુર્વિધ શ્રી સંઘનું પ્રણિધાન કરવા માટે વિધાન છે. તેનો અર્થ, ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિનાં દર્શન કરવાનું વિધાન છે.

ચતુર્વિધ શ્રી સંઘની પ્રભુમૂર્તિમાં સમાપત્તિ સ્થા-પેલી છે. તેનું દર્શન કરવાથી ચતુર્વિધ શ્રી સંઘનો આત્મભાવ વિકસિત થાય છે, સમાપત્તિમાં દૃઢતા પેદા

થાય છે, પરમાત્મ તુલ્ય આત્મભાવની શ્રદ્ધા સુદૃઢ બને છે, આત્મધ્યાનની ક્રિયામાં પ્રોત્સાહન મળે છે, તેથી મિથ્યાત્વરૂપી મળ નાશ પામે છે, બહિરાત્મભાવનો વિલય થાય છે, અંતરાત્મભાવ જાગે છે; આત્મામાં પરમાત્મભાવનું ભાવન થાય છે. તેથી પ્રતિષ્ઠિત મૂર્તિનું દર્શન, પૂજન અવશ્ય કર્તવ્ય છે.

પ્રતિષ્ઠિત મૂર્તિ, એક દિવસ પણ અપૂજ ન રહે તેની કાળજી શ્રી સંઘ રાખે છે, તેની પાછળ કારણ શ્રી સંઘની સમાપત્તિ તેમાં સ્થાપિત થયેલી છે, તે છે.

જે મૂર્તિ પ્રતિષ્ઠિત છે, તે મૂર્તિમાં ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિ રહેલી છે, તેથી પ્રતિષ્ઠિત મૂર્તિનાં દર્શન કરતી વખતે ચતુર્વિધ શ્રી સંઘના શુદ્ધ આત્માનાં દર્શન થાય છે, તેનું નામ ચતુર્વિધ શ્રી સંઘનું પ્રણિધાન છે.

## મંત્રમાં પ્રણિધાન

મૂર્તિમાં જેમ ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિનો અભેદ આરોપ છે, તેમ મંત્રમાં સર્વ સમ્યગ્દૃષ્ટિનો શુદ્ધ આત્મા વાચ્ય બને છે; તેથી મંત્રનું સ્મરણ, સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માના શુદ્ધ આત્માનું સ્મરણ છે. કેમ કે મંત્રનું મંત્રત્વ સમાપત્તિ નિરૂપક વાચ્યના આલંબનત્વમાં રહેલું છે.

મંત્ર એ સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવની સમાપત્તિના વિષયભૂત પરમાત્માના સ્મરણનું આલંબન છે. તેથી મંત્રના

સ્મરણ વખતે કેવળ શબ્દનું ઉચ્ચારણ નથી, કિન્તુ શબ્દ વાચ્ય સમાપત્તિ – અંગભૂત – પરમાત્માનું સ્મરણ થાય છે. સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોના વિશુદ્ધ આત્મા સાથે પોતાના અંતરાત્માનું ગુહ્ય સંભાષણ થાય છે તેથી પરસ્પર ધર્મસ્નેહ વધે છે. એનું જ નામ મંત્ર-ચૈતન્યની જાગૃતિ જણાય છે અને એ જ તત્ત્વથી મંત્રનું મંત્રત્વ છે.

## ચતુર્વિધ શ્રી સંઘની વતી પ્રણિધાન

પ્રતિષ્ઠિત પ્રતિમામાં તાત્ત્વિક પ્રતિષ્ઠાનો ઉપચાર કરવામાં આવ્યો છે.

તાત્ત્વિક પ્રતિષ્ઠા એટલે મુક્તિગત પરમાત્માનું રૂપ પોતાના આત્મામાં છે, તેથી પોતે જ પરમાત્મ સ્વરૂપ છે એવી ભાવના.

આ ભાવના જેઓના હૃદયમાં સ્થિર થયેલી છે, તેવા ગુણવંત આચાર્ય દ્વારા તે ભાવનો ઉપચાર, જિનોક્ત વિધિ-વિધાન દ્વારા, પ્રતિમામાં કરવામાં આવે છે. તેને ઔપચારિક પ્રતિષ્ઠા કહેલી છે.

તે પ્રતિષ્ઠાથી પ્રતિષ્ઠિત મૂર્તિનાં જ દર્શન-પૂજનાદિ વિહિત થયેલાં છે, તેથી દર્શક-પૂજકાદિને પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન-પૂજનાદિથી તાત્ત્વિક પ્રતિષ્ઠાનાં સ્મરણાદિ થાય છે.

આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે, એવી પ્રત્યભિજ્ઞા વડે ચતુર્વિધ શ્રી સંઘ, મૂર્તિનાં દર્શન-પૂજન કરે છે, તેનો અર્થ ચતુર્વિધ શ્રી સંઘ વતી પ્રતિષ્ઠિત થયેલ તેમના

આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શનાદિ કરે છે; તેનો લાભ ચતુર્વિધ શ્રી સંઘને નિરંતર મળે છે. અર્થાત્ બધાની આત્મજાગૃતિ કાયમ રહે છે.

## પૂજા વખતે પ્રણિધાન

મૂર્તિના દર્શન વખતે ચતુર્વિધ શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિ, ચતુર્વિધ શ્રી સંઘ વતી દર્શનાદિ કરે છે તેનો લાભ ચતુર્વિધ શ્રી સંઘને નિરંતર મળે છે. તેનું કારણ – 'અમારા વતી દર્શનાદિ કરજો' એવી પરસ્પરને કહેવાની સામાચારી સાધુ-શ્રાવકની કહેલી છે.

એ સામાચારીના બળથી સાધુ-શ્રાવકના શુદ્ધ આત્માનું પ્રણિધાન દર્શનાદિ વડે નિત્ય થતું હોય છે. તેનાથી ચતુર્વિધ શ્રી સંઘનું સૌભાગ્ય વધતું રહે છે. ભાવ-આરોગ્ય, ધૃતિ, મતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, મેધાદિની નિત્ય વૃદ્ધિ થાય છે. પુત્ર, મિત્ર, ગોત્ર, કલત્ર અને સર્વત્ર લોકમાં શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ થયા કરે છે.

શાન્તિ એટલે ક્લેશની નિવૃત્તિ. તુષ્ટિ એટલે સંતોષવૃત્તિ, પુષ્ટિ એટલે સંતોષાદિજનિત સુખની વૃદ્ધિ.

પ્રતિષ્ઠિત મૂર્તિની પૂજાનું આ મહત્ત્વ હોવાથી પ્રતિષ્ઠા મહોત્સવાદિની ઉજવણીમાં ઉલ્લાસની વૃદ્ધિ સ્વાભાવિક બને છે. સર્વના સુખની વૃદ્ધિ થાય તેવા અનુષ્ઠાનમાં સર્વની પ્રસન્નતા વધે જ.

# ભાવ મંગલ

## મંગલની વ્યાખ્યા

'मङ्ग्यते, साध्यते हितमनेनेति मङ्गलम् ।'

જેનાથી હિત સધાય તે મંગલ.

હિત ધર્મથી જ સધાય છે, તેથી હિતસાધક ધર્મને લાવે તે મંગલ.

'मङ्ग धर्मं लातीति मङ्गलम् ।'

મંગ એટલે ધર્મ, તેને લાવે તે મંગલ. એવો અર્થ પણ મંગલનો થાય છે.

ધર્મની પ્રાપ્તિ અધર્મના નાશથી થાય છે. સર્વ અધર્મોનું મૂળ કારણ, વિષય, કષાય અથવા• તેના ફળ-સ્વરૂપ ચાર ગતિરૂપ સંસાર છે. તેથી સંસારનો ક્ષય કરે તે મંગળ, એવો ત્રીજો અર્થ પણ મંગલનો થાય છે.

'मां भवात्, संसारात् गालयति, अपनयतीति मङ्गलम् ।'

મને સંસારથી ગાળે, મારા સંસારને દૂર કરે તે મંગલ.

## મંગલ એટલે—

એ રીતે મંગલ એટલે હિતનું સાધન. મંગલ એટલે ધર્મનું ઉપાદાન અને મંગલ એટલે અધર્મના મૂળભૂત

સંસારનું જ મૂલોચ્છેદન.

## દ્રવ્ય મંગળ અને ભાવ મંગળ

સુખસાધક અને દુઃખનાશક પદાર્થને મંગળરૂપ માનવાની રૂઢિ સંસારમાં પ્રસિદ્ધ છે. પરંપરાએ પણ દુઃખોચ્છેદક અને સુખપ્રદાયક પદાર્થો મંગળરૂપ મનાય છે તથા જેમાં કષ્ટ નિવારવાનું કે સુખ આપવાનું (નિશ્ચિત નહિ પણ સંદિગ્ધ) સામર્થ્ય હોય તે વસ્તુઓ પણ મંગળરૂપ મનાય છે.

જેમ કે દહીં, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણ કળશ અને સ્વસ્તિક આદિ પદાર્થો. એ રીતે સુખના નિશ્ચિત કે સંદિગ્ધ સાધનભૂત સર્વ કોઈ વસ્તુઓ જગતમાં મંગળ-રૂપ ગણાય છે.

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મો તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાનાદિ ગુણો, એ દુઃખધ્વંસ અને સુખસિદ્ધિનાં નિશ્ચિત સાધનો છે, તેથી ભાવ મંગળ ગણાય છે અને દહીં, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણ કળશ અને સ્વસ્તિક આદિ સંદિગ્ધ સાધનો છે, તેથી દ્રવ્ય મંગળ ગણાય છે.

દ્રવ્ય મંગલો જેમ સુખનાં સંદિગ્ધ સાધનો છે, તેમ અપૂર્ણ સુખને આપનારાં છે. ભાવ મંગલો એ સુખનાં નિશ્ચિત સાધનો છે અને તેનું સેવન કરનારને સંપૂર્ણ અને અવિનાશી સુખ આપે છે. તેથી દ્રવ્ય મંગલ કરતાં ભાવ મંગલનું મૂલ્ય ઘણું વધી જાય છે.

## સર્વોત્કૃષ્ટ ભાવ મંગલ

જૈન શાસ્ત્રોમાં સર્વ પ્રકારનાં ભાવ મંગલોમાં સર્વોત્કૃષ્ટ ભાવ મંગલ 'શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર'ને કહેલ છે, તેનાં મુખ્ય બે કારણો છે.

એક તો 'પંચ પરમેષ્ઠી નમસ્કાર' એ સ્વયં 'ગુણ'-સ્વરૂપ છે. ને બીજું એ કે, તે ગુણોના બહુમાન સ્વરૂપ છે.

અહિંસા, સંયમ અને તપ તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાન વગેરે સ્વયં ગુણરૂપ છે, પણ ગુણોના બહુમાન સ્વરૂપ નથી.

જ્યારે 'શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર' એ સર્વ સદ્‌ગુણોમાં શિરોમણિ જે 'વિનય' સદ્‌ગુણ છે, તેના આદર અને પાલન સ્વરૂપ છે.

મોક્ષનું મૂળ વિનય છે. વિનય વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના દર્શન નથી. દર્શન વિના ચારિત્ર નથી. ચારિત્ર વિના મોક્ષ નથી. મતલબ કે, મોક્ષને માટે ચારિત્રની જરૂર છે, ચારિત્ર માટે શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા માટે જ્ઞાનની જરૂર છે અને જ્ઞાન માટે વિનયની જરૂર છે.

યોગ્યનો વિનય એ સદ્‌વિનય છે. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારમાં તાત્ત્વિક ગુણોને ધારણ કરવાવાળી વિનયને પાત્ર, ત્રિકાળ અને ત્રિલોકવર્તી સર્વ વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારમાં, નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ, સર્વપ્રધાન હોવાથી તેમને થતો નમસ્કાર એ, સર્વ મંગલોમાં પ્રથમ મંગલ સ્વરૂપ અને

સર્વ વિનયોમાં પ્રધાન વિનય સ્વરૂપ બની જાય છે.

પ્રધાન વિનય ગુણના પાલનથી પ્રધાન (યથાર્થ) જ્ઞાન, પ્રધાન (તાત્ત્વિક) દર્શન, પ્રધાન (શ્રેષ્ઠ) ચારિત્ર અને પ્રધાન (અવ્યાબાધ) સુખની પ્રાપ્તિ થાય છે.

શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર સ્વરૂપ, પ્રધાન વિનય ગુણના પાલન વિનાનું જ્ઞાન, ધ્યાન કે સંયમ, સર્વપ્રધાન મોક્ષ આપવાને સમર્થ થઈ શકતું નથી.

## ગુણ બહુમાન

શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર એ જેમ પ્રધાન વિનય ગુણના પાલન સ્વરૂપ છે, તેમ ગુણોના બહુમાન સ્વરૂપ પણ છે.

ગુણ બહુમાન એ ચિત્તની અચિન્ત્ય શક્તિયુક્ત ધર્મ છે. ગુણ બહુમાનના આશયવાળું ચિત્ત થોડા જ સમયમાં સર્વ પ્રકારની અશુદ્ધિ અને અહંકારાદિ દોષોથી રહિત બની જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી જેમ પ્રતિ ક્ષણ ઘટનો નાશ કરનારું થાય છે, તેમ ચિત્તરૂપી કુંભમાં રહેલું ગુણ બહુમાનરૂપી જળ, ચિત્તના દોષો અને મલિનતાનો પ્રતિ ક્ષણ ક્ષય કરનારું થાય છે.

ગુણ બહુમાનને ધારણ કરનાર માનસિક ભાવ જેમ અચિન્ત્ય પ્રભાવસંપન્ન છે, તેમ ગુણ બહુમાનને

વ્યક્ત કરનારી વાચિક અને કાયિક ચેષ્ટાઓ પણ પ્રભાવ-સંપન્ન બની જાય છે.

## સર્વોત્કૃષ્ટ મંગલ

શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારમાં એ ત્રણે વસ્તુઓ રહેલી છે.

(૧) મનથી નમવાનો ભાવ.

(૨) વચનથી નમવાનો શબ્દ.

(૩) કાયાથી નમવાની ક્રિયા.

એ રીતે ભાવ, શબ્દ અને ક્રિયારૂપ ત્રિવિધ ક્રિયાથી યુક્ત 'શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર' પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય કારણરૂપ બની જાય છે. તેથી તે સર્વોત્કૃષ્ટ મંગળ સ્વરૂપ છે અને તેથી જ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારની ચૂલિકામાં ફરમાવ્યું છે કે —

'एष पञ्च नमस्कारः सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषाम् प्रथमं भवति मंगलम् ॥'

અર્થ : પાંચે પરમેષ્ઠીઓને કરેલો આ નમસ્કાર, સર્વ પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે, તથા સર્વ મંગલોમાં પ્રથમ-પ્રધાન સર્વોત્કૃષ્ટ મંગલ સ્વરૂપ છે.

જીવમાત્રને પોતાના મંગળમાં રુચિ તેમ જ રસ અને પ્રીતિ હોય છે. પણ મંગળનું યથાર્થ સ્વરૂપ જાણનારા બહુ ઓછા હોય છે. અને તે પૈકીના મોટા ભાગના જીવો દ્રવ્ય મંગળ માટે જ તલસતા હોય છે. ખરું તેમ જ પૂરેપૂરું સામર્થ્ય ભાવ મંગલમાં હોય છે.

તે વિષેના યથાર્થ જ્ઞાનના અભાવે તે જીવો દ્રવ્ય મંગળ-ની દુનિયામાં અટવાયા કરે છે. એટલે જ કેટલાક માણસો, કરમાં પૂર્ણ કળશ ધારણ કરીને સામે મળતી કુમારિકાના શુકનથી જેટલા પ્રસન્ન થાય છે, તેટલા પૌષધ-ધારી પુણ્યવંત શ્રાવક યા શ્રાવિકા તેમને સામા મળે છે ત્યારે પ્રસન્ન થતા નથી. પણ આ તેમનું અજ્ઞાન છે.

વિષય-કષાયને પરાસ્ત કરવામાં પ્રયત્નશીલ મહાન આત્માનું દર્શન તો સર્વ દેશ અને સર્વ કાળમાં સદા મંગળકારી છે જ.

●

ધર્મ એ પાપરૂપી વાદળને વિખેરી નાખવા માટે પવન-તુલ્ય છે. કર્મરૂપી ઇંધનને બાળી નાખવા માટે અગ્નિકણ સમાન છે. યોગ એ સર્વ વિપત્તિરૂપી વેલડીને છેદ કરવા માટે તીક્ષ્ણ કુહાર છે, નિવૃત્તિરૂપી લક્ષ્મીને વશ કરવા માટે મંત્ર અને તંત્ર વિનાનું વશીકરણ છે.

# મંગલમય મંત્રાધિરાજ શ્રી નવકાર

શ્રી નવકારનો મહિમા અપરંપાર છે. શ્રી તીર્થંકર દેવો અને ગણધર ભગવંતોના શ્રીમુખે ગવાયેલો છે. પૂર્વધરો અને શ્રુતધરોની વાણીથી પ્રશંસાયેલો છે. શ્રી આચાર્યદેવો, વાચકો, પ્રવર્ત્તકો અને સ્થવિરોના ઉપદેશોથી પ્રચારાયેલો છે. સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ વડે બહુમાનપૂર્વક આરાધાયેલો છે. ભદ્રિક પરિણામી, નિપુણમતિ, માર્ગાનુસારી અને ગુણરાગી જીવો વડે જેનો મહિમા આદરપૂર્વક શ્રવણ કરાયેલો છે, તે શ્રી નવકાર શું છે? એ જાણવાની જિજ્ઞાસા કોને ન થાય? પ્રત્યેક લઘુકર્મી, પરિત્તસંસારી, સુલભબોધિ, આસન્નમુક્તિગામી જીવને અવશ્ય થાય.

### શ્રી નવકારનું બાહ્ય સ્વરૂપ

શ્રી નવકાર એ નવ પદોનો સમુદાય છે. એનાં પાંચ પદો મૂળ મંત્ર સ્વરૂપ છે. પછીનાં ચાર પદો મૂળ મંત્રનો વાસ્તવિક પ્રભાવ સૂચવનાર મૂળ મંત્રની ચૂલિકા સ્વરૂપ છે. ચૂલિકા સહિત શ્રી નવકાર, 'પંચમંગલ મહાશ્રુત સ્કંધ' કહેવાય છે.

મૂળ મંત્રમાં, શ્રી પંચ પરમેષ્ઠીને નમસ્કાર હોવાથી

તેને શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર પણ કહેવાય છે. પંચ પરમેષ્ઠીઓનો નમસ્કાર મહામંગળરૂપ હોવાથી તેને 'પંચ મંગલ' એ ટૂંકા નામથી પણ સંબોધવામાં આવે છે.

શ્રી નવકારનું ટૂંકામાં આ બાહ્ય સ્વરૂપ છે. તેનું આંતર સ્વરૂપ ઘણું જ વિશાળ છે.

### શ્રી નવકારનું આંતર સ્વરૂપ

શ્રી નવકારનું બાહ્ય સ્વરૂપ શબ્દાત્મક છે, તેનું આંતર સ્વરૂપ અર્થાત્મક છે.

શબ્દને દેહના સ્થાને કલ્પીએ તો અર્થ તેના પ્રાણના સ્થાને છે. અર્થને દેહના સ્થાને કલ્પીએ તો, શબ્દ તે દેહની છાયાના સ્થાને છે. છાયાનું મૂલ્ય દેહના આધારે છે. પ્રાણ વિનાનો દેહ શબવત્ છે. દેહ વિનાની છાયા શૂન્યવત્ છે.

શ્રી નવકારના આંતર સ્વરૂપાત્મક અર્થને કહેનારા શ્રી અરિહંત ભગવંત છે. શબ્દને ગૂંથનારા શ્રી ગણધર ભગવંત છે.

શ્રી અરિહંત દેવો ગુરુ છે, તો શ્રી ગણધર દેવો શિષ્ય છે. એ અપેક્ષાએ અર્થને ગુરુસ્થાને અને શબ્દને શિષ્ય-સ્થાને પણ કલ્પી શકાય. એક સ્થળે અપેક્ષા ભેદે એથી ઊલટું પણ કહ્યું છે—

રાજા સરખું સૂત્ર છે, મંત્રી સરીખો અર્થ જિનજી
એમાં એકે હેલીઓ, દીએ સંસાર અનર્થ જિનજી !
તુજ વયણે મન રાખીએ.

અહીં સૂત્રને એટલે શબ્દને રાજાની ઉપમા આપી છે અને અર્થને મંત્રીની ઉપમા આપી છે તથા તે બેમાંથી એકની પણ અવગણના કરનારને અનર્થનું કારણ થાય છે, એમ કહ્યું છે. પરંતુ તે વાત ગણધરગુંફિત સૂત્રનો અર્થ લખનાર નિર્યુક્તિકાર, ભાષ્યકાર, ચૂર્ણિકાર અને ટીકાકારોએ કરેલા અર્થને ઉદ્દેશીને કહેલી છે.

શ્રી અરિહંતભાષિત અર્થને સૂત્રમાં ગૂંથનાર શ્રી ગણધર ભગવંતના શબ્દને ઉદ્દેશીને તો ત્યાં એમ જ કહ્યું છે કે —

છાયા નર ચાલે ચલે, રહે થિતિ તસ તેમ જિનજી!
સૂત્ર, અર્થ ચાલે ચલે, રહે થિતિ તસ તેમ જિનજી!
તુજ વયણે મન રાખીએ.

સૂત્ર એ છાયા છે અને અર્થ એ પુરુષ છે. પુરુષ ચાલે તેમ તેની છાયા ચાલે છે, સ્થિર રહે તો સ્થિર રહે છે; જેમ અર્થરૂપી પુરુષ ચાલે તેમ સૂત્રરૂપી છાયા ચાલે છે. અને અર્થરૂપી પુરુષ સ્થિર રહે તેમ સૂત્રરૂપી છાયા પણ સ્થિર રહે છે.

અર્થ અને સૂત્રની આ ચર્ચા સાંભળીને કોઈ એકાંતવાદી, બેમાંથી કોઈ એકની પણ અવગણના કરી ન બેસે એ કારણે શાસ્ત્રકાર મહર્ષિઓએ એ બંનેની સમાન ઉપયોગિતા બતાવવા માટે એમ પણ કહ્યું છે કે—

અંધ પંગુ જેમ બે મળે, ચાલે ઇચ્છિત ઠાણ જિનજી!
સૂત્ર અરથ તેમ જાણીએ, કલ્પ ભાષ્યની વાણ, જિનજી!
તુજ વયણે મન રાખીએ.'

સૂત્ર એ અંધ છે અને અર્થ એ પંગુ છે. અંધ (આંધળો) અને પંગુ (પાંગળો) પરસ્પર મળે તો ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે, તેમ સૂત્ર અને અર્થ બંને મળીને જ ઇચ્છિત સ્થાને પહોંચાડનાર થાય છે. એમાંથી એકની પણ અવગણના, ઇચ્છિત સ્થાનની પ્રાપ્તિમાં પ્રતિબંધક બને છે.

શ્રી નવકારને અર્થથી કહેનાર શ્રી અરિહંત ભગવંત છે, સૂત્રથી ગૂંથનાર શ્રી ગણધર ભગવંત છે. એ હિસાબે અહીં અર્થને પ્રાણ અને સૂત્રને દેહની ઉપમા અથવા અર્થને જીવંત દેહ અને સૂત્રને માત્ર તેની છાયાની ઉપમા ઘટે છે.

શ્રી નવકારની છાયા અને દેહ આપણે જોયાં. હવે તેના અર્થરૂપી દેહ અને પ્રાણને આપણે જોઈએ.

એ જોવા માટે આપણે એના પ્રત્યેક પદમાંથી નીકળતા અર્થને તપાસવો પડશે.

## 'નમો અરિહંતાણં'નો મહિમા

શ્રી નવકારનું પ્રથમ પદ 'નમો અરિહંતાણં' છે. તેમાં ત્રણ શબ્દો અને સાત અક્ષરો છે. એ સાત અક્ષરોનો મહિમા બતાવતાં એક સ્થળે કહ્યું છે કે—

सप्तक्षेत्रीव सफला, सप्तक्षेत्रीव शाश्वती ।
सप्ताक्षरीयं प्रथमा सप्त हन्तु भयानि मे ॥'

અર્થ : શ્રી જિન પ્રતિમાદિ સાત ક્ષેત્રોની જેમ સફળ અને ભરતાદિ સાત ક્ષેત્રોની જેમ શાશ્વત એવી આ પ્રથમ સપ્તાક્ષરી મારા સાત ભયોને દૂર કરો.

પ્રથમ પદના સાત અક્ષરોમાંના એકેક અક્ષરમાં, એકેક ભયને દૂર કરવાનું સામર્થ્ય રહેલું છે એટલું જ નહિ પણ તે પ્રત્યેક અક્ષર, સાત ક્ષેત્રોની જેમ સફળ અને શાશ્વત છે.

પ્રથમ પદના ત્રણ શબ્દોમાં પ્રથમ શબ્દ 'नमो' છે. બીજો શબ્દ 'अरि' અને ત્રીજો 'हंत' છે.

તેમાં પ્રથમ 'નમો' શબ્દનો અર્થ 'નમસ્કાર' છે.

નમસ્કાર એટલે શું ?

નમસ્કાર એક પ્રકારની ક્રિયા છે.

જે ક્રિયા વડે ભક્તિ દર્શાવાય, શ્રદ્ધા વ્યક્ત કરાય અને પૂજ્યભાવ પ્રગટ થાય, તે ક્રિયાને નમસ્કાર કહેવાય છે.

આ ક્રિયા કેટલી ઉચ્ચ છે, તેનું માપ કાઢવું હોય, તો ત્રણ રીતે નીકળી શકે :

એક તો તેના હેતુ ઉપરથી.

બીજું તેના સ્વરૂપ ઉપરથી.

ત્રીજું તેના પરિણામ ઉપરથી.

એવો નિયમ છે કે કોઈ પણ વસ્તુને પૂર્ણપણે સમજવી હોય, તો તેની ત્રણે અવસ્થાનું જ્ઞાન મેળવવું જોઈએ.

તે ત્રણ અવસ્થાઓ નીચે મુજબ છે :

(૧) કારણ અવસ્થા, (૨) કાર્ય અવસ્થા અને (૩) સ્વરૂપ અવસ્થા.

સ્વરૂપ અવસ્થા વર્તમાનકાલીન છે, કારણ અવસ્થા

ભૂતકાલીન છે અને કાર્યાવસ્થા કે ફલાવસ્થા આગામી-કાલીન છે.

નમસ્કારરૂપી ક્રિયાનાં કારણ, સ્વરૂપ અને ફળ કેટલાં ઉચ્ચ છે, તે જાણવાથી જ 'નમો' પદના વાસ્તવિક અર્થનો ખ્યાલ આવી શકે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે, નમસ્કારરૂપી ક્રિયાનું કારણ, નમસ્કારાવરણીય કર્મનો ક્ષયોપશમ છે. તે કર્મનો ક્ષયોપશમ, મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને વીર્યાંતરાય એ ચારેના ક્ષયોપશમની અપેક્ષા રાખે છે.

એટલે આ નમસ્કારની ક્રિયાની પ્રાપ્તિ તેને જ થાય છે કે જેણે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ખપાવીને એક કોડાકોડી સાગરોપમથી પણ ઓછી કરી હોય, મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનને આવરણ કરનારાં કર્મો પણ ઘણા અંશમાં હઠાવ્યાં હોય તથા વીર્યાંતરાય કર્મને પણ બહુ અંશમાં ખપાવ્યું હોય.

શ્રી નવકારના પ્રથમ પદની અને તેના પ્રથમ અક્ષર-ની શબ્દથી, અર્થથી કે ક્રિયાથી પણ ત્યારે જ પ્રાપ્તિ થાય છે.

કર્મની આટલી મોટી સ્થિતિ ખપાવવા માટે કેવળ અકામ-નિર્જરા જ નહિ, પણ જીવને સકામ-નિર્જરા પણ કરવી પડે છે. અને સકામ-નિર્જરા માટે નિરાગ્રહી વૃત્તિ, માર્ગાનુસારી બુદ્ધિ, દયાળુતા, વિનીતતા, જિતેન્દ્રિયતા, ન્યાયસંપન્નતા વગેરે ગુણો કેળવવા પડે છે. પછી જ તે

અપૂર્વકરણ વડે ગ્રન્થિભેદ કરીને સમ્યગ્ દર્શન પામે અને ભાવથી શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારનો અધિકારી થાય છે.

શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે, 'અભવ્ય જીવને દ્રવ્યથી પણ આ નમસ્કારની પ્રાપ્તિ, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ તોડયા વિના થતી નથી. ઘર્ષણ-ઘૂર્ષણ ન્યાયે મોહનીયાદિ કર્મોની અંતઃકોડાકોડી જેટલી સ્થિતિ થયા વિના કોઈને પણ આ નમસ્કારની ભાવથી કે દ્રવ્યથી પણ પ્રાપ્તિ સંભવિત નથી.'

## નમસ્કારનું સ્વરૂપ

નમસ્કારની ક્રિયાની જેમ નમસ્કારનું સ્વરૂપ પણ તેટલું જ મહાન, ભવ્ય અને ઉદાત્ત છે.

નમસ્કારની ક્રિયા વડે લેશ્યાવિશુદ્ધિ એ નમસ્કારનું સ્વરૂપ છે.

દ્રવ્ય લેશ્યા એ પુદ્ગલ સ્વરૂપ છે અને ભાવ લેશ્યા એ અંતઃકરણનો પરિણામ છે. નમસ્કાર વડે અંતઃકરણના પરિણામ નિર્મળ બને છે, ઔદાર્યાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.

જેવી લેશ્યાથી જીવ મરે તેવી તેની ગતિ થાય છે. વિશુદ્ધ લેશ્યાથી મરનારની ઊર્ધ્વગતિ થાય છે.

તેથી નમસ્કારનું ફળ પણ સિદ્ધિગતિની પ્રાપ્તિ છે. અને તે ન થાય ત્યાં સુધી ઉત્તમ દેવ અને મનુષ્યોના ભવોની પરંપરાએ જીવ સકળ કલેશથી નિવૃત્તિરૂપ પરમ નિર્વાણ પદને પામે છે.

'નમો' પદનો આ અર્થ છે. એ અર્થને સમજાવવા માટે અનેક પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમાંનો એક અર્થ છે પૂજા, ભક્તિ, બહુમાન વગેરે.

### નમસ્કારનો ભાવાર્થ

નમસ્કારનો ભાવાર્થ સમજવા માટે તેના ઓછામાં ઓછા ચાર વિભાગ કરવા જોઈએ.

(૧) નામ નમસ્કાર. (૨) સ્થાપના નમસ્કાર. (૩) દ્રવ્ય નમસ્કાર. (૪) ભાવ નમસ્કાર. અથવા ક્રિયારૂપ નમસ્કાર, જ્ઞાનરૂપ નમસ્કાર અને શબ્દરૂપ નમસ્કાર, એમ નમસ્કારની ત્રણ અવસ્થાઓ વિચારવી જોઈએ.

'નમસ્કાર' એવું નામ, તે નામ નમસ્કાર અથવા શબ્દરૂપ નમસ્કાર છે.

નમસ્કાર કરનારના શરીરની કે બુદ્ધિની આકૃતિ તે સ્થાપના નમસ્કાર છે.

નમસ્કાર કરનારના શરીરની નમાવવારૂપ ક્રિયા, તે ક્રિયા નમસ્કાર કે દ્રવ્ય નમસ્કાર છે.

નમસ્કાર કરનારના મનમાં રહેલો નમ્ર ભાવ કે એ નમ્રભાવને લાવનાર પોતાની લઘુતાનું અને નમસ્કાર્યની ગુરુતાનું ભાન એ ભાવરૂપ નમસ્કાર અથવા જ્ઞાનરૂપ નમસ્કાર છે.

નમસ્કારની આ ચારે બાજુનું કે ત્રણે અવસ્થાનું જ્ઞાન થવું તે 'નમો' પદના ભાવાર્થની સમજણ છે.

### નમસ્કારનો ઐદંપર્યાર્થ

નમસ્કારનો એક ઐદંપર્યાર્થ છે.

ઐદંપર્યાર્થ એટલે રહસ્યભૂત અર્થ.

इदं परं प्रधानं यस्मिन् तत्तथा तस्य भावः एदंपर्यम् ।

અર્થાત્ આ જેમાં પ્રધાન અર્થ છે, તે ઇદંપરં. તેનો ભાવ અર્થાત્ પ્રધાનભૂત અર્થ તે ઐદંપર્યાર્થ.

નમસ્કારનો પ્રધાનભૂત અથવા રહસ્યભૂત અર્થ, તે માન કષાયનો અભાવ છે. અથવા માન કષાય જેમાંથી ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વ અને અજ્ઞાનનો નાશ છે.

નમસ્કારનો બીજી રીતે પણ ઐદંપર્યાર્થ છે. અને તે રાગદ્વેષનો નાશ અથવા રાગદ્વેષનો નાશ કરનાર શ્રી તીર્થંકર દેવોની પ્રકૃષ્ટ આજ્ઞાના પાલન સ્વરૂપ છે.

શ્રી તીર્થંકર દેવોના આજ્ઞાપાલનના પરિણામે રાગ-દ્વેષ, અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ અથવા માન કષાયનો અભાવ, એ નમસ્કારનો પ્રધાન અર્થાત્ રહસ્યભૂત અર્થ છે. સામર્થ્ય યોગના નમસ્કારનું એ અંતિમ ફળ છે.

શાસ્ત્રાજ્ઞાના પાલન મુજબ યથાશક્તિ નમસ્કાર, તે ઇચ્છાયોગનો નમસ્કાર છે, શાસ્ત્રાજ્ઞાના પાલન મુજબ યથાસ્થિત નમસ્કાર તે શાસ્ત્રયોગ (ભક્તિયોગ)નો નમસ્કાર છે અને નમસ્કારનું અંતિમ ફળ, કેવળજ્ઞાન અથવા વીતરાગભાવની પ્રાપ્તિ તે સામર્થ્ય યોગનો નમસ્કાર છે.

'નમો' પદનો શબ્દાર્થ, ભાવાર્થ અને રહસ્યાર્થ તથા આ લેખમાં અગાઉ જણાવ્યા મુજબ નમસ્કારના હેતુ, સ્વરૂપ અને અનુબંધ સમજ્યા પછી, હવે નમસ્કાર જેને કરવામાં આવે છે, તે નમસ્કાર્યનું સ્વરૂપ શું છે તે સમજવું જોઈએ.

## નમસ્કાર્યનું સ્વરૂપ

મહામંત્ર શ્રી નવકારનાં નવ પદ છે. તેમાં પ્રથમ પદે શ્રી અરિહંત પરમાત્માઓને નમસ્કાર છે.

અહીં પદ એટલે त्रिभक्त्यन्तं पदम् 'વિભક્તિ જેને અંતે છે, તે પદ, એમ નહિ, પણ અર્થની સમાપ્તિ જ્યાં થાય છે, તેવું પદ સમજવું. એ અર્થમાં શ્રી નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ नमो अरिहंताणं છે. બીજું પદ 'नमो सिद्धाणं' છે વગેરે.

પ્રથમ પદ नमो अरिहंताणंના 'नमो' શબ્દની વ્યાખ્યા થઈ ગઈ.

હવે 'अरिहंताणं'માં રહેલા 'अरि' અને 'हंताणं' એ બે શબ્દોની વ્યાખ્યા કરવી જોઈએ.

તેમાં अरि એટલે શત્રુ અને हंताणं એટલે હણનારાઓને — અર્થાત્ શત્રુને હણનારાઓને નમસ્કાર થાઓ, એ તેનો પૂરો અર્થ થયો.

અહીં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી 'શત્રુ' શબ્દનો અર્થ 'શત્રુતા' લેવો જોઈએ. અર્થાત્ શત્રુતાને હણનારા એવો અર્થ કરવો જોઈએ. બાહ્ય શત્રુઓને નહિ, પણ અંતરમાં રહેલી 'શત્રુતા' અર્થાત્ બીજા જીવો ઉપર પોતાના આત્મામાં રહેલો 'શત્રુભાવ' તેનો નાશ કરનારા. ઉપલક્ષણથી બીજા પણ અંતરંગ શત્રુઓનો સ્વપુરુષાર્થ વડે ક્ષય કરનારા.

વૈરભાવ એ જેમ અંતરંગ શત્રુ છે, તેમ મમત્વ

પરિણામરૂપ સ્નેહભાવ પણ શત્રુ જ છે. અર્થાત્ કર્મ-બંધના હેતુભૂત રાગદ્વેષ આદિ વિકારોનો સર્વથા નાશ કરનારા અને સર્વ પ્રાણી-પદાર્થો પ્રત્યે નિર્વૈર અને નિઃ-સ્નેહવૃત્તિને ધારણ કરનારા, શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો 'રાગદ્વેષાદિ આંતર રિપુઓનો અને તેના કારણભૂત જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો સર્વથા અંત લાવનારા એવા એવા અરિહંતોને.... એ अरि અને हंताणं એ બે શબ્દોનો શબ્દાર્થ થયો.

શબ્દાર્થ જાણ્યા પછી એ બે શબ્દોનો ભાવાર્થ શો છે, તે વિચારવું જોઈએ.

અહીં એક શંકા જરૂર થાય તેમ છે. અને તે એ કે, 'રાગાદિ આંતર શત્રુઓ કે જ્ઞાનાવણાદિ ઘાતી કર્મો-નો સર્વથા નાશ કરનારાઓને નમસ્કાર કરવો એ જ જો પ્રથમ પદનો અભિપ્રેતાર્થ હોય તો તે नमो सिद्धाणं પદથી પણ થઈ શકે છે અથવા પાંચમા नमो लोए सव्व साहूणं પદમાં પણ આવી જાય છે. કારણ કે લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર કરવાથી છદ્મસ્થ મુનિઓ સાથે કેવળજ્ઞાની મુનિવરોને પણ નમસ્કાર થઈ જાય છે. તો પછી પ્રથમ પદમાં વિશેષ શું રહ્યું?'

આ શંકાનું સમાધાન કેવળ શબ્દાર્થોને જાણનાર નહિ કરી શકે, ભાવાર્થ જાણવાથી જ તેનું સ્પષ્ટ સમા-ધાન થઈ શકે છે.

કહ્યું છે કે 'व्याख्यानतो विशेषप्रतिपत्तिः। સૂત્રના વિશેષ અર્થનું જ્ઞાન વ્યાખ્યાનથી અર્થાત્ પૂર્વાપરના સંબંધ

યુક્ત વિશેષ વિવેચનથી જ થઈ શકે છે.' જેઓ વિશેષ વિવેચન જેમાં રહેલું છે, એવા નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા વગેરેનો આશ્રય લેવાની ના પાડે છે, તેઓ સૂત્રના શબ્દાર્થને જાણવા છતાં તેના મર્મને જાણી શકતા નથી.

શ્રી અરિહંતો એટલે 'રાગાદિ કે કર્માદિ ભાવ શત્રુઓનો નાશ કરનારા', એટલો જ અર્થ અહીં અભિપ્રેત નથી.

પ્રથમ પદની સાર્થકતા ભાવ શત્રુઓનો નાશ કરવા ઉપરાંત તેના વિશેષ અર્થમાં રહેલી છે. અને તે વિશેષ અર્થ એ છે કે, 'તેઓ વીતરાગ અને સર્વજ્ઞ થયા છે એટલું જ નહિ પણ શ્રી તીર્થંકરનામકર્મ નામની ઉત્કૃષ્ટ પુણ્ય-પ્રકૃતિને વિપાકોદયથી ભોગવનારા છે. તેમને નમસ્કાર થાઓ.'

પ્રથમ પદે રહેલા શ્રી અરિહંતો, ભાવ શત્રુઓનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામે છે અને તે વખતે જ તેમને અષ્ટ મહાપ્રાતહાર્યોની પૂજા થાય છે તથા તેઓશ્રી ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીસ ગુણો વડે અલંકૃત બની ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પ્રથમ પદે રહેલા શ્રી અરિહંતોની આ વિશેષતા સકળ શત્રુઓનો ક્ષય કરનારા અને બીજા પદે રહેલા સિદ્ધ ભગવંતો કે પાંચમા પદે રહેલા કેવળજ્ઞાની સાધુ ભગવંતોમાં નથી. અને એ ન હોવામાં કારણભૂત 'તથા-ભવ્યત્વ' છે.

મોક્ષે જનારા સર્વ જીવોનું 'ભવ્યત્વ' સરખું છે, પણ 'તથાભવ્યત્વ' સરખું નથી.

પ્રથમ પદે રહેલા શ્રી અરિહંત ભગવંતોનું તથાભવ્યત્વ, મોક્ષે જનારા બીજા ભવ્ય જીવોથી વિશિષ્ટ હોય છે. તેથી તેમના 'બોધિ'ને પણ 'વરબોધિ' કહેવાય છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય' નામના પ્રસિદ્ધ ગ્રન્થરત્નના મંગલાચરણમાં સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે —

'किं विशिष्टं वीरम् इत्याह जिनोत्तमम् इति वस्तु विशेषणम्। इह रागादिजेतृत्वात् सर्व एव विशिष्ट श्रुतधरादयो जिना उच्यन्ते। तद्यथा श्रुतजिनाः, अवधिजिनाः, मनःपर्यायजिनाः, केवलिजिनाश्च। अनेन भगवतस्तथाभव्यत्वाक्षिप्तवरबोधिलाभगर्भां अर्हत्वात्सल्योपात्त-अनुत्तर पुण्यस्वरूप तीर्थंकरनामकर्मविपाकफलरूपां, परम्परार्थसम्पादनीं कर्मकायवस्थामाह।'

અર્થ: ભગવાન શ્રી વીર કેવા છે? તો કહે છે કે જિનોત્તમ. આ વસ્તુનું વિશેષણ છે. અહીં રાગાદિ દોષોને જીતનારા હોવાથી વિશિષ્ટ શ્રુત વગેરેને ધારણ કરનારા સઘળાય જિન કહેવાય છે. જેમ કે શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યાયજિન, કેવળીજિન. તેઓમાં ઉત્તમ કેવળી અને તીર્થંકર હોવાથી, તથા ભગવાનના તથાભવ્યત્વ વડે ખેંચાયેલી વરબોધિના લાભથી ગર્ભિત, અર્હદ્વાત્સલ્ય આદિ વડે ઉપાર્જન કરાયેલી, અનુત્તર-પુણ્યસ્વરૂપ તીર્થંકર નામકર્મની પ્રકૃતિના વિપાકોદયરૂપ, શ્રેષ્ઠ પરોપકારને સંપાદન કરવાવાળી કર્મકાય અવસ્થાને બતાવી.'

આ ઉપરથી સમજાશે કે વિશિષ્ટ 'તથાભવ્યત્વ'ના કારણે તીર્થંકર નામકર્મનો વિપાકોદય ભોગવનારા શ્રી

અરિહંત ભગવંતો ઉપકારની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે. અને તે દૃષ્ટિએ જ તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યો.

ગુણની દૃષ્ટિએ સિદ્ધ ભગવંતો અધિક છે. તથા કેવળજ્ઞાની સાધુ ભગવંતો સમાન છે, તોપણ પરોપકારની દૃષ્ટિએ શ્રી અરિહંત ભગવંતોના આત્મા સર્વાધિક છે. તેથી જો તેમને પ્રથમ નમસ્કાર ન કરવામાં આવે તો કૃતજ્ઞતા ગુણ નાશ પામે છે અને તે ગુણના નાશની સાથે સર્વ પ્રકારના સદ્વ્યવહારોનો વિલોપ થાય છે. વ્યવહારના વિલોપની સાથે તીર્થનો અને તીર્થના વિલોપની સાથે તત્ત્વનો નાશ થાય છે.

સદ્વ્યવહારના આધારભૂત કૃતજ્ઞતા ગુણનું ઉત્કૃષ્ટ પાલન કરવા માટે અને તે દ્વારા તીર્થ અને તત્ત્વની રક્ષા કરવા માટે મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદે 'અરિહંત' શબ્દથી સર્વક્ષેત્ર અને સર્વ કાળના તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

'अरि' અને 'हंताणं' એ બે શબ્દોનો ભાવાર્થ વિચાર્યા પછી તેનો ઐદંપર્યાર્થ-રાગદ્વેષનો ક્ષય અને તીર્થંકર ભગવંતોની આજ્ઞાનું પાલન છે.

ત્રિભુવનપૂજ્યતાને અપાવનાર તીર્થંકરનામ-કર્મરૂપી પરમ પાવની પુણ્યપ્રકૃતિનો વિપાકોદય અનુભવનાર શ્રી તીર્થંકર પરમાત્માઓને પ્રથમ નમસ્કાર કરવાથી, મોક્ષ-માર્ગને ફરમાવનારી, સર્વ નયોથી યુક્ત એવી તેમની પ્રકૃષ્ટ આજ્ઞા પ્રત્યે પરમ પ્રીતિ અને અંતરંગ ભક્તિ જાગે છે. અને તેના પરિણામે તે આજ્ઞાનું નિરતિચાર પાલન

કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આજ્ઞાના નિરતિચાર પાલન-થી અનુક્રમે અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ, ઘાતી કર્મોનો ક્ષય, કેવળજ્ઞાન વગેરે અસામાન્ય ગુણોને જીવ પામે છે. તથા આયુષ્યને અંતે અઘાતી કર્મોનો પણ ક્ષય કરી, પરમ નિર્વાણની પણ પ્રાપ્તિ કરે છે.

અહીં કેટલાક ચિંતકો 'अरिहंताणं'ને બદલે 'अरहंताणं પદને વિશેષ પસંદગી આપે છે. પણ તે શાસ્ત્રોક્ત નથી.

નવ પદોથી યુક્ત એવા શાશ્વત શ્રી સિદ્ધચક્ર યંત્રા-ધિરાજના આદ્ય પદે પણ 'नमो अरिहंताणं'નું જ આલેખન છે. તેથી જ મંત્રાધિરાજના આદ્ય પદે પણ તે જ યુક્તછે.

શ્રી મહાનિશીથ આદિ ગંભીર સૂત્રોમાં ઉપધાનાદિ જ્ઞાનાચારોનો ઉલ્લેખ છે, ત્યાં શ્રી પંચમંગલ મહા-શ્રુતસ્કંધ પ્રથમ અધ્યયનનું વર્ણન 'नमो अरिहंताणं પદથી જ કરવામાં આવ્યું છે.

શ્રી મહાનિશીથ સૂત્રના પંચમ અધ્યયનમાં કહ્યું છે કે—

'नमो अरिहंताणं ।' सत्तक्खरपरिमाणं, अणंतगमपज्जवत्थसाहग, सव्वमहामंतपवरविज्जाणं परमबीअभूअं ।'

અર્થ: પહેલું અધ્યયન 'નમો અરિહંતાણં' સાત અક્ષર પ્રમાણ, અનંત ગમ પર્યવયુક્ત અર્થનું પ્રસાધક તથા સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજભૂત છે.

શાસ્ત્રાનુસારી તર્કથી પણ એ જ વાત સંગત થાય છે.

'अरिहंताणं'ના બદલે 'अरहंताणं' મૂકવાથી તેનો

અર્થ, 'અર્હંતોને નમસ્કાર થાઓ!' એવો થાય છે.

અર્હંતો એટલે પૂજ્યો, એ અર્થ માન્ય રાખવાથી આ નમસ્કાર, સિદ્ધાદિ પદોમાં અતિવ્યાપ્ત ન થવા છતાં, સર્વ દર્શનોને માન્ય પોતપોતાના પૂજ્યતમ પુરુષોમાં અતિવ્યાપ્ત થાય છે.

બૌદ્ધાદિ અન્ય દર્શનકારો પોતપોતાના દર્શનના પ્રણેતાઓને 'અર્હત્' અર્થાત્ પૂજ્યતમ માને જ છે.

જૈનદર્શનસમ્મત પૂજ્યતમત્વ તીર્થંકરોમાં જ ઘટે છે, અન્યત્ર નહિં. તેનું કારણ એ છે કે, અન્ય દર્શનકારો, પૂજ્યતમત્વનું લક્ષણ વીતરાગત્વ કરતા નથી. અને જ્યાં વીતરાગત્વ ન હોય, ત્યાં સર્વજ્ઞત્વ સંભવતું નથી. જૈનદર્શનમાન્ય પૂજ્યતાનું પ્રયોજક, વીતરાગત્વ અને સર્વજ્ઞત્વ જ છે.

બૌદ્ધદર્શનના પ્રણેતાઓ જૈનદર્શનમાન્ય સર્વજ્ઞત્વનો સ્વીકાર કરતા નથી. તેમ જ સાંખ્યાદિ દર્શનો પણ જૈનદર્શનસમ્મત વીતરાગત્વનો સ્વીકાર કરતાં નથી. છતાં પોતાના ઇષ્ટને પૂજ્યતમ તો સહુ કોઈ માને જ છે. નિત્યમુક્તત્વ, જગત્કર્તૃત્વ અને અસર્વજ્ઞત્વાદિ વિશેષણોવાળાં પૂજ્યતમ પદોમાં અતિવ્યાપ્તિ ન થવા માટે अरहंताणं'ના સ્થાને 'अरिहंताणं' પદ એ જ યોગ્ય છે.

સિદ્ધાદિ પદોમાં અતિવ્યાપ્તિના વારણ માટે પાંચ પરમેષ્ઠી પદોમાં 'પ્રથમત્વ' અર્થાત્ પ્રથમ પદે નમસ્કરણીયત્વ શ્રી અરિહંતોને જ આપેલું છે.

પ્રથમ પદ જ એ સૂચવે છે કે તેઓમાં કેવળ

અરિહંતૃત્વ જ નહિ, પણ તીર્થંકરત્વ આદિ પણ છે. એ વાત કેવળ શબ્દાર્થની ચર્ચાથી નહિ, પણ ભાવાર્થની વિચારણાથી જ સમજાય તેવી છે.

પ્રથમ પદે अरहंताणने બદલે अरिहंताणं મૂકવાથી, બીજી એક વાત એ ધ્વનિત થાય છે કે, જૈનદર્શન પૂજ્યત્વની પ્રાપ્તિ માટે અરિહંતૃત્વ અર્થાત્ ભાવશત્રુ નાશકત્વ ગુણને અનિવાર્ય ગણે છે. ભાવશત્રુઓનો વિનાશ કર્યા વિના જેમ સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ શકતી નથી, તેમ અર્હત્વ અર્થાત્ પૂજ્યત્વની પ્રાપ્તિ પણ અસંભવિત છે.

આ કારણે જૈનદર્શનનો પ્રધાન સૂર, ગુણોની પ્રાપ્તિ નહિ પણ દોષોનો વિજય છે. દોષો ઉપર વિજય મેળવવાથી ગુણોની પ્રાપ્તિ આપોઆપ છે જ.

સુંદર ચિત્ર માટે પ્રથમ ભીંતને સ્વચ્છ કરવી પડે છે, મોટો મહેલ ચણવા માટે પ્રથમ ભૂમિને શુદ્ધ કરવી પડે છે તે ન્યાયે ગુણોની પ્રાપ્તિ માટે પ્રથમ દોષોને દૂર કરવા પડે છે.

શ્રી જૈનદર્શનમાં દેવનું લક્ષણ વીતરાગત્વ અને ગુરુનું લક્ષણ નિર્ગ્રંથત્વ કહ્યું છે. દેવનું સર્વજ્ઞત્વ અને ગુરુનું ધર્મોપદેશકત્વ વગેરે લક્ષણરૂપે નહિ, પણ ઉપલક્ષણ-રૂપે છે. અથાત્ સ્વરૂપદર્શક છે.

આ રીતે ભાવાર્થનો વિચાર કરતાં મંત્રાધિરાજ શ્રી નવકાર અને યંત્રાધિરાજ શ્રી નવપદના શાશ્વત પાઠોમાં પ્રથમ પદે नमो अरिहंताणंનો પાઠ એ યુક્તિ

અને આગમ ઉભયથી સિદ્ધ છે.

સર્વ મંગળોમાં ઉત્કૃષ્ટ મંગળરૂપ શ્રી નમસ્કાર મહામંત્રના એક પદ યા એક શબ્દનો પાઠ યા જાપ કરવાની યોગ્યતા ઘણા ઘણા પુણ્યના ઉદયે પ્રાપ્ત થાય છે, એ શાસ્ત્રવચનના ગાંભીર્યને, ગંભીરતાપૂર્વક વિચાર કરનારને શ્રી નવકારનો પ્રત્યેક અક્ષર, ભવજળતારક મહા જહાજરૂપ અણમોલ, આકર્ષક અને પૂજ્યતમ પ્રતીત થયા સિવાય રહેતો નથી.

વિષય-કષાયમાં ભટકતા પોતાના જીવને, જેઓ શ્રી નવકારમાં રમતો બનાવી શકે છે તેઓ સંસારની જેલ-માંથી કાયમને માટે મુક્ત થવાની દિશામાં અગ્રેસર થાય છે.

જેમને ભજવા, પૂજવા, સ્તવવા તેમ જ આરાધવા માટે શ્રી અરિહંત જેવા નાથ મળ્યા છે તે સહુને કોટિકોટિશઃ પ્રણામ અને જેઓ શ્રી અરિહંતાદિની સન્મુખ નથી થયા તેઓ પણ વહેલા વહેલા તે સન્મુખતા પ્રાપ્ત કરો !

•

ધર્મ એ જાણવાની નહિ પણ માનવાની વસ્તુ છે. શ્રદ્ધાપૂર્વક આચરવાની વસ્તુ છે.

# શ્રી નમસ્કાર મહામંત્રની અલૌકિકતા

### મંત્ર અને વિદ્યા વચ્ચેનો ભેદ

જેનો પાઠ કરવા માત્રથી કાર્યની સિદ્ધિ થાય તેને મંત્ર કહે છે.

અને જેને સિદ્ધ કરવા માટે જપ હવન આદિ ક્રિયાઓ કરવી પડે તેને વિદ્યા કહે છે.

શાસ્ત્રોમાં બીજી રીતે પણ મંત્ર અને વિદ્યાનો ભેદ બતાવ્યો છે અને કહ્યું છે કે, જેનો અધિષ્ઠાતા દેવતા 'પુરુષ' હોય તે મંત્ર છે અને જેની અધિષ્ઠાતા દેવતા 'સ્ત્રી' હોય તે વિદ્યા છે.

### મંત્ર એટલે શું?

મંત્ર શી વસ્તુ છે તેની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે, મંત્ર એ અક્ષર કે અક્ષરોનો સમૂહ છે. અક્ષર કે અક્ષરોના સમૂહને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી.

'निर्बीजमक्षरं नास्ति।' અથવા 'नास्त्यनक्षरं मंत्रं।' અર્થાત્ એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય. અક્ષરને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી.

## શબ્દ અને ધ્વનિની અસર

અક્ષર કે અક્ષરના સમૂહાત્મક શબ્દમાં અપરિમિત શક્તિ રહેલી છે, એમ આજે સર્વ કોઈ બુદ્ધિશાળી વર્ગને સ્વીકારવું પડે છે.

ગાવું અને બજાવવું, હસવું અને રોવું એ પણ વાતાવરણ ઉપર અમુક પ્રકારની અસર કરે છે. અને તે વર્ણાત્મક નહિ તોપણ ધ્વન્યાત્મક શબ્દશક્તિનો જ એક પ્રકાર છે.

રણસંગ્રામમાં સુરીલાં વાજાં જે અસર ઉપજાવે છે, તે અસર અન્ય પ્રસંગનાં વાજાંઓ નથી જ ઉપજાવતાં.

આકાશમાં મેઘની ગર્જના જે ભાવ પેદા કરે છે, તે જુદો હોય છે અને રણસંગ્રામમાં તોપોની ગર્જના જે ભાવ ઉત્પન્ન કરે છે, તે વળી જુદો હોય છે.

જેમ ધ્વન્યાત્મક શબ્દોની જુદી જુદી અસર છે, તેમ વર્ણાત્મક શબ્દોની તેનાથી પણ મહાન જુદા જુદા પ્રકારની અસર માનેલી છે અને તે પ્રત્યક્ષ અનુભવમાં પણ આવે છે.

એક વ્યાખ્યાતાના મુખમાંથી નીકળેલ ઉત્સાહપ્રેરક શબ્દો વાતાવરણને ઉમંગી બનાવે છે અને તે જ વ્યાખ્યાતાના મુખમાંથી નીકળેલા નિરાશાજનક શબ્દો વાતાવરણને ગમગીન બનાવી દે છે.

વિવિધ પ્રકારના રસોનું પોષણ, એમાં વક્તા કે લેખકની શબ્દશક્તિ સિવાય બીજા શાનો પ્રભાવ છે?

શબ્દશક્તિ અચિન્ત્ય છે. માત્ર તેના યોજક યોગ્ય પુરુષની જ જરૂર હોય છે.

કયા શબ્દોના સંયોજનથી કેવા પ્રકારની શક્તિ પેદા થાય છે, એના જાણકાર આ જગતમાં દુર્લભ છે. પરંતુ જ્યારે એવા જાણકારના હાથમાં અક્ષરો કે શબ્દો આવે છે, ત્યારે તે વિવિધ પ્રકારની રચના દ્વારા શ્રોતાઓના ચિત્તના સંતાપ અને દિલની તૃષાને ક્ષણવારમાં શાન્ત કરી દે છે.

પૂર્વધર ભગવંતોની દેશનાશક્તિ, કેવળજ્ઞાની ભગવંત તુલ્ય લેખાય છે, તે આ જ દૃષ્ટિએ સમજવાનું છે. શ્રુત કેવળી' શબ્દની એક વ્યાખ્યા એવી કરી છે કે તેઓ 'સર્વાક્ષર-સન્નિપાતિ'ની લબ્ધિના ધારક હોય છે. સર્વ અક્ષરો અને તેના પરસ્પર મિશ્રણથી થતા સર્વ અર્થોને તેઓ જાણતા હોય છે. અને તેથી જ તેઓની ઉપદેશશક્તિ અમોઘ બને છે.

## મંત્રરચના

મંત્રોમાં કેવળ અક્ષરોની કાર્યશક્તિ હોય છે એવું નથી, પણ તેમાં બીજી શક્તિઓ પણ કામ કરે છે. અને તે છે મંત્રના યોજકની શક્તિ, મંત્રના વાચ્ય પદાર્થની શક્તિ, મંત્રયોજકના હૃદયની ભાવના તથા મંત્રસાધકના આત્મામાં રહેલો મંત્રશક્તિ ઉપરનો ભાવ, અખંડ વિશ્વાસ, નિશ્ચલ શ્રદ્ધા વગેરે.

તાત્પર્ય એ છે કે, મંત્ર કેવળ અક્ષર કે પદ સ્વરૂપ જ નથી, પણ પદ, પદાર્થ, પદના યોજક તથા પદના

પ્રયોજકની ભાવનાઓ તથા શક્તિઓના એકંદર સરવાળા-રૂપ છે. મંત્રની શક્તિ એ ચારને અનુરૂપ હોય છે.

મંત્રનો યોજક ક્લિષ્ટ-પરિણામી હોય, તો મંત્ર 'મારક' બને છે અને અસંક્લિષ્ટ-પરિણામી અર્થાત્ નિર્મળબુદ્ધિ હોય, તો તે મંત્ર 'તારક' બને છે.

## લૌકિક મંત્રશક્તિ

લૌકિક મંત્રશક્તિનો પ્રયોગ મુખ્યત્વે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, સમ્મોહન આદિ લૌકિક કાર્યો માટે જ થાય છે.

કોઈ વ્યક્તિને પોતા તરફ ખેંચવા, કોઈને વશ કરવા, કોઈ પ્રતિપક્ષીને માત કરવા, કોઈ દુશ્મનનો નાશ કરવા, કોઈને સ્તંભિત કરવા કે કોઈને મોહિત કરવા માટે લૌકિક મંત્રશક્તિનો ઉપયોગ હોય છે. અને તે મંત્રની સફળતાનો આધાર, મંત્રનો પ્રયોગ કરનાર સાધકની સાધનાશક્તિ વગેરે ઉપર હોય છે.

કોઈ પ્રયોગ કરનાર સાચો ન હોય પણ ધૂર્ત હોય તો મંત્ર નિષ્ફળ જાય છે. સાધક સત્ય હોય પણ મંત્ર અશુદ્ધ હોય અથવા મંત્ર શુદ્ધ હોય પણ તેનું ઉચ્ચારણ અશુદ્ધ હોય અથવા ઉચ્ચારણ શુદ્ધ હોય પણ પ્રયોજક-નું ચિત્ત એકાગ્ર ન હોય અથવા શ્રદ્ધારહિત હોય તો પણ મંત્રશક્તિ કાર્યકર થઈ શકતી નથી. જ્યાં એ બધી વસ્તુ શુદ્ધ અને પૂર્ણ હોય ત્યાં જ મંત્રશક્તિ ધાર્યું કાર્ય નિપજાવી શકે છે.

## મંત્રાધિરાજ શ્રી નવકારની વિશેષતાઓ

મંત્રાધિરાજ શ્રી નવકાર આ દૃષ્ટિએ વિશ્વના સમસ્ત મંત્રોમાં અગ્રસ્થાન ધરાવે છે. તેની શક્તિ અતુલ છે, અપરંપાર છે. કારણ કે તેના યોજક લોકોત્તર મહાપુરુષો છે.

શ્રી નવકારને અર્થથી શ્રી તીર્થંકર ભગવંતો પ્રકાશે છે અને સૂત્રથી શ્રી ગણધર ભગવંતો ગૂંથે છે. તેનો વાચ્યાર્થ લોકોત્તર મહર્ષિઓને પ્રણામરૂપ છે.

તેના અક્ષરોનો સંયોગ અને પદોની રચના સરળ અને સ્પષ્ટ છે, સહુ કોઈ સહેલાઈથી અને સરળતાથી તેનો પાઠ અને ઉચ્ચાર કરી શકે અને તેનો અર્થ સમજી શકે તેવી છે.

તેનું સ્મરણ અને જાપ, મોટે ભાગે સમ્યગ્‌દૃષ્ટિ, ભવથી નિઃસ્પૃહ અને એક મુક્તિરમણીના જ ઇચ્છુક ઉત્તમ સત્પુરુષો કરનારા હોય છે.

વિશ્વના અન્ય મંત્રો જ્યારે કામના કરવાથી તે કામનાની પૂર્તિ કરે છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર, નિષ્કામપણે જપવાથી, જપનારની સઘળી કામના પૂરી કરે છે, એ તેની અચિન્ત્ય શક્તિનો સચોટ પુરાવો છે અને તેના પ્રકાશકોની અપૂર્વ નિષ્કામતાનું પરમ પ્રતીક છે.

શ્રી નમસ્કાર મહામંત્રની બીજી વિશેષતા એ છે કે તેના દ્વારા જે પુરુષોની આરાધના કરવામાં આવે છે, તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે. જ્યારે

વિશ્વના અન્ય મંત્રોના આરાધ્યદેવ સંસારી, સસ્પૃહી અને સરાગી આત્માઓ છે.

શ્રી નમસ્કાર મહામંત્ર અનુપમ શક્તિશાળી હોવાનાં અગણિત કારણો પૈકીનું એક કારણ, એના અધિષ્ઠાતાઓની પરમ વિશુદ્ધિ છે. કારણ કે સરાગીની શક્તિ ગમે તેટલી હોય તો પણ વીતરાગીની અચિન્ત્ય શક્તિમત્તા અને પ્રભાવશાલિતાની તુલનામાં તો તે એક બિંદુ જેટલી પણ માંડ ગણાય.

શ્રી નમસ્કાર મહામંત્રની ત્રીજી વિશેષતા એ છે કે, જ્યાં અન્ય મંત્રોમાં 'દેવતા' અધિષ્ઠાતા તરીકે છે, ત્યારે આ મહામંત્રમાં દેવતા 'સેવક' રૂપે રહે છે. એકમાં દેવોનું સેવકપણું છે, તો બીજે દેવો વડે પણ સેવ્યપણું છે.

લૌકિક મંત્ર માત્ર, દેવાધિષ્ઠિત હોય છે. તેનો જાપ કરવાથી મંત્રનો સ્વામી 'દેવતા' વશ થાય છે ત્યારે તે મંત્ર સિદ્ધ થયેલો કહેવાય છે.

પરંતુ શ્રી નમસ્કાર મહામંત્રમાં તેથી જુદું છે તેનો 'સ્વામી' હોવાની કે થવાની શક્તિ કોઈ પણ દેવતામાં નથી. પરંતુ દેવો પણ તેના સેવક થઈને રહે છે. જેઓ તે મહામંત્રની આરાધના કરે છે, તેઓની મંત્ર પ્રત્યેની ભક્તિને વશ થઈને દેવો તે આરાધકોના પણ સેવક બનીને રહે છે.

એથી સિદ્ધ થાય છે કે કોઈ દેવતાની શક્તિના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર શક્તિશાળી કે પ્રભાવસંપન્ન

નથી. પણ શ્રી નમસ્કાર મહામંત્રની પોતાની શક્તિ અને પોતાનો પ્રભાવ જ એવો અચિન્ત્ય છે કે દેવોને પણ તેને વશ રહેવું પડે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચોથી વિશેષતા એ છે કે અન્ય મંત્રો જ્યારે અત્યંત ગૂઢાર્થક અને ઉચ્ચારણમાં અતિ ક્લિષ્ટતર હોય છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર શબ્દથી અતિ સ્પષ્ટ અને અર્થથી અત્યંત સરળ છે. બુદ્ધિમાનથી માંડી બાળક પર્યંત સહુ કોઈ તેનો પાઠ સરળતાથી અને તેનું ઉચ્ચારણ શુદ્ધ રીતે કરી શકે છે તથા તેના અર્થનું જ્ઞાન પણ સહેલાઈથી મેળવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની આ સરળતા અને સ્પષ્ટતા જોઈને કેટલાકને તેના ઉપર અશ્રદ્ધા અને અવિશ્વાસ થતો પણ જોવાય છે. તેઓની એ માન્યતા હોય છે કે મંત્ર તો ગૂઢાર્થક જ હોવો જોઈએ અને ઉચ્ચારણમાં પણ કઠિનતાવાળો હોવો જોઈએ. પરંતુ તેઓની આ માન્યતા સર્વત્ર ઉચિત નથી. જે મંત્રનું જેવું કાર્ય હોય, તેને અનુરૂપ જ તેની શબ્દરચના હોવી જોઈએ.

શ્રી નમસ્કાર મહામંત્ર મુક્તિદાતા છે. પરમ પદને આપનારો છે. તેથી તેની રચના તેને અનુરૂપ જ હોવી જોઈએ. મોક્ષાભિલાષી પ્રત્યેક જીવ, પછી તે બાળક હો કે વૃદ્ધ, સ્ત્રી હો કે પુરુષ, પંડિત હો કે નિરક્ષર, સર્વને એકસરખી રીતે ઉપયોગી થાય તેવી જ હોવી જોઈએ.

શ્રી નમસ્કાર મહામંત્રની સરળતા અને સ્પષ્ટતાની પાછળ તેને પ્રકાશનારાઓનો આ ગંભીર અને ઉદાત્ત

આશય છે. તેને પ્રકાશનારાઓ અનંત જ્ઞાનના ભંડાર અને અસીમ કરુણાના નિધાન છે. તેથી સર્વ હિતાર્થી જીવોનું એકસરખું હિત થઈ શકે, તેવી જ તેની રચના હોય એ સ્વાભાવિક છે.

જેનો વિષય સમગ્ર વિશ્વને એકસરખો ઉપયોગી હોય, સર્વનું એકાંત હિત કરનારો હોય, તેની રચના એવી જ હોવી જોઈએ કે જેનું ઉચ્ચારણ સુખપૂર્વક થઈ શકે અને જેનો બોધ આબાલગોપાલ સહુને વિભ્રમ-રહિતપણે થઈ શકે.

મંત્રાધિરાજ શ્રી નવકારની આ અનન્યતમ વિશિષ્ટતા અન્ય મંત્રોમાં દૃગ્ગોચર નથી જ થતી.

શ્રી નમસ્કાર મહામંત્રની પાંચમી વિશેષતા એ છે કે અન્ય મંત્રો અનુગ્રહ-નિગ્રહ, લાભહાનિ ઉભય માટે ઉપયોગમાં આવે છે, જ્યારે શ્રી નમસ્કાર મહા-મંત્રથી કોઈને હાનિ કરી શકાતી નથી, પણ તે કેવળ લાભમાં જ હેતુ બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રની છઠ્ઠી વિશેષતા એ છે કે, અન્ય મંત્રો લૌકિક પુરુષો ઉપર આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે, જ્યારે શ્રી નવકાર એ લોકોત્તર પદાર્થોનું આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે. તે યાવત્ દેવસંપદા-ઓનું આકર્ષણ અને મુક્તિરમણી પર્યંતનું વશીકરણ કરે છે.

કહ્યું છે કે —

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यता-
मुच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसाम्।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं
पापात् पञ्चनमस्क्रियाऽक्षरमयीं साऽराधना देवता॥१॥

અર્થ: તે પંચ પરમેષ્ઠી નમસ્ક્રિયા રૂપ અક્ષરમયી આરાધના દેવતા (તમારું) રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપદાઓનું ઉચ્ચાટન કરે છે, આત્માનાં પાપો પ્રત્યે વિદ્વેષ ધારણ કરે છે, દુર્ગતિ પ્રતિ ગમન કરવાનો પ્રયત્ન કરતા જીવોને અટકાવે છે અને જે મોહનું સંમોહન કરે છે, અર્થાત્ મોહનો પરમ પ્રતિકાર છે.

ઉપર વર્ણવેલી વિશેષતાઓના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વ મંત્રોમાં મોટામાં મોટો મંત્ર છે અને એની સાધના, બીજા સર્વ મંત્રોની અપેક્ષાએ સરળ હોવાથી સર્વ કોઈને એકસરખી રીતે સુશકય છે.

અધમાધમ જીવો પણ આ મહામંત્રના શબ્દ કાનમાં પડવા માત્રથી દુર્ગમ દુર્ગતિરૂપી ગહન ગર્તામાં ગબડતા ઊગરી ગયા છે, યાવત્ ક્રૂર તિર્યંચો પણ એના શ્રવણ માત્રથી લઘુકર્મી બની ભવસમુદ્રને તરી ગયા છે.

આટલી અદ્ભુત શક્તિ અને છતાં આટલી અનુપમ સરળતા બીજા કોઈ મંત્રમાં સંભવી શકતી નથી. તેથી જ જ્ઞાનીઓની દૃષ્ટિએ આ મંત્રાધિરાજનો મહિમા અતિ મહાન ગવાયેલો છે.

શ્રી નમસ્કાર મહામંત્રની અલૌકિક તારક શક્તિ-પૂર્ણ વિશિષ્ટતાઓના નિરૂપણ પછી હવે આપણે તેની વ્યાપકતા તરફ વળીએ.

## શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા

જગતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના માનવો જોવામાં આવે છે.

શાસ્ત્રાનુસારી, તર્કાનુસારી અને ભાવાનુસારી.

પહેલો વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે, બીજો વર્ગ યુક્તિપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે અને ત્રીજો વર્ગ આજ્ઞા અને યુક્તિથી નિરપેક્ષ કેવળ ભાવ લાગણીપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે. એ ત્રણે પ્રકારના વર્ગવાળા મનુષ્યોને શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા અને શ્રેષ્ઠતા પ્રતિબોધિત કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિ-ઓએ અથાગ પ્રયત્નો કર્યા છે.

### શાસ્ત્રાનુસારી વર્ગ

શાસ્ત્રાનુસારી વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે.

આજ્ઞા એટલે આપ્તવચન.

શ્રી જૈન શાસનમાં આપ્ત તરીકે વીતરાગ અને સર્વજ્ઞની ગણના છે. જેઓ રાગાદિ દોષોથી સર્વથા રહિત છે અને એ જ કારણે જેઓ સર્વજ્ઞ, સર્વદર્શી થયેલા છે, તેઓનું વચન એ જ 'આજ્ઞા' છે. એથી આજ્ઞાને અનુસરવાની વૃત્તિ, શિષ્ટ પુરુષોમાં સ્વાભાવિક જ હોય છે.

શાસ્ત્રાનુસારી આજ્ઞાપ્રધાન આત્માઓને શ્રી નમસ્કાર મહામંત્રની સર્વશાસ્ત્રવ્યાપકતા અને સર્વશ્રુત-અભ્યંતરતા સમજવાને માટે શ્રી તીર્થંકરદેવોપ્રણીત અને શ્રી ગણધર-

દેવોગુમ્ફિત શ્રી આવશ્યક સૂત્રની સૂરિપુરંદર શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી વિરચિત ટીકા (પૃ. ૩૭૬) માં ફરમાવ્યું છે કે —

'तत्र सूत्रं सूत्रानुगमे सत्युच्चारणीयं, तच्च पंचनमस्कारपूर्वकं, तस्याऽशेषश्रुतस्कन्धाऽन्तर्गतत्वात् ।

અહીં સૂત્ર એટલે સામાયિક સૂત્ર, તેના અનુગમ એટલે વ્યાખ્યાન સમયે સૂત્ર ઉચ્ચારવું જોઈએ અને તે ઉચ્ચાર શ્રી પંચ નમસ્કારપૂર્વક કરવો જોઈએ. કારણ કે તે બધા શ્રુતસ્કંધની અંતર્ગત રહેલો છે.

### આવશ્યક નિર્યુક્તિ

સામાયિક સૂત્રનું ઉચ્ચારણ કરવા પહેલાં શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. તે કારણે સામાયિક સૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્રનું વ્યાખ્યાન કરવું જોઈએ. એ વાતને વિશેષ સ્પષ્ટ કરતાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે —

'अतोऽसावेव सूत्रादौ व्याख्येयः, सर्व सूत्रादित्वात्, सर्व सम्मतसूत्रादिवत्, सूत्रादित्वं चाऽस्य सूत्रादौ व्याख्यायमानत्वात्, निर्युक्तिकृतोपन्यस्तत्वात् ।'

એટલા માટે સૂત્રની આદિમાં શ્રી પંચ નમસ્કારની જ વ્યાખ્યા કરવી જોઈએ, કારણકે તે સર્વ સૂત્રની આદિમાં હોઈ તેની વ્યાખ્યા સૌ પહેલાં કરવી જોઈએ, એ વાત સર્વ શિષ્ટોને સમ્મત છે. શ્રી પંચ નમસ્કારની આદિસૂત્રતા એ ઉપરથી સિદ્ધ થાય છે કે, નિર્યુક્તિકાર

ભગવાને સૌ પ્રથમ તેનો ઉપન્યાસ કર્યો છે અને વ્યાખ્યા પણ સૌ પ્રથમ તેની કરી છે.

આ રીતે નિર્યુક્તિકાર શ્રુતકેવળી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીજીના પ્રામાણ્યથી ટીકાકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારને સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ શાસ્ત્રમાં વ્યાપક તરીકે પ્રતિપાદન કરે છે અને સર્વ પ્રથમ તેનું ઉચ્ચારણ અને તેની જ વ્યાખ્યા કરવી જોઈએ, એમ કહીને શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારની સર્વ-શ્રુત-શ્રેષ્ઠતા જાહેર કરે છે.

## શ્રી આવશ્યક સૂત્રના કર્તા

શ્રી આવશ્યક સૂત્રના કર્તા અર્થથી શ્રી તીર્થંકરદેવો છે અને શ્રુતથી શ્રી ગણધરદેવો છે. શ્રી આવશ્યક નિર્યુક્તિના કર્તા ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીજી છે તથા મૂળ સૂત્ર અને તેની નિર્યુક્તિ ઉપર ટીકાના રચનારા ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થોના રચયિતા સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે. તેઓશ્રી ફરમાવે છે કે — સૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં સૂત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ અને સૂત્રનું ઉચ્ચારણ, શ્રી પંચ નમસ્કારપૂર્વક કરવું જોઈએ. કારણ કે શ્રી પંચ નમસ્કાર એ સર્વશ્રુતની અભ્યંતર રહેલો છે.

સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ સિદ્ધાન્તમાં વ્યાપક. શ્રી જિનાગમનું કોઈ પણ સૂત્ર કે કોઈ પણ શાસ્ત્ર શ્રી પંચ-નમસ્કારરહિત છે નહિ. શ્રી પંચનમસ્કાર

એ સર્વ શ્રુત અને સર્વ શાસ્ત્રની અભ્યંતર રહેલો જ છે. પછી તે સ્પષ્ટપણે ઉલ્લેખિત કરાયેલો હોય કે ન હોય. સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલો ન હોય તોપણ તે ત્યાં રહેલો જ છે, એમ સમજવું જોઈએ. કારણ કે શ્રી પંચ-નમસ્કારના ઉચ્ચારણ વિના કોઈ પણ શાસ્ત્રનું અધ્યયન કે અધ્યાપન વિહિત છે જ નહિ.

## આદિમંગળતા

શ્રી પંચનમસ્કારની સર્વ-શ્રુત-અભ્યંતરતા અને આદિમંગળતાને શાસ્ત્રકારોના વચનથી જાણીને તેની આચરણા શ્રી નિર્યુક્તિકાર ભગવંતથી માંડીને આજ પર્યંતના સઘળા શ્રુતધરોએ માન્ય રાખેલી છે. અને આજે પણ કોઈ પણ સૂત્ર, વ્યાખ્યાન કે પ્રવચનના પ્રારંભમાં સર્વ પ્રથમ શ્રી પંચનમસ્કારને સ્મરવામાં આવે છે તથા સર્વ પ્રકારની શુભ ક્રિયાઓના પ્રારંભમાં આદિ મંગળ તરીકે તેને જ ગણવામાં આવે છે.

## તર્કાનુસારી વર્ગ

શાસ્ત્રાનુસારી વર્ગ પછી બીજો વર્ગ તર્કાનુસારીનો આવે છે.

શાસ્ત્રાનુસારી વર્ગ જેમ આજ્ઞાપ્રધાન હોય છે, તેમ તર્કાનુસારી વર્ગ યુક્તિપ્રધાન હોય છે. લોકમાં જેમ રાજાનું વચન તેમ લોકોત્તરમાં શ્રી તીર્થંકર ગણધર ભગવંતોનું વચન, કોઈ તરફથી યુક્તિની અપેક્ષા રાખતું નથી. રાજાની આજ્ઞા તે આજ્ઞા જ છે, તેની આગળ

બુદ્ધિ કે યુક્તિની વાતો ચાલતી નથી, તેમ શ્રી તીર્થંકર ગણધરોનાં વચનની આગળ પણ યુક્તિ અકિંચિત્કર છે, બુદ્ધિ નિર્બળ છે. અતીન્દ્રિય જ્ઞાનથી જોયેલા પદાર્થો છદ્મસ્થ બુદ્ધિથી કદી ખંડિત થઈ શકતા નથી. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારની સર્વ-શ્રુત-અભ્યંતરતા અને સર્વ-શ્રુત-વ્યાપકતા આપ્તવચનથી સિદ્ધ છે. તેને યુક્તિ કે દલીલોના આધારની લેશમાત્ર અપેક્ષા નથી. તેમ છતાં આપ્તવચનની મહત્તા હજુ જેઓના ખ્યાલમાં આવી નથી, તેવા બુદ્ધિજીવી વર્ગના અનુગ્રહ અર્થે પણ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારની શ્રેષ્ઠતા તથા સર્વધર્મ-વ્યાપકતા સિદ્ધ કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રતિપાદન કરવામાં કોઈ કચાશ રાખી નથી.

### ધર્મબીજનું વપન

પૂ. આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી શ્રી લલિતવિસ્તરા નામક ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ (પૃ. ૮)માં ફરમાવે છે કે—

‘धर्मं प्रति मूलभूता वन्दना ।’

ધર્મપ્રાપ્તિનું મૂળભૂત કારણ વંદના અપર નામ ‘નમસ્કાર’ છે. કહ્યું છે કે —

‘विधिनोप्तात् यथा बीजादंकुराद्युदय: क्रमात् ।
फलसिद्धिस्तथा धर्मबीजादपि विदुर्बुधा: ॥’

અર્થ: વિધિપૂર્વક વાવેલા બીજથી જેમ અંકુરાદિનો ઉદય થાય છે, તેમ ધર્મ બીજથી પણ ક્રમે કરીને ફળસિદ્ધિ થાય છે; એમ પંડિત પુરુષો ફરમાવે છે.

સત્પુરુષોની પ્રશંસા આદિ એ ધર્મબીજનું વપન (વાવેતર) છે, ધર્મચિંતાદિ તેના અંકુરાઓ છે અને નિર્વાણની પ્રાપ્તિ એ તેનું ફળ છે.

પ્રશંસા એટલે વર્ણવાદ. આદિ શબ્દથી કુશલચિત્ત, ઉચિત કૃત્યકરણ વગેરે.

સત્પુરુષો પ્રત્યે મન વડે કુશળ ચિત્ત ધારણ કરવું કાયા વડે તેઓનું ઉચિત કૃત્ય કરવું, વાણી વડે તેઓની પ્રશંસા – સ્તુતિ ઈત્યાદિ કરવાં તે હૃદયરૂપી ભૂમિકામાં ધર્મબીજનું વપન કરવાની શુભ ક્રિયા છે. ધર્મચિંતાદિ તેના અંકુરા છે. ધર્મની ચિંતા અને આદિ શબ્દથી ધર્મની ઇચ્છા, ધર્મનો અભિલાષ, ધર્મની અભિરુચિ ઇત્યાદિ ધર્મબીજના અંકુરા છે.

ધર્મની ચિંતા પછી, ધર્મનું શ્રવણ થાય છે, ધર્મનું શ્રવણ થયા પછી ધર્મનું અનુષ્ઠાન થાય છે. અને તેના ફળરૂપે દેવ અને મનુષ્યની સંપદાઓ મળે છે. પરિણામે નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે. એ બધાં ધર્મબીજમાંથી ક્રમશઃ ઉત્પન્ન થતાં અંકુર, કાંડ, નાલ, પુષ્પ અને ફળ સમાન છે.

### બીજાંકુર ન્યાય

શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર એ બીજરૂપ બનીને કાળના પરિપાકે નિર્વાણરૂપી ફળનો હેતુ થાય છે, તેથી તેની 'જિજ્ઞાસા' એટલે તેને સત્ય સ્વરૂપે જાણવાની ઇચ્છા એ પણ પરમ મહોદયને સૂચવનારી છે. સાચી

જિજ્ઞાસા થયા પછી સદ્‌ગુરુનો યોગ થાય છે. સદ્‌ગુરુના યોગે શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારના સ્વરૂપનો બોધ તથા તેમાં સ્થૈર્ય ઉત્પન્ન થાય છે. એ સ્થૈર્યના યોગે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ક્રિયા થાય છે અને એ ક્રિયાના પ્રતાપે કર્મમળ કપાય છે; પરિણામે નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારને શાસ્ત્રોમાં ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાયી કહ્યો છે, તે આ અપેક્ષાએ ચરિતાર્થ થાય છે.

### સૂર્ય-ખદ્યોત દૃષ્ટાન્ત

તર્કાનુસારી પ્રત્યે જેમ બીજાંકુર ન્યાયથી શ્રી નવકારની સર્વ-શ્રુત-અભ્યંતરતા અને સર્વ-ધર્મ-વ્યાપકતા સિદ્ધ થાય છે, તેમ સૂર્ય-ખદ્યોતના દૃષ્ટાન્તથી પણ શાસ્ત્રકાર ભગવંતો શ્રી નવકારની શ્રેષ્ઠતા બીજી રીતે સિદ્ધ કરી બતાવે છે. પૂ. આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી 'યોગદૃષ્ટિસમુચ્ચય' નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે –

तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥१॥

અર્થ : તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા, એ બે વચ્ચે સૂર્ય અને ખજવા જેટલું અંતર છે.

અહીં પક્ષપાત એટલે શુભેચ્છા, અંતરંગ આદર, પરમાર્થ રાગ. નમસ્કાર એ પરમેષ્ઠીઓ અને તેમના ગુણો પ્રત્યે પરમાર્થ રાગને સૂચવે છે, અંતરંગ આદરને બતાવે છે.

લોકમાં જેમ ભાવ વિનાનું ભોજન લૂખું છે, તેમ લોકોત્તરમાં ભાવ વિનાની ભક્તિ વંધ્યા છે. શ્રી પરમેષ્ઠી ભગવંતો પ્રત્યેના ભાવ વિના, અંતરંગ આદર વિના, તેમની આજ્ઞાનું પાલન પણ તેવું જ છે.

શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર એ હૃદયના ભાવનો ઉત્પાદક છે, હૃદયના ભાવનો પૂરક છે અથવા હૃદયના ભાવનો સૂચક છે. એ કારણે બુદ્ધિમાન પુરુષોએ તેને સર્વ-પ્રધાન સ્થાન આપેલું છે.

### લાગણીપ્રધાન વર્ગ

આજ્ઞાપ્રધાન અને યુક્તિપ્રધાન વર્ગ ઉપરાંત એક મોટો વર્ગ એવો છે, કે જે કેવળ લાગણીપ્રધાન હોય છે. શાસ્ત્રોનાં વચનો કરતાં કે તેને સિદ્ધ કરનારી યુક્તિઓ કરતાં પણ તે વર્ગને દૃષ્ટાન્તો, કથાનકો ને ચરિત્રો વધારે આકર્ષણ કરે છે. એ વર્ગને શાસ્ત્રવચન કે હેતુ-યુક્તિની બહુ અપેક્ષા હોતી નથી. જે ક્રિયા વડે જે લોકોને ફાયદો થયો હોય, તેનાં કથાનકો કે ચરિત્રો સાંભળીને તે વર્ગ તેના તરફ દોરાય છે. એવો વર્ગ, પ્રમાણમાં હંમેશાં મોટો હોય છે. તે વર્ગ લાગણીપ્રધાન હોય છે. ઘણી વખતે બુદ્ધિજીવી વર્ગમાં જે લાગણી જોવામાં આવતી નથી, તે લાગણી એ વર્ગમાં જોવામાં આવે છે. લાગણી-પ્રધાનતાના બળે જ તે વર્ગ ધર્મ પ્રત્યે આકર્ષણવાળો રહે છે. આવા વર્ગને શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ પુષ્કળ દૃષ્ટાન્તો અને ચરિત્રો વર્ણવેલાં છે.

## કથાનુયોગનો પ્રભાવ

જેમ કે શ્રી નવકારના પ્રભાવે સર્પ, ધરણેન્દ્ર બને છે અને સમડી, રાજકુમારિકાનો ભવ પામે છે. વગડાનો ભીલ, રાજા બને છે અને તેની સ્ત્રી (ભીલડી), રાજરાણી તરીકે ઉત્પન્ન થાય છે: પશુઓને ચારનાર ગોવાળનો બાળક પરમશીલસંપન્ન સુદર્શન શેઠ થાય છે અને ભયંકર કોઢ રોગથી વ્યાપ્ત કાયાવાળા શ્રી શ્રીપાળકુમાર પરમ રૂપ અને નીરોગિતાના ધારક બને છે. એ શ્રી નવકારનો પ્રભાવ ઘોર વિપત્તિ વચ્ચે રહેલા જુગારી જેવાઓને પણ પ્રાણાંત આપત્તિમાંથી ઉગારી લે છે તથા સુશીલ સમ્યગ્દૃષ્ટિ મહાસતીઓનું પતિ આદિ તરફથી આવેલી પ્રાણાંત આપત્તિઓ વખતે પણ રક્ષણ કરે છે. શ્રી નવકારના પ્રભાવે સ્મશાનનું શબ સુવર્ણપુરુષ બને છે તથા અંધકારમાં રહેલ સર્પ સુંદર સુગંધી પુષ્પની માળા બની જાય છે.

આ દૃષ્ટાન્તો કોરા બુદ્ધિજીવી વર્ગ ઉપર કદાચ ઓછી અસર નિપજાવતાં હોય, તોપણ આમજનતા ઉપર તેનો અજબ પ્રભાવ વિસ્તારે છે.

જૈનકુળમાં જન્મેલા આમવર્ગ ઉપર શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ આજે પણ પોતાની પ્રબળ અસર ઉપજાવી રહ્યો છે, તેની પાછળ આ ચરિત્રો અને કથાનકોની ઘણી મોટી અસર છે. કહેવાતા બુદ્ધિજીવી વર્ગ ઉપર આની અસર ન પડતી હોય તો તેનું કારણ તેમની કેવળ બુદ્ધિજીવિતા નથી, પણ કાંઈક અંશે લાગણીશૂન્યતા

પણ છે, એમ માનવું જોઈએ. કારણ કે બુદ્ધિજીવી વર્ગની અંદર જેઓ અગ્રેસર છે, તે સર્વ પૂર્વ મહાપુરુષો ઉપર આ શ્રી નવકારનો પ્રભાવ પડ્યો છે, અને તેના પ્રભાવને વર્ણવનારાં ચરિત્રોએ પણ તેમના ઉપર ઘણી મોટી અસર ફેલાવેલી છે.

### સાચી બુદ્ધિ અને તેનું ફળ

લાગણીશૂન્ય બુદ્ધિમત્તા એ બાહ્ય દષ્ટિએ ગમે તેટલી આકર્ષક જણાતી હોય, તોપણ આંતરદષ્ટિએ તેનું કશું જ મૂલ્ય નથી.

આજ્ઞા અને યુક્તિથી સિદ્ધ એવા પણ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારના ફળને વર્ણવતાં ચરિત્ર અને કથાનકોની અસર જેઓના અંતઃકરણ ઉપર નીપજતી નથી, તેઓ પોતાને બુદ્ધિમાન ગણતા હોય તોપણ તેઓની બુદ્ધિ તેમને કેવળ ભારરૂપ જ છે, એમ કહેવું જોઈએ. બુદ્ધિનું ફળ જે ભાવ અને ભાવનું ફળ જે મોક્ષ, તેનાથી તેઓ સદા વંચિત રહે છે.

સાચી બુદ્ધિ તે છે, જે સદ્‌વસ્તુ પ્રત્યે, સદ્‌વસ્તુને સિદ્ધ કરનારી યુક્તિ પ્રત્યે, સદ્‌વસ્તુનો પ્રભાવ વર્ણવનાર ચરિત્ર, કથાનક કે દૃષ્ટાન્ત પ્રત્યે સદ્‌ભાવને પેદા કરે અને વસ્તુને ઓળખવા માટેની સર્વ બાજુઓનું એકસરખું મૂલ્યાંકન કરી શકે.

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ અધમમાં અધમ મનુષ્યો અને ક્રૂરમાં ક્રૂર તિર્યંચો ઉપર પણ પડ્યો છે.

સર્પ અને સમડી ઇત્યાદિ તિર્યંચોનાં ઉદાહરણો છે. ભીલ અને મહિષીપાલ વગેરે મનુષ્યોનાં દૃષ્ટાન્તો છે. ચોરી અને જારી, જુગાર અને શિકાર જેવાં મહાવ્યસનોને સેવનારા પણ શ્રી નવકારના અચિન્ત્ય પ્રભાવથી ભવ-સમુદ્રને તરી ગયા છે.

એ રીતે શાસ્ત્રવચન, તર્ક-બુદ્ધિ અને સ્વાનુભવ-સંવેદન, એ ત્રણેથી સિદ્ધ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ સર્વ કાળ અને સર્વ લોકમાં સર્વ વિવેકી આત્માઓના અંતઃકરણ ઉપર સદા સર્વદા વિજયવંત છે.

જેણે જેણે આ મહામંત્રની બિનશરતી શરણાગતિ સ્વીકારી, તે સહુ ભવની ભૂંડી જેલમાંથી સદાને માટે મુક્ત થઈને મુક્તિના શાશ્વત સુખના ભાગી બન્યા છે.

સંશયરહિત ચિત્તે, એકાગ્રતાપૂર્વક આ મહામંત્રને સમર્પિત થવાય છે ત્યારે જે બળ, બુદ્ધિ, ક્ષમા, દયા, સ્થૈર્ય, ધૈર્ય, ગાંભીર્ય આદિ અનુભવવા મળે છે તે જ સાફ બતાવે છે કે આ મહામંત્ર અચિન્ત્ય શક્તિનો સાગર છે.

સ્વ-પર હિતવાંછુ સહુ આ મહામંત્રના મર્મને સ્પષ્ટપણે સમજો અને તેના સાચા આરાધક બનો!

## ધર્મના સાધકને માર્ગદર્શન

છદ્મસ્થ અવસ્થામાં સામાન્ય મનુષ્યોને જ નહિ, પરંતુ મુમુક્ષુઓને પણ પોતાના મનમાં મૂંઝવણ પેદા કરનારા અનેક પ્રશ્નો, અનેક વાર ઊભા થાય છે. અને પછી તેવા મુમુક્ષુઓ પોતાના આપ્તજનો સમક્ષ એમ કહેતા સંભળાય છે કે, 'અત્યારે મારે શું કરવું જોઈએ, એ મારે મન મોટી મૂંઝવણ છે.'

### મૂંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ

કેટલાકને એ પ્રશ્ન મૂંઝવે છે કે, 'નિયમ લઈને તેનો ભંગ કરવાને બદલે, નિયમ લીધા સિવાય જ વ્રતનું પાલન કરવામાં શો વાંધો?' તો કેટલાકને એ પ્રશ્ન સતાવે છે કે 'દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા શું ખોટી?' વગેરે વગેરે.

આ મૂંઝવણના નિરાકરણનો ઉપાય સાવ સહેલો છે. એ જે વિચારધારામાંથી ઉત્પન્ન થયેલી છે, તે વિચાર-ધારા મૂળમાંથી જ ખોટી છે, એ નિશ્ચય થવાની અત્યંત જરૂર છે.

છદ્મસ્થ અવસ્થામાં આવી સ્થિતિ અનેક વાર આવી જવા સંભવ છે, આવવી સહજ છે.

તેની સામે બચાવ કરનાર કોઈ પણ સમર્થ વસ્તુ હોય તો બે છે.

એક, આપણો 'વિનીતભાવ' અને બીજી, આપણી તત્ત્વ સમજવા માટેની 'સાચી ધગશ'.

### આગ્રહરહિતતા

સાચી ધગશ હોય તો જ કોઈ એક પક્ષમાં અટકી ન જવાય અને વિનીતભાવ હોય તો જ અતીન્દ્રિય વિષયોમાં બહુશ્રુતોને શરણે રહેવાય. કોઈ પણ વિષયમાં અંતિમ નિર્ણય પર આવવા પહેલાં, તેની ચારે બાજુથી પુખ્ત વિચારણા ચાલુ રહેવી જોઈએ. અને જ્યાં સુધી આપ્ત પુરુષોનું સમર્થન ન મળે ત્યાં સુધી, 'મતિની અલ્પતા અને શાસ્ત્રોની ગહનતા'નો વિચાર કદી પણ છોડી ન દેવો જોઈએ. અને તે તેઓથી જ બને કે જેઓની તત્ત્વજિજ્ઞાસા ભવ્યત્વના પરિપાકથી જન્મેલી હોય તથા જન્મજાત કુલીનતાને વરેલા હોય તેવા જીવો તત્ત્વ માટે જે કાંઈ મંથન કરે, તેમાં ભૂલભરેલા નિર્ણયો પણ અનેક વાર થાય, છતાં આગ્રહરહિતતા હોવાથી, પ્રજ્ઞાપક મળતાંની સાથે જ, તેઓ અસદ્ નિર્ણયોને ફેરવતાં વાર કરતા નથી. એ સદ્‌ગુણને શાસ્ત્રોમાં 'પ્રજ્ઞાપનીયપણું' કહ્યું છે.

ગુરુવચને પન્નવણિજજ તે,<br>
આરાધક હો, હોવે સરલ સ્વભાવ.'

અથવા

'અનુચિત તેહ ન આચરે,
વાળ્યો વળે જિમ હેમ.'

એ શબ્દોમાં જ્ઞાનીઓએ એ સદ્ગુણને વખાણ્યો છે.

ચિંતનપ્રધાન કેટલાક મુમુક્ષુ ગૃહસ્થોને ભાવપૂજામાં મન વિશેષ આત્માભિમુખ થતું લાગે છે, એ ઘણું જ ઉત્તમ ચિહ્ન હોવા છતાં, તે જ ચિંતનના બળે, 'રોગીને ઔષધની જેમ' દ્રવ્યરોગીને અર્થાત્ આરંભ, પરિગ્રહ, મોહ-મમત્વ અને વિષયાદિકની અંદર રહેલા–ખૂંપેલા ગૃહસ્થ વર્ગને, તે રોગનું નિવારણ કરવા માટે દ્રવ્યપૂજા પણ કેટલી સમર્થ અને ઉપયોગી છે, તે સમજવાની યોગ્યસામગ્રી મળ્યે, સમજાયા સિવાય રહેતું નથી.

### દ્રવ્યપૂજાનું મહત્ત્વ

મહામહોપાધ્યાય પ. પૂ. શ્રી યશોવિજયજી મહારાજ-રચિત ૧૨૫ ગાથાના સ્તવનના ૮, ૯, ૧૦ એ ત્રણ ઢાળોમાં એ વિષય પૂરેપૂરો સ્પષ્ટ કર્યો છે. જેને વાંચવાથી દ્રવ્યપૂજાનાં પરિણામ — સહૃદય જીવનાં — સતેજ થયા સિવાય રહેતાં નથી.

'દ્રવ્યપૂજા કરનારા બીજાઓનાં જીવન અશુદ્ધ અને મલિન છે,' એમ વિચારવા કરતાં જેઓનાં અંતર મલિન નથી અને જ્ઞાનીઓની આજ્ઞાનું આરાધન કરવાના પરિણામમાંથી જેઓને 'દ્રવ્યપૂજા'ની કરણી કરવી છે, તેઓને એ અનુષ્ઠાન, 'કૂપ'ના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનારું

થાય છે, એ વાત સિદ્ધ છે. તેથી ગૃહસ્થોને અપેક્ષાએ ભાવપૂજા કરતાં પણ દ્રવ્યપૂજા પરમ મંગળ કરનારી છે અને દ્રવ્યપૂજાપૂર્વકની ભાવપૂજા જ શાન્તિ આપનારી છે, એવો અનુભવ થયા સિવાય રહેતો નથી.

દ્રવ્ય વિના એકલી ભાવપૂજા થોડો વખત રુચિકર લાગે તોપણ તે રુચિ ચિરંજીવી બનતી નથી. તેને ચિરંજીવી બનાવવામાં દ્રવ્યપૂજાપૂર્વક ભાવપૂજાનો જ્ઞાની-ઓએ બતાવેલો ક્રમ એ જ ફળદાયી બને છે, એવો જ્ઞાની પુરુષોનો એટલે પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિ આદિ સૂરિપુંગવોનો ચોક્કસ અભિપ્રાય છે.

### પાત્રતા કેળવવાના ઉપાય

'એવું સાંભળવા અને વાંચવામાં આવે છે કે, શુભ અનુષ્ઠાનોમાં વિશેષ શુભ ભાવની વૃદ્ધિ થાય છે. પણ એવું અનુભવમાં આવતું નથી.' ઇત્યાદિ મૂંઝવણભર્યા પ્રશ્નોનું અથવા એવો અનુભવ નહિ થવાનું કારણ તત્ત્વના જ્ઞાનની ન્યૂનતા અથવા અસ્પષ્ટતા સિવાય બીજું કાંઈ હોતું નથી. એ ન્યૂનતા કે અસ્પષ્ટતા શું છે, તત્સંબંધી સ્પષ્ટતા આ જ લેખમાં આગળ આવશે, તે મનનપૂર્વક વાંચવાથી ખાતરી છે કે, 'શુભ અનુષ્ઠાનો શુભ ભાવની વૃદ્ધિ માટે અનિવાર્ય છે,' એવો વિશ્વાસ જાગ્યા સિવાય રહેશે નહિ.

'માર્ગાનુસારીના ગુણો એ ધર્મનો પાયો છે' એવો નિશ્ચય યથાર્થ છે એ જ રીતે ધર્મરત્ન પ્રકરણમાં

બતાવેલા શ્રાવકના અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણો પણ ધર્મરત્નની પ્રાપ્તિ માટેની યોગ્યતાના મુખ્ય હેતુઓ છે. તથા બીજા પણ પાત્રતા વિકસાવનારા, ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્ય, ધૈર્ય, સૌજન્ય આદિ ગુણોના વિકાસની પણ ઘણી જરૂર છે. અને એ રીતે પાત્રતા કેળવાયા બાદ 'पात्रमायान्ति सम्पदः' પાત્ર જીવોને સંપદાઓ આવી મળે છે. અર્થાત્ પાત્ર વ્યક્તિઓ તરફ ગુણરૂપી સંપદાઓ બોલાવ્યા વિના કે ઇચ્છા કર્યા વિના પણ, સમુદ્રની તરફ નદીઓ ખેંચાઈ આવે છે તેની જેમ ખેંચાઈ આવે છે.

એટલે પાત્રતા કેળવવાનો વિચાર તેમ જ તે મુજબનો આચાર એ જ સૌથી શ્રેષ્ઠ અને નિર્ભય જીવન-માર્ગ છે. એ ક્રમે ચડેલા આત્માઓના પતનનો સંભવ રહેતો નથી. અથવા ખૂબ જ ઓછો (સંભવ) રહે છે. તે સંબંધમાં માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે, એકલી માર્ગાનુસારિતા ઉપર જ વધારે પડતું વજન આપવા જતાં એ માર્ગાનુસારીપણાના જ ગુણો જેમ કે, 'प्रत्यहं धर्मश्रवणम्', अविरोधेन त्रिवर्गसाधनम्', 'अनभिनिविष्ट-त्वम्', 'वृत्तस्थज्ञानवृद्धानुसारित्वम्', 'दीर्घदर्शित्वम्', 'विशेषज्ञ-त्वम्', कृतज्ञत्वम्', ઇત્યાદિ ઘણા ગુણો ઘવાય છે.

તેમાં છેલ્લો 'કૃતજ્ઞતા' ગુણ ઘણો મહત્ત્વનો છે. જે સંસાર-અપેક્ષાએ માતાપિતાદિ ગુરુજન માટે જેટલો લાગુ પડે છે, તેટલો જ ધર્મઅપેક્ષાએ દેવ, ગુરુ, સંઘ ઇત્યાદિ પ્રત્યે પણ લાગુ પડે છે. અને એ બધા ગુણોના

ગર્ભમાં આપણને સન્માર્ગ પ્રત્યે દઢીકરણપણું ટકાવી રાખવા માટે ઘણી સામગ્રી ગોઠવાયેલી છે, તેથી માર્ગાનુસારિતાની વ્યાખ્યા પણ કેવળ 'ન્યાયસંપન્નવિભવાદિ' જેટલી સંકુચિત ન જ રહેવી જોઈએ. અને એ રીતે તે ગુણોની સાધના અપૂર્વ યોગ્યતાને પેદા કરનારી થાય એમાં જરા પણ શંકા નથી.

કેટલાક મુમુક્ષુઓની એવી પણ ફરિયાદ હોય છે કે, 'સામાયિક, પ્રતિક્રમણ, તપ વગેરેમાં હાલ તે મુજબનો ભાવ આવતો નથી કે અનુભવાતો નથી. પણ તેનાથી ઊલટું અભિમાન, દંભ, અવિધિ, અશાતના વગેરે દોષોનો પ્રાદુર્ભાવ સ્વાભાવિક લાગે છે.'

આ ફરિયાદનો ખુલાસો એ છે કે, શ્રી વીતરાગ ભગવંતોએ સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનકોની ઉત્પત્તિ કેવળ નિસર્ગથી કહી નથી, પણ નિસર્ગ અને અધિગમ ઉભયથી કહી છે.

અનેક વખતનો અધિગમ એ નિસર્ગરૂપે પરિણમે છે. ક્રિયાઓ એ અભ્યાસ સ્વરૂપ છે અને અભ્યાસનું જ બીજું નામ અધિગમ છે.

કેવળ ઉપદેશ-શ્રવણ, તત્ત્વચિંતન કે પુસ્તકવાંચનથી 'અધિગમ' થાય અને સત્ક્રિયાઓનું સેવન નિષ્ફળ જાય, એમ કહ્યું નથી. ઊલટું એમ કહ્યું છે કે, તે તે ગુણસ્થાનકને ઉચિત તે તે ક્રિયાઓ અપ્રાપ્ત ગુણને પ્રાપ્ત કરાવે છે, પ્રાપ્તને સ્થિર કરે છે અને વધારે છે.

## અવશ્ય કરણીય ક્રિયાઓ

વળી, 'સામાયિક, પ્રતિક્રમણ, દાન-શીલ-તપ-પૂજન આદિ ક્રિયાઓ ઉપર આટલો અરુચિભાવ શા માટે?' એમ જીવને ખરા અંતરથી પૂછીએ તો જવાબ મળ્યા વિના રહે નહિ કે, 'કેવળ પ્રમાદ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ.' કારણ કે તે બધી ક્રિયા નિરવદ્ય (નિષ્પાપ) છે, તેમ જ કોઈને પણ પીડાકારક નથી કારણ કે તે તે સમયે સમયનો તેથી વધારે સારો ઉપયોગ કરાવે તેવાં બીજાં કાર્યો આપણી સામે છે નહિ. ધનવ્યય કરવો પડે છે એમ પણ નથી અને જે અલ્પ ધનવ્યય કરવો પડે છે, તે પણ યથાસ્થાને છે. શક્તિનો પણ દુર્વ્યય થતો નથી. ઊલટો શારીરિક, વાચિક કે માનસિક શક્તિનો સંચય થાય છે. સમત્વ-ભાવની વૃદ્ધિ થાય છે, એ જ શક્તિનો સંચય છે.

ક્રિયાનાં સૂત્રો પણ જ્ઞાનગંભીર છે, મહાપુરુષોએ રચેલાં છે, પરમ મંત્ર સ્વરૂપ છે. અંતરાત્માને પરમાત્મ-ભાવની સાથે વારંવાર મિલન કરાવી આપનારાં છે. વિવિધ પ્રકારની મુદ્રાઓ શ્રી તીર્થંકર-ગણધરાદિ મહા-પુરુષો પ્રત્યે વિનય-બહુમાનાદિકની સૂચક છે. આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસને અનુલક્ષીને જ આવશ્યકાદિ ક્રિયાઓની રચના થયેલી છે. તેમાં કોઈ પણ જગ્યાએ દંભ, અભિમાન કે સ્વાર્થનું પોષણ છે નહિ.

પરલોક-પ્રધાન સત્પુરુષોએ પારલૌકિક કલ્યાણની સિદ્ધિ માટે એ મંગળકારી ક્રિયાઓ વિહિત કરેલી છે,

અને સમગ્ર શ્રી સંઘમાં એવી ઓતપ્રોત કરી દીધી છે કે, એ ક્રિયાઓના બળે સમગ્ર શ્રી સંઘની એકવાક્યતા એકસરખી જળવાઈ રહે છે.

તત્ત્વજ્ઞાન એ ક્રિયાઓનો પાયો છે. સમત્વ એનો પ્રાણ છે. સમાધિ, સદ્ગતિ અને બોધિ એનું લક્ષ્ય છે. ગુણવાન પુરુષોનું બહુમાન, પાપની જુગુપ્સા, આત્માનું અવલોકન, સંસારથી પરાઙ્મુખતા ઈત્યાદિ સદ્ગુણોનું સાક્ષાત્ આચરણ એની સુવાસ છે.

એ ક્રિયાઓના બળે જ શ્રી સંઘ જીવતો દેખાય છે અને એના બળે જ પાંચમા આરાના અંત સુધી એનું આયુષ્ય ટકાવી રાખવાનો છે.

## ઉપકારક ક્રિયાઓ

જીવનમાં પ્રત્યક્ષ આચરણ વિનાનું કોરું તત્ત્વજ્ઞાન કદી દીર્ઘજીવી બની શકતું નથી. તપ, જપ, દાન આદિ પ્રવૃત્તિઓનો એકસરખો પ્રવાહ વહી રહ્યો છે, તેની પાછળ ક્રિયાઓનો જ મોટો ફાળો છે. સર્વ મહાપુરુષોએ જીવનમાં સ્વયં અપનાવીને એને ટેકો આપ્યો છે. પોતાનાથી અધિક ક્રિયાનું આચરણ કરનારને પ્રશંસ્યા છે. એની અંદર થઈ રહેલી અવિધિ, આશાતનાને પોષી નથી, દૂર કરવા પૂરતી તકેદારી રાખી છે. તેમ છતાં મનુષ્ય સ્વભાવની નબળાઈને વશ, થતી અવિધિના અનુબંધને વિધિ પ્રત્યેની ભક્તિ વડે વિચ્છેદ કરી શકાય છે, એમ કહીને આશ્વાસન આપ્યું છે. 'અવિધિથી કરવા

કરતાં ન કરવું,' એને ઉત્સૂત્ર-ભાષણ કહ્યું છે. 'કરવું તો વિધિયુક્ત જ કરવું,' એ મનોવૃત્તિને અભિમાનજનિત ગણાવી છે.

કોઈ પણ ક્રિયા અભ્યાસથી જ શુદ્ધ થઈ શકે છે, તેથી અભ્યાસદશાની અવિધિને આગળ કરીને, અભ્યાસને છોડી દેવાનું કહેવું, એ પ્રમાદને પોષનારું તથા મૂળ વસ્તુનું મૂલ્ય ઘટાડનારું છે, એમ શાસ્ત્રકાર મહર્ષિઓએ ભારપૂર્વક ફરમાવ્યું છે.

અશુભ ક્રિયાથી અશુભ ભાવનો અનુભવ થવો જેટલો સહજ છે, તેટલો શુભ ક્રિયાથી શુભ ભાવનો અનુભવ થવો સહજ નથી, એ જ એમ બતાવે છે કે, એના અધિક અભ્યાસની અર્થાત્ વારંવારના સેવનની પૂરતી જરૂર છે.

## કક્ષાનો વિચાર

હવે પ્રશ્ન એ રહે છે કે, આપણે નીચલી કક્ષાએ હોઈએ તો ઉપલી કક્ષાની ક્રિયા આપણને કેવી રીતે લાભ કરે ? ચક્રવર્તીનું ભોજન રંકને કેમ પચે ? મંદાગ્નિવાળાને પૌષ્ટિક ખોરાક કેવી રીતે લાભ કરે ?

અહીં કક્ષાનો વિચાર બે રીતે છે.

એક પ્રવૃત્તિરૂપે અને એક પરિણતિરૂપે.

પરિણતિ તો ક્રિયાસાધ્ય છે, અને આવ્યા પછી ક્ષણવારમાં ચાલી જનારી પણ છે. તેથી પરિણતિ વડે કક્ષાનો વિચાર અશક્ય છે. માત્ર પ્રવૃત્તિ વડે જ કક્ષાનું

માપ નીકળી શકે છે.

તો જેઓ જૈનકુળમાં જન્મ્યા છે, ઉત્તમ કુળના આચારોનું સહજ રીતે પાલન કરી રહ્યા છે, જેઓના ઘરમાં માંસ-મદિરાનું ભોજન કે વેશ્યાગમનાદિ નીચ કાર્યોનું સેવન છે નહિ, હલકા કુળને ઉચિત એવા જીવવધના વ્યાપાર કે અશુચિ કર્મો નથી, જેઓને પરલોક ઉપર શ્રદ્ધા છે, આત્માનું હિત કરી લેવું એ જ જન્મનો સાર છે, એવા સુસંસ્કારો જેઓને વારસામાં મળેલા છે, જેઓ જીવતાં બોધિ, મરતાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિને નિરંતર ઇચ્છી રહ્યા છે, જેઓને વીતરાગ પરમાત્મામાં દેવાધિદેવપણાનો, નિર્ગ્રન્થમાં ગુરુપણાનો અને આગમોમાં સર્વજ્ઞ-નિરૂપિતપણાનો વિશ્વાસ છે તથા ધર્મમાં જીવદયા અને જીવની જયણા એ જ મુખ્ય છે, એવી નૈસર્ગિક શ્રદ્ધા ધરાવી રહ્યા છે, તેવા જીવો આ ક્રિયાના અધિકારી નથી, એમ તો કોઈ અજ્ઞાની, કોઈ દુરાગ્રહી કે કોઈ પુદ્ગલાનંદી જ કહી શકે.

ઉપર વર્ણવ્યા તેના કરતાં વધારે સારા સંસ્કારવાળા બીજા કયા મનુષ્યો છે કે જેઓ આ ક્રિયાના ખરા અધિકારી છે અને બીજા નહિ? જો નથી તો પછી આવા ઉચ્ચ સંસ્કારવાળાનાં ઘરોમાં નિરંતર સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, વ્રત-નિયમ, દાન-શીલ અને તપ-જપાદિ ક્રિયા સતત થતી રહે તેમાં ખોટું શું છે?

આ તો ઢાલની એક બાજુ થઈ.

તેની બીજી બાજુ પણ છે. અને તે આ ક્રિયાઓ

કરનારા પૈકી કેટલાકમાં દેખાતી જડતા, અવિચારિતા, સ્વાર્થલોલુપતા, બહાર આવવાની કે લોકમાં સારા દેખાવાની મનોવૃત્તિ ઇત્યાદિ કે જે દુર્ગુણોરૂપે દેખા દે છે. પણ તે (અનેક પ્રકારની નબળાઈઓને વશ જીવોમાં) અનિવાર્ય છે. અથવા જ્ઞાન-પ્રકાશથી તેને હઠાવી શકાય છે.

એક તો સામાન્ય રીતે ધર્મક્રિયા કરનારાઓ, સમગ્ર સમાજની દષ્ટિએ અલ્પ સંખ્યામાં હોય છે. માત્ર પર્યુષણાદિ પર્વોમાં જ તેની અધિકતા દેખાય છે અને તે વર્ગ ક્વચિત્ ધર્મક્રિયા કરનારો હોવાથી તેમાં ભૂલો નજરે પડે છે. છતાં એકંદર વિચાર કરતાં તેવી ભૂલવાળી ક્રિયાઓ વડે તેઓમાં એવો એક ભાવ તો પોષાય છે કે, જીવનમાં ધર્મનું સ્થાન છે અને ધર્મ પણ કાંઈ શાન્તિ અને સુખ આપે છે, તે માન્યતા ટકાવી રાખવામાં પણ તેમનો મોટો ફાળો છે. પ્રતિપક્ષમાં એ રીતે ક્રિયાઓ છૂટી જવા પછી જૈન કોણ, અજૈન કોણ, ધર્મ શું, અધર્મ શું એનો ભેદ રહેવો આ વિષમ કાળમાં ઘણો દુષ્કર છે.

આત્મશુદ્ધિમાં સહાયક આ ક્રિયાઓ કરવાથી આપણા પોતામાં અર્થાત્ ક્રિયા કરનારમાં દંભ કે મિથ્યાભિમાનનું પોષણ થાય છે, એવી એકાન્ત માન્યતા સર્વથા અસંગત છે. ઊંડા તત્ત્વમંથન પછી જે ક્રિયાઓ થાય તે વડે દંભ, અભિમાન પોષાય એમ બનવું અશક્યપ્રાય છે. તેમ છતાં જે સાધકને એમ લાગે કે લાગતું હોય તો તે ઘડાયેલી મિથ્યા કલ્પનાઓ કે અસંગત

વિચારણાઓને લીધે છે, એમ જ માનવું જોઈએ. એ કલ્પનાઓ અને વિચારણાઓ અસત્ય અને અશાસ્ત્રીય છે, એમ નક્કી થવાની સાથે એ ભ્રમણાઓ આપોઆપ વિલય પામી જનારી છે.

કેટલાક સાધકો જાપ, શાસ્ત્રપાઠ આદિ ક્રિયાઓને 'અચરે અચરે રામ' જેવી જણાવતા હોય છે.

પણ તેમણે એ સમજવું જોઈએ કે, 'અચરે અચરે રામ!' બોલનાર પોપટ એ જ કારણે અન્ય પંખીઓ કરતાં ઊંચો ગણાયો છે. અને બીજી બાજુનો વિચાર કરતાં એ ક્રિયાઓ કરનારાઓમાં પણ આજે ઘણા સાધુ, ઘણાં સાધ્વીજીઓ, ઘણા શ્રાવક અને ઘણી શ્રાવિકાઓ એવી નીકળશે કે જેઓ પોપટપાઠ નથી કરતાં પણ એ ક્રિયા કરતી વખતે આત્મિક આનંદ અને જ્ઞાનીઓની આજ્ઞાનું પાલન કર્યાનો સંતોષ અનુભવે છે. તથા શ્રી તીર્થંકર-દેવો, સત્પુરુષો અને મહાસતીઓનાં નામસ્મરણાદિ વડે પોતાના જન્મને ધન્ય અને કૃતાર્થ તરીકે અનુભવે છે. કારણ કે એ ક્રિયાઓનાં સૂત્રોની પાછળ પૂર્વાચાર્યોએ ઘણું સાહિત્ય વિસ્તાર્યું છે અને ભાષામાં પણ ઘણું ગોઠવ્યું છે. તેથી તેનું પદ્ધતિસર જ્ઞાન પણ સમાજમાં ફેલાતું જ રહે છે.

જોકે આજે અન્ય ક્ષેત્રોમાં વિદ્યાનો વિકાસ તથા ભાષાજ્ઞાનનો પ્રચાર જેટલા પ્રમાણમાં વધી રહ્યો છે, તેટલો આપણે ત્યાં દેખાતો નથી. પણ આત્માના આરો-

હણના માર્ગમાં તેવો પ્રમાદ તો રહેવાનો જ. અને એને દૂર કરવા માટે પણ કાળે-કાળે મહાપુરુષો, યુગપ્રધાનો આદિ જન્મતા જ રહે છે કે જેઓ ફરીથી ક્રિયા-ઉદ્ધાર ઇત્યાદિ કરે છે અને ક્રિયાની પાછળ, ભુલાયેલું કે ભુલાતું જતું જ્ઞાન ભેળવે છે.

એટલે હાલના મનુષ્યોમાં દુઃષમ કાળના પ્રભાવે દેખાતી શિથિલતાઓને વધુ પડતું વજન આપવા કરતાં આપણું કર્તવ્ય, ખૂટતું જ્ઞાન ઉમેરવામાં છે. અને એ રીતે શુભ કરણી દ્વારા શાસનનો ઉદ્યોત અને ટકાવ તથા પ્રભાવ વધારવામાં વધુ કલ્યાણ સાધી શકાય એમ છે, એવી માન્યતા દઢ કરવામાં છે.

### દ્રવ્ય વિના ભાવ ન હોય

यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः। તથા 'ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન' એ વાક્યો શાસ્ત્રોનાં છે. એ સત્ય છે તોપણ, 'દ્રવ્ય વિના ભાવ હોય નહિ,' 'અનંત વાર દ્રવ્ય ચારિત્રના પાલનપૂર્વક શ્રુતધર્મની આરાધના થાય, ત્યારે કોઈ વાર જીવમાં વીર્યોલ્લાસ જાગે અને ગ્રન્થિભેદ થાય.' એ પણ શાસ્ત્રોનાં જ વાક્યો છે. તે બંનેની સંગતિ જેવી રીતે થાય, તેવી રીતે તાત્પર્ય કાઢવાં જોઈએ.

જેઓ કેવળ દ્રવ્યને જ મુખ્ય માનીને ચાલે છે, તેઓ માટે ભાવનો ઉપદેશ છે અને જેઓ 'ભાવ' પ્રત્યે જ ઢળેલા છે, તેઓને દ્રવ્યની જરૂરિયાતનો ઉપદેશ છે.

વસ્તુતઃ બધાં કારણો મળવાથી કાર્ય થાય છે. અંતિમ (અનંતર) કારણને માનવું એ ભાવનયનો વિષય છે અને પરંપર કારણસામગ્રીને પણ કાર્યસાધક માનવી, એ દ્રવ્યનયનો વિષય છે. ઉભય નયનો સુમેળ એ જૈન શાસન છે.

## પ્રવૃત્તિની મુખ્યતા

કેટલાક સાધકો એમ કહેતા હોય છે કે 'પોતાની રુચિની—પોતાના પેટની ભૂખની બીજાને શી ખબર પડે?'

વાત સાચી હોવા છતાં સાવ સાચી નથી. કારણ કે એ રુચિ યા ભૂખની પણ જ્ઞાનીઓને ખબર પડે છે. એટલા જ માટે જ્ઞાનીઓએ ગુણસ્થાનકના ભેદ પાડીને પ્રત્યેક ગુણસ્થાનકને યોગ્ય કરણીઓનો પણ સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. અને ગુણસ્થાનકને સમજવા માટે 'પરિણતિ' નહિ, પણ 'પ્રવૃત્તિ'ને જ મુખ્ય માની છે. એ વાત ઉપર જણાવી છે. પોતે કઈ કરણી, કયાં વ્રત-નિયમ આદિને ઉચિત છે, એ જાણવા માટે ગુર્વાદિકનું અવલંબન પણ બતાવ્યું છે. એ રીતે પરીક્ષા કરીને પોતાની રુચિ યા ભૂખને સર્વથા અનુરૂપ પોતાની ભૂમિકા સમજી શકાય છે.

એકલી નિરપેક્ષ 'માર્ગાનુસારિતા' ઉપર ભાર દેવાથી 'માર્ગાનુસારિતા' જ ઊડી જાય છે. એકલી નિરપેક્ષ 'સર્વ-વિરતિ' ઉપર ભાર દેવાથી 'સર્વવિરતિ' જ ઊડી જાય છે. પણ એ બધી વસ્તુઓને જો સાપેક્ષપણે રાખીને વિચારવામાં આવે તો જેમ 'માર્ગાનુસારિતા' સમ્યગ્ દર્શનને અને

વિરતિને લાયક બનાવે છે, તેમ 'વિરતિ' તથા 'સમ્યગ્ દર્શન'ને ઉચિત કરણીઓ માર્ગાનુસારિતાને મેળવી આપે છે. કારણ કે તે કરણીઓ પરસ્પર વિરોધી નથી, કિન્તુ પરસ્પરને પોષક છે.

## અનુપમ ઉપકારી શ્રી સંઘ

આજે જે કેટલોક વિરોધાભાસ જણાય છે, તે વર્તમાનમાં શાસનના ગણાતા પુરુષોમાંની કેટલીક નબળાઈઓનું ફળ જાણવું. પણ એવી નબળાઈઓને એક ઝપાટે દૂર કરવાનો કોઈ પણ ઉપાય આ જગતમાં છે નહિ. કર્મની બળવત્તરતા અને તેની પરતન્ત્રતાની સામે કોનું ચાલી શક્યું છે? પણ તેથી શાસનને શું? શાસન તો અવિચ્છિન્ન છે. ત્રિભુવનપતિને પણ પૂજ્ય એવો શ્રી સંઘ તો સદા વિજયવંત છે. પુરુષરત્નોની ખાણ છે. અનેક પુણ્યપુરુષો પૂર્વે તેમાં થયા છે અને ભવિષ્યમાં અવશ્ય થવાના છે.

આવા અનુપમ શ્રી સંઘના આધારે ભવ્યાત્માઓનું કલ્યાણ છે, પણ કેવળ વ્યક્તિઓના આધારે શ્રી સંઘનું કલ્યાણ કે અકલ્યાણ નથી. શ્રી સંઘના આધારે વ્યક્તિઓ છે, તીર્થો છે, ચૈત્યો છે, શાસ્ત્રો છે, પર્વો છે, મંત્રો છે અને દાન-શીલ-તપ આદિ સઘળા પ્રકારની આરાધનાઓ છે.

અજ્ઞાનીઓના સમૂહને સંઘ ન કહેવાય એ વાત જેટલી સત્ય છે, તેટલી સત્ય બીજી વાત એ છે કે, શ્રી સંઘને અજ્ઞાનીઓનો સમુદાય, જે તે વ્યક્તિથી, ન કહેવાય.

વ્યક્તિ કરતાં શ્રી સંઘનું બળ વધારે છે, વ્યક્તિના ગુણો કરતાં શ્રી સંઘના ગુણો અધિક છે, વ્યક્તિના જ્ઞાન કરતાં શ્રી સંઘનું જ્ઞાન વધારે છે. વ્યક્તિની આરાધના કરતાં શ્રી સંઘની આરાધના વિપુલ છે, વ્યક્તિની યોગ્યતા કરતાં શ્રી સંઘની યોગ્યતા વિશેષ છે, વ્યક્તિના ટકાવ કરતાં શ્રી સંઘનો ટકાવ લાંબો છે, વ્યક્તિના પાવિત્ર્ય કરતાં શ્રી સંઘનું પાવિત્ર્ય વધારે છે. 'જયાં પંચ ત્યાં પરમેશ્વર' એ કહેતી નિરાધાર નથી.

ગુણહીન સમુદાયને હાડકાંનો માળો કહ્યો છે તે સાપેક્ષ છે, શ્રી સંઘને પોતાનું સંઘત્વ ટકાવી રાખવા માટે એક પ્રેરણારૂપ છે. પણ એ વાકયનું અવલંબન લઈ પ્રત્યેક અજ્ઞાની, અલ્પજ્ઞાની કે મિથ્યાજ્ઞાની તેમ ન બોલી શકે. તે બોલવાનો અધિકાર ભવભીરુ, સંવિજ્ઞ, ગીતાર્થ, પ્રવચનવત્સલ અને કરુણાસમુદ્ર એવા જવાબદાર અધિકારી પુરુષોને છે. તેથી શ્રી સંઘને પ્રેરણા મળે છે. અનધિકારી વ્યક્તિઓ તે વાકયના પ્રચાર દ્વારા શ્રી સંઘની આશાતના કરે તો અનંત પાપ ઉપાર્જન કરીને અધોગતિ પામે.

### લજ્જાગુણ

લજ્જાગુણની બાબતમાં કેટલાક સાધકોને એ પ્રશ્ન મૂંઝવે છે કે, 'જેથી પોતાનો નાશ થતો હોય તેવી લજ્જા ગુણોની કોટિમાં કેવી રીતે આવી શકે ?'

નહિ જ, પણ જે લજ્જાથી સુકુળની મર્યાદાઓ

જળવાતી હોય, જે લજ્જાથી વિષયવૃત્તિઓ ઉપર અંકુશ આવતો હોય, જે લજ્જાથી અજ્ઞાની જીવો જ્ઞાનીનું અનુસરણ કરતા હોય, જે લજ્જાથી અનેક વ્યસનો અને દુર્ગુણોથી બચી શકાતું હોય તથા પવિત્ર ધર્મકરણીઓ થતી હોય, તે લજ્જા એક પરમ સદ્ગુણ છે. અને તે ઉત્તમ આત્માઓમાં જ સંભવી શકે.

'लज्जा गुणौघजननी ।'

લજ્જા ગુણસમૂહની જનેતા છે.

લજ્જાગુણને વરેલો આત્મા કદી પણ અકાર્ય નહિ કરે તથા સત્કાર્ય કરવામાં ખરી નિર્ભયતા તેનામાં જ આવી શકશે.

પૂર્વે મહાસતીઓએ સતીત્વના ગુણના પાલન ખાતર જે નિર્ભયતાઓ દાખવી છે, તેમાં તેમના લજ્જાગુણનો પણ ઘણો ફાળો છે.

જેથી પોતાનો નાશ થતો હોય તેવી લજ્જા ગુણની કોટિમાં ન જ આવી શકે, પરંતુ જેનાથી પોતાનું રક્ષણ થતું હોય તેવી લજ્જા વડે અથવા જે લજ્જા વડે વર્તમાનમાં નહિ પણ આગામી કાળમાં મહાન લાભ થનાર છે, તેવાં કાર્યોમાં સમજ્યા વિના કે ભાવ વિના પણ મહાન્ પુરુષોની મર્યાદા ખાતર પ્રવર્તવાનું થતું હોય, તે લજ્જાને પરમ સદ્ગુણ માનવામાં કોઈ પણ જાતનો બાધ નથી.

**આચારઃ પ્રથમો ધર્મઃ**

'અનાર્ય જીવોને શ્રી તીર્થંકરદેવોથી પણ લાભ ન થાય, તેમ અનધિકાર ધર્મચેષ્ટા કદી પણ લાભ ન કરે'

એવો જે વિચાર કેટલાક સાધકો વ્યક્ત કરે છે તે એકાંત સત્ય નથી.

અધિકાર પ્રાપ્ત થવા માટે પણ કોઈ ને કોઈ ચેષ્ટા જોઈશે જ. જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ કહી છે, તેમ ક્રિયા વિનાનું જ્ઞાન પણ નિષ્ફળ કહ્યું છે. પરંતુ એ બંને નય પક્ષ છે. સિદ્ધાન્તપક્ષમાં ક્રિયા અને જ્ઞાનને તુલ્ય બળ છે. ક્રિયાને જ્ઞાન કરતાં અધિક એટલે પ્રથમ સ્થાન પણ સંભવે. જેમ કે જ્ઞાન વિનાની શુભ ક્રિયા સદ્ગતિ અપાવી શકે, પણ ક્રિયાહીન જ્ઞાન સદ્ગતિ આપી શકે નહિ.

કહ્યું છે કે—

'जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स।
एवं खलु नाणी चरणेण हीणो, णाणस्स भागी न हु सुग्गइए॥

સ્મૃતિકારો પણ કહે છે કે 'आचारः प्रथमो धर्मः।'

અને વાત પણ સાચી છે, કારણ કે કોઈ પણ કળા શીખવા માટે પહેલી ક્રિયા કરવી પડે, પછી જ જ્ઞાન થાય. જોકે જ્ઞાન અને ક્રિયા બંને સાથે જ ચાલે છે, તોપણ ગૌણ-મુખ્યતા હોય.

પ્રારંભ દશામાં ક્રિયાની જ મુખ્યતા હોય પણ જ્ઞાનની નહિ. પ્રારંભિક ક્રિયા શ્રદ્ધાથી એટલે પરના જ્ઞાનના અવલંબનથી થાય, સ્વને જ્ઞાન પછી જ થાય. 'પહેલાં સમજું અને પછી બાપને બાપ કહું,' એમ બોલવાનો અધિકાર નાના બાળકને ન સોંપાય.

આ ક્રિયાઓનું પૂર્ણ રહસ્ય સમજવા માટે આપણે

ઘણા નાના — બાળક છીએ. એ વિષયમાં મોટા મોટા જ્ઞાનીઓ પણ પોતાને ઘણા નાના જણાવે છે. સર્વજ્ઞ ભગવંતો સિવાય બીજા તેનો અંશ જ જાણી શકે. બીજું બધું આપ્ત પુરુષો ઉપરના વિશ્વાસથી માનવાનું રહે છે, એ વસ્તુ દઢ કરવા માટે શાસ્ત્રકારોએ અણસમજ કે અલ્પ સમજથી પણ જ્ઞાનીઓ ઉપરની શ્રદ્ધા અને વિશ્વાસથી લીધેલાં વ્રત, નિયમો અને દેવપૂજનો આદિનું અતુલ ફળ બતાવ્યું છે. અને વાત તદ્દન સત્ય છે કે, તે પવિત્ર ક્રિયાઓનું ફળ સરવાળે અનંતું બને. તેનો ખરો મહિમા ફળ મળ્યા પછી જ સમજાય.

જ્ઞાની ગુરુઓના ચરણને આધીન રહેલા અનધિકારી પણ ક્ષણ વારમાં અધિકારી બની જાય. તેથી શ્રી જિનશાસનની સત્ક્રિયાઓ સર્વ રીતે ઉપાદેય છે એથી અધિક શ્રદ્ધા દઢ કરીને પણ આપણા માટે કે પરને માટે અધિકારી-અનધિકારીપણાનો વિચાર કરવામાં આવશે, તો આ વિષયમાં ઘણી ઓછી ભૂલ થવાનો સંભવ છે, અન્યથા લાભ લેવા જતાં પૂંજી ખોવા વખત આવે, એ નક્કી જાણવું.

નિર્દંભતાના એકાંત આગ્રહને આધીન થઈને કેટલાક સાધકો એવો પ્રશ્ન પણ કરતા હોય છે કે, ‘અનેક વખત રાજાનો પાઠ ભજવનારા નટને રાજ્યપ્રાપ્તિનો સંભવ ખરો ?’

આ તેમ જ આને મળતાં દૃષ્ટાન્તો એકદેશીય

સમજવાં. વૈષ્ણવનો વેશ પહેરનાર પારધી પણ વૈષ્ણવ બની જાય. પરિણામની ધારાઓ વિચિત્ર હોય છે. જેવાં જેવાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવો મળે, તેવા તેવા પલટા પરિણામોમાં આવે. તેથી ઉભય પક્ષને પોતપોતાના સ્થાને સરખા મહત્ત્વના જાણીને કદમ ભરવાનાં છે.

### ભવિતવ્યતાવાદનું આલંબન ક્યારે?

કેટલાક સાધકોને મૂંઝવતા આ પ્રશ્નનું નિરાકરણ એ છે કે, જ્યારે જ્યારે અસમાધિ થાય, ત્યારે ત્યારે ભવિતવ્યતાવાદનું આલંબન લેવાથી અસમાધિ ટળી જાય છે અને આત્મા સ્વ-સ્વભાવમાં આવી જાય છે.

ભવિતવ્યતાવાદનું આ રીતનું આલંબન શાસ્ત્રવિહિત છે.

પણ કાર્યની સિદ્ધિમાં એકલી ભવિતવ્યતા કારણ નથી, પરંતુ પાંચે કારણો મળીને કાર્ય થાય છે, એવો જે જિન-સિદ્ધાન્ત છે, તેને આથી જરા પણ બાધા પહોંચવી ન જોઈએ. અન્યથા એ જ ભવિતવ્યતાવાદનું એકાન્ત અવલંબન જીવને પુરુષાર્થહીન અને ચિત્તવિભ્રમ કરાવનારું થાય છે.

કોઈ પણ એકાન્તવાદનું અવલંબન ચિત્ત-સ્વાસ્થ્યને અવસરે મહાન હાનિ પહોંચાડે છે, કારણ કે તે વસ્તુ-સ્થિતિથી વિરુદ્ધ છે.

મોક્ષમાર્ગમાં 'પુરુષકાર' એ જ અગ્રપદ ભોગવે છે. કારણ કે તે જ એક પ્રયત્નસાધ્ય છે. તે સિવાય બીજાં ચાર કારણો એ મનુષ્યને આધીન નથી, પણ શ્રદ્ધાથી

માનવાનાં છે. જોકે એ શ્રદ્ધા પણ અત્યંત ઉપયોગી છે અને એના બળથી ચિત્તની સમતોલતા બરાબર જાળવી શકાય છે તથા જ્ઞાનીઓ ઉપર વિશ્વાસની વૃદ્ધિ થવામાં પ્રબળ નિમિત્ત બને છે. પણ તેમાંથી કોઈ એકાદના ઉપર અંતિમ કોટિએ ઢળી પડવાનું થાય તો તે માર્ગથી ભ્રષ્ટ કરાવનાર છે એમ નક્કી માનવું.

ભવિતવ્યતાવાદનું આલંબન લેવામાં જેમ વિવેકની જરૂર છે, તેમ નિર્દાંભિકતા કેળવવાનો વિચાર પણ ચિંતન-પૂર્વકના વિવેક સિવાય સેવવા જેવો નથી. નહિતર તેમાં-થી પણ—

'જેને હું યોગ્ય નથી, તેવી ક્રિયા નહિ કરવાથી નિર્દાંભિકતા કેળવી શકાશે' એવી એક માનસિક નબળાઈ પેદા થશે. અને સાધકના જીવનપ્રવાહને છિન્નભિન્ન કરી નાખશે.

એ માનસિક નબળાઈ ઉત્પન્ન થવાનું નિમિત્ત ઊંધું તત્ત્વજ્ઞાન અને તેના ઉપર બંધાયેલો અભિનિવેશ અર્થાત્ એકાંત આગ્રહ છે.

એકાંત આગ્રહ, ભલે પછી તે ભવિતવ્યતાવાદનો હો કે સ્વભાવવાદનો હો, કર્તૃત્વવાદનો હો કે અકર્તૃત્વ-વાદનો હો, તેનું અંતિમ પરિણામ આવા જ પ્રકારનું હોય છે. પરદર્શનોની ઉત્પત્તિ આ રીતે જ થઈ છે અને થાય છે.

## સૌથી મોટો દોષ અસદ્‌આગ્રહ

તર્કશક્તિ અને બુદ્ધિશક્તિને જેઓ વધારે પ્રાપ્ત થયેલા હોય છે તેઓ અસદ્‌આગ્રહમાં આવી જાય તો તેઓનું વધારે પતન થાય છે. પૂર્વ-પુરુષોએ ફરમાવ્યું છે કે—

'आग्रही बत निषीषति युक्तिं, यत्र तत्र मतिरस्य निविष्ठा ।'

જ્યાં મતિ બેઠી છે, ત્યાં યુક્તિને લઈ જવી તે જ આગ્રહીપણાની નિશાની છે. જ્યાં યુક્તિ છે, ત્યાં મતિને લઈ જવી, તે નિરાગ્રહીપણાનું ચિહ્ન છે. તેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં 'અસદ્‌ગ્રહ'ને મોટો દોષ માન્યો છે. પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે—

विद्या विवेको विनयो विशुद्धिः ।
सिद्धान्त-वाल्लभ्यमुदारता च ॥
असद्ग्रहाद्यान्ति विनाशमेते ।
गुणास्तृणानीव कणाद् दवाग्नेः ॥१॥

અર્થ : જેમ અગ્નિના કણથી ઘાસના ગંજ બળી જાય, તેમ અસદ્‌ગ્રહથી વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્તની વલ્લભતા અને ઉદારતા આદિ ગુણો વિનાશ પામે છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે,

'दुरुच्छेदः सतामपि ।'

(આ અસદ્‌ગ્રહને) સત્પુરુષો પણ દુઃખે કરીને દૂર કરી શકે છે. તેથી તેનાથી બહુ સંભાળ રાખવાની હોય છે.

ધર્મમાં નમ્રતા—અર્પણતાની જરૂર પડતી હોય તો તે આ જ કારણે પડે છે. પરંતુ એકાંત આગ્રહવાળાઓમાં

તે નમ્રતા—સમર્પણતા કદી પણ સ્થાન પામી શકતી નથી. તેનું કારણ એ છે કે, કોઈ પણ જાતના એકાન્તવાદમાં વસ્તુસ્થિતિથી વિરુદ્ધ નિરૂપણ કરવાનું હોય છે. તેથી જો તે સંપૂર્ણ સ્વચ્છંદી ન બને, તો બધાનો વિરોધ કેવી રીતે કરી શકે? અને બધાનો વિરોધ ન કરે, તો પોતાનો મત કેવી રીતે સ્થાપી શકે? તેથી એકાન્તવાદ એ જ મિથ્યાત્વ છે, માટે સર્વથા ત્યાજ્ય છે.

નિર્દંભતાનો સમૂળ નાશ કયા ગુણસ્થાનકે થઈ શકે એ હકીકત પણ ધર્મના સાધકોના ધ્યાનમાં રહેવી જોઈએ.

નિર્દંભતાનો સમૂળ નાશ ઠેઠ નવમા ગુણસ્થાનકે થાય છે.

શ્રી જિનશાસનમાં જન્મ્યા પછી સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજાદિ છોડીને બીજી તેવી કઈ ક્રિયાઓ છે કે જે સાધકને આત્મસંતોષ પમાડી શકશે?

જૈનકુળમાં જન્મેલ કોઈ પણ કલ્યાણકાંક્ષી જીવ, શ્રી તીર્થંકરદેવપ્રણીત ધર્મક્રિયાઓ માટે પોતાને અયોગ્ય માનવા પ્રેરાય અથવા અયોગ્ય માનતો થઈ જાય, તે પોતે સેવેલી એકાન્તિક વિચારધારાના ચિંતનનું જ પરિણામ છે. પરંતુ અસદ્ગ્રહજન્ય આ નબળાઈ જૈનકુળમાં જન્મેલા કલ્યાણવાંછુ જીવની પ્રકૃતિથી સર્વથા વિરુદ્ધ છે. એટલે જેટલા જોરથી તે ધર્મક્રિયાઓને છોડવાના વિચારને તે આજે વશ થયો છે, તેટલા જ બલ્કે તેના કરતાં અધિક જોરથી તે આવતી કાલે તેને સ્વીકારી લેવા તત્પર બન્યા

સિવાય રહેવાનો જ નથી. કારણ કે કોઈ પણ મનુષ્ય પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ આચરણમાં અધિક કાળ ટકી શકતો નથી. અને તે સમયે જ તેને ખરેખરો એ ખ્યાલ આવે છે કે, ભૂતકાળની પોતાની સમજ ખોટી હતી. જે ક્રિયા માટે પોતે પોતાને અયોગ્ય માનતો હતો, તે ક્રિયા માટે પોતે ખરેખર યોગ્ય છે એવી શુદ્ધ સમજ તેના મનમાં દૃઢ થઈ જાય છે.

ધર્મક્રિયા તરફની એકાન્તિક સૂગ પરંપરાએ કેટલી ઘાતક નીવડે છે તે પ્રત્યેક સાધકે સ્પષ્ટપણે સમજી લેવું જોઈએ.

એકલો ભવિતવ્યતાવાદ કે સ્વભાવવાદ માનવાથી પુરુષાર્થવાદ સર્વથા ઊડી જાય છે. એકલો ક્રમબદ્ધ પર્યાયવાદ કે દ્રવ્યોનો એકાંત સ્વતંત્રતાવાદ માનવાથી આખો કર્મ-સિદ્ધાન્ત ઊડી જાય છે. કર્મ કે પુરુષકાર ઊડી ગયા પછી જીવ અને પુદ્ગલના સંયોગરૂપ જે અનાદિ સંસાર કે તેનાથી જીવનો મોક્ષ, તે પણ ઊડી જાય છે અને સંસાર તથા મોક્ષ ઊડી ગયા પછી ક્રમબદ્ધ પર્યાયનો કે ભવિ-તવ્યતાવાદ વગેરે વિચાર આપોઆપ ઊડી જાય છે. પછી સાધકને કેવળ શૂન્યકાર કે અંધકાર જ આવીને ઊભો રહે છે. અને એમાંથી પ્રથમ ક્રિયાને છોડવાનો, પછી સત્પુરુષોની આરાધનાને છોડવાનો અને ક્રમે કરીને શુભ સંકલ્પમય સઘળી સત્ પ્રવૃત્તિઓને મૂકી દેવાનો સંક્લિષ્ટ અધ્યવસાય પ્રબળ થતો જાય છે. એનું પરિણામ પરંપરાએ કેવું અને કેટલું ભયંકર આવે એનો વિચાર સાધકે

જાતે કરી લેવો. આ વિચારના પરિણામે શાસ્ત્ર-પરિભાષામાં જેને અનંતકાળની નરક અને નિગોદ કહેવાય છે, તેને શરણે અનિચ્છાએ પણ જીવાત્માને થવું પડે, તો જરા પણ ઇન્કાર કરી શકાય નહિ.

શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ જેટલી જ તેઓ-શ્રીની આજ્ઞાની ભક્તિ કરવાની શુદ્ધ બુદ્ધિ અને દૃઢ નિષ્ઠા એ ધર્મના સાધકની સાચી મૂડી છે. આ મૂડી વેડફાઈ જાય તો જીવન વેડફાઈ જાય, આત્મા અધોગતિ-ગામી બનીને અપાર યાતનાઓનો ભોગ બને.

આજ્ઞા કરનારમાં સો ટચની શ્રદ્ધા કેળવીને જીવન ઘડવું, આત્માને અજવાળવો, પરહિતને પ્રમાણવું એ ધર્મના સાધકને ખરેખર દિલથી ગમતું થાય છે એટલે અસદ્ગ્રહનો કચરો તેના મન તેમ જ હૃદયમાંથી નીકળી જ જાય છે અને તેનો આધ્યાત્મિક વિકાસ ઝડપ ધારણ કરે છે

## તીર્થનો મહિમા

**ટાળે દાહ, તૃષા હરે, ગાળે મમતા-પંક**
**તીન ગુન તીરથ લહે, તાકું ભજો નિઃશંક.**

ઉપરના દુહામાં જે તીર્થનો મહિમા ગાયો છે, તે તીર્થ ભાવતીર્થ કહેવાય છે.

દ્રવ્યતીર્થના સેવનથી જેમ દ્રવ્યદાહ, દ્રવ્યતૃષા અને દ્રવ્યપંક ટળે છે, તેમ ભાવતીર્થના સેવનથી ભાવદાહ, ભાવતૃષા અને ભાવપંક દૂર થાય છે.

અહીં દ્રવ્ય એટલે બાહ્ય અને ભાવ એટલે અભ્યંતર એમ સમજવું.

દ્રવ્યતીર્થ એટલે નદી, દ્રહ આદિને ઊતરવાના આરા.

ભાવતીર્થ એટલે સંસારનદી, મોહદ્રહ, ભવસમુદ્ર આદિને પાર પામવાનાં સ્થાનો.

દ્રવ્યતીર્થ પણ બે પ્રકારનાં છે.

એક અપ્રધાન દ્રવ્યતીર્થ, કે જે ભાવનું કારણ બનતા નથી અને જેનાં દૃષ્ટાન્ત ઉપર આપવામાં આવ્યાં છે.

બીજાં પ્રધાન દ્રવ્યતીર્થ કે જે ભાવનાં કારણ બને છે અને જેનાં દૃષ્ટાન્ત શ્રી શત્રુંજય, સમ્મેતશિખર આદિ શાસ્ત્રપ્રસિદ્ધ છે.

તે ઉપરાંત લૌકિક તીર્થો પણ અપ્રધાન દ્રવ્યતીર્થના

ભેદમાં આવે કે જે ભાવના કારણ ભાગ્યે જ બને છે અને કદાચ કોઈને બને તો તેમાં મુખ્યતા તે તીર્થની નહિ, પણ તેને આરાધનાર વ્યક્તિની હોય છે.

તેના દૃષ્ટાન્ત તરીકે ગંગા, ગોદાવરી, રેવા, યમુના આદિ સરિતાઓ, કૈલાસ, હિમાલય આદિ પર્વતો અને બીજા પણ લૌકિક શાસ્ત્રમાં પ્રસિદ્ધિ પામેલ કાશી, પ્રયાગ આદિ તીર્થસ્થળો. તે તે સ્થળો તીર્થ તરીકેની પ્રસિદ્ધિને પામ્યાં હોય છે, તેથી ઘણા લોકો તેનું ભાવથી સેવન પણ કરે છે. છતાં તેના સેવનથી જે ભાવ ઉત્પન્ન થાય છે, તે મુક્તિપ્રાપક ભાગ્યે જ બને છે.

મુક્તિનું કારણ અભય છે અને અભયનું કારણ ષટ્-જીવનિકાય પ્રત્યે દયાના પરિણામ છે. લૌકિક તીર્થોની સેવામાં એ પરિણામ ભાગ્યે જ જળવાય છે. તેથી નિઃશેષ કર્મથી મુક્તિ અપાવે તેવો નિર્મળ ભાવ, તે તીર્થોના સેવનથી ભાગ્યે જ થતો દેખાય છે.

સમસ્ત કર્મથી મુક્તિ અપાવે તેવો નિર્મળ ભાવ તો સમસ્ત જીવોની રક્ષાના ઉદાત્ત પરિણામમાંથી સંભવે છે. અને એવા પરિણામ લૌકિક દ્રવ્યતીર્થોનું સેવન કરનારા આત્માઓમાં દેખાતા નથી.

તે પરિણામ તો લોકોત્તર દ્રવ્યતીર્થના સેવક એવા પવિત્ર અંતઃકરણમાં જ પ્રગટ થતા દેખવામાં આવે છે.

તેથી શ્રી જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા શ્રી શત્રુંજયાદિ તીર્થસ્થળોને જ લોકોત્તર દ્રવ્યતીર્થ તરીકે સંબોધ્યાં છે. એવાં તીર્થોનું સેવન આજે પણ ભાગ્યવાન આત્માઓ

નિર્મળ ભાવથી કરે છે. અને તેના પરિણામે સમગ્ર કર્મથી આત્માને મુક્તિ અપાવનાર પરિણામની ધારાને પાળવાના અધિકારી બનતા દેખાય છે. તે કારણે શ્રી જૈન-આગમોમાં ભાવના કારણરૂપ દ્રવ્યતીર્થોનો મહિમા પણ ઘણો ગવાયો છે.

આ અવસર્પિણીમાં ધર્મના આદિ કાળથી આજ પર્યંત શ્રી શત્રુંજય, શ્રી રૈવતાચલ (ગિરનારજી) અને શ્રી અષ્ટાપદ આદિ તીર્થોનો મહિમા સુંદરમાં સુંદર રીતે ગવાયો છે. અને તે તીર્થોની યાત્રાઓ તથા તે તે તીર્થોમાં શ્રી તીર્થંકરદેવોના ચૈત્યો અને બિંબો તથા તેની પ્રતિષ્ઠાઓ અને પૂજાઓ ઘણા ઊંચા ભાવથી અને મહોત્સવથી થાય છે.

બધાં તીર્થોમાં શ્રી શત્રુંજય તીર્થ ઘણું પ્રસિદ્ધ છે. ત્યાંની યાત્રાઓ, પૂજાઓ, રચનાઓ, સૌથી વધારે પ્રમાણમાં થાય છે, તથા ત્યાં જવા માટેના સંઘો સૌથી વધારે સંખ્યામાં નીકળે છે. શ્રી શત્રુંજય તીર્થનું ધ્યાન છ મહિના સુધી પ્રાતઃકાળે એકાગ્ર ચિત્તથી કરવામાં આવે, તો કવિ-પ્રવર શ્રી વીરવિજયજી મહારાજના શબ્દોમાં—

‘વિમલાચલ પરમેષ્ઠિનું,
ધ્યાન ધરે ષટ્ માસ,
તેજ અપૂરવ વિસ્તરે,
પૂરે સઘળી આશ.’

આવું અનુપમ શ્રી શત્રુંજય તીર્થ કે જે વિમલાચલ

ગિરિરાજના નામે પણ સુપ્રસિદ્ધ છે તેનો પ્રભાવ છે.

આ વિમલાચલ ગિરિરાજનું છ મહિના સુધી ધ્યાન ધરનારની આશાઓ પૂર્ણ થાય છે. અને તે ધ્યાનના બળે તેનામાં અપૂર્વ જ્ઞાનરૂપી તેજ વિસ્તાર પામે છે. આ ગિરિરાજના ધ્યાનથી ત્રીજે ભવે સિદ્ધિ મળે છે. ઉત્કૃષ્ટ પરિણામથી અંતમુહૂર્ત માત્રમાં મુક્તિ મળે છે. મુક્તિ ન મળે ત્યાં સુધી આ શ્રી શત્રુંજયતીર્થના સાચા સેવકને તન, મન, ધન, પુત્ર, પરિવાર અને સ્વર્ગાદિકનાં સુખો તથા પરંપરાએ મુક્તિરમણીનો પણ સંયોગ થાય છે.

શ્રી શત્રુંજયતીર્થનો આ મહિમા તેની લોકોત્તર દ્રવ્યતીર્થતામાં રહેલો છે. ભાવનું કારણ તે દ્રવ્ય, એ અર્થમાં શ્રી શત્રુંજય સાચું તીર્થ છે.

શ્રી જિનમતમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ ભાવતીર્થ છે. અને તેના હેતુરૂપ દ્રવ્યતીર્થોમાં શ્રી શત્રુંજય મહાતીર્થ શિરોમણિભાવને ભજે છે.

શ્રી શત્રુંજય ગિરિરાજના કાંકરે કાંકરે અનંત કોટિ સિદ્ધોની સ્થાપના છે.

આમ તો અઢી દ્વીપ અને બે સમુદ્ર પર્યંત મનુષ્ય લોકમાં એવું કોઈ સ્થાન નથી કે જેને સ્પર્શીને અનંતકાળની અપેક્ષાએ અનંત સિદ્ધો મુક્તિરમણીને ન વર્યા હોય.

સિદ્ધશિલા ૪૫ લાખ જોજનની છે. મનુષ્યલોકમાં આર્યક્ષેત્ર કરતાં પણ અનાર્યક્ષેત્રોની અને અનાર્યક્ષેત્રો કરતાં પણ સમુદ્રોના વિસ્તારની સંખ્યા ઘણી મોટી છે.

છતાં દેવાદિના ઉપસર્ગો પામીને અનાર્યક્ષેત્રો અને સમુદ્ર-જળોમાં પણ સિદ્ધિ પામેલા જીવોની સંખ્યા અનંતકાળની અપેક્ષાએ અનંત કોટિની થાય છે. તો પછી આર્યક્ષેત્રો અને તીર્થસ્થળોને સ્પર્શીને અનંત કોટિ આત્માઓ સિદ્ધિને પામ્યા હોય તેમાં આશ્ચર્ય જ શું?

આમ છતાં અનંત કોટિ સિદ્ધના સ્થાન તરીકે પ્રસિદ્ધિ શ્રી શત્રુંજયની ભૂમિની જ શા માટે? એ પ્રશ્નનું સમાધાન પ્રખર તાર્કિક અને પરમ બુદ્ધિનિધાન, ષટ્શાસ્ત્રવેત્તા વાચકપ્રવર શ્રી યશોવિજય મહારાજ નીચેના શબ્દોમાં ફરમાવે છે.

"एतेन सिद्धाचलादेराराध्यत्वमपि व्याख्यातं ज्ञान-दर्शन-चारित्ररूपभावतीर्थहेतुत्वेनाऽस्य द्रव्यतीर्थत्वादनन्तकोटिसिद्ध-स्थानत्वस्याऽन्यत्राविशेषेऽपि स्फुटप्रतीयमान तद्भावनयैवाऽत्रविशेषात् । अनुभवादिना तथा सिद्धौ श्रुतपरिभाषाभावस्यातंत्रत्वादन्यथा-चतुर्वर्णश्रमणसंघे तीर्थत्वं, तीर्थकरे तु तद्बाह्यत्वमित्यपि विचार-कोटिं नाटीकेत । व्यवहारविशेषाय यथा तथा परिभाषणमपरि-भाषणं च न व्यामोहाय विपश्चितामिति स्थितं ॥

—પ્રતિમાશતક સ્વોપજ્ઞ ટીકા

અર્થ:

"આથી શ્રી સિદ્ધાચલાદિ તીર્થોનું આરાધ્યપણું જણાવ્યું. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ભાવતીર્થના હેતુપણાથી એનું દ્રવ્યતીર્થ-પણું છે. અનંત કોટિ સિદ્ધના સ્થાનરૂપે અન્ય ક્ષેત્રોથી તેની વિશેષતા નથી, પરંતુ તીર્થની સ્થાપના વડે થતા સ્ફુટ પ્રતીય-માન અર્થાત્ સ્પષ્ટપણે અનુભવાતા ભાવ વડે તેની વિશેષતા છે. અનુભવ અને આદિ શબ્દ વડે આગમ અને અનુમાનાદિ પ્રમાણો

તે સિદ્ધ છે. શ્રુતની પરિભાષા કોઈને આધીન નથી. જો તેમ હોત તો ચતુર્વર્ણ શ્રમણ સંઘને તીર્થ અને તીર્થંકર દેવને તીર્થબાહ્ય કહ્યા છે, તે વિચારની કોટિમાં ટકી શકે નહિ. અમુક પ્રકારના વ્યવહાર માટે જેમ તે પરિભાષાઓ બાંધી છે, તેમ અહીં પણ સમજવું. એકને (અનંત-કોટિ-સિદ્ધસ્થાન) કહેવું અને બીજાને ન કહેવું એ શાસ્ત્રીય પરિભાષાને આધીન છે. વિદ્વાન પુરુષો તેથી મૂંઝાતા નથી."

પૂ. ઉપાધ્યાયજીના આ સમાધાનથી શ્રી શત્રુંજય-તીર્થની અનંત કોટિ સિદ્ધિસ્થાન તરીકેની પ્રસિદ્ધિ કેટલી બધી સહેતુક અને પ્રમાણસિદ્ધ છે, તે કોઈ પણ મધ્યસ્થ બુદ્ધિવાળા વિદ્વાન સહેલાઈથી સમજી શકશે.

દ્રવ્યતીર્થોમાં લોકોત્તર દ્રવ્યતીર્થો શ્રેષ્ઠ છે અને તેમાં પણ શ્રી શત્રુંજયતીર્થ સૌથી ચડિયાતું છે, તેનું કારણ અનંત કોટિ સિદ્ધોની સ્થાપના છે. બીજે તે નથી. બીજે એકબે યા તેથી અધિક અરિહંત કે તીર્થની સ્થાપના છે. એ સ્થાપનાની કોઈ આદિ નથી. તેથી તે તીર્થ અનાદિ અને શાશ્વત છે.

સર્વ તીર્થંકરદેવો, ગણધરો, કેવળજ્ઞાનીઓ અને શ્રુતધર મહર્ષિઓએ તે સ્થાપનાને માન્ય રાખી છે અને ઉપદેશી છે તથા તેને અનુસારે આજ પર્યંત અનંત આત્માઓ તે તીર્થનાં દર્શન, સ્પર્શનાદિ કરી પાવન થયા છે, થાય છે અને થશે. તેથી શ્રી શત્રુંજયતીર્થનો મહિમા બધાં તીર્થોના મહિમા કરતાં અજોડ છે. અદ્વિતીય છે. અનંત છે. શ્રદ્ધાળુ આત્માઓ તેના નામસ્મરણથી પણ રોમાંચ

અનુભવે છે અને તે તીર્થની ભક્તિ માટે પોતાના તન, મન, ધન સર્વસ્વને સોલ્લાસ સમર્પણ કરે છે. વિદ્યમાન ચૈત્યો અને તેની વિપુલતા પણ તે વાતની સાક્ષી પૂરે છે.

આ લેખનો મૂળ વિષય તો પ્રારંભમાં ટાંકેલ દુહામાં કહેલ ભાવના કારણરૂપ દ્રવ્યતીર્થના કાર્યની વિશેષતા સમજાવવાનો છે.

ભાવના કારણરૂપ દ્રવ્યતીર્થની સ્પર્શના વડે શુભ ભાવ ઉત્પન્ન થાય છે અને તેનાથી ભાવદાહ, ભાવતૃષા અને ભાવપંક નિયમા દૂર થાય છે.

આત્માની અંદર રહેલ ક્રોધરૂપી કષાય એ ભાવ-દાહ છે, વિષય-વિકાર એ ભાવતૃષા છે અને મોહોદય એ ભાવપંક છે.

તીર્થના સેવનથી જીવનના આ ભાવદોષો ટળે છે.

શ્રી શત્રુંજયાદિ મહાતીર્થોનું સેવન, પૂજન, ભાવન વગેરે આ ધ્યેયને લક્ષમાં રાખીને જ્યારે કરવામાં આવે છે, ત્યારે તેના કરનારના તે તે દોષો ટળ્યા સિવાય રહેતા નથી. પરિણામે આત્મામાં ભાવશાન્તિ, ભાવસંતોષ અને ભાવનિર્મળતા પ્રગટે છે, જેના પ્રભાવે તે ત્રણે ગુણોનો પ્રકર્ષ જ્યાં રહેલો છે, એવા સિદ્ધસ્થાનનો ભોક્તા જીવ બને છે, નિર્મળ આત્મસ્વરૂપનો માલિક થાય છે.

સાગરમાં જેવું જહાજ, તેવું સંસારસાગરમાં તીર્થ. અને તેમાંય શ્રી શત્રુંજય મહાતીર્થની તારકતાની તો વાત જ શી? સમર્પિત થનારને તત્કાલ તેનો અનુભવ થાય છે. એવા અનુભવ કાજે ભવિ આત્માઓ કટિબદ્ધ થાઓ!

# શ્રી જૈનશાસનની અનુપમ આરાધના

શ્રી જૈનશાસન સર્વજ્ઞ કથિત છે. તેની પ્રતીતિ ત્રણ પ્રકારે થઈ શકે છે. (૧) આત્મા, (૨) ગુરુ અને (૩) શાસ્ત્ર.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે,

आया गुरवो सत्थं, तिपच्चया वाऽऽइमोच्चिय जिणस्स।
सपत्तक्खतणओ सीसाण उ तिप्पयारो वि॥

અર્થ : આત્મા, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણ પ્રત્યય છે.

તેમાં પહેલો આત્મલક્ષણ પ્રત્યય શ્રી તીર્થંકર પરમાત્માને હોય છે. તેઓ સર્વજ્ઞ હોવાથી આત્મ-પ્રત્યક્ષ કરીને ધર્મને કહે છે.

શ્રી ગણધર ભગવંત અને તેમના શિષ્ય, પ્રશિષ્યો આદિને ત્રણ પ્રકારે ધર્મની પ્રતીતિ હોય છે:

આત્મપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને શાસ્ત્રપ્રતીતિ.

તેમાં પ્રથમ આત્મપ્રતીતિ એટલે કોઈ પણ પ્રેક્ષાવાન પુરુષ, 'આ વાજબી છે' એમ જાણીને જ ધર્મને અંગીકાર કરે તે.

ગુરુપ્રતીતિ એટલે શ્રી તીર્થંકર ભગવંત, તેમના ઉપરના વિશ્વાસથી ગણધરો ધર્મને અંગીકાર કરે તે.

તેઓ વિચારે છે કે અમારા આ ગુરુ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ સર્વજ્ઞ છે, કેમ કે તેઓ અમારા સર્વ

સંશયોને છેદનારા છે. રાગદ્વેષ અને ભયરહિત છે. કેમ કે તે ત્રણ દોષોનું કોઈ એક પણ ચિહ્ન તેમનામાં દેખાતું નથી. સર્વજ્ઞ તથા રાગ, દ્વેષ, ભયથી રહિત હોવાથી તેઓ કદાપિ અસત્ય બોલે નહિ. તેથી તેમનું વચન શ્રદ્ધેય છે.

એટલે તેઓ સામાયિક ધર્મનો જે ઉપદેશ આપે છે, તે યથાર્થ છે, સત્ય છે. વળી તેઓ અનુપકૃત પરાનુ-ગ્રહપરાયણ આત્મોપકારથી નિરપેક્ષપણે પરને ઉપકાર કરનારા છે. તેથી ત્રિભુવનને તેમનું વચન માન્ય છે, પ્રમાણ છે.

એ રીતે ગણધર ભગવંતના શિષ્ય-પ્રશિષ્યો પણ પોતપોતાના ગુરુઓના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ કરવાથી ધર્મશ્રદ્ધાવાળા બને છે.

આત્મપ્રતીતિ અને ગુરુપ્રતીતિની જેમ ત્રીજી શાસ્ત્ર-પ્રતીતિ છે.

શાસ્ત્ર સર્વ જીવને હિતકર છે તથા પૂર્વાપર અવિરુદ્ધ છે. શાસ્ત્ર જે સામાયિક ધર્મને કહે છે, તે સામાયિક ધર્મ સર્વ ગુણીને ગ્રહણ કરવાના ફળવાળો છે; તેથી અમને ઉપાદેય છે. એ રીતે શાસ્ત્રની પ્રતીતિથી પણ ધર્મનો સ્વીકાર થાય છે.

### આરાધનાના ત્રણ મુખ્ય પ્રકાર

સર્વ ધર્મોમાં શ્રી જિનશાસન પ્રધાન છે. એની પ્રતીતિ જેમ ઉપરનાં ત્રણ સાધનો દ્વારા થઈ શકે છે, તેમ શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય

પ્રકારો વડે પણ થઈ શકે છે.

શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય પ્રકારોનાં નામ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણ-ગમન છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા નીચેના એક જ શ્લોકમાં એ ત્રણ પ્રકારોને વર્ણવે છે.

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चाऽनुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥

શ્રી વીતરાગ સ્તોત્ર, પ્ર. ૧૭, શ્લો. ૧

અર્થ : હે નાથ ! મેં કરેલાં દુષ્કૃતોની ગર્હા કરતો અને સુકૃતોની અનુમોદના કરતો, શરણરહિત એવો હું આપના ચરણોના શરણોને સ્વીકારું છું.

દુષ્કૃતની ગર્હાપૂર્વક દુષ્કૃત ન કરવું, સુકૃતની અનુમોદનાપૂર્વક સુકૃત કરવું અને પોતાને અન્ય સર્વ વસ્તુઓના શરણથી રહિત માનીને પ્રભુના શરણે અનન્યભાવે જવું, એ શ્રી જિનશાસનની આરાધનાનું ઊંડામાં ઊંડું રહસ્ય છે.

દુષ્કૃત ન કરવાનો ઉપદેશ સહુ કોઈ આપે છે, સુકૃત કરવાનો તથા પ્રભુના શરણે જવાનો ઉપદેશ પણ સર્વત્ર મળે છે; કિન્તુ દુષ્કૃતમાત્રની ત્રૈકાલિક ગર્હા, સુકૃતમાત્રની સાર્વદેશિક અનુમોદના અને અન્ય શરણરહિત પ્રભુના અનન્ય શરણનો ઉપદેશ તો પ્રધાનતયા માત્ર એક શ્રી જૈનશાસનમાં જ મળે છે.

શ્રી જૈનશાસનની આરાધનાનો પાયો ગર્હામાં છે,

અનુમોદનામાં છે, પ્રભુની અનન્ય શરણાગતિમાં છે.

અને ગર્હાના પરિણામ વિના, દુષ્કૃત ઘણી વાર જીવે છોડયું છે. અનુમોદનાના પરિણામ વિના, સુકૃત ઘણી વાર જીવે કર્યું છે; પ્રભુને અનન્ય આધાર માન્યા વિના ઘણી વાર ભમ્યા છે. પરંતુ ભવનો અંત આવ્યો નથી. પાપના અનુબંધ તૂટયા નથી. પુણ્યના અનુબંધ પડયા નથી. સ્વકૃતિનો અહંકાર ઓગળ્યો નથી.

એટલે ગર્હણીય દુષ્કૃતોની ગર્હા, અનુમોદનીય સુકૃતોની અનુમોદના ઊંડા અંતઃકરણપૂર્વક કરવી, તેમ જ ત્રિભુવનક્ષેમંકર શ્રી તીર્થંકર પરમાત્માનું શરણું, એ જ સાચું ભવજળતરણું છે એ શ્રદ્ધાને દીપાવવી એ આરાધકનું પ્રધાન કર્તવ્ય છે.

પ્રધાન કર્તવ્યને પ્રધાનતા અપાય, તો જ આરાધના પ્રાણવંતી બને છે અને તે આરાધના વિરાધનાની અધમ પળે, આરાધકનો હાથ પકડીને ઉગારી લે છે. પાપપંકમાં લપટાતાં બચાવી લે છે.

આરાધનાનું આવું અદ્ભુત તત્ત્વજ્ઞાન પીરસનાર શાસન સ્વાભાવિકપણે જ અજોડ લેખાતું હોય છે. અને લાખ પડકાર વચ્ચે પણ તેની અપ્રતિહતતા અકબંધ જળવાઈ રહે છે.

આવા શાસનને પામીને જીવો, ભવનો પાર પામો!

# પરમ શ્રદ્ધેય શાસ્ત્રો

સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકરદેવકથિત શાસ્ત્રો એ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું સાધન છે.

**સમ્યગ્જ્ઞાન** (Right Knowledge)

चक्षुष्मन्तस्त एव हि, ये श्रुतज्ञानचक्षुषा ।
सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नराः ॥

અર્થ: શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે જેઓ ત્યાગ કરવા લાયક અને આદર કરવા લાયક પદાર્થોને નિરંતર સમ્યક્ પ્રકારે જુએ છે, તેઓ જ આ વિશ્વમાં ચક્ષુવાળા છે.

જ્ઞાન એ પ્રકાશ છે.

અજ્ઞાન એ અંધકાર છે.

અંધકાર સમાન આ જગતમાં બીજો એક પણ શાપ નથી. સોનાની ડુંગરીઓ અને હીરાના ઢગલાઓ વચ્ચે પણ આંખ વિનાના માણસને કાંઈ સુખ નથી.

આંખવાળા માણસને પણ પ્રકાશના અભાવમાં સોનું અને પિત્તળ, હીરો અને પથ્થર, મોતી અને કાચ સમાન છે. સોનાને સોના તરીકે અને પિત્તળને પિત્તળ તરીકે, મોતીને મોતી તરીકે, હીરાને હીરા તરીકે અને પથ્થરને પથ્થર તરીકે ઓળખાવનાર આંખ, એ પ્રકાશ છે. એના

વિના બધું જ અંધારું છે.

અંધકારમાં વસનારને ધોળું અને કાળું, સારું અને નરસું, કીમતી અને અકીમતીપણાનો વિચાર પ્રકાશની હયાતીમાં જ થઈ શકે છે. તે કારણે પ્રકાશની કિંમત દુનિયામાં સૌથી શ્રેષ્ઠ ગણાય છે. અને અંધકારનું કષ્ટ સૌથી વધારે ખરાબ મનાય છે.

અજ્ઞાન પણ એક પ્રકારનો અંધકાર જ છે. બાહ્ય અંધકાર કરતાં પણ એ વધારે કષ્ટદાયક છે અને પીડાકારક છે. અજ્ઞાન-અંધકારની હયાતીમાં જીવને બાહ્ય ચક્ષુ મળ્યાં હોય, બાહ્ય પ્રકાશ મળ્યો હોય, બાહ્ય સુખની સામગ્રી મળી હોય, તોપણ તેનાથી તે પોતાનું હિત સાધી શકતો નથી, સુખ પામી શકતો નથી.

સુખ, શાન્તિ કે હિતની સાધના માટે બાહ્ય સામગ્રીઓની સાથે, બાહ્ય પ્રકાશની સાથે, બાહ્ય ચક્ષુની સાથે માનવીને જ્ઞાનરૂપી ચક્ષુની જરૂર પડે છે. જ્ઞાનચક્ષુ વિના કરવા લાયક કે નહિ કરવા લાયક કૃત્યોનો વિભાગ થઈ શકતો નથી. તેથી નહિ કરવા લાયક કૃત્યોને કરીને અને કરવા લાયક કૃત્યો નહિ કરીને જીવ પોતાનું અહિત સાધે છે. હિત સાધવા માટે બાહ્ય ચક્ષુ કે બાહ્ય પ્રકાશ સહાયક બની શકતા નથી. એ માટે એક જ્ઞાનચક્ષુ જ ઉપકારી બની શકે છે.

એ જ્ઞાન ચક્ષુ જેઓને મળ્યાં નથી, તેઓ એક જ જિંદગીમાં કેટલાં અકથ્ય પાપોને આચરે છે અને પરિણામે

કેટલાં અસહ્ય કષ્ટોને સહે છે, તેને વર્તમાન જગત સમક્ષ આંખ ઉઘાડી રાખીને જોનારો સહેજે સમજી શકે છે.

### સમ્યગ્ જ્ઞાનના અભાવનું ફળ

આજે માણસો નહિ ખાવા લાયક(માંસાદિ)ને ખાતા હોય, નહિ પીવા લાયક(મદિરાદિ)ને પીતા હોય, નહિ ભોગવવા લાયક(પરદારાદિ)ને ભોગવતા હોય, નહિ માનવા લાયક(કુમતાદિ)ને માનતા હોય, નહિ આચરવા લાયક-(હિંસાદિ)ને આચરતા હોય અને પરિણામે પોતાનું ભયંકર અહિત સાધતા હોય, તો તે એક સમ્ગ્ જ્ઞાન-રૂપી આંતરચક્ષુના અભાવનું જ ફળ છે, એનો ઈન્કાર કોનાથી થઈ શકશે ?

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કૃત્યાકૃત્ય કે સત્યાસત્ય વિચાર, જે ચક્ષુથી થઈ શકે છે અને જે ચક્ષુ વિના નથી જ થઈ શકતો, તે ચક્ષુની આજે જ જરૂર છે એવું નથી, પણ સર્વ કાળે જરૂર છે. એની જરૂર નથી, એમ જે કોઈ કહે છે, તે જીવો અત્યંત સુખદાયી પ્રકાશનો જ વિરોધ કરે છે, એમ કહેવામાં લેશમાત્ર પણ ખોટું નથી.

સમ્યગ્ જ્ઞાન વિના જેમ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યા-ગમ્ય, કૃત્યાકૃત્ય કે સત્યાસત્યનો ભેદ પડી શકતો નથી, તેમ જીવ-અજીવ, તત્ત્વ-અતત્ત્વ, હિત-અહિત, ઇત્યાદિનો પણ વિવેક થઈ શકતો નથી. અને એ વિવેકના અભાવે જીવનમાં સદાચાર નાશ પામતો જાય છે અને દુરાચાર પ્રવેશ

પામતો જાય છે. પરિણામે દુર્ગતિ અને અનર્થોની પરંપરા સિવાય કાંઈ બચત રહેતું નથી. એ બધાથી બચવાનો એકનો એક અને સરળમાં સરળ ઉપાય, સમ્યગ્ જ્ઞાનનો અભ્યાસ અને પ્રસાર છે.

### સમ્યગ્ જ્ઞાન કોને કહેવું ?

પણ સમ્યગ્ જ્ઞાન કહેવું કોને ? એ સંબંધી આજે ઘણો વિવાદ છે. સહુ કોઈ પોતાને મનગમતી અને પસંદ પડતી વ્યાખ્યાઓ બાંધે છે. જેનું જેમાં હિત અને સ્વાર્થ હોય તે જ એક વ્યાખ્યાને તે સત્ય સાબિત કરવા મથે છે અને તેનો જ પ્રચાર કરવા પાછળ તે પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કરે છે.

આપણે તે બધી વ્યાખ્યાઓનું અહીં પ્રયોજન નથી. સમ્યગ્ જ્ઞાનની સહેલી અને સરળ વ્યાખ્યા એક જ છે, 'જેનાથી પરિણામે હિત સધાય તેવી વસ્તુઓ જણાય તેનું નામ સમ્યગ્ જ્ઞાન'.

પરિણામે હિત સધાય તેવી વસ્તુઓને જાણવા માટેનું આજે સાધન શું ?

એ સાધન, સર્વજ્ઞ પરમાત્માએ પ્રકાશેલાં શાસ્ત્રો સિવાય આજે બીજું એક પણ નથી.

આજે કોઈ સર્વજ્ઞ સ્વામી આ ક્ષેત્રમાં હયાત નથી તે સાચું, પણ તેમણે પ્રકાશેલાં શાસ્ત્રો હયાત છે.

'સર્વજ્ઞ પ્રભુએ પ્રકાશેલાં શાસ્ત્રો પણ આજે હયાત નથી.' એમ જો કોઈ કહેતું હોય, તો તે માનવા લાયક

નથી. એમ કહેવાની પાછળ, કહેનારનું અજ્ઞાન અથવા સ્વાર્થ રહેલો હોવો જોઈએ.

અનેક જે શાસ્ત્રો વિદ્યમાન છે તેમાં સર્વજ્ઞ ભગવંતોએ કહેલાં શાસ્ત્રો કયાં? અને એને ઓળખવાં શી રીતે?

આ એક ઘણો જ ગૂંચવણમાં નાખનારો પ્રશ્ન છે. પણ જેઓને સમ્યગ્જ્ઞાનનો ખપ છે, તેઓને માટે તેનું સમાધાન દુષ્કર નથી.

## સાચાં શ્રદ્ધેય શાસ્ત્રો

જે શાસ્ત્રો જગત જેવું છે તેને તે સ્વરૂપમાં જણાવે છે અને જે શાસ્ત્રોનું એક પણ વચન પ્રત્યક્ષ જગતથી વિરુદ્ધ જતી એક પણ વાતનું સમર્થન કરતું નથી, તે જ શાસ્ત્રો સર્વજ્ઞ ભગવંતોનાં પ્રકાશેલાં (કહેલાં) છે.

પ્રત્યક્ષ જગત કેવળ નિત્ય નથી કે કેવળ અનિત્ય નથી. દ્રવ્યરૂપે કાયમ રહીને પ્રતિ ક્ષણપર્યાયરૂપે તે પલટાયા કરે છે. તેથી નિત્યાનિત્ય ઉભય સ્વરૂપ છે. જગતનો કોઈ પણ પદાર્થ, એ ઉભય સ્વરૂપને છોડીને રહી શકતો નથી.

કોઈ પણ પદાર્થને કેવળ નિત્ય માનવો કે કેવળ અનિત્ય માનવો એ પ્રત્યક્ષ મૃષાવાદ છે.

એવા મૃષાવાદનો આશ્રય જે શાસ્ત્રકારોએ લીધો નથી, કિન્તુ જગતનું સત્ય સ્વરૂપ બતાવવા માટે 'સ્યાદ્-વાદ'નો આશ્રય લીધો છે, તે શાસ્ત્રકારોનાં શાસ્ત્રો પરમ શ્રદ્ધેય છે.

શાસ્ત્રોની સત્યતાની બીજી કસોટી અહિંસા છે.

જે શાસ્ત્રો હિંસાને પણ 'ધર્મ' તરીકે સમજાવતાં હોય, તે શાસ્ત્રો સર્વજ્ઞ, વીતરાગ પુરુષોનાં બનાવેલાં સિદ્ધ થતાં નથી.

હિંસા એ સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ જીવોને અનિષ્ટકર છે. અને તેને આચરનારો, કાર્યકારણના નિયમ મુજબ, કદી પણ — બદલામાં — સુખ મેળવી શકે નહિ. 'જેવું વાવે તેવું લણે' (As you sow, so shall you reap) એ નિયમને એક નાનું બાળક કે નિરક્ષર માણસ પણ જાણી શકે છે.

છતાં હિંસા એટલે બીજાને દુઃખ દેવાની ક્રિયાથી 'ધર્મ' અને અહિંસા એટલે બીજાને સુખ દેવાની ક્રિયાથી 'અધર્મ' થાય થાય છે, એમ કોઈ શાસ્ત્ર કે કોઈ શાસ્ત્રકાર (કોઈ એક સ્થળે ભૂલથી પણ) નિરૂપણ કરે છે તો તે અજ્ઞાની, અસત્યવાદી, અશ્રદ્ધેય ઠરે છે. તો જે શાસ્ત્રોમાં એવાં એક નહિ પણ અનેક નિરૂપણો આલેખાયેલાં હોય તે શાસ્ત્રોમાં કહેલી તે અને બીજી વાતો 'સમ્યગ્ જ્ઞાન'ના અર્થને માન્ય થઈ શકતી નથી.

સર્વજગહિતૈષી સર્વજ્ઞ અને વીતરાગ પુરુષોનાં પ્રકાશેલાં (કહેલાં) શાસ્ત્રોમાં 'હિંસા' એ અધર્મ અને 'અહિંસા' એ જ ધર્મ હોય છે, એ સત્શાસ્ત્રોની બીજી કસોટી છે.

પરંતુ વિશ્વનું સ્વરૂપ સમજવા માટે 'સ્યાદ્વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય જેમ ચાલતું નથી, તેમ

અહિંસાનું શુદ્ધ સ્વરૂપ સમજવા માટે પણ 'સ્યાદ્વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય ચાલતું નથી. કારણ કે અહિંસા પણ બે વિભાગમાં વહેંચાયેલી છે.

તે બે વિભાગ આ રીતે છે :

એક જીવવધની ક્રિયારૂપે.

બીજો જીવવધના પરિણામરૂપે.

જીવવધની ક્રિયા અનેક પ્રકારની હોય છે અને જીવવધનો અધ્યવસાય પણ અનેક પ્રકારનો હોય છે.

તેથી જેવા જેવા પ્રકારના જીવોનો વધ અને તેની પાછળ રહેલો જેવો જેવો વધ કરનારનો અધ્યવસાય, તે મુજબ તેને 'હિંસા' અને 'અહિંસા'નું ફળ મળી શકે છે. એ રીતે હિંસા અને અહિંસાનો સર્વાંગીણ અને સૂક્ષ્મતમ વિચાર જે શાસ્ત્રોમાં રહેલો છે, તે શાસ્ત્રો સર્વજ્ઞ અને સર્વજગહિતૈષી પુરુષોનાં રચેલાં આપોઆપ સાબિત થઈ જાય છે.

એવાં શાસ્ત્રોમાં ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, ગમ્ય-અગમ્ય, કૃત્ય-અકૃત્ય કે સત્ય-અસત્યનું જે નિરૂપણ કરેલું છે, તે સત્ય જ હોય છે અને તેને અનુસરીને જીવન જીવવું એ ત્રૈકાલિક હિતનો માર્ગ છે.

આથી એ સિદ્ધ થયું કે જે શાસ્ત્રોનો વિષય 'સ્યાદ્વાદ' અને વિધાન 'અહિંસા', તે શાસ્ત્રો સર્વજ્ઞ પુરુષોનાં રચેલાં છે. આ જન્મ કે ભવિષ્યના જન્મોનું હિત સાધવાના માર્ગમાં તે શાસ્ત્રોનો આશ્રય લેવો એ જ પરમ કર્તવ્યરૂપ છે.

જેઓ એ શાસ્ત્રોના પ્રકાશથી દૂર છે, તેઓ ભાવ અંધકારમાં રહેલા છે. અને જેઓ એ શાસ્ત્રોના પ્રકાશમાં પોતાનું જીવન જીવી રહ્યા છે તેઓ પોતાનું તેમ જ સાથોસાથ બીજાનું પણ યથાશકય કલ્યાણ સાધી રહ્યા છે.

સમ્યગ્જ્ઞાનના અમૂલ્ય ખજાના સમાં એ શાસ્ત્રોને અનુસરવું એ જેમ હિતાર્થીઓનું કર્તવ્ય છે, તેમ એ શાસ્ત્રોને ઉત્પન્ન કરનાર અને આજ સુધી તેને આપણા સુધી પહોંચાડનાર અનેક ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માઓ, આચાર્ય ભગવંતો અને તેમનાં શાસ્ત્રોને ભણનારા અને તેમના કહેલા માર્ગે ચાલનારા મહામુનિવરોને નિરંતર વાંદવા, પૂજવા, સત્કારવા અને સન્માનવા એ સહુ કૃતજ્ઞ સજ્જનગણનું પરમ કર્તવ્ય છે. એમાં સત્યની સેવા, ધર્મની (સેવા) રક્ષા અને સુખની વૃદ્ધિ છે.

આંખ ધોખો ખાઈ જાય તે બને, બુદ્ધિ દગો દે તે બને, પણ શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનું વચન કે તે વચનોના સમૂહરૂપ શાસ્ત્ર ત્રણ કાળમાં કોઈ એક જીવને પણ દગો નથી દેતું એટલું જ નહિ, પરંતુ સગી મા કરતાં પણ સવાયા હેતથી, તેની આંગળી ઝાલનારા જીવને હેમખેમ સંસારવનથી પાર કરે છે.

શ્રી વીતરાગના વચનમાં મૂકેલો વિશ્વાસ ત્રણ કાળમાં પણ નિષ્ફળ જતો નથી, પરંતુ અચૂક ફળે જ છે.

શ્રી વીતરાગ, સર્વજ્ઞ ભગવંતો એટલે સમગ્ર વિશ્વના પરમ વિશ્વસનીય પુરુષવરો. તેમણે પ્રકાશેલાં શાસ્ત્રોના પ્રકાશમાં જીવન જોવા, વાંચવા, વિચારવા તેમ જ જીવવામાં જીવનું ત્રૈકાલિક હિત સમાયેલું છે.

# જગતનો વિનાશ શાથી?

'सरागोऽपि हि देवश्चेत्।
गुरुरब्रह्मचार्यपि:।
कृपाहिनोऽपि धर्मः स्यात्।
कष्टं नष्टं हहा जगत्॥

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.

અર્થ: સરાગી પણ દેવ તરીકે પૂજાય, અબ્રહ્મચારી પણ ગુરુ તરીકે મનાય તથા દયાહીન ધર્મ પણ ધર્મ તરીકે લેખાય તો મોટા કષ્ટની વાત છે કે આખું જગત નાશ પામી ગયું સમજવું.

### સર્વનાશ નહિ શાથી?

જગતનો સર્વનાશ અટકી રહ્યો હોય તો તેમાં કારણભૂત, થોડાઘણા આત્માઓ પણ સરાગીને નહિ પણ વીતરાગને જ દેવ તરીકે, અબ્રહ્મચારીને નહિ પણ બ્રહ્મચારીને જ ગુરુ તરીકે અને દયાશૂન્યને નહિ પણ દયાયુક્તને જ ધર્મ તરીકે સ્વીકારે છે.

### સરાગી તારી ન શકે

આ વાતને સ્પષ્ટ રીતે સમજવા માટે એ વિચારવું જોઈએ કે સરાગીની પણ પૂજા અને અબ્રહ્મચારીની પણ સેવા ફળદાયી થતી હોય તો તેવી પૂજા અને તેવી સેવા,

આજ સુધી જગતમાં કોણે અને ક્યારે નથી કરી?

સહુ કોઈ, કોઈ ને કોઈ બીજા સરાગી ઉપર પ્રેમ, ભક્તિ કે વાત્સલ્યભાવ ધરાવે જ છે. અને તે કારણે તેની શુશ્રુષા કે આજ્ઞાપાલનાદિ કરે જ છે.

કયો પિતા પોતાના પુત્ર ઉપર, કઈ માતા પોતાની પુત્રી ઉપર, અને કયો પતિ પોતાની પત્ની ઉપર પ્રેમ ધારણ કરતો નથી? અને તે પ્રેમના યોગે અનુક્રમે પુત્ર, પુત્રી ને પત્નીની સારસંભાળ કે સેવા કરતો નથી?

એ જ રીતે કયો પુત્ર પિતા ઉપર, કઈ પુત્રી માતા ઉપર અને કઈ પત્ની પતિ ઉપર પ્રેમ કે ભક્તિ ધરાવતાં નથી? સહુ કોઈ ધરાવે છે. અને તદનુસાર સેવા શુશ્રૂષાદિ પણ કર્તવ્યબુદ્ધિએ કરે છે.

હિંસક પશુપક્ષીઓ પણ પોતાના સંતાનાદિ પ્રત્યે વાત્સલ્યભાવવાળા હોય છે. અને તેની રક્ષા, સંવર્ધનાદિના કાર્યમાં સદા અપ્રમત્તપણે તત્પર રહે છે.

માતાપિતા ઇત્યાદિ ઉપર ભક્તિભાવ ધારણ નહિ કરનાર સંતાનો કે સંતાનાદિ ઉપર વાત્સલ્યભાવ ધારણ નહિ કરનારાં માતાપિતાદિ આ સંસારમાં નથી હોતાં એવું નથી. તેમ છતાં તેઓ પણ સ્વસ્નેહી, સ્વજન આદિ-ને છોડીને અન્ય સ્નેહી, સ્વજન આદિ ઉપર સ્નેહ, પ્રેમ કે વાત્સલ્યભાવ ધારણ કરનાર હોય જ છે. અને તેમાંના એક પણ વીતરાગ હોતા નથી, કિન્તુ સરાગી હોય છે.

જો સરાગીની સેવા, ભક્તિ કે પૂજાદિ સ્વર્ગાપવર્ગનાં

સુખાદિ આપતાં હોય તો થોડાક જ જીવો નરક આદિ દુઃખોને અનુભવનારા આ વિશ્વમાં રહ્યા હોત.

પણ આ વિશ્વનું પ્રત્યક્ષ દર્શન એનાથી સર્વથા વિરુદ્ધ પ્રકારનું છે.

વીતરાગ અને વીતરાગની પૂજાને ભૂલીને, સમગ્ર વિશ્વ સરાગીની પૂજા પાછળ પડેલ છે.

કોઈક વિરલ આત્મા જ સરાગીની પૂજાને છોડીને, વીતરાગ કે વીતરાગતાની ભક્તિની પાછળ લાગેલો દેખાય છે. તે પણ દિલથી નહિ પણ દ્રવ્યથી, માત્ર દેહવ્યાપારાદિથી જ મોટે ભાગે હોય છે.

દ્રવ્ય-ભાવ અને બાહ્ય-અભ્યંતર ઉભયથી વીતરાગની કે વીતરાગતાની ભક્તિની પાછળ મન, વચન, કાયા અને સર્વસ્વનું સમર્પણ કરનારા જીવ વિરલ જ દેખાય છે. તે જ એમ બતાવે છે કે જગતના દુઃખનું બીજ સરાગીનું સ્મરણ અને વીતરાગનું વિસ્મરણ છે.

જગતને સરાગીની જેટલી ઓળખાણ છે, તેટલી વીતરાગની નથી, સરાગીની સેવાથી જેવો લાભ માને છે, તેવો વીતરાગની સેવાથી માનતું હોય તેમ જણાતું નથી. સરાગીની દોરવણી તેને જેટલી પસંદ છે, તેટલી વીતરાગની દોરવણી પસંદ આવતી નથી. જગતની વિનાશકતાનાં મૂળ ઝેરી બીજ એમાં જ રહેલાં છે.

સરાગી ઉપરની શ્રદ્ધા અને વીતરાગ ઉપરની અશ્રદ્ધા એ જ વિનાશનું મૂળ છે, એ સત્ય હકીકતને કોઈ વિરલ

આત્મા જ જાણે છે. અને એ જ નિયમ, બ્રહ્મચર્યાદિવિહીન એવા ગુરુની સેવાને અને દયાવૃત્તિ આદિથી રહિત એવા ધર્મની આરાધનાને લાગુ પડે છે.

બ્રહ્મચર્યાદિ ગુણસંપન્ન ગુરુને અને દયાવૃત્તિ આદિમાં પ્રધાન એવા ધર્મને જ સેવનારા અને તે સિવાયના ગુરુ અને ધર્મને છોડનારા કે નહિ માનનારા જગતમાં કેટલા છે?

આજના કાળમાં જ નહિ, પરંતુ પ્રત્યેક કાળમાં ગુરુગુણસંપન્ન શુદ્ધ ગુરુ અને ધર્મગુણસંપન્ન શુદ્ધ ધર્મ ઉભયને જાણનારા, માનનારા અને સેવનારા ઓછા જ રહ્યા છે. અને એ જ કારણે જગતની વિનાશાકતાની પાછળ (ગુરુ અને ધર્મના વિષયમાં પણ) અયોગ્યની સેવા અને યોગ્યની અસેવારૂપી ઝેરી બીજો જ કાર્ય કરી રહ્યાં હોય છે. વિરલ આત્માઓ જ તે વસ્તુને જાણી કે સમજી શકે છે.

### સત્ય વચનનું મૂળ

જૈનશાસ્ત્રોનું એ સ્પષ્ટ નિરૂપણ છે કે અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ દેવનાં મોટાં દૂષણ છે. અવીરાગતા અને અસર્વજ્ઞતાને ધારણ કરનારા આત્માઓ પણ જો જગતને સાચી દોરવણી આપી શકતા હોય તો, જગત કોઈ પણ કાળમાં ઉન્માર્ગે ન હોત.

અસત્ય કે સત્યવિરોધી નિરૂપણનું મૂળ, જો કોઈ પણ હોય તો તે અવીતરાગતા અને અસર્વજ્ઞતા જ છે.

અસર્વજ્ઞ અને અવીતરાગને ધર્મના પ્રણેતા બનવાનો અધિકાર ન્યાયવિરુદ્ધ છે.

સત્ય વચનનું મૂળ, વીતરાગતા અને સર્વજ્ઞતા જ છે. છતાં અજ્ઞાન, મોહ કે દુરાગ્રહવશાત્ વીતરાગ અને સર્વજ્ઞનું અનુયાયીપણું સ્વીકારવામાં ન આવે અને એથી વિપરીત અસર્વજ્ઞ અને અવીતરાગનું અનુયાયીપણું સ્વીકારવામાં આવે તો આંધળાની પાછળ દોરાયેલા આંધળાની જેમ વિશ્વ વિનાશના પંથે જ ખેંચાઈ જાય એમાં નવાઈ નથી.

ઉન્માર્ગથી બચવા માટે અને સન્માર્ગને પામવા માટે, દેવ તરીકેનું સ્થાન વીતરાગ અને સર્વજ્ઞ સિવાય બીજાને ન જ અપાય. તેમ ભક્તિ અને પૂજનનું ફળ મેળવવા માટે પણ વીતરાગ અને સર્વજ્ઞને છોડીને અન્યને હૃદયમાં સ્થાન ન અપાય.

વીતરાગ અને સર્વજ્ઞની ભક્તિ એ મુક્તિની દૂતી બને છે. અવીતરાગતા અને અસર્જ્ઞની ભક્તિ મુક્તિની વિરોધી બને છે. એ માટે મોટું પ્રમાણ પ્રત્યક્ષ જગત છે.

### કંચન અને કામિનીનો રાગ...

કંચન અને કામિનાના સંગથી નહિ નિવર્તેલા આત્માઓ તે નુકસાન કરી શકતા નથી, જે તેના સંગથી નહિ નિવર્તવા છતાં ગુરુપદને ધારણ કરનાર કરે છે.

રાગદ્વેષાદિ ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓની ઉત્પત્તિનું મૂળ કોઈ પણ હોય, તો તે કંચન અને કામિની પ્રત્યેનો

અયોગ્ય મોહ છે. એ જેનો ખસ્યો નથી, તે આત્મા સ્વયં કલેશથી બચ્યો નથી. તો પછી અન્યોને બચાવવા સમર્થ કેવી રીતે થાય?

જ્ઞાનમય જીવન જીવવા માટે પણ કંચન-કામિનીનો સંગ ત્યાજ્ય છે. કંચનકામિનીના બાહ્ય તેમ જ અભ્યંતર સંગમાં વસીને જ્ઞાનસ્વરૂપ હોવાનો કે જ્ઞાનદાતા બનવાનો દાવો પોકળ છે.

જ્ઞાન અને રાગ — કંચનકામિનીના સંગને પરસ્પર વિરોધ છે.

કંચનકામિનીના આકર્ષણની ઉત્પત્તિનું બીજ અજ્ઞાન છે. એ અજ્ઞાનથી જેઓ અલગ થયા નથી, તેઓ ગુરુ બનવાને લાયક કેવી રીતે બને?

કંચનકામિનીના સંગમાં ફસેલા આત્માઓ પાસેથી સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી હોત તો જગત આજે અજ્ઞાની ન હોત. પણ એ સ્થિતિ જગતની નથી એનું એક જ કારણ છે કે જ્ઞાનમય જીવન જીવવા માટે અને યથાર્થ જ્ઞાનનું દાન કરવા માટે અવિદ્યા કે અજ્ઞાનના ફળસ્વરૂપ કંચનકામિનીના સંગથી દૂર થવાની જરૂર છે. જેઓ એનાથી દૂર થયા નથી તેઓ, ગુરુ તરીકે હૃદયમાં સ્થાપના કરવા યોગ્ય નથી.

### નિષ્કલંક ધર્મ

અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ જેમ દેવનું દૂષણ છે અને કંચનકામિનીનો સંગ એ જેમ ગુરુનું કલંક છે, તેમ કામભોગ અને તેના કારણ અને કાર્યસ્વરૂપ આરંભ,

પરિગ્રહાદિ એ ધર્મનું અપલક્ષણ છે.

જે ધર્મમાં અર્થ, કામ અને તેના સાધનભૂત આરંભ, પરિગ્રહને તિલાંજલિ નથી, તે ધર્મ પણ જો તારનાર હોય તો આખું જગત, આજ પહેલાં તરી ગયું હોત.

અર્થ, કામ અને આરંભ, પરિગ્રહ એ હિંસા તેમ જ અસત્યાદિ દોષોનું નિવાસસ્થાન છે. જે ધર્મમાં તેનો લેશ પણ અંશ નથી, તે ધર્મ જ સુખનો હેતુ છે.

એવો ધર્મ સામાયિકરૂપ છે, જિનપૂજારૂપ છે. નિરવદ્ય છે. નિષ્કલંક છે. નિષ્પાપમયતાના માર્ગે આગળ વધારનારો છે.

એ સિવાયનો ધર્મ એનાથી વિપરીત ફળને આપનારો છે, એ વાત સર્વ પ્રમાણથી સિદ્ધ છે.

વિનાશનાં ઝેરી બીજો, અસર્વજ્ઞ, અવીતરાગદેવની પૂજામાં, કંચનકામિનીથી નહિ નિવર્તેલા ગુરુની સેવામાં, અર્થકામાદિની આસક્તિથી નહિ બચેલા ધર્મની આરાધનામાં છે. એ વાત ખ્યાલમાં નથી ત્યાં સુધી સત્ શ્રદ્ધા, સજ્જ્ઞાન અને સચ્ચારિત્રની પ્રાપ્તિ દૂર છે.

અસત્ શ્રદ્ધા, અસજ્જ્ઞાન અને અસચ્ચારિત્ર એ જ જીવનના પતનનું મૂળ છે.

તેથી વિશ્વને પતનના માર્ગથી બચાવવા માટે ભાવકરુણાધર કવિકાલસર્વજ્ઞ ભગવંતના મુખકમળમાંથી, આ લેખની શરૂઆતમાં ટાંકેલા શબ્દો (શ્લોકરૂપે) સ્વાભાવિક રીતે જ નીકળી પડે છે. એના મર્મને સહુ કોઈ હિતાર્થી આત્મા સમજો તેમ જ સ્વીકારતા થાઓ!

# સ્યાદ્વાદનું મહત્વ

### પ્રભુ શ્રી મહાવીરસ્વામીનો અનન્ય ઉપકાર

આસન્નઉપકારી પ્રભુ શ્રી મહાવીરસ્વામીજીના અસીમ જે ઉપકારો આ જગત ઉપર છે, તેમાં મોટામાં મોટો ઉપકાર, તેઓશ્રીએ જગતને આપેલા સ્યાદ્વાદના બોધનો છે. આ બોધ આપીને તેઓશ્રીએ જગતની તમામ આપત્તિઓનો એકસાથે ચૂરો કરી નાખ્યો છે.

આ જગત હંમેશાં આપત્તિઓથી પરિપૂર્ણ હોય છે. અને તેમાં નિત્ય નવી નવી આપત્તિઓ ઉત્પન્ન થતી જ જાય છે. પણ જેમ નવી નવી આપત્તિઓ ઉત્પન્ન થાય છે, તેમ તેનો વિનાશ કરવા માટે પણ આ જગતમાં નવા નવા સત્પુરુષો કાળક્રમે ઉત્પન્ન થતા જોવામાં આવે છે. અને એ આપત્તિઓના અંધકારને દૂર કરી નાખવા માટે ભગીરથ પ્રયાસ કરે છે. અને તે જ તેમનો પ્રયત્ન જગત માટે આદર્શરૂપ બની જાય છે.

વિશ્વોપકારી મહાપુરુષોના પ્રયત્નો 'સાધના' રૂપે ઓળખાય છે. અને પ્રભુ શ્રી મહાવીરસ્વામીજીએ આવી ગજબ સાધના દ્વારા પ્રગટેલા કેવળજ્ઞાન દ્વારા જગતને જે બોધ આપ્યો તેમાં, જગતના જીવોને જીવનમાં ડગલે

ને પગલે નડતી અનેક પ્રકારની આપત્તિઓને હઠાવવાના સર્વોત્તમ માર્ગરૂપ સ્યાદ્વાદનો ખાસ સમાવેશ થાય છે. અને એ તેઓશ્રીના જગત ઉપરના મોટામાં મોટા અનેક ઉપકારો પૈકીનો એક મોટો ઉપકાર છે. તેઓશ્રીએ પ્રકાશેલા એ (સ્યાદ્વાદ) માર્ગને જે કોઈ અનુસરે છે, તે પોતાના જીવનમાં નડતી અનેક પ્રકારની બાહ્ય અને અભ્યંતર બધી જ આપત્તિઓનો વિજેતા બની જાય છે.

મનુષ્ય સ્વભાવ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય આપત્તિઓથી બચવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. અને દરેક સમજદાર માણસ પોતાની શક્તિ અને ક્ષયોપશમ પ્રમાણે એના માર્ગો શોધે છે. અને શોધ કરતાં જ્યારે સંપૂર્ણ સચોટ માર્ગ હાથમાં આવે છે, ત્યારે જ માણસ સંપૂર્ણ રીતે આપત્તિમાંથી છૂટવાને માટે સમર્થ બને છે.

આપત્તિઓનો સમૂળ નાશ કરવા માટે પ્રભુ શ્રી મહાવીરસ્વામીજીએ જે માર્ગ બતાવ્યો છે. તે 'અનેકાંતવાદ' અથવા 'અપેક્ષાવાદ'ના નામે પણ ઓળખાય છે. તેનો આશ્રય લેનાર આ જગતમાં કોઈ પણ સ્થાને પરાભવ પામતો નથી, એવું તેઓશ્રીનું વચન છે. અને તેથી જ તેઓશ્રીના વચન ઉપર જેમને સંપૂર્ણ વિશ્વાસ છે, તેઓ જ્યારે જ્યારે પરાભવ પામે છે, ત્યારે ત્યારે નમ્રતાપૂર્વક સ્વીકારે છે કે 'અમારો પરાજય થયો છે તેમાં જાણતાં કે અજાણતાં પણ જરૂર અમોએ સ્યાદ્વાદશૈલીનું (મર્યાદાનું) ઉલ્લંઘન કર્યું હશે.' અન્યથા

સ્યાદ્વાદીનો કદી પણ પરાજય હોઈ શકે નહિ. સૂર્યની વિદ્યમાનતામાં 'અંધકાર છે,' એ ઉક્તિ જેટલી અસત્ય ઠરે છે, તેટલી જ સ્યાદ્વાદી પરાજય પામે છે, એ ઉક્તિ પણ અસત્ય ઠરે છે.

### સ્યાદ્વાદને જીવનમાં ઉતારો

જે કોઈ જૈનકુળમાં જન્મ લે, તે પ્રભુ શ્રી મહાવીર-સ્વામીનો અનુયાયી ગણાય, એમ કહેવાય છે. પણ આ વ્યવહાર-વચન છે. તે સંપૂર્ણ સત્ય નથી, પણ આપેક્ષિક સત્ય છે.

ખરી રીતે તો જીવનમાં જેટલા પ્રમાણમાં સ્વાદ્-વાદનું શક્ય પાલન થઈ શકે છે અને પાલન કરવાની જેટલા પ્રમાણમાં ભાવના રહે છે, તેટલા પ્રમાણમાં જ પ્રભુ શ્રી મહાવીરનું સાચું અનુયાયીપણું ઘટી શકે છે.

જગતને સુખી બનાવવા માટે ભગવાન શ્રી મહાવીર-સ્વામીનો એટલો જ ઉપદેશ છે કે, 'સ્યાદ્વાદને જીવનમાં ઉતારો.'

સયાદ્વાદ એક એવી વસ્તુ છે કે જીવનમાં ઊતર્યા પછી, વ્યક્તિનું જીવન જગતમાં આપોઆપ શ્રેષ્ઠ બની જાય છે. એનું પાલન આવે છે એટલે બધી જ આપત્તિ-ઓ, વગર પ્રયત્ને પલાયન થઈ જાય છે, સંપત્તિઓ સ્વાભાવિકપણે આવી મળે છે અને સર્વત્ર એના (એ વ્યક્તિના) નામની વિજયપતાકા ફરકે છે.

આપણા ચાલુ જીવનવ્યવહારમાં 'સ્યાદ્વાદ' ઘણો

અગત્યનો ભાગ ભજવે છે, અથવા તો સ્યાદ્‌વાદના આશ્રયથી જ આપણો આખો જીવનવ્યવહાર સુખપૂર્વક ચાલી રહ્યો છે, એમ કહેવું એમાં જરા પણ અતિશયોક્તિ નહિ લેખાય.

આ વાત સાવ સાચી હોવા છતાં તે આપણા ધ્યાનની લગભગ બહાર છે. એ આપણી તે વિષય પ્રત્યેની બેદરકારી તેમ જ અજ્ઞાનતા છે. સ્યાદ્‌વાદની સહાય વગર ગમે તેવો સમર્થ માણસ પણ, પોતાનો વ્યવહાર એક દિવસ પણ ચલાવી શકવાને સમર્થ બની શકતો નથી.

આપણા જીવનની આસપાસ ઘણી એવી ચીજો સંકલિત થયેલી હોય છે કે જે જીવન જીવવામાં મુખ્ય ભાગ ભજવે છે અને તે આપણી તદ્દન નજીક હોય છે તેમ છતાં આપણે તે વસ્તુઓથી તદ્દન અજાણ હોઈએ છીએ.

જેમ કે ભોજન કર્યા પછી શરીરમાં કેવી રીતે લોહી, માંસ, ચરબી, હાડકાં, શુક્ર વગેરે ઝપાટાબંધ બને છે, તેને આપણે જાણતા નથી. આ વસ્તુઓ આપણી અધિકાધિક નિકટ બની રહેલી હોવા છતાં અને જીવન જીવવામાં મુખ્ય ભાગ ભજવનાર હોવા છતાં આપણે એનાથી ઘણા જ અજાણ હોઈએ છીએ.

તેવી જ રીતે મનુષ્યમાત્રના જીવનની સાથે સ્યાદ્‌વાદ ઓતપ્રોત થઈને રહેલો છે. માણસ સુખપૂર્વક જીવનનિર્વાહ કરે છે, તેમાં સ્યાદ્‌વાદનું પાલન એ મુખ્ય કારણ

છે. અને માણસ જ્યાં પરાભવ પામે છે, ત્યાં સ્યાદ્ભાવ-ના પાલનનો અભાવ એ જ મુખ્ય કારણ છે. આ વસ્તુથી આપણે અજાણ છીએ તેથી જ સુખદુઃખમાં કે હાર-જીતમાં, સ્યાદ્વાદ સિવાય બીજાને તેનો યશ-અપયશ આપવા મંડી પડીએ છીએ. વસ્તુતઃ તો હાર અને જીતમાં મુખ્ય કારણ, સ્યાદ્વાદની હદમાં રહેવું યા તેનું ઉલ્લંઘન કરવું તે જ છે. આ રીતે અજાણતાં પણ સ્યાદ્વાદનું પાલન, આજ દિન સુધી આપણને અનેક આપત્તિઓમાંથી ઉગારનારું બન્યું છે.

બોલનાર પ્રત્યેક મનુષ્યને શબ્દપ્રયોગ કરવો પડે છે. પણ તે બધાઓએ વ્યાકરણનું વ્યવસ્થિત જ્ઞાન મેળવેલું હોય છે, એવું નથી હોતું. તેમ છતાં તેઓ સુસંબદ્ધ, વ્યવસ્થિત અને વ્યાકરણ ભણેલાની જેમ ભાષા-પ્રયોગ કરી શકે છે, તેમ સ્યાદ્વાદને નહિ સમજનારા પણ નૈસર્ગિક રીતે પ્રાપ્ત થયેલી શક્તિથી સ્યાદ્વાદનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર જ જીવનમાં સહજ રીતે સ્યાદ્વાદનું પાલન કરે છે અને તેથી પોતાના કાર્ય-માં સફળતા પણ મેળવે છે. પણ તે ધોરી માર્ગ ન કહેવાય (ગણાય), કારણ કે તેમાં ગોથું ખાઈ જવાની સંભાવના છે. ઉન્મત્ત માણસ પણ કોઈ વખતે સારું બોલે છે, તેમ કોઈ વખતે ઊંટવૈદું કરવાથી પણ સાજા થઈ જવાય, પણ સમજુ માણસો તેના ઉપર વિશ્વાસ મૂકતા નથી. તેમ સમજણપૂર્વક સ્યાદ્વાદનું પાલન જીવનમાં કેમ થાય તે સમજવાની ખાસ જરૂર છે.

સ્યાદ્‌વાદ એક શ્રેષ્ઠ વસ્તુ છે, એ વાત આપણામાંથી અનેક સમજી શકયા છે અને અનેકને સમજાવી શકે એવા પણ વિદ્વાન પુરુષો સમાજમાંથી મળી શકશે, છતાં પણ આ ક્ષેત્રમાં હજુ વધુ પ્રગતિ થવાની ખાસ જરૂર છે.

સ્યાદ્‌વાદને જીવનમાં કેવી રીતે ઉતારવો તે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે આપણે તદ્દન નવા વિદ્યાર્થી બનવાની અને નવેસરથી એકડો ઘૂંટવા માટે પ્રયત્ન કરવાથી જરૂર છે. જાણવા માત્રથી અને અનેકને સમજાવવા માત્રથી કાર્ય સરતું નથી.

સારી વસ્તુનું માત્ર વર્ણન કરવાથી કાર્ય સિદ્ધ થાય નહિ. વસ્તુ ગમે તેટલી સ્વાદિષ્ટ હોય, પણ તેનો સ્વાદ અનુભવી શકાતો નથી. તેના સ્વાદનો અનુભવ કરવા માટે તે વસ્તુ મોંમાં મૂકવી પડે. તેમ સ્યાદ્‌વાદના ખરેખરો લાભ ઉઠાવવા માટે તેને જીવનમાં ઉતારવો જોઈએ. જીવનમાં ઉતાર્યા સિવાય તેનો વાસ્તવિક સ્વાદ આપણને મળી શકે નહિ. પછી ભલે આપણે જગતમાં સ્યાદ્‌વાદી કહેવાતા કે ગણાતા હોઈએ. અને જે કોઈ તેને જીવનમાં ઉતારે, તે નામથી સ્યાદ્‌વાદી કહેવાતા કે ગણાતા ન હોય તોપણ તેના ખરા સ્વાદનું આસ્વાદન કરનારા બની જાય છે અને જગતમાં એમનું સ્થાન 'અજેય' બની જાય છે.

જો સ્યાદ્‌વાદને જીવનમાં ઉતાર્યા સિવાય કે ઉતારવા-ની દરકાર રાખ્યા સિવાય માત્ર તેનું વર્ણન કરવામાં જ આપણે શૂરવીર હોઈએ તો આપણે નટ કરતાં ઊતરતા

ગણાઈએ. કારણ કે નટ તો પોતાની ભૂમિકામાં રહીને પોતાનો પાઠ ભજવે છે, જ્યારે આપણે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી, હલકી ભૂમિકાનો પાઠ ભજવનારા બની જઈએ

## સ્યાદ્વાદની વફાદારી

જે માણસ જે પ્રમાણે પોતે બોલે છે અને ઉપદેશ આપે છે, તે જ પ્રમાણે જો પોતે અંદરથી વર્તન કરે અથવા વર્તન કરવા માટે કાળજી રાખે અને આદર્શને પહોંચવા માટે તનતોડ પ્રયત્ન કરે, તો જ તે સ્યાદ્વાદને વફાદાર છે એમ ગણાય. અન્યથા એ સ્યાદ્વાદને બેવફા ગણાય, સ્યાદ્વાદનો ઘાતક ગણાય.

## અમાપ ઉપકારક સ્યાદ્વાદ

મનુષ્યો, બીજાં પ્રાણીઓથી શ્રેષ્ઠ ગણાય છે તેનું મુખ્ય કારણ તેઓ (મનુષ્યો) સ્યાદ્વાદને જીવનમાં ઉતારી શકે છે, ઉતારવા માટે સ્વતંત્ર છે–તે છે.

તે સ્યાદ્વાદને પોતાના જીવનમાં ઉતારવા માટે શ્રી જિનેશ્વરદેવોએ ઉગ્ર સાધના કરી છે અને અંતે જીવનમાં તેનું સાંગોપાંગ પાલન કર્યું છે. માટે જ શ્રી તીર્થંકર ભગવંતો 'શ્રેષ્ઠ પુરુષોત્તમ પુરુષ' ગણાય છે અને એમના ઉપદેશ મુજબ ત્યાર પછીના મહાપુરુષોએ આ આદર્શને જીવનમાં જીવીને પચાવીને, શાસ્ત્રોમાં લખીને, આજ સુધી પુષ્કળ પરિશ્રમ વેઠીને ટકાવી રાખ્યો છે. તે ભવિષ્યની પ્રજા એને જીવનમાં ઉતારી તેના લાભને ઉઠાવે તે માટે છે.

સ્યાદ્‌વાદને જીવનમાં કેમ ઉતારવો એ માટેનો ઉપદેશ જૈન શાસ્ત્રોમાં ભરેલો છે. પણ તેને જીવનમાં ઉતારવાની વ્યવસ્થિત તાલીમની પણ જરૂર છે. ઠેર ઠેર આ તત્ત્વજ્ઞાનની તાલીમ મળે એવાં કેન્દ્રો ઊભાં કરવાં જોઈએ. અને આવાં કાર્યોની અંદર સમગ્ર સમાજે એક થઈ જવું જોઈએ. જ્ઞાની ભગવંતોએ સ્યાદ્‌વાદના પાલન ઉપર જેટલો ભાર મૂક્યો છે, એટલી જ કાળજી તેના પાલન માટે બતાવતા આપણે થઈ જવું જોઈએ.

સ્યાદ્‌વાદી એટલે જગતનો તાજ વગરનો રાજા, જગતનો ત્રાતા. વિવેકી પુરુષોની પરિષદમાં એની સત્તા સૌથી અધિક હોય. આ પરિસ્થિતિ આજ સુધી અખંડ રીત ચાલી આવી છે.

માત્ર વિવાદ કરીને સ્યાદ્‌વાદની સર્વોપરીતા સ્થાપન કરે એવા વિદ્વાનો કરતાં, સ્યાદ્‌વાદને જીવનમાં કેમ ઉતારવો તેનું શિક્ષણ આપી શકે, જીવનની સાથે સ્યાદ્‌-વાદને અસ્થિમજ્જાવત્ બનાવી શકે, એવાં વિદ્વાનોની શાસનને વધારે જરૂર છે. તે માટે આ દિશામાં પ્રયત્ન કરવાની ખૂબ જરૂર છે. હૃદયને વિશાળ અને પ્રેમી બનાવવાની સૌથી પ્રથમ જરૂર છે. સમાન વિચાર-વાળાઓએ પરસ્પર સંગઠન કરવાની અને ઉત્તેજન આપવાની જરૂર છે.

આ કાર્ય કઠણ છે, પણ તેને અપનાવ્યા સિવાય શાસનમાં ઉદારતા, વિશાળતા, પરમાર્થપરાયણતા, ગુણ-ગ્રાહિતા વગેરે લાવી શકાય તેમ નથી. માટે જ સ્યાદ્‌વાદ

અમાપ ઉપકારકારક લેખાયો છે કે જે જીવનને 'ગુણધામ' બનાવી શકે છે.

અહીં સ્યાદ્વાદનો સંક્ષિપ્ત અર્થ એટલો જ લેવાનો છે કે, સ્યાદ્વાદ એટલે અપેક્ષાવાદ. એટલે દરેક વસ્તુને અપેક્ષાથી ઘટાવતાં શીખવું તે.

'આ આમ જ' અને 'આ આમ જ' એમ નહિ, પણ આ અપેક્ષાથી 'આ આમ છે' અને આ અપેક્ષાથી 'આમ છે' એમ ઘટાવવું એ જ સ્યાદ્વાદનું રહસ્ય છે.

'અમે સર્વ રીતે સાચા અને બીજા સર્વ રીતે ખોટા,' એવી સમજ, ખ્યાલ કે બોલ, એનું નામ એકાંતવાદ. અને તે અનેકાંતવાદનો કટ્ટર શત્રુ છે. 'આ અપેક્ષાથી અમે સાચા' અને 'આ અપેક્ષાથી તમે ખોટા' પણ બધી અપેક્ષાએ નહિ. એવો અભિગમ, તમામ વિવાદો તેમ જ વિખવાદોને તરત જ શમાવી દે છે અને નવાને ઉત્પન્ન થવાનો અવકાશ ઊભો થવા દેતો નથી.

સ્યાદ્વાદનું પાલન જીવનમાં સુસંવાદ સ્થાપવાનો સર્વોત્તમ માર્ગ છે.

સમાજ તેમ જ સકળ શ્રી સંઘમાં આત્મોન્નતિકારક એકસંપી કેળવવાનો જે રાજમાર્ગ તે પણ સ્યાદ્વાદનું અનુસરણ છે.

અનન્ય ઉપકારી શ્રી તીર્થંકરદેવોની આજ્ઞાનું યથાર્થ પાલન સ્યાદ્વાદના પાલનથી થઈ શકે છે. અને તેના પરિણામે આત્મા આર્ત્તધ્યાનથી બચીને શુભ ધ્યાનમાં

યાને ધર્મધ્યાનમાં જોડાઈ શકે છે અને ધર્મનું ધ્યાન સ્વપર ઉભયનું કલ્યાણ કરનારું નીવડે છે.

એટલે આપણે સહુએ સાચા સ્યાદ્વાદી બનવાની દિશામાં પ્રયત્નશીલ બનવાની ખાસ જરૂર છે, કે જેથી વિતંડાવાદને જન્મવાની એક પણ તક ઊભી ન થાય અને જીવનને સાર્થક કરવાની પ્રત્યેક તકનો આપણે સફળતાપૂર્વક સદુપયોગ કરીને શ્રી જૈનશાસનને પૂરા વફાદાર બની શકીએ.

●

સુખ-દુઃખ ઉભયનો અનુભવ એક કાળે હોઈ શકતો નથી. જે કાળે આત્મા સુખનો અનુભવ કરે છે તે કાળે તેટલા વખત માટે તેને દુઃખથી મુક્તિ મળેલી હોય જ છે. એવા પ્રકારનાં દુઃખોની મુક્તિને પણ જો 'મુક્તિ' તરીકે ઓળખા યા ઓળખાવી શકાતી હોય તો સર્વ આત્માઓ મુક્તિને પામેલા જ છે. પછી મુક્તિ માટે પ્રયત્ન કરવાનો રહે છે જ ક્યાં ? પરંતુ તે સાચી મુક્તિ જ નથી, કે જે મુક્તિની પ્રાપ્તિ પછી આત્માનું કોઈ પણ દુઃખ કે બંધન બાકી રહી જતું હોય.

# ઈશ્વરપ્રાર્થના

પ્રાર્થના એટલે અપ્રાપ્ત વસ્તુ માટે યાચના.

એક વસ્તુ પોતાને અત્યંત ઇષ્ટ છે, છતાં પોતે પોતાની શક્તિથી તે મેળવી શકતો નથી, ત્યારે તે મેળવવા માટે બીજા સમર્થ પુરુષની સહાયની સ્વાભાવિક આકાંક્ષા રહે છે. એ આકાંક્ષામાંથી જે હૃદયોદ્‌ગાર બહાર નીકળે છે, તેને ટૂંકમાં 'પ્રાર્થના' તરીકે ઓળખવામાં આવે છે.

એટલે પ્રાર્થનાની પાછળ નીચેની ત્રણ વસ્તુઓનું જ્ઞાન કાર્ય કરી રહેલ હોય છે:

(૧) પ્રાર્થનીય વસ્તુની ઇષ્ટતાનું જ્ઞાન.

(૨) તે મેળવવાની પોતાની અશક્ત, અસહાય અને અશરણ અવસ્થાનું ભાન. તથા

(૩) તે પ્રાપ્ત કરવા માટે પ્રાપ્ય વ્યક્તિના સામર્થ્યનું સ્પષ્ટ ભાન.

દરિદ્રતાના દુઃખથી પીડાતો માનવી, તે દુઃખથી મુક્ત થવા માટે ધનવાનની આગળ જ પ્રાર્થના કરે છે, પણ નિર્ધનની આગળ નહિ. તેનું કારણ તેને દરિદ્રતાના દુઃખનું સ્પષ્ટ ભાન છે.

*

તેમ જ બીજાની સહાય વિના તે દરિદ્રતાને દૂર કરવાની પોતાની અશક્તિનો ખ્યાલ તેને એ દઢ નિશ્ચય તરફ વાળે છે કે, મારું આ દુઃખ કોઈ નિર્ધનથી દૂર નહિ થઈ શકે, પણ ધનવાનથી જ દૂર થઈ શકશે.

આ કારણે દરિદ્રતાની પીડાઓથી લાચાર બની ગયેલો રંક આત્મા, સર્વ પ્રકારના ગર્વનો ત્યાગ કરીને, ધનવાનની પાસે દીન અને દયામણા મુખે યાચના કરતાં જરા પણ શરમાતો નથી. તેની યાચનાના બદલામાં તેને ધનવાન તરફથી અપેક્ષિત સહાય મળે યા ન મળે, તો પણ પ્રાર્થનાને તે છોડતો નથી. કારણ કે પોતાની ઇષ્ટ સિદ્ધિ માટે તેને તે સિવાય અન્ય કોઈ માર્ગ છે જ નહિ. અને ધનવાનની દયા ઉપર જ પોતાનું જીવતર છે, એવો તેને નિશ્ચય છે.

ધનનો અર્થી જેમ ધનવાન પાસે ધનની યાચના કરે છે, તેમ અન્નનો અર્થી અન્નવાળા પાસે, વસ્ત્રનો અર્થી વસ્ત્રોવાળા પાસે, વિદ્યાનો અર્થી કોઈ વિદ્વાન પાસે અને શાસ્ત્રનો અર્થી કોઈ શાસ્ત્રવેત્તા પાસે યાચના કરે છે. અને એ રીતે યાચના કરનારો આત્મા જ ઇષ્ટ વસ્તુનો લાભ મેળવી શકે છે.

ઇષ્ટને મેળવવાની ઇચ્છાની પાછળ જેમ વસ્તુની ઇષ્ટતાનું જ્ઞાન કામ કરે છે, તેમ અનિષ્ટને દૂર કરવાની ઈચ્છાની પાછળ તે તે વસ્તુની અનિષ્ટતાનું જ્ઞાન કામ કરે છે,— કરી રહ્યું હોય છે.

પોતાને ઇષ્ટ વસ્તુ મેળવવા માટે જેમ કોઈ સમર્થ-ની સહાયની અપેક્ષા રહે છે, તેમ અનિષ્ટ નિવારણ માટે પણ સમર્થની સહાયની અપેક્ષા રહે છે. અને તેમાંથી જ યાચના યા પ્રાર્થના આપોઆપ ઉત્પન્ન થાય છે.

ઇષ્ટલાભ અને અનિષ્ટ નિવારણ માટે દૃશ્ય ઉપાયો અને દૃશ્ય પદાર્થો જ્યારે અસમર્થ નીવડે છે, ત્યારે મનુષ્યની બુદ્ધિ અદૃશ્ય સહાય તરફ દોડે છે. અને એ અદૃશ્ય સહાય મેળવવાના મનોરથમાંથી 'ઈશ્વરપ્રાર્થના' ઉત્પન્ન થયેલી હોય છે.

જ્યાં જ્યાં બુદ્ધિમાન મનુષ્યો વસે છે, ત્યાં ત્યાં ઈશ્વરપ્રાર્થનાનો નિત્ય કાર્યક્રમ ગોઠવાયેલો હોય જ છે. અને જે મનુષ્યો નિત્ય 'ઈશ્વરપ્રાર્થના'માં રસ લેતા નથી, તે મનુષ્યો પણ કોઈ અત્યંત હર્ષ કે અત્યંત શોકનું અચાનક નિમિત્ત ઊભું થાય છે, ત્યારે ઈશ્વરનો આભાર માનવા કે ઈશ્વરની સહાય યાચવા માટે 'ઈશ્વર'ને યાદ કર્યા સિવાય રહી શકતા નથી.

આ રીતે માનવીમાત્ર જ્યારે નિત્ય કે નૈમિત્તિક 'ઈશ્વરપ્રાર્થના'ને એક યા બીજી રીતે કરી રહેલો હોય છે, ત્યારે 'ઈશ્વરપ્રાર્થના'નું શુદ્ધ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પણ બુદ્ધિમાન પુરુષોના અંતઃકરણમાં ઉત્પન્ન થયા સિવાય રહે નહિ.

બુદ્ધિમાન પુરુષે સફળ 'ઈશ્વરપ્રાર્થના' માટે ત્રણ મુખ્ય બાબતો વિચારવાની રહે છે:

(૧) પ્રાર્થનીય વસ્તુનું સ્વરૂપ.

(૨) પ્રાર્થનાનો અધિકારી પુરુષ.

(૩) પ્રાર્થ્ય ઈશ્વરનું સ્વરૂપ.

દૃશ્ય ઉપાયો અને દૃશ્ય સાધનોથી જે આપત્તિઓનું નિવારણ શક્ય નથી, તે આપત્તિઓના પ્રતિકાર માટે જ 'ઈશ્વરપ્રાર્થના'ની આવશ્યકતા રહે છે.

### પ્રાર્થના શા માટે?

ક્ષુધાતૃષાદિનાં દુઃખો કે દરિદ્રતા-નિર્ધનતાદિની પીડાઓને નિવારવા માટે જેઓ 'ઈશ્વરપ્રાર્થના'નો ઉપયોગ કરે છે, તેઓ ઈશ્વરને પોતાનો કાર્યકર બનાવવા જેવી ક્ષુદ્ર ચેષ્ટા કરે છે અને એ રીતે ઈશ્વરની ભક્તિ કરવાને બદલે, ઈશ્વરની એક પ્રકારની અવમાનના જ કરે છે.

એ અવમાનનાના દોષમાંથી ઊગરવા માટે 'ઈશ્વર-પ્રાર્થના'નો વિષય, દુઃખ કે કષ્ટ નિવારણનો રાખવાને બદલે અથવા સુખ કે તેનાં દૃશ્ય સાધનો મેળવવાનો રાખવાને બદલે, દુઃખ કે કષ્ટના કારણભૂત પાપનું નિવારણ અથવા સુખ કે તેના સાધનભૂત 'ધર્મનો લાભ' મેળવવાનો જ રહેવો જોઈએ.

'ઈશ્વર' દુઃખનિવારણ માટે નથી, પણ પાપનિવારણ માટે છે.

દુઃખ તો જીવે પોતે બાંધેલાં અશુભ કર્મોથી આવે છે. તેનું નિવારણ ઈશ્વર ન કરે, પરંતુ જે પાપકર્મથી જીવ

ને દુઃખ ભોગવવું પડે છે, તે પાપકર્મને જડમૂળથી ઉખેડી નાખવાનું સર્વોત્તમ સામર્થ્ય 'ઈશ્વરપ્રાર્થના'માં અવશ્ય રહેલું છે. એ કારણે 'વીતરાગ શાસન'માં ઈશ્વર-પ્રાર્થનાનો વિષય આ પ્રકારે છે.

### પ્રાર્થના-વસ્તુ

दुःक्खक्खओ कम्मक्खओ समाहिमरणं च बोहिलाभोअ।

અર્થ: હે નાથ! તને પ્રણામ કરવાના પ્રભાવે મને દુઃખક્ષય કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભ પ્રાપ્ત થાઓ.

અહીં 'દુઃખક્ષય' શબ્દથી વર્તમાનકાલીન દુઃખનું ગ્રહણ થતું નથી, પણ વર્તમાનકાલીન પાપકર્મના યોગે અનાગત ભવિષ્યકાળમાં આવનારાં દુઃખોને ગ્રહણ કરવાનાં હોય છે. ઉદયમાં આવેલું વર્તમાનકાલીન દુઃખ, તેના ભોગવટા સિવાય અન્ય કોટિ ઉપાયોએ પણ દૂર થઈ શકતું નથી.

પ્રાર્થના-વસ્તુમાં પ્રાર્થના કરનાર, દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્મા પાસે નીચેની વસ્તુઓ પણ યાચે છે:

आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमंदिंतु।'

અર્થ: 'હે વીતરાગ ભગવંત! આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠત્તમ સમાધિ આપો!'

અહીં 'આરોગ્ય' શબ્દથી ભાવ આરોગ્ય (મોક્ષ) ગ્રહણ કરવાનું છે. અને બોધિલાભ તેમ જ સમાધિની પ્રાપ્તિ, પાપક્ષયના જ ઉપાયરૂપે યાચવામાં આવી છે.

પ્રાર્થનાસૂત્રમાં શ્રી વીતરાગ પરમાત્મા પાસે બીજી જે આઠ માગણીઓ યાચવામાં આવી છે તે નીચે મુજબ છે.

१. भवनिव्वेओ (ભવનિર્વેદ)

२. मग्गाणुसारिया (તત્ત્વાનુસારિતા)

३. इट्ठफलसिद्धि (ઇષ્ટફળ-સિદ્ધિ)

४. लोगविरुद्धच्चाओ (લોક-વિરુદ્ધનો ત્યાગ)

५. गुरूजणपूआ (ગુરુજન-પૂજા)

६. परत्थकरणं (પરાર્થકરણ)

७. सुहगुरुजोगो (શુભગુરુનો જોગ)

८. तव्वयणसेवणा आभवमखंडा (ગુરુવચનાની આ ભવમાં અખંડ સેવા)

ભવનિર્વેદથી, ગુરુવચનની સેવા પર્યંતના પદાર્થો પાપવર્જનના અનન્ય ઉપાયભૂત હોવાથી જ યાચવામાં આવ્યા છે.

એ રીતે પાપવર્જનના ઉપાયભૂત જેટલા પદાર્થો છે, તે સર્વની પ્રાર્થના-યાચના ઈશ્વર પાસે વિહિત છે.

'ઈશ્વરપ્રાર્થના'નો વિષય, જો પાપવર્જન ન રહે તો ઈશ્વરનું મહત્ત્વ જળવાતું નથી.

બાકી દુઃખનું વર્જન તો રાજા, મહારાજા, શેઠ, શાહુકારાદિની સહાયથી પણ થઈ શકે છે.

મહત્ત્વની વાત એ છે કે દુઃખનું વર્જન ક્ષણિક હોય છે. પણ દુઃખનું મૂળ પાપ છે, એ પાપનું વર્જન ન થાય ત્યાં સુધી અન્યની સહાયથી ક્ષણવાર માટે દૂર થયેલું દુઃખ ફરી પાછું આવીને ઊભું જ રહે છે.

પોતાના ક્ષણિક લાભ માટે ઈશ્વરનો ઉપયોગ

કરનારો ઈશ્વરની મહત્તા સ્થાપિત કરતો નથી, પણ પોતાની અઘટિત અને ક્ષુદ્ર યાચના વડે ઈશ્વરના દરજ્જાને હલકો પાડનારો થાય છે.

દુન્યવી ઉત્તમ આત્માઓ પાસે પણ ક્ષુદ્ર કાર્ય કરવાની યાચના સહસા કોઈ કરી શકતું નથી, તો પરમ પરમેશ્વર પાસે હલકા પ્રકારનાં સ્વાર્થી કાર્યો કરવાની ઇચ્છા અત્યંત કનિષ્ઠ કોટિની કેમ ન બને ?

દુઃખનિવારણની યાચના સ્વાર્થપરાયણતાવાળી છે, જ્યારે પાપવર્જનની યાચના પરમાર્થપરાયણતાને સૂચવનારી છે. એ કારણે ઈશ્વરની સહાયથી પાપરહિત બનવાની ઇચ્છા સિવાય બીજી કોઈ પણ ઇચ્છા કરવી એ ઈશ્વરની ભક્તિરૂપ નહિ પણ આશાતના રૂપ જ છે.

પ્રાર્થનીય વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ થયા પછી ઈશ્વરપ્રાર્થનાનો અધિકારી પુરુષ કેવો હોવો જોઈએ, એ વાત આપોઆપ સમજાઈ જાય છે.

ઈશ્વરપ્રાર્થનાનો અધિકારી પુરુષ આ મુજબની લાયકાતવાળો જોઈએ :

(૧) દુઃખનું કારણ પાપ જ છે, એવી અટલ શ્રદ્ધાવાળો હોવો જોઈએ.

(૨) પાપરહિત બનવા માટે ઈશ્વરનું પ્રણિધાન એ જ એક સર્વોત્તમ ઉપાય છે, એવી દૃઢ પ્રતીતિવાળો હોવો જોઈએ.

(૩) ઈશ્વરપ્રાર્થનાની પાછળ પાપરહિત બનવા સિવાય બીજી એક પણ ઇચ્છાને ધારણ કરનારો નહિ

હોવો જોઈએ.

પ્રાર્થનીય વસ્તુ અને પ્રાર્થનાનો અધિકારી એ બે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજ્યા પછી, ઈશ્વરનું સ્વરૂપ સમજવાની ખાસ અગત્ય રહે છે.

### ઈશ્વરનું સ્વરૂપ

(૧) ઈશ્વર સર્વપાપરહિત હોવા જોઈએ

(૨) ઈશ્વર સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા જોઈએ.

(૩) ઈશ્વર સર્વ ઉપર સમાન ભાવવાળા હોવા જોઈએ.

જે ઈશ્વર સર્વથા પાપરહિત ન હોય, તે તેના ભક્તને સર્વથા પાપરહિત શી રીતે કરી શકે ?

જે ઈશ્વર સર્વજ્ઞ, સર્વદર્શી ન હોય, તે પ્રાર્થના કરનારની પ્રાર્થનાને જાણી કેવી રીતે શકે ? જે ઈશ્વર, સર્વો ઉપર સમાન ભાવવાળા ન હોય, તે ઈશ્વર સર્વને માન્ય કેવી રીતે થઈ શકે ?

### યથાર્થ ઈશ્વર-પ્રાર્થના

વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ઈશ્વરની, પાપરહિત બનવાની તીવ્ર અભિલાષાપૂર્વક, પાપને જ દુઃખનું મૂળ માનનારા શ્રદ્ધાળુ આત્મા તરફથી જે પ્રાર્થના થાય છે, તે પરમાર્થ 'ઈશ્વરપ્રાર્થના' છે.

બીજી પ્રાર્થના, નામ 'ઈશ્વરપ્રાર્થના' ધરાવતી હોવા છતાં, પરમાર્થથી ઈશ્વરપ્રાર્થના તરીકે ટકી શકતી નથી.

વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ઈશ્વરની પ્રાર્થના તેના પ્રાર્થકને અવશ્ય ફળદાયી થાય છે. અને બીજી થતી નથી તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે.

વીતરાગ ગુણપ્રકર્ષરૂપ, અચિન્ત્ય શક્તિમાન અને સર્વથા પાપરહિત હોય છે. તેથી તેમને ઉદ્દેશીને વારંવાર પ્રાર્થના કરવાથી વીતરાગની આરાધના (સન્મુખવૃત્તિ) થાય છે. સન્માર્ગની દૃઢતા (ઉપકારીની ભક્તિ અને અહંકારનો નાશ) થાય છે. કર્તવ્યતાનો નિશ્ચય (પાપ-રહિત બનવું એ જ એક કર્તવ્ય છે એની પાકટતા) થાય છે.

પ્રાર્થના કરનારનાં પાપ દૂર કરવા માટે ઈશ્વરને કાંઈ કરવું પડતું નથી, પણ પ્રાર્થના કરનારો પોતે જ પોતાના પ્રયત્નો વડે પાપને દૂર કરનારો થાય છે. તોપણ પ્રાર્થનાનો વિષય વીતરાગ બને તો જ કાર્ય સિદ્ધ થાય છે. અને એ જ કારણે વીતરાગ જ પાપરહિત બનાવે છે, એમ કાર્ય-કારણના નિયમ અનુસાર ફલિત થાય છે.

### શ્રી વીતરાગની પ્રાર્થનાનું સુપરિણામ

શ્રી વીતરાગ સિવાય બીજાની પ્રાર્થના પણ જો પાપ રહિત બનાવી શકતી હોય, તો તેવી પ્રાર્થના તો અનાદિ આ સંસારમાં જીવે ઘણા જીવો પાસે કરી છે; છતાં દુઃખરહિત અને પાપરહિત બની શકાયું નથી. વર્તમાન જન્મમાં પણ પોતે અને બીજા સર્વ જીવો તેમ કરે છે, છતાં તેમના દુઃખનો કે પાપનો અંત આવતો નથી. ઉલટમાં જે જીવોએ વીતરાગની પ્રાર્થના પૂર્વે કરી છે,

તેઓ પાપરહિત બની રહ્યા છે, એ વાત આગમ, અનુમાન અને પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ છે. એ કારણે—

(૧) પ્રાર્થનાનો વિષય પાપરહિત બનવાનો હોવો જોઈએ.

(૨) પ્રાર્થના કરનારો પાપરહિત બનવાની ઈચ્છાવાળો હોવો જોઈએ.

(૩) પ્રાર્થનીય પુરુષ, સર્વજ્ઞ, સમદર્શી, સર્વથા નિષ્પાપ હોવા જોઈએ.

આ ત્રણ બાબતો જે પ્રાર્થનામાં પરિપૂર્ણપણે જળવાય છે, તે પ્રાર્થના સત્ય સ્વરૂપમાં 'ઈશ્વર પ્રાર્થના' તરીકે ગણવા લાયક છે. એવી ઈશ્વર પ્રાર્થના નિત્ય ત્રિકાળ કરવી જોઈએ. અને સંકલેશ સમયે વારંવાર કરવી જોઈએ. એથી પાપનાશ અને ધર્મસિદ્ધિનું કાર્ય સરળ અને શિઘ્ર બને છે.

ઉપરોક્ત સ્વરૂપ સિવાયની 'ઈશ્વર પ્રાર્થના' એ જોકે સાચી 'ઈશ્વર પ્રાર્થના'ના અનુકરણરૂપેં પ્રચલિત થયેલી હોય છે, પણ તેમાં પ્રાર્થ્ય, પ્રાર્થનીય અને પ્રાર્થકનું સ્વરૂપ શુદ્ધ ન હોવાથી, તે એકાંતે ફળદાયી નીવડે જ, એવો નિશ્ચય કરી શકાતો નથી. પૂર્વ પુણ્યનો સહયોગ હોય તો ફળે છે, અન્યથા બાળચેષ્ટારૂપ બને છે.

શ્રી વીતરાગની વીતરાગભાવે, વીતરાગ બનવાની અભિલાષાપૂર્વક જે પ્રાર્થના થાય છે, તે જ પરમાર્થ 'ઈશ્વર પ્રાર્થના' છે. અને તેનો આદર કરનાર નિશ્ચિત-

પણ આજે (વર્તમાનમાં) અગર કાલે (ભવિષ્યમાં) પાપ-રહિત બને છે. અને પાપરહિત બનેલા આત્માને કોઈ પણ પ્રકારનું દુઃખ સ્પર્શી શકતું નથી. એટલું જ નહિ પણ સર્વ પ્રકારનાં સુખો તેના ચરણોમાં આવીને આળોટે છે.

પાપરહિત બનવાનો પોકાર, સર્વથા નિષ્પાપ, સર્વજ્ઞ અને સમદર્શી ઈશ્વર પાસે જ કરાય, બીજે નહિ.

દુન્યવી પદાર્થોની માગણી માટે 'ઈશ્વર' નથી, ઈશ્વર તો અચિન્ત્ય શક્તિના સાગર છે એટલે તેમની પાસે દુન્યવી પદાર્થની તુચ્છ યાચના કરવી એ ચક્રવર્તી પાસે કાંણો પૈસો માગવા કરતાં પણ અધિક બદતર કૃત્ય છે.

દુઃખોનું કારણ પાપ છે, પાપ નિર્મૂળ થાય નહિ ત્યાં સુધી દુઃખ ટકેલું રહે છે.

એટણે ઈશ્વર પ્રાર્થનામાં પ્રાર્થકે સર્વથા નિષ્પાપ બનવાની ભાવનાને ખૂબ ખૂબ ઘુંટવી જોઈએ.

'છોડવા જેવા પાપથી હે નાથ! આપ મને છોડાવો,' એ મતલબની પ્રાર્થના વડે જેમનાં હૈયા પ્રકાશિત થાય છે તેમનાં જીવન પણ નિષ્પાપ બનીને અક્ષય સુખની યોગ્યતાવાળાં બનવા માંડે છે.

આપણે માગણ નહિ, પ્રાર્થક બનવાનું છે.

# અરિહંતાકાર ઉપયોગ

અરિહંત આકાર ઉપયોગમાં ઉપયોગના વિષયભૂત અરિહંત 'ધ્યેય' છે. ઉપયોગવાન્ જીવ 'ધ્યાતા' છે અને ઉપયોગ ક્રિયા એ 'ધ્યાન' છે.

ધ્યેયમાં ધ્યાતાનો ઉપયોગ એ જ ધ્યાન છે. ધ્યાન સમયે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેની એકતા થાય છે. તેનું જ નામ સમાપત્તિ છે.

અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ અરિહંત સ્વરૂપ બને છે. તેનો અર્થ પણ એ જ છે. ઉપયોગ એ આગમ છે, તેમાં વર્તવું તે ભાવ છે. આગમથી ભાવ-નિક્ષેપે અરિહંત તે અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ છે, કેમ કે તે વખતે પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણેની એકતા થાય છે.

એકતા, સમાપત્તિ, સમરસાપત્તિ વગેરે એક અર્થને કહેનારા શબ્દો છે. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા દ્વારા થતો તીવ્ર ઉપયોગ અને તે ઉપયોગ દ્વારા થતું સ્પષ્ટ જ્ઞાન, તેમાં પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણેની એકતા સધાય છે. તેથી જીવ અરિહંતના ઉપયોગમાં જેટલી વાર રહે છે તેટલી વાર તે અરિહંતસ્વરૂપ બને છે.

તે ઉપયોગ ભાવ સંવર રૂપ હોવાથી અત્યંત ઉપાદેય છે.

અરિહંતાકાર ઉપયોગ અભવ્યને પણ સંભવે છે. અભવ્યો પણ વિંશતિ સ્થાનક તપની આરાધના કરે છે તે વખતે અરિહંતાદિનો આકાર ઉપયોગ રૂપે થાય જ છે. છતાં તેનો તે તપ મોક્ષહેતુક થતો નથી. તેમાં કારણ તેનું જ્ઞાન ધ્યાનમાં પરિણત થતું નથી એ છે. વિષયની સમાપત્તિ હોય છે, પણ આત્માની થતી નથી. વિષયની સમાપત્તિ આગમથી ભાવનિક્ષેપરૂપ બને છે. પણ સમાપત્તિ તાત્ત્વિક ભાવરૂપ છે. આત્મદ્રવ્યનું તે ભાવરૂપે પરિણમન છે.

દ્રવ્ય ગુણ પર્યાયથી સમરસાપત્તિ રૂપી સમાપત્તિ ભવ્યને જ થાય છે, મિથ્યાદષ્ટિ અભવ્યને નહિ. તત્ત્વથી આત્મા પોતે જ પરમાત્મ સ્વરૂપ છે એવી શ્રદ્ધા, એવું જ્ઞાન અને એવી જ પરિણતિ અભવ્યને અસંભવિત છે. તેથી ભવ્યની સમાપત્તિ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકાગ્રતા વડે એકતારૂપ બની મુક્તિનું કારણ થાય છે. અરિહંતાકાર ઉપયોગ તાત્ત્વિક સમાપત્તિરૂપ બનીને ભવ્યને મુક્તિદાયક બને છે.

આગમથી દ્રવ્યનિક્ષેપઃ જ્ઞાતા અનુપયુક્ત હોય તેને કહેવાય.

નોઆગમથી દ્રવ્યનિક્ષેપ એ ત્રણ પ્રકારનો છે: (૧) જ્ઞશરીર, (૨) ભવ્ય શરીર અને (૩) જ્ઞભવ્યવ્યતિરિક્ત.

મિથ્યાદષ્ટિનો ઉપયોગયુક્ત વ્યાપાર અને સમ્યગ્-દૃષ્ટિનો અનુપયોગવાળો વ્યાપાર બન્ને દ્રવ્ય ગણાય છે. એકમાં અનુપયોગરૂપી દ્રવ્યપણું છે અને બીજામાં

અન્યોપયોગ, અશુદ્ધોપયોગ યા વિરુદ્ધોપયોગ છે. તેથી તેમાં દ્રવ્યપણું છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાનયુક્ત હોવા છતાં અરિહંતના ધ્યાનકાળે અનુપયુક્ત હોય તો તે દ્રવ્ય નમસ્કાર છે.

મિથ્યાદષ્ટિ ઉપયોગયુક્ત હોય તો તે ઉપયોગ અશુદ્ધ અને મિથ્યાજ્ઞાનયુક્ત હોવાથી દ્રવ્ય સ્વરૂપ છે.

અરિહંતાકાર ઉપયોગ સમ્યગ્દષ્ટિનો શુદ્ધ હોવાથી સમાપત્તિરૂપ બને છે. મિથ્યાદષ્ટિનો અશુદ્ધ હોવાથી સમાપત્તિરૂપ બનતો નથી. સમાપત્તિ એક જ્ઞાનરૂપ છે, બીજી ધ્યાનરૂપ છે. બંને પ્રકારની સમાપત્તિ સમ્યગ્દષ્ટિની શુદ્ધ છે, મિથ્યાદષ્ટિની અશુદ્ધ છે. એટલે કે અજ્ઞાન અને અશ્રદ્ધા દોષવાળી છે. તેથી તે મુક્તિની હેતુ થતી નથી.

દ્રવ્ય શબ્દ જેમ અનુપયોગ વાચક છે. તેમ કારણતાવાચી પણ છે. અનુપયોગ, અશુદ્ધોપયોગ, વિપરીત ઉપયોગ, વિરુદ્ધોપયોગ, અન્યોપયોગ એ બધા દ્રવ્ય વાચક બને છે.

સમાપત્તિ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતાસૂચક હો યા જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની એકતા બતાવનારી હો, પણ જો તે ઉપયોગ શૂન્યપણે હોય યા અન્યોપયોગપણે હોય તો ભાવ સમાપત્તિ બનતી નથી પણ દ્રવ્યસમાપત્તિ બને છે. ભાવ સમાપત્તિ સમ્યગ્દષ્ટિની ઉપયોગયુક્તપણે હોય ત્યારે બને છે. તે આગમથી ભાવનિક્ષેપે હોય છે. આગમથી દ્રવ્યનિક્ષેપે સમાપત્તિ મિથ્યાદષ્ટિને હોય છે

અથવા ઉપયોગશૂન્ય સમ્યગ્દૃષ્ટિની હોય છે.

નોઆગમથી દ્રવ્યનિક્ષેપ કારણતાવાચક છે. તેમાં જ્ઞશરીર, અને ભવ્યશરીર તે ઉપાદાન કારણતાવાચી છે અને જ્ઞભવ્યવ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્યનિક્ષેપ નિમિત્ત કારણતાવાચી છે. જ્ઞાતાનું મૃતકલેવર પણ ભૂતપર્યાયનું કારણ છે અને ભવિષ્યમાં જ્ઞાતા બનનારનું વર્તમાન શરીર ભવિષ્ય પર્યાયનું ઉપાદાન કારણ છે.

શરીરને આત્માથી કથંચિત્ અભિન્ન ગણીને અહીં ઉપાદાન કારણ કહેલ છે. શરીર આત્માથી સર્વથા ભિન્ન હોય તો શરીરના નાશથી હિંસાનું પાપ ન લાગે પણ શરીરના નાશથી આત્માને થતી પીડા અનુભવસિદ્ધ છે. તથા શરીરાકાર પર્યાયનો નાશ પણ પ્રત્યક્ષ દેખાય છે. તેથી શરીર સંસારી અવસ્થામાં આત્માથી સર્વથા ભિન્ન નથી, કિન્તુ કથંચિત્ અભિન્ન છે. તેથી ભૂત અને ભાવિ જ્ઞાતાપણાનું કારણ હોવાથી અહીં ભૂતજ્ઞાતાને જ્ઞશરીર અને ભવિષ્યજ્ઞાતાને ભવ્યશરીર દ્રવ્યનિક્ષેપથી ઓળખવામાં આવ્યું છે.

જ્ઞાન કરવામાં ઉપાદાન-કારણ જેમ અભ્યંતર હેતુ છે તેમ નિમિત્ત-કારણ એ બાહ્ય હેતુ છે. જ્ઞાન કરવામાં જેટલાં નિમિત્ત-કારણો છે તે બધાં જ્ઞભવ્ય વ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્યનિક્ષેપમાં ગણવામાં આવ્યાં છે.

અરિહંતાકાર ઉપયોગમાં નિમિત્ત-કારણ તરીકે નામ, સ્થાપનાની જેમ દ્રવ્યને પણ નિમિત્ત માનેલ છે.

શરીર સિવાયનાં જે દ્રવ્યના સંબંધથી અરિહંતાકાર ઉપયોગ જ્ઞાતાના જ્ઞાનમાં આવે તે બધાં નિમિત્ત-કારણો જ્ઞભવ્ય વ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્યનિક્ષેપમાં ગણેલા છે. પછી તે નિમિત્તો અનુયોગીપણે સ્મરણ કરાવનારાં હોય યા પ્રતિયોગીપણે સ્મરણ કરાવનારા હોય પરન્તુ તે બધાં નિમિત્ત-કારણો માન્યાં છે.

કાર્યમાત્રની ઉત્પત્તિ ઉપાદાન અને નિમિત્ત ઉભય કારણોના સંયોગથી માનેલી છે. અરિહંતાકાર ઉપયોગ-પણે એક કાર્ય છે. તેથી તે કાર્યમાં ઉપાદાન કારણ જેમ આત્માથી કથંચિત્ અભિન્ન એવું ભૂત અને ભાવિ પર્યાય-માં કારણભૂત વર્તમાન શરીર છે તેમ નિમિત્ત કારણ તરીકે નામ, સ્થાપના અને અનુયોગી પ્રતિયોગી આત્મા અને શરીરથી ભિન્ન સઘળાં કારણોનો સમાવેશ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ તે બધાં કારણોને કારણપણે સદ્દહે છે તેથી તેને દ્રવ્યભાવ સમાપત્તિનો લાભ થાય છે. અને સમાપત્તિ જ તીર્થંકર નામકર્મના બંધરૂપ આપત્તિનું અને તીર્થંકર નામકર્મના ઉદયરૂપી સંપત્તિનું પરમ કારણ બને છે.

તીર્થંકરોના ધ્યાનમાં ધ્યાતાની એકતા જે જે નિમિત્તો અને ઉપાદાન-કારણોથી થતી હોય તે બધાં નિમિત્ત અને ઉપાદાન-કારણોને સમ્યગ્દૃષ્ટિ જીવ કારણપણે સદ્દહે છે. તેથી તેનું જ્ઞાન સમ્યગ્ બને છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણ સમ્યગ્દૃષ્ટિની

પ્રવૃત્તિ અરિહંતાકાર ઉપયોગવાળી બનતી હોવાથી સમાપત્તિ સ્વરૂપ છે. એ સમાપત્તિ અમુક કાળે જ પ્રાપ્ત થાય છે અને અમુક કાળે પ્રાપ્ત થતી નથી એવું સમ્યગ્ દૃષ્ટિ જીવ માટે બનતું નથી કેમ કે તેની મન, વચન, અને કાયા વડે થતી પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ અરિહંત પરમાત્માની આજ્ઞાનું પ્રણિધાન છે. આજ્ઞાપૂર્વકની પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ આજ્ઞાકારક અરિહંત પરમાત્માનું હૃદયમાં ધ્યાન વર્તતું હોય છે એ ધ્યાન, ધ્યાતા, ધ્યેયની એકતારૂપ હોવાથી સમાપત્તિરૂપ બને છે. અને એ સમાપત્તિ સકલ કલ્યાણનું કારણ બને છે તેથી શાસ્ત્રોમાં આજ્ઞાપાલનના અધ્યવસાયને જ નિરાશંસ અને નિઃશલ્ય ધર્મપ્રવૃત્તિ તરીકે વખાણવામાં આવેલ છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એક બાજુ પોતાની ભૂમિકાને અનુરૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવે છે અને બીજી બાજુ આજ્ઞાકારક પરમાત્માનું હૃદયમાં ધ્યાન ધરાવે છે. ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન અશુભ આશ્રવને રોકે છે અને એ નિમિત્તે પરમાત્માનું હૃદયમાં થતું અનુસંધાન શુભ આસ્રવ સંવર અને નિર્જરાનું સાધન બને છે. અશુભાસ્રવનો ત્યાગ, શુભાસ્રવ અને સંવરનું સેવન અને સકામ પણે પરમાત્માના ધ્યાનથી થતી દ્રવ્યભાવ નિર્જરા એ જ મુક્તિનો માર્ગ છે.

એ ત્રણેના એકત્ર મિલનથી જીવ સકલકર્મનિર્મોક્ષ રૂપ મોક્ષને શીઘ્ર પ્રાપ્ત કરે છે. શુભાસ્રવ સંવરે અને

નિર્જરારૂપ કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ ધર્મ એ આજ્ઞાપાલનના શુભ અધ્યવસાયમાં રહેલો છે. તેથી આજ્ઞાપાલનનો શુભ અધ્યવસાય એ જ મોક્ષનો પરમ હેતુ છે.

●

ધર્મ એક એવી ચીજ છે કે, તે સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં બીજી બધી વસ્તુઓ કરતાં કીમતી જ રહેવાની છે. એ કારણે ધર્મ નહિ આચરનારા પણ 'અમે અધર્મી છીએ' એમ કહેવડાવવા તૈયાર નથી. એ પણ પોતે ધર્મી હોવાનો જ દાવો કરે છે. **અર્થાત્** ધર્મનો **આશ્રય** સર્વને પ્રિય છે, એ જ એમ બતાવે છે કે, ધર્મને માનનાર કે નહિ માનનાર, સહુ કોઈ ધર્મની કિંમત બીજી બધી વસ્તુઓ કરતાં અધિક આંકે જ છે અને એથી ધર્મના આશ્રયે જનારા બીજાઓ કરતાં શ્રેષ્ઠ મનાય જ છે.